ગાંધી સ્મારક ગ્રંથમાળા પુ ? ?

આશકની આત્મકથા



લેખક જયશંકર મોડીદાસ ત્રિવેદી

આશકની આત્મકથા.

પ્રયોજક,

જયશંકર ખોડીદાસ દ્વિવેદી.

કિંમત રૂ. ૦।૮.

પ્રસિદ્ધ કર્તા:
જયશંકર ખોડીદાસ દ્વિવેદી.
જુહૂ, પોસ્ટ આંધેરી—
મુંબા

મુદ્રકઃ
જાદવજી પીતાંબર ઠક્કર
લેડી નૉર્થકોટ હિન્દુ ઑર્ફનેજ
કે. એન. સેબર પ્રેસ, નં. ૯૩
ચીંચપોકલી, પરેલ રોડ,
મુંબઈ.

બે બોલ.

અનંત પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આજે 'વાર્તા-વિલાસ' ગ્રંથમાળાનું પહેલું પુસ્તક ગુર્જર વાચક બન્ધુઓના કરકમળમાં મૂકવામાં આવે છે. ગુજરાતી ભાષામાં અનેક વાર્તાનાં પુસ્તકો બહાર પડે છે અને વાચક વર્ગે તેને જે ઉત્તેજન આપ્યું છે, એ જોઇનેજ અમોએ આ વાર્તામાળા બહાર પાડી છે. વર્તમાન સમયમાં કાગળની સખ્ત મોંઘવારી તથા છાપખાનાના ધંધાની મોંઘી મજૂરીને લીધે સારા સારા પ્રકાશકો પણ ત્વરાથી પુસ્તકો પ્રસિદ્ધ કરી શકતા નથી અને કરે છે તેઓ પણ એવી તો સખ્ત કિંમત રાખે છે, કે જેને લીધે સાધારણ વાંચક વર્ગ પુસ્તક ખરીદ કરી શકતોજ નથી અને તેથી કોઇના હાથમાં સારૂં પુસ્તક જોતાંજ "જરા વાંચવા આપશો કે? બે દિવસમાં વાંચી પુસ્તક પાછું આપી દઇશ" એમ કહી તેમને પોતાના મનની તુષ્ટિ કરી લેવી પડે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી અમોએ જેમ બને તેમ સસ્તાં, સુન્દર, અને ઉત્કૃષ્ટ પુસ્તકો પ્રસિધ્ધ કરી જનસમાજમાં તેનો બહોળો

ફેલાવો કરવાનો ઇરાદો રાખ્યો છે અને તેમાં ફળિભૂત થવું કે નહિ તે વાંચક બન્ધુઓ તરફના ઉત્તેજન ઉપર આધાર રાખે છે. કારણ કે, સુન્દર હલકા વજનના જાડા એન્ટીક પેપર પર સવા બસો પૃષ્ઠનું આશકની આત્મકથા નામનું પુસ્તક રૂા. ૧) માં આપવું પરવડે એમ છેજ નહિ! લગભગ બાર ચૌદ આને આ પુસ્તક અમોને ઘરમાં પડવા જાય છે અને તે સિવાય જાહેરખબરનો ખર્ચ તો જુદો! એટલે આ પુસ્તક છપાવવાનો કેટલો ખર્ચ આવે તે તો તેના જાણકારજ જાણી શકે. માટે દરેક વાંચક બન્ધુને વિનંતિ કરવામાં આવે છે, કે પોતે ગ્રાહક બની અને બીજા ગ્રાહકો મેળવી આપી અમારા સાહસને ઉત્તેજન આપશે એવી આશા રાખવામાં આવે છે.

પ્રસ્તુત પુસ્તક સુપ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર હરિસાધન બાબુની એક કૃતિ ઉપરથી લખવામાં આવ્યું છે અને તે કાર્યમાં રા. પુરૂષોત્તમ લલ્લુભાઇ પટેલે જે અથાગ પરિશ્રમ લઇ સહાયતા આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.

મુંબઇ,

સંવત ૧૯૭૯ પ્રકાશક.

જેઠ શુદ ૧ ને શુક્રવાર.

આશકની આત્મકથા.

પ્રકરણ ૧ લું.

દોઢસો વર્ષ પૂર્વે બનેલી એક વિચિત્ર ઘટનાની કાહિણી આજ હું કહું છું. આ ઘટનાનું ઉદ્ભવ ક્ષેત્ર બસરા શહેર છે. એ બસરા મહાયુદ્ધ વખતે સમરક્ષેત્રનું મધ્યબિન્દુ બન્યું હતું. હમણાં એ શહર મહાપ્રતાપી બ્રિટીશ લોકના કબજામાં છે, પરંતુ જે સમયની વાર્તા હું કહું છું તે સમયે એ નગરી મહા પરાક્રમી ખલિફાના અધિકારમાં હતી.

ટાઈગ્રીસ નદીને કિનારે "દાર-એ-ઇસ્લામિયા" નામે સુંદર બાગ હતો. તે બાગની અંદર એક ગગનસ્પર્શી મહેલ આવેલો હતો. એ મહેલમાં બસરાનો શાસનકર્ત્તા-તુર્ક સુલતાનનો પ્રતિનિધિ-સમગ્ર વિભાગનો દન્ડદાતા-સુલતાન અમિરૂલ-મુલ્ક નૌશેરજંગ ગ્રીષ્મકાળ અતિવાહિત કરતો હતો. શહેરથી આ બાગ-મહેલ સાત ગાઉ દૂર આવેલો હતો. બાજુએ ટાઇગ્રીસ નદી અનેક તરંગમાળાઓને ઉરૂસ્થળે ધારણ કરી, કલકલ નાદ કરતી વ્હેતી હતી. આ સ્થાન તદ્દન નિર્જન હતું, નગરનો કોલાહલ ક્યાંઈ પણ સાંભળવામાં આવતો ન હતો. પ્રકૃતિની શોભાથી સર્વ પ્રદેશ સ્વર્ગીય રમણીયતા ધારણ કરી રહ્યો હતો.

મહેલની સામી દિશાએ નદી કિનારેથી એક પ્રશસ્ત લાંબા અને એકાંતિક રણના માર્ગનો આરંભ થતો હતો.

આ રણમાં કોઈ અન્ય પ્રકારનાં વૃક્ષ નહોતાં–કેવળ ખજુરીની ઝાડી હતી. ત્હેની પાછળ રેતીના ગગનસ્પર્શી પહાડ આવેલા હતા. પાહાડથી ઘણે છેટે–દિશાઓમાં વિસ્તાર પામેલું મરૂક્ષેત્ર જણાતું હતું. આ સ્થાનનો કુદરતી દેખાવ ઘણો જ સુંદર હતો. મરૂભૂમિથી થોડેક દૂર ગ્રીષ્મઋતુની ગરમીનો પ્રભાવ ન્યૂન હતો, એ જ કારણથી દારૂણ ગ્રીષ્મકાળમાં સુલતાન આ સ્થળ વિશેષ રીતે પસંદ કરતો હતો.

આ સુલતાન નૌશેરજંગ, જે બસરા અને તેની આજુબાજુના વિશાળ પ્રદેશનો અધિપતિ હતો. તે તે વખતના તુર્ક–સમ્રાટના ભાઈનો પુત્ર થતો હતો. નાશિરજંગ, ઘણો જ ન્યાયપરાયણ અને પ્રજારક્ષક શાસનકર્ત્તા હતો. બસરા શહરની બાહ્ય ઉન્નતિનું કારણ આ સુલતાનનો અમલ હતો. આ પ્રજાપ્રિય શાસનકર્ત્તા અનેક સમયે પોતાના મંત્રીને સાથે લઈ, ગુપ્તવેશે પ્રજાની અવસ્થાનું નિરીક્ષણ કરવા ગંભીર રાત્રે રાજધાનીના જૂદા જૂદા લત્તાઓમાં ફરવા નીકળતો.

દરિદ્રીનું દુઃખ દૂર કરવા, વ્યાધિગ્રસ્તનો ઉદ્ધાર કરવા, આપત્તિમાં પડેલાને સહાય કરવા, વ્યભિચારીઓને દંડવા, કુલટાઓને ધમકાવી સદ્‍માર્ગે દોરવા, રાજપુરૂષોથી થતો અત્યાચાર અટકાવવા વગેરે મહત્ ઉદ્દેશ પોતાના હૃદયમાં રાખી રાત્રિના વખતે સુલતાન સામાન્ય મુસાફરના વેશથી નગરના જૂદા જૂદા ભાગોમાં તલાસ કરતો.

તેના કદાવર બલિષ્ટ અંગરક્ષકો તેનાથી થોડે દૂર છુપાવેશમાં રહેતા. કોઇ પણ પ્રકારનો અપરાધી સમ્રાટના

આંખો આગળ જણાય તો તેને તે જ વખતે અટકમાં લઈ રાજકારાગારમાં મોકલી દેવામાં આવતો. તેના મુખમાં કાયદો એજ મુખ્ય વાત હતી. તેની કમ્મરે તીક્ષ્ણ ધારવાળી ચકચકિત તલવાર રાખતો, એ જ તલવાર તેના રાજ્યતંત્રના પરિચાલનમાં મુખ્ય મદદગાર હતી.

આ જ કારણથી તેનું નામ સાંભળીને અપરાધીઓ થરથર કંપી ઉઠતા. બસરા શહેર એવું સુરક્ષિત હતું, કે મુસાફરો જાહેર રીતે પોતાનો અમૂલ્ય માલ, ધન પાસે રાખી સુખેથી ઉંઘતા. કારણ પરદ્રવ્ય હરણની શિક્ષા ઘણી જ ભયાનક હતી. ન્હાના મોટા ગુન્હાનો વિચાર કરી નાસાચ્છેદ, કર્ણચ્છેદ, બાહુચ્છેદ સુધીની શિક્ષા કરવામાં આવતી.

પ્રતાપશાળી, પ્રજાપ્રિય બસરાનો સુલતાન આ વખતે પોતાના ગ્રીષ્મ નિવાસમાં આવી મનનું કષ્ટ નિવારતો હતો; તે નિચે લખેલી વાર્ત્તાથી પરિસ્ફુટ થશે.

આકાશમાં ચંદ્ર ઉદય પામ્યો હતો, નીલવર્ણાં જળભર્યાં વાદળ ચંદ્રની ઉપર થઈ હમણાં ચાલ્યાં જતાં હતાં, તે વખતે ટાઈગ્રીસની ચંદ્રના જેવી ઉજ્જવલ છાતીએ કંઇક મલીન ભાવ ધારણ કર્યો હતો, પણ એકાએક વાદળ ચાલી જવાથી ટાઇગ્રીસની છાતી ઉપર ઉત્પન્ન થતી તરંગમાલાઓ ચંદ્રના કરથી હીલ્લોલે ચઢી બહુ સુંદર દેખાતી હતી.

સુલતાન, એ સુનીલ આકાશની બાહ્ય પ્રતિની સહસ્રતરંગ ચુમ્બિત ચંદ્રની રશ્મિથી ટાઇગ્રીસના વક્ષઃસ્થળ

ઉપરનું આલ્હાદ દ્રશ્ય એકી ટસે નિહાળતો હતો. રાત્રિએ પ્રકૃતિનું આ રમ્ય સૌન્દર્ય, તેના પ્રાણુને ઘણા દિવસે એક શાન્તિમય વિશ્રામ આપતું હતું, પરંતુ એ સ્થિતિ આજે ન હોતી. અશાન્તિનો પ્રબળ દાવાનળ તેના હૃદયમાં સળગ્યા કરતો હતો.

પ્રાયઃ અઠવાડીયું થયાં એ "દાર-એ-ઇસ્લામીયા" મહેલમાં રહેવા આવ્યો હતો, પણ આ સાત દિવસ તેના પ્રાણુને શાન્તિમય લાગ્યા નહિ.

પ્રતિ દિવસ ગંભીર રાત્રે, વિચિત્ર સાજથી શોભતા, અને દીવાબત્તીથી જળહળી રહેલા શયનભવનને છોડી, સુલતાન ટાઇગ્રીસના તીરે આવેલા આ મહેલના એક દાલનમાં બેસી રહેતો. તેની પાસે કોઈ આવવાનું સાહસ કરી શકતું નહિ.

સુલતાનની અર્ધાંગના મહેરૂન્નિસા બેગમ, પોતાના સ્વામીની પરિવર્ત્તન દશા જોઇને બહુ જ ચિન્તા કરવા લાગી. કેમ અને કોને માટે આ સુલતાન, પોતાના પ્રેમનો સાથી, ઇસ્તામ્બુલી અત્તરથી સુગંધિત સુકોમળ સુખ શય્યા, અસંખ્ય રૂપવાન બાંદીઓ, કોમળ કરથી પરિચાલિત વીંજનના શીતળ વાયુ અને સમ્રાટોચિત્ સુખભોગ ત્યજી આ નિર્જન દાલનમાં એકાકી બેશી રહે છે, એનું કારણુ તે અદ્યાપિ પર્યન્ત નક્કી કરી શકી ન હોતી.

સુલતાનની આવી સ્થિતિમાં, એક દિવસ બેગમ એ જ દાલન પાસે, છાંનીમાંની આવીને ઉભી રહી. જોયું તો, ત્હેનો રાજરાજેશ્વર સ્વામી, પોતાના બંને હસ્ત ઉંચા

કરી અતિ કમ્પિત સ્વરે બોલતો હતો:–"અય અભિશપ્ત જીવ! હવે તું મ્હને બહુ બાળીશ નહિ, મ્હને કહી દે કે તું ક્યાં છે! ત્હારા રૂદનના કરૂણાજનક સ્વરથી હું ઘણો વ્યગ્ર થઈ ગયો છું. હતભાગ્ય! તું મ્હને રાત્રિની સુખ સ્વપ્નમય નિદ્રાથી વંચિત કરે છે. ત્હને શું સંકટ–શું દુઃખ છે તે મ્હને કહી દે. તું જાણજે જે,–દેશાધિપતિ મુલ્કે–માલિક–મહાપ્રતાપશાળી સુલતાન નૌશેરજંગ ત્હારા એ દુઃખનો પ્રતિકાર કરવા સમર્થ છે."

બેગમ પાસે આવી ઉભી રહી. એવી મંદ ચાલથી એ ત્યાં આવી ઉભી કે ચિન્તામય સુલતાન કંઈ જાણી શકયો નહિ.

સહસા ત્હેની નજીક પડછાયો માલમ પડવાથી સુલતાન ચમકી ઉઠી બોલ્યો:–" તું આવી છે! મ્હને કહે કહે, ત્હને શું દુઃખ છે?"

બેગમ સાહેબા સુલતાન સામે આવી સલામ કરી બોલી:–"જહાંપના, મ્હારા દુઃખનો પ્રતિકાર કરી શકશે?"

કંઠના અવાજથી સુલતાન સમજ્યો કે, ત્હેની સ્નેહમયી બેગમ પોતે એ વાત બોલે છે. જેને એ શોધે છે તે નથી.

આવા કવખતે બેગમના સહસા આવવાથી સુલતાન મનમાં ને મનમાં ગુસ્સે થયો. જો અન્ય કોઈ આવ્યું હોત તો તે માટે ત્હેને બંદીખાનાની શિક્ષા થાત; પરંતુ ત્હેની અર્ધાંગના પ્રાણાધિકા પત્ની, તુર્ક સુલતાનની ભ્રાતુપુત્રી મહેરૂન્નિસા ઉપર કોઈ પ્રકારનો કંઈ જુલમ ચાલી શકે એમ નહોતું.

એટલા માટે દેશાધિપ પ્રસન્ન મુખે બોલ્યોઃ–" આવ! આવ! પ્રિયતમે! આટલી મોડી રાત્રિ સૂધી કેમ જાગે છે?"

બેગમ બોલીઃ—" જહાંપના! જે દિનથી આપે શય્યા ત્યાગ કર્યો છે, તે જ દિનથી મ્હેં નિદ્રાનો ત્યાગ કર્યો છે. કેટલાક દિવસથી આપની મનોવૃત્તિમાં થયેલ ફેરફાર હું ગુપ્ત ભાવે જોઉં છું. હુકમ વગર આપની પાસે આવવાનો નિષેધ છે, તેથી આપની પાસે આવવા સાહસ કર્યું નહિ; પરંતુ આ પ્રમાણે નિત્ય જાગરણ કરી રાત્રિ ગુજારવાથી મનની સાથે આપનો દેહ અસ્વસ્થ થઈ જશે, એ ચિન્તાથી આપના ફરમાન શિવાય આજ હું આ સ્થાને આવી ચડી છું. બાંદિનો એ ગુન્હો માફ કરશો."

પતિપ્રેમાધિની સ્નેહમયી પત્નીની આ વાર્ત્તાથી સુલતાનના મનની વ્યગ્રતાએ કંઈક શાન્ત ભાવ ધારણ કર્યો. તે બેગમને સ્નેહભર આલિંગન કરી બોલ્યોઃ–" આ ઠેકાણે મ્હારી પાસે ધીરજ રાખી બેસો. મહેરબાનુ, કેટલોક સમય રાહ જોવાથી મ્હારા આ અદ્ભુત વ્યવહારનું કારણ તમે સમજી શકશો."

સુલતાના સ્વામી પાસે આસન ઉપર બેઠી. સુલતાન બોલ્યોઃ–"મહેરબાનુ, તમારી કોઈ બાંદી સાથે આવી નથી?"

" નહિ."

"વાહ! ઘણું સારૂં થયું કે તમે એકલાં આવ્યાં છો! થોડીક વાર બેસો. તમારા બન્ને કાન તરફ લક્ષ રાખો— બેગમ!"

" જહાંપના! આપના બોલવાનો ભાવાર્થ હું કાંઈ

પણ સમજી શકતી નથી."

સુલતાનઃ—"એ બનાવનો ટુંક હેવાલ તમને હું ટુંકામાં કહું. નદીને સામે કિનારે પેલો જે જંગલથી ઘેરાયલો ન્હાનો પાહાડ દેખાય છે, તેમાં પ્રતિ રાત્રે જોઉં છું. બે પહોર રાત્રિ જતાં એક ખૂબ તીવ્ર દીવો એ જંગલમાં બળે છે. થોડીક વાર પછી એ દીવો સહસા ઝાંખો થઈ જાય છે. નદીથી એ બહુ દૂર નથી–ચાર પાંચ રાશ દૂર નદીને સામે પાર એ પાહાડ છે. એ દીવો ઝાંખો થઈ ગયા પછી સઘળે સ્થળે અંધારૂં થઈ જાય છે. ત્યાર પછી આકાશની નિસ્તબ્ધતા ભંગ કરી એક કરૂણાજનક રૂદનધ્વનિ થાય છે. હેની સાથે સાથે મ્હારા સહોદર મિસરના અધિપતિ સમશેરજંગને નિત્ય કઠોર અભિશાપ દે છે. એક કલાક પછી એ શબ્દ સમી જાય છે. તેને માટે મ્હારી આ અવસ્થા છે. વળી મ્હારા સહોદરના નામ સાથે એક બીજું નામ સાંભળવામાં આવે છે. એ નામ "લતિફા!"

બેગમ આ અદ્દભુત બનાવ સાંભળી બહુ વિસ્મિત થઈ બોલી:-"એ કોઈ જીન કે પરીનો ખેલ હશે! જહાંપના, કાંઈક તજવીજ કરવાથી મ્હને લાગે છે, કે એ બનાવનું રહસ્ય–ભેદ સમજાશે!"

સુલતાનઃ—"શી તજવીજ બેગમ!"

બેગમઃ—"રાત્રિના વખતે આપણા કેટલાક અભીષ્ઠ અંગરક્ષકો અને વજીર સાહેબને એ સ્થળે મોકલવાથી આ સઘળા રહસ્યનો ભેદ જણાશે."

સુલતાનઃ—"એ તજવીજમાં પણ કંઈ બાકી રાખ્યું

નથી. બે ત્રણ દિવસ ઉપર તેમને એ ઠેકાણે મોકલ્યા હતા. તેઓ તજવીજ કરી તેનો ભેદ જાણી શક્યા નહિ. એક દિવસ હું જાતે વજીરને સાથે લઇ રાત્રિના વખતે એ પહાડની ચારે બાજુએ શોધખોળ કરી આવ્યો હતો. એ સ્થાને અતિ દુર્ભેદ્ય જંગલ છે. પ્રાણીના સમાગમના સંભવનું કંઈ ચિન્હ સરખું દેખાતું નથી. જંગલના કોઈ ભાગમાં માનવીના આવાગમનનો માર્ગ નથી–કિંવા જંગલનું કોઇ સ્થળ મનુષ્યનાં પગલાંથી વટાયલું નથી."

બેગમ:—"ત્યારે તો તે બનાવ ઘણો જ તાજ્જુબીભરેલો ગણાય!"

સુલતાન:—"વળી વિશેષમાં એક વાત કહું છું. જો મ્હારા સહોદરનું નામ એ વાત સાથે ના બોલાતું હોત, તો હું આટલો બધો વિસ્મય થાત નહિ. તમે જાણો છો કે એ સમશેરજંગ–કેરોના સુલતાન–મારા વડિલ બંધુ એક જનપ્રિય રાજાધિરાજ છે."

બેગમ:—"એ બન્ને નામ સાથે બીજા કોઇનું નામ સાંભળો છો?"

સુલતાન—"ના."

થોડો વખત બંને ચુપ રહ્યા. પછી એકાએક સુલતાન સુલતાનાને ઉદ્દેશીને બોલ્યો:–"ચુપ, મહેરૂન્નિસા સાંભળ!"

રાત્રિની શાંત નિસ્તબ્ધતાનો ભંગ થઈ ગયો. કોઈ કરૂણાસ્પદ દુ:ખદ સ્વરે બોલતું હોય એવો અવાજ આવવા લાગ્યો:–"ખુદાનું વજ્ર ત્હારે મસ્તકે પડો! સમશેરજંગ, ત્હારો રાજમુકુટ ચૂર્ણ થઈ જાઓ! ત્હેં મ્હારૂં સત્યાનાશ

વાળ્યું છે. ત્હારૂં સર્વસ્વ દારૂણ અગ્નિમાં બળી ભસ્મીભૂત થઈ જાઓ."

સહસા આ અભિશાપ-વાક્યનો વિરામ થયો, પરંતુ રાત્રિની નિસ્તબ્ધતાનો ભંગ કરી, પવનની લહરીઓ મધ્યે થઈ, અંધકારનું વક્ષસ્થળ ભેદી, ત્હેનો પ્રતિધ્વનિ છુટવા લાગ્યો અને એ વાર્તા સાંભળી, આવા સાહસી બસરાધિપની છાતી કંપી ઉઠી. કેમકે એ રૂદનના આક્ષેપની અને અભિશાપની વાણી મધ્યે, ભૈરવી અને પીશાચીના કરૂણસ્વર ઉત્પન્ન થવા લાગ્યા.

બાદશાહે બેગમને થરથરતા અવાજે પ્રશ્ન કર્યોઃ-
"કેવો બનાવ છે, કંઇ સમજી મહેરૂન્નિસા?"

મહેરૂન્નિસા બોલી:-"સમજી-પણ શું? એ કરૂણ રૂદનમાં કંઇક ગુંચવાડો છે, એમ આજ મ્હને લાગે છે. એ રહસ્યનો ત્વરાથી વિચાર કરી તેનો ભેદ જાણવો જોઇએ."

સુલતાન:—"મ્હને રહસ્યભેદનો પ્રકૃત પથ દેખાડો."

મહેર:—દિવસના વખતે તપાસ કરવાથી કંઈ વળવાનું નથી."

સુલતાન:—"ત્યારે હવે કેમ કરવું, બોલ?"

મહેર:—"હું કહું છું-સંધ્યાકાળ થતા પહેલાં એ જંગલના કોઇ એકાંત સ્થાનમાં સૈન્ય લઈ જઇ જહાંપનાએ ગુપ્ત વેશે રહેવું. હું સમજું છું કે એ બનાવ જીન-પરીનો હંગામ નથી. હું સ્પષ્ટ રીતે માનુષના કંઠનો સ્વર સાંભળી શકું છું. વળી એ કંઠસ્વર, પુરૂષની દીલગિરીના આર્તનાદથી ભરેલો છે, તો એ બનાવ મનુષ્યના શિવાય

ઈતરનો હોય એવો સંભવ નથી."

સુલતાનઃ—"ખરેખર એમ જ છે."

મહેરઃ—"વખતે એ સ્થાને કોઈ ગુપ્ત ગુફા હોય, તેમાં એ માણસો છુપાઇ રહેતા હશે. સંધ્યાકાળ પહેલાં એ બહાર દેખા દેતા નથી. એથી કરીને જ આપની બે દિવસની શોધખોળ વિફળ ગઈ છે."

સુલતાન એ વાત સાંભળી મહેરૂન્નિસાને પ્રીતિભાવથી આલિંગન કરી બોલ્યોઃ—"તમે જે કહો છો તે યોગ્ય છે. જાનેજીગર, તમારી માન્યતા ખરી ભાસે છે."

એ સમયે રાજકીય ઘંટા ઘરના ઘડીઆળમાં ત્રણના ટકોરા થયા. મહેરૂન્નિસા બોલી:-"હવે આ સ્થળે આવી રીતે રાહ જોઇ રહેવામાં કંઇ ફાયદો નથી. ચાલો, જહાંપના આપણે થોડો વખત આરામ માટે બિસ્તરપર જઇશું ?"

બસરાધિપતિ પોતાની પ્રિયતમા પત્નીની સૂચના માનવાને આનાકાની કરી શકયો નહિ. તે બન્ને જણ વિશ્રામભવનમાં દાખલ થયાં.

નિદ્રાથી સુલતાનને કંઇ શાન્તિ વળી નહિ. સ્વપ્નમાં ઘોર ચિત્કાર કરી બોલી ઉઠયોઃ-"એ-એ-એ સાંભળ સુલતાના !"

મહેરૂન્નિસાએ તરત જ સ્વામીને જગાડી દીધો, અને પૂછયું-"સ્વપ્નમાં પણ આપ એ ચિન્તા ભૂલી શકતા નથી?"

સુલતાનઃ—"ના, એ બનાવ મ્હારા મસ્તિષ્કમાં ઘર કરી બેઠો છે. જ્યાં સૂધી એ બનાવનો ભેદ જાણી શકીશ નહિ ત્યાં સૂધી મ્હારા મનને જરા પણ રાહત મળશે નહિ."

પ્રભાતકાળ થવાને હવે વિલમ્બ નહોતો. ઉષાના પવિત્ર અજવાળાથી દિશાઓ શુભ્ર વર્ણ ધારણ કરતી હતી, ટાઇગ્રીસનું જળ શીતળ પ્રભાતના પવનના સ્પર્શથી ખુબ સ્નિગ્ધ થઇ અંતઃપુર પ્રકોષ્ઠમાં પ્રવેશ કરતું હતું.

સ્નિગ્ધ પ્રભાત વાયુએ બસરાધિપતિના પ્રાણને કંઇક શાન્તિ આપી. તે પ્રાતઃકૃત્યાદિથી નિવૃત્ત થઈ દરબાર મહેલમાં આવ્યો. એક પાસવાનને મોકલી વજીરને બોલાવી મંગાવ્યો. ત્યાર પછી તેની સાથે મસલત કરી તપાસ કરવાનો ઠરાવ કર્યો.

પ્રકરણ ૨ જું.

અઘોર ઝાડીથી ઢંકાયલા જંગલના ઘાસવાળા ભાગ ઉપર થઈને બીજા દિવસના અપરાન્હ સમયે ત્રણ માણસો ઘણું સંકટ વેઠી માર્ગે ચાલ્યા જતા હતા.

એ ત્રણ જણ વિજન માર્ગમાં જતા હતા-તેમાં એક જણ પાઠકનો પૂર્વપરિચિત સુલતાન નૌશેરજંગ બસરાનો અધિપતિ હતો.

બીજા બે જણ તેના અંગરક્ષક હતા. ત્રણેય જણ છુપાવેશમાં હતા. એઓએ સૌદાગરનો વેશ ધારણ કર્યો હતો.

કેટલેક દૂર સૂધી અતિ કષ્ટે ચાલી એ ત્રણેય જણ એક વૃક્ષતળે આવી ઉભા.

સુલતાન પોતાના મુખ્ય અંગરક્ષકને સંબોધી બોલ્યો- "સલીમ, હું આ વૃક્ષ નીચે ગુપ્ત રીતે ઉભો રહું છું. તમે એક વાર ચારે દિશાએ બરાબર તપાસ કરી આવો."

હુકમ મળતાં જ પૂર્વોક્ત બન્ને અંગરક્ષકો સલામ કરી ગંભીર જંગલમાં દાખલ થયા. સુલતાન એ સ્થળે નિશ્ચેષ્ટ બેસી ના રહેતાં આજુબાજુએ તજવીજ કરવા લાગ્યો.

સહસા એક બળેલી દીવેટનો ટુકડો ત્હેની નજરે પડયો. સુલતાન એ બળેલી બત્તીનો ટુકડો ઉંચકી લઇ આગળ ચાલવા લાગ્યો.

તેણે જોયું કે એ માર્ગની આજુબાજુએ ક્ષીણ પદાન્ક-ચિન્હ પડેલાં છે. એ પડેલાં ક્ષીણ પગલે ચાલતાં ચાલતાં

તે એક એવા સ્થળ ઉપર આવી પહોંચ્યો કે ત્યાંથી આગળ ચાલવાને કંઈ ઉપાય માલૂમ પડયો નહિ.

એ અગમ્ય સ્થાને વૃક્ષની એક ડાળી ભાંગી નિશાન માટે મૂકી પોતાના પૂર્વ સ્થાનમાંના વૃક્ષ નિચે સુલતાન આવ્યો; પરંતુ જોયું તો તેના સોબતીઓમાંથી કોઈ હજી સૂધી પાછું ફરેલું જણાતું નહોતું.

અગમ્ય ઘોર જંગલમાં માર્ગ ચૂકી જવાનો ઘણો સંભવ હોય છે. સુલતાને વિચાર કર્યો કે, રખેને સલીમ અને તેનો સાથી ભીષણ જંગલમાં પોતાને ચાલવાનો ખરો માર્ગ ચૂકી ગયા હોય!

ઉત્કંઠિત મનથી સુલતાન એ વૃક્ષ તળે વિશ્રામ લેતો હતો, એવામાં સલીમે આવી કુર્નિસ કરી કહ્યું:–"સુલતાનનો જય થાઓ!"

સુલતાન ઉત્સાહથી બોલ્યો:–"કેમ, કંઈ પત્તો ખાધો કે શું?"

સલીમે મસ્તક નમાવી કહ્યું:–"ના ખુદાવંદ! ચારે બાજુએ શોધખોળ કરી જોઈ, પણ આ ઘોર જંગલમાં માનવીના વસવાટનું કંઈ ચિન્હ જણાતું નથી."

સલીમની વાત સાંભળી, સુલતાન મ્લાન વદને બોલ્યો:–"તમે અંધ છો, તેથી કંઈ જોઈ શકતા નથી. મ્હેં પત્તો મેળવ્યો છે. આ જુઓ, નિશાની મ્હારા હાથમાં છે!"

સુલતાન એ બત્તીનો ટુકડો સલીમના હાથમાં આપી બોલ્યો:–"આ જોયું."

સલીમ વિસ્મિત ચિત્તે બોલ્યો:–"ખરેખર, આ

ક્યાંથી મળ્યું જહાંપના ?"

સુલતાન બોલ્યો:—"અહીંઆથી આ પેલા પહાડનું જે શિખર ગગનને સ્પર્શ કરી રહ્યું છે, એ સ્થળેથી મને આ બત્તીનો બળેલો ટુકડો મળ્યો છે. બત્તીના ટુકડાની સુગંધથી સમજાય છે કે એ મીણબત્તી છે."

સલીમ:—"જનાબનું અનુમાન ખરૂં છે! નક્કી, પહાડની અંદર પ્રવેશ કરવાને કોઇ પણ ગુપ્ત દ્વાર હોવું જોઇએ!"

સુલતાન:—"એમ હોવાનો પૂરો સંભવ છે! વખત વિતી જવા આવ્યો છે. હવે કેમ કરવું?"

સલીમ:—"અર્ધ રાત્રિ સૂધી આ નિર્જન જંગલમાં આપણે રહેવું પડશે, પરંતુ આ સ્થાન દેહ્શત વીનાનું તો નથી." એમ બોલી ત્રણેએ ચાલવા માંડયું. સુલતાન આગળ થયો. તેના અંગરક્ષકો તેની પાછળ ચાલ્યા. પાછા ફરતી વખતે સુલતાન, બેએક સ્થળે વૃક્ષની ડાળીઓના ટુકડા ભાંગી મૂકી આવ્યો હતો. મતલબ કે જે સ્થળેથી તેને બતીના ટુકડા મળ્યા હતા, તે સ્થળે જવાને પોતાને અને પોતાના સહચરોને કંઇ વિશેષ કષ્ટ પડે નહિ.

જ્યાંથી પૂર્વોક્ત પહાડનું પાષાણ શિખર શરૂ થતું હતું, ત્યાં આવી સુલતાન પોતાના સહચરોને લઈ સ્થિર ભાવથી ઉભો. તેઓ ત્રણેય જણે ઘણા સતર્કથી પહાડ ઉપર જુદા જુદા સ્થાને અનુકલ્પિત ગુપ્તદ્વારની શોધ કરી પણ કોઈ સ્થળે કશું ચિન્હ જોવામાં આવ્યું નહિ.

સલીમ, કંઈક દૂર જઈ, એ પહાડની એક દિશા

પકડી ઉપરના એક વિશાળ સપાટ પ્રદેશમાં જઇ પહોંચ્યો હતો. એણે પાછા ફરી સુલતાનને સઘળી વાત કહી.

સુલતાનઃ—"ચાલ, આપણે એ પાષાણ શિખરને ઓળંગી પહાડ ઉપર જઇએ. ચારે દિશાએ અંધકાર થવા આવ્યો છે. હવેથી અંધકારમાં એ પહાડ ઉપર ચઢવું ઘણું દુઃખદાયક થઈ પડશે." એમ બોલતાં ત્રણેય જણ ધીમે ધીમે તે પહાડ ઉપર ચઢવા લાગ્યા. ઉપરની ખીણવાળી ભૂમિ ઉપરના જંગલમાં કંઈક ઝાડી ઓછી હતી.

પ્રાયઃ અર્ધો કલાક પરિશ્રમ વેઠયા પછી તેઓ એક ઉંચા સ્થાન ઉપર આવી પહોંચ્યા. એ સ્થળેથી નિચેની સપાટ તળેટીની ચારે દિશાઓ સારી રીતે જોવામાં આવતી હતી. એ સ્થાનેથી બસરાધિપતિ નદીના બીજા કિનારા ઉપરના મહેલનો સઘળો ભાગ જોઇ શકતો હતો.

રાત્રિનો પહેલો પ્રહર ઉતરી રહેવા આવ્યો હતો. શુકલ પક્ષની રજની હતી. પહાડનાં શિખર નક્ષત્રોના જળહળતા તેજથી ઘણાં સુંદર દેખાતાં હતાં. થોડેક દૂર ચાંદીના જેવી ચળકતી ધારાવાળી ટાઈગ્રીસ વ્હેતી જતી હતી.

એ ત્રણેય જણ જંગલના જુદા જુદા ભાગોમાં ફરી ફરીને અને પર્વતોના શિખરો ઉપર ચઢી ઉતરીને થાકી ગયા હતા અને પરિશ્રમનો બદલો પામ્યા નહોતા તેથી ત્રણેય ખેદ પામી વિશ્રાન્તિ લેતા હતા. મતલબ કે એ ત્રણેય જણ પર્વત ઉપર વહન કરતી શિતળ પવનની લહેરીઓના શરીરે સ્પર્શથી નિદ્રાધીન થઇ ગયા.

આ પ્રમાણે પ્રથમ પ્રહર ચાલ્યો ગયો. મધ્યપ્રહરે

તારાઓ સવિશેષ જળહળી ઉઠયા. શ્યામતરૂ ઉપર પાષાણના અંગ ઉપર, સપાટ પ્રદેશ ઉપરના મધ્ય ભાગમાં ચડેલી રેતીના ઢગલા ઉપર એ તારકાવલીની ચકચકિત ધારાઓએ એક અપૂર્વ સ્વપ્નરાજ્યની સૃષ્ટિ ઉભી કરી દીધી હતી.

આ સમયે સલીમ એકાએક જાગી ઉઠયો. તેણે જોયું તો, દુધના ફીણ જેવી ઉજ્જ્વળ શય્યામાં જે સુલતાન સુખે નિદ્રા લેતો, તે સુલતાન પાષાણ શય્યામાં સુઈ દિવ્ય સુષુપ્તિ સુખસંભોગ ભોગવતો હતો.

તેણે પોતાના સોબતીને જગાડયો. તેણે કહ્યું: "તમે નિદ્રિત સુલતાન પાસે બેસો, હું એક વાર ચારે બાજુએ જોઈ તલાસ કરી આવું."

થોડેક દૂર ગયો ના ગયો એટલામાં સલીમે વિસ્મિત નેત્રે જોયું, કે તે પહાડની તળેટીના ભાગમાં એક ઉજ્વળ દીપ–રેખા પ્રકાશી રહી છે.

સલીમ એક પત્થરની ટેકરીપર ચઢી ઉભો. એક માણસ કાળો પોષાક પહેરી ધીમે ધીમે આગળ જતો દેખાયો. તેની પાછળ બે સુંદર બાંદીઓના હાથમાં બળતી બત્તીઓ હતી.

એ લોકો એજ પ્રમાણે કેટલેક સૂધી આગળ ચાલતા ગયા, પછી એક સ્થળ આગળ સ્થિર ભાવથી ઉભા રહ્યા.

સલીમ જે પહાડની ટેકરી ઉપર ઉભો હતો, ત્યાંથી સઘળો બનાવ દેખાતો હતો. નીચેની તળેટીની ભૂમિ ઉપર આ સર્વ બનાવ બની રહ્યો હતો.

સલીમે જોયું. કે એક મ્હોટો પત્થરનો ટેકરો ઉતરીએ તો એ લોક ઘણુંજ સન્નિકટમાં છે.

સલીમે પોતાની પાઘડી ઉકેલી પત્થર પાછળ વીંટાળી. પાછા ફરતી વખતે, માર્ગ ભૂલી ન જવાય અગર એ સ્થળ ઓળખવા માટે ગુંચવણી ન પડે એટલા માટે તેણે આ યુક્તિનું અવલમ્બન કર્યું.

સુલતાન જે સ્થાને સુખેથી ઉંઘતો હતો, તે સ્થળે તેણે આવીને આસ્તેથી તેના બન્ને પગને હાથ અડકાડયો એટલે સુલતાન જાગી ઉઠયો.

સુલતાને સલીમના સામે ચકિત નેત્રે જોઇને પ્રશ્ન કર્યો:–"શું બનાવ છે, સલીમ?"

સલીમ હાથ જોડી બોલ્યો:–"જે બનાવના રહસ્યનો ભેદ જાણવા માટે જહાંપના આવી રીતનું દુ:ખ વેઠે છે–તેનો પ્રથમ દેખાવ મારી નજરે પડયો છે"

એ પ્રમાણે વાત કરી જે બનાવ નજરે પડયો હતો, તેની તમામ હકીકત તેણે સુલતાનને કહી સંભળાવી.

તેજ વખતે સુલતાન ઉઠી ઉભો થયો અને સલીમને હુકમ કર્યો: "સલીમ, વિલમ્બનું કારણ નથી. હમણાંજ ચાલો."

સલીમ સુલતાન પાસે જે રસ્તે થઇને આવ્યો હતો, તેજ રસ્તે થઇને પત્થરની ટેકરી ઉપર ચઢયો.

સુલતાને સલીમ સાથે ઉપરનાં સપાટ પ્રદેશ ઉપર ચઢતાં જોયું કે-નીચેના સપાટ પ્રદેશમાં એક જણ એક ન્હાના માટીના ટેકરા પાસે બેસીને સુવર્ણચમ્બુથી સમાધિ

૨

ઉપર જળધારા કરી રહેલ છે. હેની સુગંધથી આ સ્થળ સુવાસિત થઈ રહ્યું છે. તે સુગંધ અગર અને કસ્તૂરીમિશ્રિત ગુલાબજળની હોય એમ જણાય છે.

તેની સાથેની બન્ને બાંદીઓ ખૂબસૂરત અને યુવાન છે. તેઓ પુષ્પમાલાઓ અને અગરબત્તી હાથમાં લઈ એ ક્ષુદ્ર સમાધિ આગળ પોતાના પ્રભુની આજ્ઞા પ્રમાણે ચુપકીથી ઉભી રહી છે.

સુલતાન જે સ્થળે હતો–ત્યાંથી નિચેનું ચોગાન કંઈ બહુ દૂર નહોતું. ગુપચુપ શાન્ત ભાવથી એ લોકો પોતાનું કાર્યાનુષ્ઠાન કરતા હતા.

યુવાને પુષ્પમાલા સમાધિ ઉપર મૂકી અને ઘુંટણીએ પડી સમાધિ પાસે બેસી બોલ્યોઃ-"પ્રાણાધિકે! પ્રિયતમે! લતિફા! જો આજ મ્હારી કેવી દુર્દશા થઈ છે! ઘણા લાંબા વખતથી હું લોકાલયનો ત્યાગ કરી આ જનમાનવશૂન્ય નિર્જન પ્રદેશમાં, ત્હારૂં ધ્યાન ધરી જીંદગી ગુજારૂં છું એક અશ્રુબિન્દુ ત્હારી કબ્રપર નાંખું છું તેથી તેની મીટ્ટી ભીંજાય નહિ તો મ્હને સમજાય છે કે ટાઇગ્રીસ નદીની પેઠે અખંડ આંસુ બહાવું. હું અતુલ ઝવેરાતનો માલિક–બસરાના માલિકે જે જાહોજલાલી કોઈ વખતે પોતાની આંખથી જોઈ નથી–તે મ્હારા બંડારમાં છે. પરંતુ જો, આજ મ્હારી કેવી હાલત છે! કેવું શોચનિય પરિણામ!

"મ્હારી આ હાલત કરનાર કોણ? કેરોનો પેલો શયતાન અધિકારી–પાપી દિલનો સુલતાન સમશેરજંગ!

યા ખુદા! સમશેરના શિરપર જલ્લાદની તલવાર પડો. તે દોજખમાં પડો. શિયાળ, કુતરાં ત્હેના બદનને સુંઘી નાખો. ત્હેના મુલકમાં આગ વરસી બળી ભસ્મ થઇ જાવ. તે દર્દથી નાશ પામો. તેનાપર ખુદાનો ઐાફ હો.

"બસરા—મ્હારી જન્મભૂમિ! પિતૃભૂમિ! લડકપન અને જવાનીનું ચમન! હું મીસ્કીન બની બિહિશ્ત બસરા છોડી, વનપશુની માફક, આ પહાડની એકાંત ગુહામાં વાસ કરૂં છું, કેમ-તે જાણે છે? કેરોનો સર્વમય અધિપતિ—સમશેરજંગનો સહોદર નૌશેરજંગ—આ બસરા નગરીનો માલિક છે. એ પણ એ શયતાનનો સહોદર છે. ત્હેના રાજ્યમાં વાસ કરી રહેવું એ પણ મહાન્ પાપ છે લતિફા."

સન્મુખે દષ્ટિ કરવાથી સુલતાને જોયું કે—આ સ્થળથી પોતાનો ગ્રીષ્મ મહેલ-"દાર—એ-ઈસલામિયા" બહુ દૂર નથી. આ પાર આ અને એ પાર એ. મધ્યમાં કલકલ નાદ કરતી ટાઈગ્રીસ અને સામે કિનારે "દાર—એ-સલામિયા"ના ઉજ્વળ મિનારા અજવાળી રાત્રિ હોવાથી બડા ખૂબસૂરત દેખાય છે. સુલતાન નદી કિનારે જે હવા ખાવાની બેઠકમાં બેસતો હતો, તે પણ સ્પષ્ટ દેખાતી હતી. લોકો લાંબે સાદે જે કંઈ વાત બોલતા-વિલાપ કરતા હતા, ત્હેનો પ્રતિધ્વનિ આ જનમાનવ વિહિન પર્વત કંદરામાં મ્હોટે અવાજે પ્રતિધ્વનિત થતો હતો. આ પાષાણના ખડક ઉપર રહીને સુલતાન સઘળી વાત સ્પષ્ટ રીતે સાંભળી શકતો હતો. પરંતુ મહેલ ઝરૂખામાં

રહીને તે ક્ષીણ પ્રતિધ્વનિ સિવાય બીજું કંઈ સાંભળી શકતો નહિ.

એ લોકો પૂર્વોક્ત સમાધિ પાસેથી ઉઠી ઉભા થયા. તેની બે સહચરીઓએ કબ્ર ઉપરથી પુષ્પમાલા ઉઠાવી લીધી. ત્યાર પછી તેઓ આસ્તે, નિચે મુખે એ સમાધિની પ્રદક્ષિણા કરવા લાગ્યાં. આશ્ચર્યની વાત એ છે કે તેઓ ત્રણેય જણે કાળા પોષાકથી શરીર ઢાંક્યું હતું.

સુલતાન અતિ મૃદુ સ્વરે બોલ્યોઃ—"સલીમ! એઓને પકડવાનો ઉપયુક્ત વખત આજ છે. ચાલ આપણે ઉપરથી નીચે ઉતરી પડીએ. તેમ નહિ કરવામાં આવે ત્યાં સૂધી તેઓની સાથે મેળાપ થવાનો ઉપાય નથી."

તેજ વખતે એ ત્રણે જણ દૃઢ પદે ત્વરિત ગતિએ પહાડ ઉપરથી નીચે ઉતરી ચોગાનમાં આવી એક ઘટાવાળા વૃક્ષ તળે છુપાઈ ઉભા રહ્યા.

પૂર્વે કહેલો પેલો યુવક, ઉદાસ ચિત્તે સામી દિશાએ જતો હતો. તે શોકથી ઘેરાયલો, ચિન્તાથી કંગાળ બની ગયેલો, ભાન ભૂલી ચાલતો હતો. ત્રણ માણસો તેની નજીકમાંજ વૃક્ષ તળે છુપાઈ ઉભા છે, એ વિષે તે અજ્ઞાત હતો.

યુવક એ વૃક્ષ નીચે આવી એક શીલાની પાસે ઉભો રહી સાથેની એક સુંદરીને ઉદ્દેશી બોલવા લાગ્યોઃ— "જુલિયા! હવે કેમ? ચાલ આપણે ગુફાની અંદર જઈએ."

થોડેક આગળ ચાલી જુલિયાએ એક પત્થરને લોબ્બ-

ઠના ન્હાના કકડાથી બે ત્રણ વાર આઘાત કર્યો કે તરત જ પત્થર બે ભાગે ઉઘડી ગયો. એ સ્થાન એટલું સાંકડું હતું કે ત્હેની અંદર એક જણ મહા પરાકાષ્ટાએ જઇ શકે.

સુલતાને સલીમને શરીરે હાથ લગાવી ઈસારો કર્યો. તે ઈસારાનો અર્થ એવો થતો હતો કે હવે છુપાઇ રહેવાનું પ્રયોજન નથી. ચાલ આપણે તેની પાસે જઇએ.

એ યુવક પાષાણ દ્વારની અંદર પ્રવેશ કરી ગુહામાં દાખલ થતો હતો, એ સમયે સલીમ તેની પાસે જઈ બોલ્યો:--"બસરાના અધિપતિ જંગબહાદુર સુલતાન નોશેરજંગનો હુકમ છે કે, હે યુવક! તમે સ્થિર થઈ ઉભા રહો. જવાનો ઉદ્યોગ કરશો, તો તમને કેદ કરવા પડશે. સુલતાન તમારી સન્મુખ છે!"

આ વાતની સાથે સાથે—સુલતાન નોશેરજંગ ખુલ્લી રીતે તે યુવકની પાસે જઇ બોલ્યો:—"અય નોજવાન! તમારે એવા અભિશાપ દેવાનું કારણ શું છે? તમે જ્યાં સૂધી તેનું કારણ કહેશો નહિ ત્યાં સૂધી તમને નજરબંદીમાં રાખવા પડશે. તમે કંઇ સ્વતંત્ર નથી- માલિકે બસરા અને તેના બિરાદર કેરોના અધિકારીનું બુરૂં ઇચ્છો છો તેથી તમે તેના રાજ્યથી બેવફા થવાનો ગુન્હો કર્યો છે. તો પણ હું તમારા તે ગુન્હામાં રહેલ ભેદને અને એની અંદર શું રહસ્ય છે તે જાણવા ઇચ્છું છું."

જો આ સ્થળે વિજળી પડી હોત, વજ્ર પડયું હોત કિંવા પાષાણમંડિત આશ્રયસ્થાન ઘાસથી છાયેલી પર્ણ-કુટીની માફક સડસડ સળગી ઉઠયું હોત તો પણ તે

યુવક વિસ્મિત થાત નહિ-પણ સુલતાનને આ સ્થળે આવી ઉભેલો જોઇ તે તાઅજ્જુબ થયો.

સુલતાન નૌશેરજંગનું કદાવર બદન તેનાથી અપરિચિત નહોતું. કોઇ પણ વ્યક્તિ રાત્રિના વખતે આ જંગલમાં આવવા સાહસ કરે નહિ, એવા આ ભયંકર જંગલમાં સુલતાનને પોતાની સમક્ષ ઉભેલો જોઇને તે એવો તો દિઙ્મૂઢ બની ગયો કે તેના મુખમાંથી એક પણ શબ્દનો ઉચ્ચાર થઈ થઇ શકયો નહિ.

પ્રકરણ ૩ જું.

એ યુવક, તેજ વખતે સુલતાનના સામે ઘુંટણીએ પડયો. હાથ જોડી બસરાના અધિશ્વરની કૃપા માગી વિનીત સ્વરે બોલ્યો:—"માલિક! હું આપની આમમાંનો આપનો એક ખાદિમ છઉં છતાં પણ હું આપના તથા આપના બિરાદરના હક્કમાં ખુદા પાસે બદદુવા ચાહું છું. તેનું કારણ સાંભળીને આપ તાઅજ્જુબ થશો. આપના દિલમાં તે માટે રહેમ આવશે, અને તેથી હું પણ આપની પાસે માફી માગવાને લાયક બનીશ."

એ યુવકની સુંદર કાન્તિમાં વિષાદની સંપૂર્ણ છાયા-યુક્ત તેનું વદન જોતાં જોનારને સ્પષ્ટ સમજાય એમ હતું કે, તેનું દીલ કોઈ મર્મદાહી પ્રબળ દુઃખે બળી રહ્યું છે.

એ યુવકનું મલિન મુખ જોઇને બસરાધિપતિના હૃદયમાં દયાનો સંચાર થયો. તે જીજ્ઞાસાથી પ્રસન્ન મુખે બોલ્યો:—"યુવક તમારૂં નામ શું?"

યુવક ફરીથી ભૂમિપર પડી કુર્નિસ કરી બોલ્યો:—"જહાંપના! આ ગુલામનું નામ અનવર છે. આ સેવકની જન્મભૂમિ ટાઇગ્રીસને સામે કિનારે આવેલ બસરા શહેર છે. મ્હારા પિતા ઝવેરી હતા. તેનું નામ મ્હને લાગે છે કે આપથી અજાણ નથી. તેને શહેરમાં જોહરી-જાફરઅલીના નામથી સઘળા લોકો ઓળખતા હતા."

સુલતાને કહ્યું:—"તમારા પિતા સાથે મ્હારે પાકી ઓળખ હતી. ટુંકામાં તે બસરા સરકારનો પુરાણો સાહુ-

કાર હતો. પરંતુ તમારી આવી દુદશા કેમ થઈ?"

અનવરઃ—"મ્હેં પ્રથમથીજ કહ્યું છે-જહાંપના! આ ગુલામની જીંદગીની કહાણી તાઅજ્જુબીથી ભરેલી છે. એક દિલચસ્પ બનાવમાં પડી, હું આ દુઃખી હાલ ભોગવું છું. હું આ નિર્જન પ્રદેશની ગુહામાં એક પિશાચની માફક વાસ કરૂં છું."

સુલતાને કહ્યું:—"અમને તમારી જીંદગીની આ દીલચસ્પ કહાણી કહેવામાં કંઇ હરકત છે?"

અનવર—"હુ આપ જહાંપનાની પ્રજા છું, અને આપ જનાબનો હુકમ હશે તો કહીશ."

સુલતાનઃ—"તેમ હોય તો તમે મ્હારી સાથે મ્હારા મહેલે ચાલો."

અનવરઃ—"આપની એ ઇચ્છા હું કબૂલ કરી શકતો નથી તે માટે મને માફ કરો. બસરામાં મારૂં મોં દેખાડવાની મને જરા પણ ઇચ્છા થતી નથી. તેથી શેહિલ સુલતાન! આપ નિઃશંક ચિત્તથી મ્હારી સાથે મ્હારી ગુહામાં ચાલો. ત્યાં હું તમોને મ્હારો સઘળો વૃત્તાન્ત કહીશ."

સુલતાને પોતાના અંગરક્ષક તરફ અર્થપૂર્ણ દૃષ્ટિ કરી. તે જોઇ સલીમ બોલ્યોઃ "તમ થાય તો અમારે પણ જનાબ સાથે અંદર આવવું પડશે."

અનવરઃ—"ખુશી સાથે સાહેબ! તેમાં મ્હને કંઇ હરકત નથી."

ત્યાર પછી અનવર હાથ જોડી સુલતાનને કહેવા

લાગ્યો:—"જહાંપના આગળ આ ગુલામની એક અર્જ છે. જો આપ મ્હને મારી બેઅદબી માફ કરો તો, હકીકત નિવેદન કરૂં."

સુલતાન:—"હું તમારા ઉપર જરા પણ ખફા નથી. તમારૂં ગમીથી ભરેલું મુખ જોઇને મારા દિલમાં રહમ આવે છે તેથી તમારી અર્જ હું નામંજુર નહિ કરૂં. તેથી તમારા દિલની વાત કરે."

અનવર:—"આ ગુફામાં પ્રવેશ કરતી વખતે આપ જહાંપનાને અને સાથીઓને એક ખાસ કાયદાને માન આપવું પડશે."

સુલતાન:—"કયો કાયદો?"

અનવર:—"હું આપની આંખો બાંધી અંદર લઈ જઈશ."

સુલતાન:—"તે વાત હું કબુલ કરૂં છું. હવે વિલંબ કરશો નહિ. હું જહેમતથી લાચાર બન્યો છું. આ જંગલમાંનો ભેદ જાણવા માટે હું અને મારા આ બંને સાથીદારો મગરેબની નમાજ પહેલાં આ જંગલમાં છુપાઇ બેઠા હતા અને રાત પડતાં ઘણી મહેનત કર્યા પછી જ અર્ધ રાત જતાં અમો તમોને પામી શક્યા છીએ."

અનવરનું મલિન મુખ સહજ હસ્યું. ત્યાર પછી એક ઇસ્તંબુલી અત્તરથી મઘમઘી રહેલો રેશમી રૂમાલ બહાર કહાડી તે બોલ્યો:—"આજે હું સુલતાનના પાક બદનને છુઈ ને પાક થાઉં છું." એટલું બોલીને તેણે સુલતાન નોશેરજંગની આંખે રૂમાલ બાંધ્યો.

ત્યાર બાદ એણે સાથીયોની પાઘડીથી તેમની આંખો આંધી બાદશાહના હાથમાં આપી કહ્યું–"સામેની સિડીએ ચઢી ઉતરી આપણે એક મેદાન ઉપર ઉપસ્થિત થઇશું. તે વખતે આપને કંઈ દુઃખ થશે નહિ. સાવધાન–મ્હારો હાથ પકડી પાછળ ચાલ્યા આવે !"

સિડી જરોબર સરળતાવાળી નહોતી. તેથી અનવર સર્વથી આગળ ચાલતો હતો. તેની પાછળ સુલતાન, તેની પાછળ બંને અંગરક્ષકો સઘળા અરસપરસ હાથ પકડી સિડીએ ચઢવા લાગ્યા.

સલીમ મનમાં વિચાર કરવા લાગ્યો કે આ કામમાં એની શયતાનીયત મતલબ તો નહિ હોય ! ત્યાર પછી વિચાર્યું કે, એક મહાપરાક્રાન્ત સુલતાનના અંગરક્ષક થઈ ભયની વાત મનમાં ઉદિત થાય એ ઘણું લજ્જાસ્પદ છે. ત્રણેય જણ હથિયારબંધ છીએ, અને અનવર હથિયાર વગરનો છે. આ સલીમ એવો બળવાન છે કે એની ઇચ્છા થાય તો તેના જેવા ત્રણ જણને નીચે પાડી ખૂંદી નાખે.

સિડી ઉતરી રહ્યા પછી એક મેદાન–ચોક આવ્યો. એ ચોગાન ઓળંગી કેટલેક દૂર ચાલ્યા પછી સાથીઓ સહ સુલતાન એક ક્ષુદ્ર ઈંટેરી ઘર આગળ આવી ઉભો. એ ઈંટેરી ઘર આગળ આવી પહોંચ્યા પછી અનવરે તેમની આંખોના પાટા છોડી નાખ્યા. સઘળાએ સવિસ્મયે જોયું તો એ સ્થળ દીવાબત્તીથી જળહળી રહ્યું હતું. સામે એક સુંદર, સુસજ્જીત પત્થરથી

બાંધેલો ઓરડો આવેલો હતો. આ ગુફાની અંદર આવો એક સુંદર ઓરડો એ ઘણા આશ્ચર્યની વાત હતી! તેનો આ સુસજ્જીત ઓરડો; ગૃહસ્વામીની પસંદગી અને ઉન્નત અવસ્થા બતાવવાને માટે બસ હતો, એમાં કંઇ શંકા નહોતી.

અનવર ઘણાજ સન્માનપૂર્વક સુલતાનને એ ઓરડામાં લઈ ગયો. ત્યાર પછી ધીરે સ્વરે નમ્ર ભાવથી બોલ્યો:–"ખુદાવંદ! આપને આ જંગલની અંદર ફરતાં લાંબો વખત થયો હશે. એક અપૂર્વ ઘટના દરમિયાન આપ આજ અતિથિ રૂપે પ્રાપ્ત થયા છો. બસરા પ્રદેશના સુપ્રસિદ્ધ મહાપરાક્રાન્ત અધિશ્વર, જેના પગની રજ મ્હારી આ ક્ષુદ્ર કુટીની અંદર પડી, તેથી હું ઘણોજ ખુશી થાઉં છું; પરંતુ જહાંપના! આજે આપે મ્હારી એક માગણીનો સ્વિકાર કરવો પડશે."

હસ્તે મુખે સુલતાને કહ્યું:—"ઠીક અનવર! તમારા આ સૌજન્યમય વ્યવહારથી હું ઘણો સંતુષ્ટ થયો છું. બોલો, તમારી શી ઇચ્છા છે?"

હાથ જોડી અનવરે કહ્યું: "બાજુએ એક ઓરડો છે. ત્યાં જઈ કંઈક ખોરાક લેવો પડશે. આપના જેવા રાજ્યેશ્વર અતિથિ, મ્હારા જેવા કમનસીબ દીનના ભાગ્યમાં કોઇ વખત હોય નહિ."

સલીમ તરફ જોઇ સુલતાને હસતે વદને કહ્યું:–"અનવર, આજે હું કંઈના ખાઉં એમ નથી. ચાલો, હું તમારી ઇચ્છામત આવું છું."

લોકચરિત્રાભિજ્ઞ સમ્રાટ્ અનવરની સરળતાથી ખુશ થઈ, તેની પાછળ પાછળ ગયો, પરંતુ સલીમના મનમાં સંદેહ ઉત્પન્ન થયો કે આ લોક મહેમાનગિરિનો લાભ લઈ આપણને વિષ આપી હત્યા કરશે તો? હવે જોઈએ છીએ કે શું થાય છે.'

એ ભોજનગૃહ બહુજ સારી રીતે શણગારેલું હતું. પર્વતની અંદર ગુહામાં એક ક્ષુદ્ર પુરી બનાવેલી જોઈને સુલતાન બહુજ આશ્ચર્ય પામ્યો.

ઓરડામાં એક બહુજ મ્હોટો અને સુંદર બસરાઈ ગાલીચો બીછાવેલો હતો. તેના ઉપર એક સુફેદ સાટીનની કુમાસદાર ચાદર નાંખેલી હતી. એ મૂલ્યવાન ચાદરપર સુલતાનને માટે એક સુવર્ણથી ભરેલો મખમલનો ન્હાનો ગાલિચો પ્રથમથી જ નાખેલો હતો

સુલતાનને એ આસનપર બેસવા વિનંતી કરી, અનવર તેની બાજુએ બેઠો. સલીમ અને રક્ષકો સામે બેઠા.

અનવરે પોતાની પાછળ ઉભેલી એક બાંદિને ઈસારત કરી એટલે તે અંદર ચાલી ગઈ.

કેટલાક વખત પછી, એ બાંદી બીજી બે પરમસુંદરી બાંદિઓને સાથે લઈ આવી.

એક બાંદિના હાથમાં રૌપ્ય થાળમાં પૌષ્ટિક અને સુમિષ્ઠ ફળ હતાં, અને બીજીના થાળમાં લીલી દ્રાક્ષનાં ઝુમખાં હતાં. વળી ત્રીજીના હાથમાં સુવર્ણ કળશમાં સુવાસિત મદિરા, અને બહુ મૂલ્ય રત્નથી જડેલું પાન પાત્ર હતાં.

સુલતાન બાંદિઓનું સૌન્દર્ય, પહેરવેશ અને પાનપાત્ર વગેરેની વ્યવસ્થા જોઈને મનમાં સમજ્યો કે, અનવર એક સંભાવિત દ્રવ્યવાન જણાય છે. બાંદિએ તમામ સામગ્રી સન્માનથી સુલતાનની સન્મુખ મૂકી અને હુકમ સાંભળવાનો રાહ જોતી દૂર ઉભી. વળી તે મધ્યેની બે જણ સુલતાનને પાન નાખવા લાગી.

સલીમ, ખાવાપીવાની ભારે વ્યવસ્થા જોઈને મનમાં ને મનમાં બોલ્યો:–"સુલતાનના અમૂલ્ય જીવન માટે અનવર તરફ મ્હને જે સંદેહ ઉત્પન્ન થયો હતો, તે હવે માત્ર મ્હને ભ્રમાત્મક જણાય છે. આ સઘળું ખાદ્ય દ્રવ્ય જ્યારે આપણા આવવા અગાઉ તૈયાર થયું છે, ત્યારે એ સંબંધે શંકા આવવી સારી નથી. અનવરનાં દરેક કાર્યો અદ્ભુત જણાય છે!"

તમામે સાથે બેસીને ખોરાક લીધો. સુલતાને કહ્યું:–"અનવર! આવી સુંદર સુરસાલ સુમિષ્ઠ દ્રાક્ષ મ્હેં ઘણા દિવસથી ખાધી નહોતી. તમારાં પ્રત્યેક કાર્યે મ્હારા મનમાં એક મહા કૌતુહલ પેદા કરી દીધું છે. ભલે ગમે તેમ હો, હવે તમારા જીવનનો વૃત્તાન્ત મ્હને કહી બતાવવામાં કંઈ હરકત રાખશો નહિ"

વિનય સાથે અનવરે કહ્યું:–"આપના જેવા મહાપરાક્રમી દેશાધિપતિના પદાર્પણથી હું ચરિતાર્થ થયો છું. આપની પાસે જે વૃત્તાન્ત કહેવાનું મ્હેં હા પાડી છે, તે અક્ષરે અક્ષર પાળીશ. મ્હારા જીવનની અદ્ભુત કહાણી મ્હારા હૃદયકપાટમાં જે ભરી રાખી છે, તે અદ્યાપિ સુધી

મ્હેં કોઈને આ જગતમાં કહી બતાવી નથી, તે હવે આપને કહીશ. કેમકે આપ એક નમુનેદાર નરપતિ છો. પરંતુ એ વાર્તા આપને એકાંતમાં કહેવા ચાહું છું. આપના અંગરક્ષકોને પાસેના ઓરડામાં જવા કહો. તેમને વિશ્રાંતિ લેવા માટે સ્વતંત્ર ઓરડો તૈયાર કરી દીધો છે. હું અને આપ એક સ્વતંત્ર ઓરડામાં બેસી વાતનો આરંભ કરીશું."

પ્રકરણ ૪ થું.

અનવર, એક સુખાસને સુલતાનને બેસાડી, પોતે તેની બાજુએ એક આસન ઉપર બેસી બોલ્યો:–"હું વિચારૂં છું, કે મ્હારા જીવનની કહાણી કહેવામાં સારી રાત્રિ ગુજારૂં તો પણ મ્હારા શોચનીય જીવનની કહાણીનો પાર આવશે કે નહિ! સમજાય છે કે સમસ્ત રાત્રિ સચોટ જાગરણ કરી મ્હારી વાત સાંભળવામાં જહાંપનાને શ્રમ પડશે."

હસ્તે મુખે સુલતાન બોલ્યો:–"ના, કંઈ પણ નહિ. તમારી અતિત કાર્યાવલી જોઇને મ્હારા મનમાં એક ભારે કૌતુહલ જાગી ઉઠયું છે. તમારા પિતા સાથે મ્હારે સારો મેળાપ હતો. હું આશા રાખું છું કે તમે મ્હને પિતૃબન્ધુ જાણીને, તમારા જીવનનો સમસ્ત વૃત્તાન્ત ખુલ્લે દિલે મને કંઇ પણ કપટ રાખ્યા વગર કહેશો. કોઈ પણ પ્રકારે કંઈ છાનું રાખશો નહિ. અત્યારે તમે ભૂલી જાઓ, કે હું બસરાનો અધિપતિ નૌશેરજંગ છું."

અનવરે કહ્યું:—"જહાંપના! આ દેહની અંદર મનમાં અગ્નિજવાળામાં કહાણી લિપિબંધ કરી રાખી છે. આપના જેવા સન્માનનીય શ્રોતા પાસે એ દુ:ખની કહાણી વિવૃત કરવાથી, મ્હારો જ્વાલામય પ્રાણ અનેક રીતે શાન્તિલાભ મેળવી શકશે. હું પ્રતિજ્ઞા કરૂં છું કે, તેનો કંઇ પણ અંશ હું આપનાથી છાનો રાખીશ નહિ."

"મ્હારા પિતાનો જન્મ કેરોમાં થયો હતો. તે એક

સંભ્રાન્ત પ્રખ્યાત ઝવેરી-વ્યાપારી હતા. કાસગર, કંદહાર, બુખારા, હિન્દુસ્તાન વગેરે દૂરના દેશમાંથી વાણિજ્યાદિ દ્વારા તેમણે પુષ્કળ દ્રવ્ય મેળવ્યું હતું. એમણે કષ્ટથી મેળવેલું દ્રવ્ય એક સમ્રાટ્‌ના ઐશ્વર્ય જેટલું હતું.

"હું તેમને એક માત્ર સંતાન હતો. પૂર્વાવસ્થામાં પિતાને કંઇ સંતાન ન હતું. તેથી તે ઘણા દિલગીર થતા હતા. તેમણે દુઃખ વેઠીને પેદા કરેલું, કુબેરના જેટલું ઐશ્વર્ય કોણ ભોગવશે, એનો વિચાર કરીને દારૂણ મનોકષ્ટથી દિન ગુજારતા હતા.

"જૂદા જૂદા દેશના નજુમીઓ, જ્યોતિષીઓને પુષ્કળ મહેનતાણું આપી, મ્હારી માતાને સંતાન થવા માટે કવચાદિ પાઠ કરાવતા. જૂદા જૂદા સ્થાને પીરની દરગાઓ દુરસ્ત કરવા દ્રવ્ય આપતા હતા. દરિદ્રને નિત્યદાન-ખયરાત કરતા હતા. આવા ભાવથી સર્વ પુણ્યાનુષ્ઠાનના ફળથી, મ્હારી માતા સગર્ભ થઇ. યથાસમયે મ્હેં પૃથ્વી ઉપર આલોકના દર્શન કર્યાં. પિતાએ મ્હારા જન્મ વખતે એટલી બધી ખયરાત-દાન કર્યું કે એ વાત કેરોના સુલતાનના કાન સૂધી પહોંચી ગઇ. અવશ્ય એ સમયે આપના સહોદર કેરોના અધિશ્વર નહોતા. મ્હને જ્ઞાન પ્રાપ્ત થયા પછી પિતા પાસેથી સાંભળ્યું કે એ સમયે જે સુલતાન હતા, તેનું નામ અસગર મહમદબેગ હતું.

દેશાધિપતિ અસગર મહમદે એક દિવસ મ્હારા

પિતાને બોલાવી કહ્યું:–' મ્હારા શાસિત રાજ્યની અંદર સાંભળવામાં આવ્યું છે કે, તમે એક શ્રેષ્ઠ વણિક છો. તમારો ધનાગાર સુલતાનના રાજ્યભંડાર કરતાં મ્હોટો છે. હું તે એક દિવસ જોવાની ઇચ્છા રાખું છું."

મ્હારા પિતા દેશાધિપતિની એ વાતથી ઘણો ભય પામ્યા. કિન્તુ તેમણે ચતુરાઈથી પ્રકૃત મનોભાવ છુપો રાખી કહ્યું:—' જહાંપના ! આજથી મ્હને પંદર દિવસની મુદત આપો. હું મ્હારા ધનાગારને વ્યવસ્થિત કરી પંદર દિવસ પછી જહાંપનાને એ સ્થાને લઇ જઇશ."

" એ અર્થલાલચુ અત્યાચારી સુલતાનને, પોતાનો કષ્ટસંચિત ધનભંડાર બતાવવાનો પિતાનો મનોગત અભિપ્રાય ન હતો એટલા માટે એ સ્થાનનો કુશળતાથી ત્યાગ કરવા સારૂ સમયની જરૂર હતી"

"પિતાનો ઉદ્દેશ સિદ્ધ થયો. તેમણે પોતાના વિશ્વાસુ વ્યાપારીઓની સહાયતાથી પોતાનું સઘળું ઐશ્વર્ય–દોલત ઉંટોની પીઠપર લાધી બસરામાં મોકલી દીધું. ત્યાર પછી એક દિવસ મધ્યરાત્રિએ મ્હને અને મ્હારી માતાને સાથે લઇ ગુપ્ત વેશથી કેરોનો તેમણે ત્યાગ કર્યો. કેરોના સુલતાનને આ બનાવ બન્યા પછી ચાર દિવસે ખબર પડી કે મ્હારા પિતા નાસી છુટયા છે, તેથી તે ઘણો ક્રોધાયમાન થઈ ગયો. તેની શોધ કરવા માટે ચારે બાજુએ સુલતાને જાસૂસો મોકલ્યા, પરંતુ કોઈ તેનો પત્તો મેળવી લાવ્યો નહિ. અમે જે વખતે બસરામાં નાસી આવ્યા તે વખતે આ પ્રદેશમાં બીજો સુલતાન

૩

હતો. મ્હારા પિતા, એક ઘર ભાડે લઇ આશરે વર્ષ ઉપરાંત છુપી રીતે આ બસરા નગરીમાં વાસ કરી રહ્યા. આખરે તેમના સાંભળવામાં આવ્યું કે, કેરોના પૂર્વ સુલતાન અસગર મહમદનું મૃત્યુ થયું છે ત્યારે જાહેર રીતે આ બસરામાં એક મહેલ જેવી હવેલી બંધાવી તે રહેવા લાગ્યા."

"મ્હારી ઉમ્મર દશ વર્ષની હતી, તે વખતે હું માતૃહીન થયો. માના મરણ પછી હું પિતાને ઘણો આદરરૂપ થઇ પડયો. તે મ્હારી ઘણી સંભાળ રાખવા લાગ્યા, ઘણો સ્નેહ બતાવવા લાગ્યા–જેથી હું પ્રેમાંધ બાપનો ઘેલો છોકરો થઈ પડયો."

"પિતાએ મ્હને સુશિક્ષિત કર્યો ખરો, પરંતુ એ શિખામણે મ્હારી વર્તણુક સુધારવામાં કંઇ મદદ કરી નહિ."

"મ્હારી જ્યારે વીશ વર્ષની ઉમ્મર થઇ ત્યારે પિતાએ મ્હને પોતાના વ્યવસાયક્ષેત્રમાં જોડયો. વ્યાવહારિક દૃષ્ટિથી એક વર્ષ સૂધી વાણિજ્ય વ્યવસાયનું ગૂઢ રહસ્ય સમજાવ્યું, અને મ્હને માનવી બનાવ્યો."

"એ વખતે પિતા વ્યાપારમાં ઘણો અથ લાભ કરતા, પણ આટલા દિવસ સૂધી મ્હને તેમનો ગુપ્ત ધન-ભંડાર બતાવ્યો નહોતો. હવે હું યોગ્ય ઉમ્મરનો થયો છું, કાર્ય-કુશળ થયો છું એમ જોઈને તેમણે એક દિવસ મ્હને એકાંતમાં બોલાવી કહ્યું:—"અનવર! ત્હારા પિતાએ કેટલું દ્રવ્ય સંચિત કર્યું છે, તે આજ હું તને બતા-

વીશ. પણ સાવધાન–કોઇની પાસે કોઇ વખત વાતમાં પણ મ્હારા એ ગુપ્ત ધનભંડારની વાત પ્રકાશ કરીશ નહિ. જો તેમ કરીશ તો તને મહાન્ દુઃખ આવી પડશે."

"એક દિવસ પિતા ગંભીર રાત્રે મ્હને સાથે લઇ એક પ્રજ્વલિત બત્તી હાથમાં પકડી, ઘરની અંદરના ભોંયતળીયામાં લઇ ગયા. ચાવીની મદદથી, ગુપ્તદ્વાર ઉઘાડી, ભૂમિની અંદરના એક ભોંયરામાં અમે બન્ને દાખલ થયા."

"એ ભોંયરાના અસ્તિત્વની વાત પૂર્વે મ્હેં કોઇ વખત જાણી નહોતી. કેટલાંક પગથીઆં ઉતર્યા પછી અમે બન્ને જણ એક બીજા ન્હાના ખંડમાં આવ્યા."

"એ ન્હાનું દ્વાર લોખંડનું હતું. પિતાએ એક રૌપ્ય કુંચી એ દ્વારને લગાવી કે તરત જ દ્વાર ખુલી ગયાં."

"એ ન્હાના ખંડની દિવાલ પથ્થરની ચણેલી હતી. તેમાં પવનને કે સૂર્યને દાખલ થવા માટે એક પણ ન્હાનું છિદ્ર સુદ્ધાં નહોતું. ખંડનું સઘળું ભોંયતળીયું લાલ વર્ણના મખમલથી જડેલું હતું, અને તેના ઉપર પાલીસ કરેલી મ્હોટી મ્હોટી મજબૂત લાકડાની પેટીઓ હતી."

"ભોંયરાની અંદરના ખંડ–ધનભંડારની મધ્યે કેટલીક જગાએ મીણબત્તીઓ ગોઠવી મૂકેલી હતી. પિતાએ પોતાના હાથમાં પકડેલી બળતી બત્તીથી એ સઘળી બત્તીઓ સળગાવી દીધી. તરત સળગાવેલી બત્તીઓના ઝળહળતા તેજથી અંધકારમય ભોંયરે વિલાસભવનની

શોભા ધારણ કરી."

"પિતાએ એક પછી એક સમસ્ત પેટીઓ ઉઘાડી બતાવી. એમાંની કોઇ પેટી રત્નના અલંકારથી ભરેલી; કોઈ હીરા, મોતી, પન્ના, ચુનીથી ભરેલી તો કોઈ પેટી સુવર્ણના દાગીનાથી ચકચૂર ભરેલી તથા કોઇ પેટી સુવર્ણ મોહોરથી ભરેલી હતી."

"આ પ્રમાણે હીરા, મોતી, પન્નાથી ભરેલી પેટીઓ પિતાએ બતાવી સઘળી પેટીઓ પાછી બંધ કરી દીધી. બત્તી બુઝવી નાંખી તેનું દ્વાર બંધ કરી અમે બન્ને ઉપર ચાલી આવ્યા."

"ઓરડામાં આવ્યા પછી પિતાએ કહ્યું:-"અનવર! ટુંકી રાત્રિનો પાછલો પ્રહર થયો છે. તું હવે ઉંઘી જા. ત્હેં આજે કુબેરનું ઐશ્વર્ય જોયું. મ્હને લાગે છે કે તું આજ રાત્રે સ્વપ્ન પણ જોઈશ."

"હું એ અતુલ ઐશ્વર્યની વાતનો મનમાં વિચાર કરતાં કરતાં શયનગૃહમાં ચાલ્યો આવ્યો. મ્હારા મનને શાંતિ વળવાથી નિદ્રા પણ તરત જ આવી ગઇ."

"નિદ્રામાં સ્વપ્ન જોવામાં આવ્યું. એક તેજવાન સુવર્ણપ્રતિમા મ્હારી શય્યા પાસે આવી ઉભી રહી અને કહેવા લાગી:–"અનવર! હું ત્હારા પિતાની ભાગ્યલક્ષ્મી છું. એક સુલતાન સિવાય ત્હારા પિતાના જેવો દ્રવ્યવાન ઉમરાવ, આ બસરા નગરમાં અન્ય કોઇ નથી. બહુ પુરૂષાર્થથી અને મહાન્ કષ્ટ વેઠી મેળવેલા ઐશ્વર્યનો તું ગેરઉપયોગ કરીશ નહિ. ખુબ સાવધાનપણાથી

ચાલીશ તો વંશપરંપરાગત ત્હારા દિવસો સુખ-સ્વચ્છન્દ અને અમીરીમાં જશે."

"સ્વપ્નમાં મ્હને એ તેજોમય પ્રતિમાએ જે સઘળી વાત કહી તે હું ઘણી સારી રીતે સાંભળી શકતો હતો. ત્યાર પછી મ્હારી શય્યાની બાજુએ ઉભેલી લાવણ્યમયી એ પ્રતિમા છાયામૂર્ત્તિની પેઠે અદૃશ્ય થઈ ગઇ."

"એ અપૂર્વ સ્વપ્નના અવસાન સાથે મ્હારી નિદ્રા પણ જતી રહી, પરંતુ ચિત્તમાંથી એ સ્વપ્નની સુસ્પષ્ટ સ્મૃતિનો લય થયો નહિ. હું મ્હારા પ્રાતઃકાળના કાર્યથી પરવારી પિતાના ઓરડામાં ગયો."

"ત્યાં જઇ જોવું છું તો, પિતા હિસાબી કાગળપત્ર લઇ લક્ષપૂર્વક તપાસતા બેઠા હતા. હું કંઇ પણ બોલ્યા ચાલ્યા વગર તેમની બાજુએ આસનપર બેઠો. તેમના જાણવામાં કંઇ આવ્યું નહિ કે, હું તેમની પાસે બેઠો છું એમ લક્ષપૂર્વક તેઓ પોતાનું કાર્ય કરતા હતા! કેટલાક લખેલા કાગળના ફર્દ ઉપર ખુબ દૃષ્ટિ નાંખી રહ્યા હતા."

"હું સમજ્યો કે, એ સઘળી પિતાના સંચિત દ્રવ્યની નોંધ છે. એ ગુપ્ત ભંડારમાં ગઈ રાત્રિએ જે બહુ મૂલ્યવાન રત્નો જોયાં હતાં, તેની યાદી હશે"

"પિતા, એ સઘળા કાગળો અનુક્રમવાર બાંધી રહેવા આવ્યા એટલે તેમણે પાછળ દૃષ્ટિ નાખી કે તરતજ તેમણે મ્હને જોયો. હું તેમની પાસે ધીર સ્થિર ભાવે બેસી રહ્યો હતો. તે બોલ્યાઃ-" કેટલી વારથી તું આવ્યો છે, અનવર?"

"મ્હેં કહ્યું:—"આશરે દશ મીનિટથી આપની બાજુએ બેઠો છું."

પિતા:—"એ યાદી શા બદલની છે તે તું જાણે છે? ગઇ રાત્રે ત્હને જે દેખાડવામાં આવ્યું હતું, તેનો ચોખ્ખો હિસાબ છે. એમાં સમસ્ત મણિમુક્તાની અનુમાનિક કિમ્મત લખી છે. તું જાણે છે કે, મ્હોટા લોકો અને અમીર લોકોની પસંદગી ઉપર ઝવેરાતનું મૂલ્ય વધતું જાય છે! મ્હેં જે અનુમાનથી સમસ્ત હીરા ઝવેરાતની કિમ્મત આંકી છે, તે જોતાં લગભગ તે મૂલ્ય કરોડ રૂપીઆથી કમી થતું નથી, પરંતુ તેનાથી બેવડું થશે."

હું આ વાત સાંભળી ઘણો જ આનંદમાં આવી ગયો. અઢળક ધનસમ્પત્તિનો અધિકારી છું એ વાત જાણીને મ્હને ઘણો ગર્વ ઉત્પન્ન થયો.

"ત્યાર પછી મ્હેં પિતાને ગઇ રાત્રિના અદ્દભુત સ્વપ્નની વાત કહી. તેમણે સઘળી વાત સાંભળી ગંભીર ભાવ ધારણ કર્યો."

"ત્યાર પછી ધીરે ધીરે કહ્યું:—"એ સ્વપ્નદૃષ્ટા-દેવીએ ત્હને જે કહ્યું છે, તે સત્ય છે. અવળે માર્ગે ખર્ચ કરવાથી એ અઢળક ઐશ્વર્યનો સમૂળો નાશ થશે. તું ચંચળ મતિનો, બીન અનુભવી બુદ્ધિનો યુવક છે. ત્હારા જેટલી વયના યુવકોને સારી રીતે સાંસારિક વિષયની બુદ્ધિ હોવાનું પ્રયોજન છે. હંમેશાં નિયમ પાળવો જોઇએ, તે ત્હારામાં નથી. માટે આ વખતે એક વાત તને કહેવાને ચાહું છું."

"હું કૌતુહલાવિષ્ટ ચિત્તથી બોલ્યો:—" કહો, આપના મનની શી વાત છે? હું મ્હારાથી બનશે ત્યાં સૂધી આપનો ઉપદેશ માનીશ."

પિતા:—" સુખના દિવસ આવે છે ત્યારે ત્હેના પૂર્વના દિવસો યાદ આવતા નથી. દુ:ખના દિવસોનું આગમન ઘોર રહસ્યથી જડેલું હોય છે. જો કોઇ વખત કુસંગમાં પડી, બંધુઓની કપટ જાળમાં અને અયશ-આરામમાં પડી તું આ પિતૃ સંચિત કુબેરના ઐશ્વર્યનો ગેરઉપયોગ કરશે, તો ત્હારે રસ્તામાં ભીખ માગતા ઉભા રહેવું પડશે! મ્હને લાગે છે કે દુ:ખના વખતે ગયેલા સુખની સ્મૃતિની ભાવના તને ઘણું દુ:ખ દેશે. તે વેદનાની જ્વાલાથી તું ભસ્મીભૂત થવા લાગીશ. અતુલ ઐશ્વર્યના અધિકારીઓ પણ રસ્તાના રખડતા ભિક્ષુક થઈ પડે છે. તેમ થવાથી ગયેલા સુખની સ્મૃતિનો બોજો લઈ સર્વદા નિરાશ ચિત્તથી આત્મ-હત્યાની ચેષ્ટા કરવી પડે છે. ખુદા કરે ને એવા દુ:ખના દિવસ ત્હારા જીવનમાં કોઇ વખત આવે નહિ. ખુદા અખિલ દુનિયામાં સર્વ સ્થળે હોવાનો સંભવ છે. પ્રિય અનવર! એવા શોચનિય દિવસો કોઇ વખત ત્હારા અદૃષ્ટમાં ઉભા થાય તો તું મ્હારા બાગમાં એક સૂકા-યલું રસાળ વૃક્ષ છે, તેની ડાળે દોર બાંધી ફાંસો ખાજે. મ્હારે શરીરે હાથ લગાવી શપથ લે કે મ્હારો ઉપદેશ તું ભૂલીશ નહિ."

" હું પિતાનો અદ્ભુત આદેશ સાંભળી ઘણો વિસ્મત

થયો. મનમાં વિચાર કર્યો કે. પિતાએ મ્હને ગેર-વ્યાજબી ખર્ચની ભીષણુતા, અને સુખની અવસ્થામાંથી દુઃખની અવસ્થામાં પડવું એ ભયાનક કષ્ટ છે, એ મ્હને સમજાવવા સારૂ તેમણે આવો અદ્દભુત ઉપદેશ આપ્યો છે."

"મ્હેં શરીરે હાથ લગાવી, તેમની ઇચ્છામત શપથ લીધા. તેથ તેમને સંતોષ થયો. પરંતુ હું સ્પષ્ટ રીતે સમજી શકયો નહિ કે પોતાના ભારે યત્નથી, ખરા સ્નેહપાત્ર પુત્રને તેમણે દુઃખના દિવસે આત્મહત્યા કરવાનો ઉપદેશ શા માટે દીધો?"

"ત્યાર પછી એક વર્ષ વીતી ગયું. પિતાનું અતુલ ઐશ્વર્ય જોઇને મ્હારા મનમાં બહુ ગર્વનો આવિર્ભાવ થયો. ગર્વિષ્ઠ મિત્રો અયશ-આરામ વખતે પ્રિય લાગે છે. એજ રીતે મ્હારી સમવયના દુષ્ટ સંગીઓ જૂદા જૂદા પ્રકારની સુખકર વાતોથી મ્હારૂં મગજ બગાડવા લાગ્યા. હું પિતાની જીવન દશામાં તેઓની છળનાથી ભ્રમમાં પડી પાપકર્મમાં મને પરોવવા લાગ્યો."

"એ દુષ્ટ સોબતીઓની સાથેની અયશ-આરામની વાત એક દિવસ પિતાના કાને પડી. એથી કરીને તેઓ મ્હારા ઉપર ઘણા અસંતુષ્ટ થયા મ્હને એકાંતમાં બોલાવી તેમણે તિરસ્કારપૂર્વક કહ્યું:—"જોયું, ત્હારા જેવા દુર્ભાગી દુનિયા ઉપર ઓછા હોય છે! આજથી આ પ્રમાણે મતિ-ગતિ રાખવાથી ત્હારો ઉદ્ધાર થવાનો સંભવ નથી. તું ટુંક વખતમાં નાશ પામશે. હાય! સંતાન પ્રાપ્તિ માટે મ્હેં શું નથી કર્યું? પણ તું આવો કુપાત્ર નિવડશે

એમ મ્હારા મનમાં નહોતું. હવે મને લાગે છે કે તું ના થયો હત તો મ્હારા ચિત્તનું સુખ નષ્ટ થાત નહિ. તેમજ આ અશાન્તિનો ભોગ થવું પડત નહિ."

પિતાના આવા તિરસ્કારથી મ્હારા મનને ઘણી માર્મિક વેદના થઇ. તેમના પગ પકડી સજળ નેત્રે હું માફી માગવા લાગ્યો. હવે કોઇ વખત હું કુસંગીઓની સોબતે જઇશ નહિ, એમ તેમના અંગને સ્પર્શ કરી મેં પ્રતિજ્ઞા કરી. મ્હારી પ્રતિજ્ઞાથી તેમના આત્માને કાંઇક શાન્તિ વળી. પછી પિતાની આજ્ઞા લક્ષમાં રાખી હું પણ ઘર બહાર જતો બંધ થયો."

પ્રકરણ ૫ મું.

મ્હારી બુદ્ધિના દોષથી મારા ભવિષ્યનું પરિણામ આવું શોચનિય આવશે, એવા પ્રકારની દુશ્ચિન્તાથી પિતાના મનમાં અશાન્તિ ઉભી થઇ, અને તેથી છેવટે તે રોગથી પીડિત થઇ શય્યામાં પડયા.

“ ઘણી દવાઓ કરી, ઘણી તદબીર લગાવી, તો પણ તે એ કરાલ રોગના કરથી મુક્તિ પામ્યા નહિ. જો પૈસાથી જીંદગી રહેતી હોત, તો મ્હોટા માણુસોના ઘરમાં મૃત્યુના રૂદન ધ્વનિનો કોલાહલ જાગી ઉઠત નહિ.”

“ પિતાએ પોતાના મરણના અર્ધા કલાક પૂર્વે બોલવાનું બંધ કર્યું. ત્યાર પછી થોડી વાર સૂધી વાકયહીન અવસ્થામાં સૂઇ રહ્યા.”

“ વળી થોડીવાર પછી તેમનામાં ચૈતન્ય આવેલું જોઈને મ્હારા મનને આનંદ થયો. તે વખતે મ્હારા મનમાં આશા ઉત્પન્ન થઇ કે ખુદા પિતા કહી બોલવાનો માર્ગ લોપ કરવા ઈચ્છતો નથી.”

“ પિતાએ હાથનો ઈસારો કરી મ્હને પોતાની પથારી પાસે બોલાવ્યો અને કહ્યું:-“ અનવર ! મ્હારામાં ફરીથી ચૈતન્ય આવેલું જોઇને બહુ રીતે આશાબંધ થઈશ નહિ. ત્હને મ્હારી આખર વખતની વાત કહેવા માટે પરમ કરૂણામય ખુદાએ મ્હને ફરી ચૈતન્ય આપ્યું છે. હવે હું ત્વરાથી પરલોકનો યાત્રી થઈશ. આજ આ મધ્યાન્હ સમય કાઢવાનો નથી-થોડુંક જળ આપ-બહુ તૃષા લાગી છે ! ”

મ્હેં તે વખતે થંડું પાણી ધીમે ધીમે તેમના મુખમાં રેડયું. હિમ્મત રાખી ધીરજથી તે પુનઃ બોલવા લાગ્યા—"વત્સ! મ્હારા અનેક કષ્ટથી પેદા કરેલા દ્રવ્યનો દુરૂપયોગ કરીશ નહિ. જો ત્હારી પ્રવૃત્તિ રોકી ના શકે અને ઉડાઉપણે ખર્ચ કરી કંગાળ સ્થિતિમાં આવી પડે તો, અતિ ગરીબની માફક કોઈની પાસે હાથ ન ધરતાં પૂર્વોક્ત આમ્રવૃક્ષની શાખાએ દોરી બાંધી આત્મહત્યા કરજે. આ મ્હારા મરણ પહેલાંની આખરી આજ્ઞા છે."

ત્યાર પછી અર્ધે કલાકે મ્હારા પિતાનો પ્રાણવાયુ બહિર્ગત થયો. સંસારના સઘળા સુખ ભોગવવા સારૂ, મ્હારા જેવા હતભાગ્ય સંતાનને તે આ દુનિયામાં મૂકી સ્વર્ગે ગયા. હું બાળકની માફક મ્હારા પિતાના મૃતદેહને વળગી પડી રોવા લાગ્યો."

"વખતના જેવો, શોકની પરીક્ષા કરનાર ચિકિત્સક બીજો કોઇ નથી. જોતજોતામાં એક માસ થઇ ગયો. મ્હેં એક મહિનો શોક પાળ્યો. તે વખતે હું જનસમાજમાં કોઇની સાથે ભળતો નહિ, બંધુવર્ગ સાથે મળતો નહિ. કિંવા કોઈ પ્રકારના આમોદ ઉત્સવમાં લિપ્ત થતો નહિ."

"સમય કોઈની રાહ જોતો નથી. સમય જવા લાગ્યો અને કેટલાક વખતે પિતૃશોક ભૂલી હું સંસારના શૌકીન મનુષ્યોમાં સામેલ થયો."

"આ સમયે સુયોગ મળવાથી મ્હારા કુસંગી મિત્રો પુનઃ મ્હારી પાસે આવી બેસવા ઉઠવા લાગ્યા. કેમકે, હવે આ જગત્‌માં મ્હારી દુષ્ટ ઈચ્છાઓને રોકનાર કોઈ

નહોતું."

હું કુંવારો હતો. પિતાએ મ્હને સંસારી બનાવવા સારૂ અનેક તજવીજો કરી હતી, પણ હું તેમાં જૂદી જૂદી જાતની ઉપાધિ માની તે કાર્યમાં સ્વિકૃત થયો નહોતો."

"યુવાવસ્થાની ઉન્માદિની લાલસાઓ જાગી ઉઠવાથી હું તે સઘળા કુસંગીઓની શક્તિને રોકી શકયો નહિ. આ યુવાવસ્થામાં બીન અનુભવી યુવકની જે દશા થાય છે તે પ્રમાણે મ્હારી પણ દશા થઈ."

"જ્ઞાનીઓ કહી ગયા છે કે-યૌવન. ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેકપણું એ ચારે એકઠાં થાય તો ઉત્તમ સાધુચરિત્ર મનુષ્ય પણ અવશ્ય નાશ પામે. મ્હારી એવી અવસ્થા ચાલતી હતી, તો પછી મ્હારૂં અધઃપતન કેમ ના થાય?"

"સોળ વર્ષની ખૂબસૂરત સુંદર નાજનીનના બાહુપાશમાં હું સપડાયો. નિત્ય આમોદપ્રમોદમાં દિવસો જવા લાગ્યા. રાત્રિના વખતે સુંદરી સ્ત્રીઓથી પરિવૃત થઈ ટાઇગ્રીસના ઉપર મધ્યરાત્રિએ જલવિહાર, નિત્ય ભોજન અને મદિરા એ સઘળા ઉડાઉપણાના ખર્ચથી ચાર વર્ષ દરમિયાન પિતાએ એકઠું કરેલું કુબેરના ભંડાર જેટલું દ્રવ્ય ખલાસ થઇ ગયું. કેવી રીતે એ યક્ષનું સંચિત ધન ભ્રમરની માફક ઉડી ગયું તે હું કંઇ જાણી શકયો નહિ."

"દીપાવલીથી જળહળી રહેલી નાટકશાળા જેમ માનવીઓ ચાલી જતાં એકદમ અંધકારમય થઈ પડે છે, તેમ કોલાહલયુક્ત નિત્ય મોજમજાહનું ધામ ગણાતું મ્હારૂં

આવાસભવન પણ મ્હારા દ્રવ્યની હાની સાથે અંધકારમય બની ગયું.”

“જેઓને મ્હારા સુખના સાથી, અભિન્નહૃદય મિત્રો જાણી સુખના દિવસોમાં મેં દ્રવ્ય આપ્યું હતું, તેમની પાસે હું ભારે આફત આવી પડવાથી માગવા ગયો ત્યારે તેઓએ મ્હારા માગતા લેહણાનો એકી વખતે ઇનકાર કર્યો. મિત્રો પાસે કાંઈ પણ માગવા હાથ ધરૂં ત્યારે તેઓ મ્હારૂં અપમાન કરી ગાળો ભાંડી મ્હને તગડી મૂકવા લાગ્યા.”

“દરેક ઘેરથી એ પ્રમાણે અપમાન કરી કહાડી મૂકવાથી મ્હારા મનમાં ક્રોધ અને અનુશોચનાએ દેખા દીધી. મ્હેં લોકોની સાથે મળવું એકદમ બંધ કરી દીધું. પરંતુ તેથી મ્હારો કંઇ ઉદ્ધાર થયો નહિ.”

“આ વખતે બજારમાં પણ પુષ્કળ દેવું થઇ ગયું હતું. જેઓ એક સમયે મ્હારા મિત્ર બની મ્હારી સાથે રમતગમતમાં ભાગ લેતા હતા, તેઓએ મ્હારા બંધુઓની છાની ઉશ્કેરણીથી કાજીની પાસે ફરિયાદો કરી.”

“કાજીની અદાલતમાં, વૃત્તિહીન દેવાદારોનો અતિ ભયાનક રીતે દંડ કરવામાં આવે છે. ચાબૂકના નિષ્ઠુર ઘાથી તેને મરવા જેવો બનાવી મૂકે છે. મ્હારા મનમાં આ રાજદંડની ભીતિએ ભારે ચિન્તા ઉભી કરી દીધી.”

“મ્હારા મનમાં ભયંકર ધિક્કાર જન્મ્યો. હું વિચાર કરવા લાગ્યો કે, આ સંતપ્ત હતભાગ્ય જીવનદશાનો ભાર વહન કરવામાં હવે ફળ શું?”

આ વખતે પિતાની મરણ પથારી આગળનો આખરી ઉપદેશ મ્હારા મનમાં સજીવ થયો. હું મનમાં વિચાર કરવા લાગ્યો કે, પિતાનો પ્રથમ ઉપદેશ ન માનવાથી જ્યારે મ્હારી આવી દુર્દશા થઇ છે, ત્યારે તેમનો બીજો ઉપદેશ ઉલંઘીશ નહિ. સ્નેહમય પિતા, દિવ્ય ચક્ષુએ મ્હારી શોચનીય સ્થિતિ અને ત્હેની અનુસંગી વેદનાનો પ્રભાવ જાણી, તે દિવસે આત્મહત્યા કરવાનું કહેતા હતા તે હવે કરીશ. છેવટે હું રાત્રિની રાહ જોવા લાગ્યો."

"મેં ગુલામ, ગુલામડીઓને રજા આપી દીધી. માત્ર મ્હારા વિશાળ ઘરમાં હું અને મ્હારી વૃદ્ધા દાઇ વગર બીજું કોઇ રહ્યું નહિ."

"એ વૃદ્ધા દાઇ, બાલ્યકાળથી મ્હારૂં લાલનપાલન કરતી હતી. માતૃના વિયોગ પછી હું તેને મા કહી બોલાવતો. સઘળાએ મ્હારો ત્યાગ કર્યો હતો, પરંતુ માતૃરૂપિણી એ ધાત્રીએ તે વખતે મ્હારો ત્યાગ કર્યો નહોતો."

"રજનીનો મધ્ય પ્રહર ઉતરી રહેવા આવ્યો હતો. સંધ્યાથી તે મધ્યરાત્રિ પર્યન્ત હું એકભાવથી ચિન્તા કરતો હતો-"પિતાનો આદેશ પાળું કે નહિ? મરૂં કે જીવતો રહું?"

"દાઇ, ખોરાક લેવા માટે મ્હને બોલાવવા આવી હતી પણ શરીર સારૂં નહિ હોવાથી ના કહી, તેથી તે પોતાના ઓરડામાં ચાલી ગઈ."

"દીર્ઘકાળ વ્યાપી ચિન્તામાં ભવિષ્યનાં કર્ત્તવ્ય માટે

હું કંઇ પણ નક્કી કરી શકયો નહિ. નિદ્રાધીન થઇ ભૂમિપર પડયો. નિદ્રામાં સ્વપ્ન જોવામાં આવ્યું, કે કોઈ જોસથી મ્હારા બહિર્દ્વારમાં પ્રચંડ વેગથી પગની લાતો મારે છે. એ લાતોની ચોટથી કમાડ ભાંગી ગયાં. મેં સવિસ્મયે ભીતિવિહ્વલ ચિત્તથી જોયું—ભીમકાય, માયા-મમતાહીન કાજીના સિપાઇઓ આવીને મ્હને નિષ્ઠુરની પેઠે બાંધે છે."

"હું ભયથી બુમરાણ કરી ઉઠયો:–"મેહેરબાન ખુદા! રક્ષા કરો, રક્ષા કરો!" પરંતુ આંખો ઉઘાડવાથી સ્વપ્નનો મોહ નિવૃત થયો."

"એ વખતે અવસન્ન પ્રાણે સાહસનો સંચય કર્યો. મનમાં વિચાર કર્યો કે જેટલા દિવસ જીવતો રહીશ તેટલા દિવસ મ્હારે દુ:ખ વેઠવું પડશે. જોઉં છું–મરણ વગર શાન્તિ લાભનો ઉપાય નથી!"

"હું બારી આગળ આવી ઉભો. શીતલ, રાત્રિનો વાયુ મ્હારા મસ્તકની ઉત્તેજનામય અવસ્થામાં ખાટકીના ઘા માફક વાગવા લાગ્યો."

"નીલાકાશમાં અસંખ્ય તારાઓ જળહળતા હતા. તો પણ એ અનંત વિસ્તૃત સીમાહીન સુનીલ આકાશમાં મૃત્યુનું કાળું મસ્તક એક વિકટાન્ધકારમાં વ્યાપી રહ્યું હતું. તારાઓ પણ એકસરખા નહોતા, હું અંધકારમાં ડુબકાં ખાતો હતો. અસંખ્ય સમુજ્વલ તારાઓ મ્હારી મશ્કરી કરી કહેતા હતા–"ક્યાં છે ત્હારા સુખના દિવસો, કે તું જે દિવસે શાન્તિસ્નિગ્ધ પ્રાણે અમારા

તરફ તાકી તાકીને જોતો હતો. છટ્! છટ્! આજ ત્હેને અમારા તરફ જોતાં કંઈ પણ લાજ આવતી નથી?"

"રાત્રિનો સમીરણ ગંભીર મુખે મ્હારા કાન પાસે બોલી ગયો-"હતભાગ્ય! ત્હારા સુખના દિવસોમાં તરતજ ખીલેલા રાત્રિનાં પુષ્પોની સુવાસિત ગંધ હું ચોરી લાવી ત્હારા નાકનાં રંધ્રોમાં ભરતો હતો, એ ત્હારા સુખના દિવસો ક્યાં જતા રહ્યા?"

"અદૂરે ટાઈગ્રીસ ભીમકલ્લોલે સ્વેચ્છાથી પુર જોસમાં વ્હેતી હતી. ત્હેના હૃદય ઉપર અસંખ્ય તરંગો ઉછળી રહ્યાં હતાં. એનો પ્રતિધ્વનિ, તરંગ સંગીતની ભાષાને પ્રાણમયી બનાવી મ્હારા કાનમાં પહોંચાડી દેતો હતો. તરંગ કહેતો કે-"હતભાગ્ય અનવર! આજ એ સુખના દિવસો ક્યાં ગયા, કે જે દિવસે અસંખ્ય તીવ્ર કટાક્ષવાળી સુંદરીઓ ઉંચા મસ્તક કરી, અમારાં તરંગો ચૂર્ણ વિચૂર્ણ કરી દઈ, જળવિહાર કરતી હતી! ત્હારી આવી દશા જોઇને અમને ભારે દુઃખ થાય છે. આવ! જ્વાલામય જીવ મ્હારા હૃદય ઉપર ત્હારી સઘળી જ્વાલા વિરામશે."

"બસરા નગરીના અનેક મહેલતુલ્ય હવેલીઓમાં ઉજ્વળ જળહળતા દીવાઓ ઝાંખા થયા નહોતા. એની સમુજ્વળ દીપરેખા ટાઈગ્રીસની અંધકારમય છાતીપર પડી ચમકારા મારી રહી હતી. પુષ્પવાસિત ઉષ્ણ નિશ્વાસવાળા ઓરડાઓમાંથી અસંખ્ય રમણીઓના કોકીલ કંઠથી નીકળતી સંગીત લહરીઓ તેની છાતીપર પ્રતિધ્વનિત થઈ

દશે દિશાઓમાં વિલીન થઈ જતી હતી. એ પ્રતિધ્વનિ ઠઠ્ઠામશ્કરીમાં તેને કહેતો હતો કે, અનવર! એક દિવસ ત્હારી કેવી દશા હતી, અને આજે તેમાં કેટલું બધું પરિવર્તન થઈ ગયું છે!”

જડ પ્રકૃતિના આવા એક સરખા તિરસ્કારથી હું વિશેષ ઉત્તેજીત થવા લાગ્યો-મૃત્યુને માર્ગે જવા દૃઢ પ્રતિજ્ઞ થયો.

ગુપચુપ ધીરે ધીરે હું નીચે આવ્યો. દાઈ ઉપરના ઓરડામાં સૂતી હતી. મ્હારા અવાજથી તે જાગ્રત થઈ જશે-કાર્યમાં વિઘ્ન નાખશે એમ માની ત્વરાથી બારણું બંધ કરી હું બાગમાં આવ્યો. મ્હેં મ્હારૂં મૃત્યુ કેવી રીતે લાવવું તેનો વિચાર એક ઝાડ નીચે ઉભા રહી શાંત રીતે કર્યો. વિષપાનથી, અગ્નિદાહથી કિંવા જળમાં ડુબકી મારી મરવાં કરતાં ગળે ફાંસો ખાઇ એક બે મીનીટમાં પ્રાણ કહાડી નાખવાનું મ્હને ઉત્તમ લાગ્યું. ફાંસા માટે દોરડું મેળવવા મ્હને કાંઈ વિશેષ તકલીફ પડી નહિ.

થોડા વખતમાં પિતાએ બતાવેલ વૃક્ષ તળે હું આવીને ઉભો રહ્યો. ભયથી મ્હારૂં હૃદય કંપી ઉઠ્યું, મસ્તક ભમવા લાગ્યું. સ્વપ્નમાં જોયેલ કાજીના કારાગારની ભીષણ પીડાનો દેખાવ મ્હારી નજર આગળ આવી મૃત્યુની ભયંકર ધાસ્તીનો વિસ્તાર કરવા લાગ્યો. આખરે હું હિમ્મત હારી ગયો.

આ વખતે અચાનક જો કોઈ આવી ચડ્યો તો

૪

મ્હારા કામમાં વિઘ્નકર્ત્તા થઇ પડશે એમ માની ધડકતી છાતીએ પિતાએ બતાવેલ ઝાડની ડાળીએ મ્હેં દોરડું બાંધવા માંડયું. કારણ કે, પિતાએ મરતી વખતે કહ્યું હતું કે, અનવર! જો કોઇ ખરાબ સ્થિતિમાં આવી આ દુનિયાથી કંટાળી જઇ મૃત્યુને પસંદ કરે, તો તે વખતે આ વૃક્ષની ડાળીએ દોરડું બાંધી આત્મહત્યા કરજે.

ખુદાવંદ! આપને શું કહું? મ્હારાં મૃત્યુની ઘડીઓ હજી પણ ભરાઇ નહોતી. દુર્ભાગ્યે એ મૃત્યુ પણ પ્રતિકૂળ થયું. મરવાથી હું મ્હારા આત્માને શાંતિ આપી શકીશ એમ માની મ્હેં મ્હારા ગળામાં ફાંસો નાખ્યો, પણ કમનસીબ કિસ્મતે યારી આપી નહિ. મ્હારા ક્ષીણ થઇ ગયેલા દેહના ભારથી તે વૃક્ષની ડાળી કડકડ શબ્દ કરતી એકદમ ભાંગી પડી અને તે સાથે હું પણ મૂર્ચ્છિત થઇ જમીન ઉપર પછડાયો.

આવી રીતે કેટલા વખત સૂધી એ અવસ્થામાં હું ત્યાં પડી રહ્યો તેનું મ્હને ભાન રહ્યું નહિ; પરંતુ થોડા વખત પછી મ્હારા શરીરમાં કાંઇક ચૈતન્યનો સંચાર થવા લાગ્યો અને મ્હને જણાયું કે, હું મ્હારા ગૃહમાં નહિ પણ કઠણ જમીન ઉપર માટીની અંદર પડેલો છું. થોડા વખત પછી મ્હેં મ્હારાં નેત્રો સહજ ખુલ્લાં કર્યાં અને મ્હારી અજાયબી વચ્ચે મ્હારી આસપાસ અનેક ન્હાના ન્હાના ગોળાઓ જગમગાત કરતા મ્હારી દૃષ્ટિએ પડયા.

હિમ્મત રાખી હું ત્યાંથી ઉઠયો અને નજીકમાં જ

એક કૂવો હતો, ત્યાં જઇ હાથપગ મ્હોડું ધોઈ પાછો પૂર્વવત્ જગ્યાએ આવ્યો. જે ચીજો મ્હારી આસપાસ ચારે બાજુએ ચળકી રહી હતી, તે મ્હેં તપાસી જોઈ તો જણાયું કે, એ બધાં કિમતી ઝવેરાતો હતાં. તેમાં નીલમણિ, પોખરાજ, હીરા, મોતી, ચુની અને પન્નાં વિશેષ હતાં.

આ વખતે પિતાના આદેશનો અર્થ હું અધમાધમ સંતાન સંપૂર્ણ રીતે સમજી શકયો. બાગમાં અનેક વૃક્ષો હોવા છતાં પિતાએ મ્હને આ સૂકાઇ ગયેલા વૃક્ષની ડાળીએ દોરડું બાંધી મરવાનો ઉપદેશ શા માટે કર્યો હતો, તેનો મ્હારા દિલમાં ખિયાલ આવ્યો. મ્હારાં ભવિષ્યનો પહેલાંથી વિચાર કરી અનુમાનગત સિદ્ધાંત પ્રમાણે તેમણે એ સૂકાઇ ગયેલાં વૃક્ષની બખોલમાં અઢળક અમૂલ્ય રત્નો–ઝવેરાતો મ્હારા માટે છુપાવી રાખ્યાં હતાં.

આવી રીતે મૃત્યુને આલિંગન આપવા જતા મ્હારા જીવને અભૂતપૂર્વ દૈવ ઉપાયથી પ્રાપ્ત થયેલું ઝવેરાત જોઇને કેટલો બધો આનંદ થયો તેનું વર્ણન હું કરી શકતો નથી.

હવેથી હું નવી જીંદગીમાં આવ્યો હોઉં એમ મ્હને જણાયું. આટલા વખતના અનુભવથી હું સમજી શકયો કે,

પયસેહીકા અમીરકે દિલમેં ખ્યાલ હય,
પયસેહીકા ફકીર ભી કરતા સવાલ હય;

પયસાહી ફોજ પયસાહી જાહો જલાલ હય,
પયસેહીકા તમામ યહ જગમેં દવાલ હય;
પયસાહી રંગરૂપ હય પયસાહી માલ હય,
પયસાહી ન હો તો આદમી ચરખેકી માલ હય.

અર્થાત્—દ્રવ્ય હોય તો જ આ દુનિયામાં કાંઇ પણ છે. દ્રવ્ય હોય તો જ સ્ત્રી, પુત્ર, મિત્ર સૌ કોઈ આવી મળે છે. બાકી તો ફૂલનો રસ ખલાસ થતાં ભ્રમર જેમ ઉડી જાય છે, તેવી જ રીતે બધા તેનો ત્યાગ કરી ચાલ્યા જાય છે! પૈસો એ જ આ દુનિયાનો પરમેશ્વર છે! દ્રવ્ય ન હોય તો કોઇ કોઇને પૂછતું નથી! એ બોધ મ્હારી જીંદગીમાં હું ક્યારેય પણ વિસરનાર નથી."

હું ઝવેરીનો પુત્ર હોવાથી અને પિતા પાસે ઝવેરાતની પરીક્ષા શીખેલો હોવાથી, પૃથ્વીપર પડેલાં બધાં ઝવેરાતો મ્હેં વીણીને એકઠાં કર્યાં અને દરેક નંગ તપાસીને તેની પરીક્ષા કરી જોવાથી સમજાયું કે, આ બધું ઝવેરાત વેચી દેવામાં આવે તો લગભગ પચાસ હજાર સોના મોહોર જેટલી તેની કિંમત આવે.

તરત જ બધાં ઝવેરાતોને મ્હારા પહેરવાના કપડામાં બાંધી, ઉતાવળે પગલે નવીન આશાથી આનંદ પામી હું મ્હારા ગૃહ તરફ ચાલ્યો.

વૃદ્ધા દાઇ જે ઓરડામાં ઉંઘતી હતી, તે ઓરડાની કળ મ્હેં ઉઘાડી નાખી. ધીમે પગલે હું ઓરડામાં દાખલ થયો અને જણાયું કે જનનીરૂપિણી ધાત્રી અઘોર નિદ્રામાં પડી ઉંઘતી હતી.

મ્હારા મનમાં વિચાર આવ્યો કે, આ થોડાક કલાકની અંદર જે બનાવ બન્યો તે ખુદાની વિશાળ દુનિયાના કોઈ જીવના જાણવામાં આવ્યો નથી. આટલા બધા દુઃખની અંદર હું કેવો સૌભાગ્યવાન્! ખુદા! તારી કારીગરી અજબ છે!

શાંત મનથી, પ્રસન્ન ચિત્તે હું મ્હારા સૂવાના ઓરડામાં દાખલ થયો. પહેલાં તો મ્હેં મ્હારા દેવાનો અંદાજી હિસાબ કહાડયો અને એ પરથી જણાયું કે, મ્હારે માથે માત્ર ત્રણ હજાર પચાસ સ્વર્ણમુદ્રાનું દેવું છે.

મ્હેં મનમાં ને મનમાં સંકલ્પ નક્કી કર્યો કે, પ્રભાતમાં ઉઠી બસરા શહેરના કોઇ વ્યાપારીની દુકાને ઝવેરાત વેચી નીચ હૃદયના માગનારાઓનું દેવું પતાવી દેવું અને ત્યાર પછી કાયમને માટે બસરાનો ત્યાગ કરી કોઇ બીજા શહેરમાં જઈ કિસ્મત અજમાવવાં. ત્યાં જઇ સ્વાવલમ્બનથી કિંવા કુશળતાથી મ્હારી ઉન્નતિ કરી શકું—પિતાની માફક ધનવાન થઇ શકું—જે ગુમાવી નાખ્યું છે તેના કરતાં વિશેષ કમાણી કરી શકું તો જ આ બસરા નગરીના લોકોને મ્હોડું બતાવવું એવો મ્હેં દૃઢ નિશ્ચય કર્યો.

પ્રકરણ ૬ ઠું.

મહાશક્તિસંપન્ન સુલતાન સ્થિર ચિત્તથી નિદ્રાવિહિન સ્થિતિમાં મખમલના તકીએ અઠેલી મ્હારી અપૂર્વ જીવન કહાણી સાંભળતો હતો.

થોડા વખતમાં મ્હને જણાયું કે પ્રભાતકાળ થવા આવ્યો છે. ગુહાની અંદરના ન્હાના ખંડમાં પ્રભાત સૂચના માટે અગ્રદૂતરૂપી સૂર્ય કિરણોના પ્રવેશ સારૂ મ્હેં એક અજવાળીયું રાખ્યું હતું. એ અજવાળીયું ટાઈગ્રીસ નદી તરફ હોવાથી એકાએક તેના તરફ નજર પડતી નહોતી.

ખંડની અંદર સૂર્યનાં ઝાંખાં કિરણો પડતાં જોઈ સુલતાન બોલ્યો:–" અનવર! તમારી આ જીવનકાહિણી અર્ધી થઈ રહેવા આવી હોય એમ જણાય છે–કેમ ખરૂં કે નહિ ?

મ્હેં હાથ જોડી કહ્યું:—" જહાંપના ! મુલ્કે-માલિક ! આ ગુલામના જીવનનો પ્રથમ ભાગપૂર્ણ થયો છે; પરંતુ હવે હું જે કહીશ, તેથી મ્હારા હતભાગ્ય જીવનની શોચનિય ઘટનાની વિચિત્ર કહાણીનો આપને અનુભવ થશે."

સુલતાને કહ્યું:—" અનવર! મ્હેં તમને દોસ્ત કહીને સંબોધ્યા છે. એટલે આશા રાખું છું કે, મ્હારી એક સામાન્ય માગણીનો તમે અસ્વિકાર નહિ કરો."

મ્હેં કહ્યું:—" ખુદાવંદ ! આપની આજ્ઞા માનવાને

હું હમેશાં તત્પર છું. મહાન્ પ્રતિભાશાળી શક્તિમાન નરવીર બસરાધિપતિની પ્રજાના એક સામાન્ય માણસ સિવાય મ્હને પોતાને હું વિશેષ ગણુતો નથી. આપની સૂચના યા આજ્ઞાને હું મ્હારે માથે ચડાવીશ."

સુલતાને સહજ હસીને કહ્યું:—"અનવર! જો તમે એમ જ માનતા હો, તો ગઈ રાત્રિએ જેમ મ્હેં તમારૂં આતિથ્ય સ્વિકાર્યું છે, તેમ આશા રાખું છું કે, જ્યાં સૂધી તમારી જીવનકથા પૂર્ણ ન થાય ત્યાં સૂધી તમે મ્હારા મહેલમાં આવી મ્હારા આતિથ્યનો સ્વિકાર કરશો."

મ્હેં કહ્યું:—"હુજૂર! આપનો હુકમ હું મ્હારા મસ્તકે ચ્હડાવું છું અને આજ રાત્રે દશ વાગે હું આપની સેવામાં હાજર થઈશ."

સુલતાને ગંભીર મુખે ઉત્તર આપ્યો:—"અનવર! એટલી બધી રાત્રિ વિતાવવાનું કારણ હું સમજું છું, પરંતુ પ્રથમની માફક આજે હું તમારી પાસે માગી લઉં છું કે, હમેશ મુજબ આજે મ્હારા વડિલ બંધુને અભિશાપ વાક્યથી બાળશો નહિ."

બસરાધિપતિના મુખેથી એવી વાત સાંભળી હું વિશેષ શરમાયો. સુલતાને મ્હારો મનોભાવ સમજી જતાં કહ્યું:—"અનવર! નિત્યકર્મ કરવાથી તમારા મનને-પ્રાણને શાન્તિ વળતી હોય તો તે પ્રમાણે કરવાને હું તમને અટકાવતો ..થી. તમારા દિલને હું દુઃખવવા માગતો નથી. મ્હારા મહેલમાં દાખલ થતાં તમને કોઈ

રોકે નહિ એ માટે તમને હું એક ચીજ આપતો જઇશ. પ્રવેશ દ્વારમાં દાખલ થતાં પ્રહરીને તમે તે ચીજ દેખાડશો એટલે વિના વિલંબે તે તમને મ્હારી પાસે લઈ આવશે."

એટલામાં સુલતાનનો મુખ્ય અંગરક્ષક સલીમ ત્યાં આવી પહોંચ્યો અને બોલ્યોઃ—"સુલતાન બસરાધિપતિ દીર્ઘાયુષ હો! ખુદાવંદ! હું જાણું છું કે, ગત રાત્રિએ આપને જરા પણ આરામ લેવાની ફુરસદ નહિ મળી હોય!"

સુલતાને મસ્તક હલાવી સલીમની વાતને ટેકો આપ્યો. ત્યાર પછી બોલ્યોઃ-"સલીમ! મ્હારો પંજો તારી પાસે છે. તે આપ."

સલીમે તરત જ છાતીપર છુપાવી રાખેલો એક સુવર્ણથી મઢેલો ન્હાનો પંજો બહાર કાઢી, સુલતાનના હાથમાં આપ્યો. તે પંજો મ્હારા હાથમાં આપતાં સુલતાને કહ્યું:-"અનવર! આ ચીજ ગુમાવશો નહિ. મ્હારા મહેલમાં દાખલ થવાની આ નિશાની છે." એ પ્રમાણે બોલી સુલતાન ઉઠી ઉભો થયો અને મ્હને કહ્યું:-"અનવર! હવે અમને આ ગુહામાંથી બહાર પહોંચાડી દો. વારૂ, જતી વખતે અમારી આંખો બાંધવી પડશે કે કેમ?"

મ્હેં ઘુંટણીએ પડી સુલતાનને કહ્યું:—"હુજૂર! ગુલામનો આટલો અવિવેક માફ કરશો. મ્હારાં એવાં વર્તનથી આપના દિલમાં અસંતોષ ઉત્પન્ન થાય છે; પરંતુ હું લાચાર છું. મ્હારી પ્રતિજ્ઞાનો ભંગ કરતાં

મ્હારા દિલના ટુકડે ટુકડા થઇ જાય છે.”

સુલતાને હસતાં હસતાં કહ્યું:—“નહિ–નહિ. બસ-રાધિપતિ સુલતાન નૌશેરજંગ આવી અન્યાયી માગણીનો પક્ષપાતી નથી. તમારા આ ક્ષુદ્ર રાજ્યમાં તમારી વ્યવસ્થાને જ માન આપી ચાલવાને હું બંધાયેલો છું.”

અર્થાત્ પૂર્વ રાત્રિની માફક સુલતાન તથા તેના અંગરક્ષકોની આંખે પાટા બાંધી હુ તેમને ગુહાની બહાર પહોંચાડી આવ્યો.

સુલતાન અને તેના બન્ને સાથીઓના ઘોડા ગુફાના દ્વાર આગળ બાંધેલા હતા. હું ત્યાં તેમની સાથે સાથે ગયો. સુલતાનને કુર્નિસ બજાવી હું મ્હારાં સ્થળે પાછો ફરવાનો વિચાર કરતો હતો એટલામાં સુલતાને કહ્યું:–“અનવર! આ પહાડની નીચે આજ રાત્રે તમને મ્હારા મહેલમાં લઇ જવા માટે એક નૌકા આવશે. તેમાં બેસી તમે મહેલમાં આવશો. વળી રાજ્ય મહેલમાં પ્રવેશ કરતાં તમને કાંઈ અડચણ ન પડે એટલા માટે સલીમ પણ તે નૌકામાં હાજર રહેશે. માટે જ્યાં સૂધી નહિ આવો ત્યાં સૂધી હું તમારી રાહ જોતો બેસી રહીશ.”

મ્હેં વિવેકથી હાથ જોડી કહ્યું:—“જહાંપના! મ્હારૂં પરમ સૌભાગ્ય છે કે, આપ મ્હારા જેવા એક સાધારણ મનુષ્યને આટલું બધું માન આપો છો. આપને મ્હેં રાત્રિએ ઘણું દુ:ખ દીધું છે તેથી હાથ જોડી આપની પાસે ક્ષમા યાચું છું.”

સુલતાન સહજ હસીને બોલ્યો:—“ના, ના. તમારો

કાંઈ પણ અપરાધ નથી અને કદાચિત્ કોઇ વખતે કાંઇ અપરાધ થયો હોય, તો પણ તે માટે ક્ષમા માગવાનું કોઈ પ્રયોજન નથી. આદાબઅર્જ."

થોડા વખતમાં સુલતાન અને તેના બન્ને અંગરક્ષકો પહાડની ખીણુવાળા રસ્તે થઈ પહાડની નીચે ઉતરી ગયા.

મ્હેં નજર નાખી જોયું તો નદી તીરે એક મોરના આકારની સુશોભિત અને સુંદર રીતે શણગારેલી નૌકા જોવામાં આવી. સુલતાન અને તેના અંગરક્ષકો તે નૌકામાં બેઠા એટલે હું ત્યાંથી પાછો ફરી ગુહામાં દાખલ થયો.

જોતજોતામાં દિવસ વ્યતિત થઇ ગયો. યથાસમયે મ્હારૂં નિત્યકર્મ મ્હેં સમાપ્ત કર્યું. ગુલામ અબ્બાસ નામે એક મહા જોરાવર ખોજો મ્હારી નગરીનો રક્ષક હતો. તેને મ્હેં મ્હારી પાસે બોલાવીને કહ્યું:-"અબ્બાસ! આજ રાત્રે હું અહિં પાછો ફરવાનો નથી માટે ખૂબ હોશિયારીથી રહેજે. જરા પણ ગફલતી ન થાય અને મ્હારો ભેદ ઉઘાડો પડી ન જાય તે માટે સાવધાન રહેજે."

રાત્રિના દશ વાગી ગયા. નદી તીરે સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો. પર્વત ઉપર ચ્હડવા ઉતરવાનો માર્ગ પણ દૃષ્ટિમાં આવી શકતો નહોતો. ગુહામાંથી બહાર નીકળી થોડા વખતમાં હું નદીને કિનારે આવી પહોંચ્યો. સુલતાને કબૂલાત આપ્યા પ્રમાણે એક ન્હાની પણ સુશોભિત સુન્દર નૌકા મ્હારી રાહ જોતી લંગર નાખી પડેલી હતી. મ્હને આગળ આવતો જોઇ જે લોકો નૌકા

ઉપર બેઠા હતા, તેઓ નીચે ઉતરી પડયા અને મ્હને સન્માનપૂર્વક પોતાની સાથે નૌકા ઉપર લઈ ગયા, સલીમ નૌકામાં બેસી મ્હારી રાહ જોયા કરતો હતો. મ્હને જોતાં જ તે ઉઠીને ઉભો થયો અને મ્હને પોતાની પાસે બેસારી તેણે નૌકા ચલાવવાનો હુકમ આપ્યો.

યથાસમયે અમે ટાઇગ્રીસ નદીને સામે કિનારે પહોંચી ગયા. સામે કીનારે મહા પરાક્રમી સુલતાનનો પ્રમોદ મહેલ આવેલો હતો. નૌકામાંથી ઉતરી સલીમ મ્હને રાજનગરમાં લઈ સુલતાનના પ્રમોદોદ્યાન તરફ લઈ ગયો. તે વખતે અમોને દરેક પહેરા ઉપર સુલતાનનો પંજો બતાવવો પડતો હતો.

આજે હું બસરાધિપતિનો અતિથિ બન્યો હતો. જે ઓરડામાં મ્હારા માટે ખાણાનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો, તેનો શણગાર જોઇને હું સ્તંભિત બની ગયો. પૂર્વ રાત્રિએ મ્હારે ત્યાં સુલતાને મત્સયુક્ત ખોરાક ખાતી વખતે તે ખોરાકનાં ઘણાં વખાણ કર્યાં હતાં. આજે તો મ્હારે માટે જૂદી જૂદી જાતનાં સુમિષ્ઠ ફળો અને ઉત્તમ પ્રકારના આસવોથી ખાણાની બહાર કાંઇ ઔર જણાતી હતી.

ખાણું લીધા પછી એક બીજા દીવાનખાનામાં કોચ ઉપર બેસારતાં સુલતાને મ્હને કહ્યું:—“અય નૌજવાન! આજે ઉત્કૃષ્ટ બસરાઇ શિરાજી તમારા માટે લાવવામાં આવેલ છે. બંધુત્વની ગાંઠને મજબૂત કરવા ચાલો આપણે તેના એક એક પ્યાલાને ઇન્સાફ આપીએ.”

આ વખતે સુલતાને પોતાની બાજુએ ઉભેલી એક સુન્દર બાંદીને ઇસારત કરી. તે એક ન્હાના સુવર્ણ-ચંબુમાં સુગંધિત મદિરા લઇ આવી. સુવર્ણના પ્યાલામાં તે મદિરા કહાડવામાં આવી કે તરત જ આખું દિવાનખાનું તેની સુગંધથી બહેકી ઉઠયું.

સુલતાન એક પ્યાલો પોતાના હાથમાં લઇ મ્હને આપતાં બોલ્યો:—"બિરાદર અનવર! મ્હારી બસરા નગરીની ત્રણ ચીજો જગતમાં ખૂબ વિખ્યાત છે. એક તો બસરાઇ ગુલાબ! બીજી ગુલાબની મદિરા! અને ત્રીજી ગુલાબના જેવા આરક્ત ગાલવાળી બસરાઇ સુન્દ-રીઓ! આ ગુલાબ પુષ્પો તમારે માટે આજે એકઠાં કરી રાખ્યાં છે. વળી આજની મદિરા પણ રાજમહેલના ઉપયોગ સારૂ ખાસ યત્નપૂર્વક બનાવવામાં આવી છે. આશા રાખું છું કે, એ તમારા મનને સ્ફૂર્તિ અને ખુશ ખુશાલ બનાવી દેશે, અને તમારા જીવનની અદ્ભુત કહાણી નિ:સંકોચે કહેવામાં તમને યથેષ્ટ મદદકર્ત્તા થઈ પડશે."

મ્હેં પ્યાલો હાથમાં લીધો અને સુલતાનની મંગળ કામના ઇચ્છી પીધો.

સુલતાને કહ્યું:—"અનવર! તમારી જીવનકથાનો પ્રથમાંશ જે ગઇ રાત્રિએ સાંભળ્યો છે, તે ઘણો વિચિત્ર છે. તમે એક ઉત્તમ નવલકથાકારની માફક તે બોલી ગયા હતા. બાકીનો ભાગ સાંભળવા હું બહુ ઉત્સુક બની રહ્યો છું. રાત્રિ ઘણી વીતી ગઇ છે, માટે હવે

તમારી જીવનકથાનો આરંભ કરી દો."

મ્હેં કહ્યું:—"ખુદાવંદ! મ્હારી ફેરવાયેલી દશાથી અને અનાયાસે પ્રાપ્ત થયેલા દ્રવ્યથી હું એટલું તો સમજી શક્યો કે, હજી ખુદાની મારાપર પૂર્ણ મહેરબાની છે. દુ:ખની જ્વાળાથી હું આત્મહત્યા કરવા ગયો હતો, છતાં મૃત્યુના એ પ્રયત્નનું વિચિત્ર પરિણામ આવ્યું. મૃત્યુના મુખમાંથી ખુદાએ એક અતિ અસંભવિત ઉપાયથી મ્હારૂં રક્ષણ કરી મ્હને બચાવી લીધો. માત્ર એટલું જ નહિ પણ તે સાથે મહાસમૃદ્ધિવાન કરી દીધો."

બીજે દિવસે પ્રભાતમાં ઉઠી હું મ્હારા એક પિત્રાઇ ભાઇની દુકાને ગયો. તે ઘણો સદાચરણી અને સત્યપ્રિય માણસ હતો. મ્હારી દુર્મતિ તેમ જ ખરાબ સંગત જોઇ તે મ્હને ઘણીવાર સદુપદેશ આપતો, પરંતુ 'પત્થરપર પાણી' માફક તેની વાત અત્યાર સૂધીમાં મ્હેં ક્યારેય માની નહોતી.

તેની પાસે મ્હારે કાંઇ ગુપ્ત રાખવાનું નહોતું. પૂર્વ રાત્રિની સમસ્ત ઘટના શુદ્ધ મને મ્હેં તેને કહી સંભળાવી. મૃત્યુના મુખમાંથી મ્હારૂં આવી અકલ્પિત રીતે રક્ષણ થયેલું જાણી તે બહુ ખુશ થયો.

મ્હારો હાથ ઘણા જ સ્નેહપૂર્વક પોતાના હાથમાં દાબી સહાસ્યવદને તે બોલ્યો:—"અનવર! તારા પિતા ઘણા ધર્માત્મા હતા. તેમના પુણ્યના ફળથી અને દીર્ઘદૃષ્ટિના પ્રતાપે તને તારી અધમ અવસ્થામાં પણ આ બહુમૂલ્ય રત્નો મળ્યાં છે. હવેથી સુમાર્ગે ચાલીશ, તો

તારૂં ભાગ્ય ફરી જશે અને સુખચેનમાં દિવસો ગુજારી શકીશ. પિતાનો પુત્ર પ્રત્યે કેટલો બધો અનહદ પ્રેમ હોય છે, તેનો આ એક ઉત્તમ દૃષ્ટાંત છે. માટે મ્હારી ઇચ્છા છે કે, હવે થોડું દ્રવ્ય લઇ તું તારી જન્મભૂમિ કેરો નગરીમાં જા અને ત્યાં જઈ કાંઈ વ્યવસાય કર. જે સુલતાન તારા પિતાનો શત્રુ હતો, તે હવે પરલોકવાસી થયો છે. તેનો વજીર સમશેરજંગ હમણાં કેરોમાં કર્તા હર્તા થઇ પડયો છે. નવો સુલતાન વિલાસી બની વ્યસનોમાં મત્ત બની ગયો છે અને રાજકાર્યમાં કાંઈ ધ્યાન આપતો નથી. સમશેરજંગ જે કંઇ કરે તે પૂર્વ દિશા જેવું છે. ખરો માલિક તો સમશેરજંગ જ છે! માટે સૌભાગ્ય લક્ષ્મી તને પ્રાપ્ત થયેલી હોવાથી તારા પિતાની પૂણ્યભૂમિ-જ્યાં તેણે અઢળક ધન પેદા કર્યું હતું-ત્યાં જઈ તારે પણ તારા પિતાની નામનામાં વિશેષ વધારો થાય તેમ કરવું જોઇએ."

મ્હારા પિતૃબન્ધુનો એક એક શબ્દ મ્હેં સોનાના મૂલ્યનો માન્યો. તેના સદુપદેશ પ્રમાણે ચાલવાનો મ્હેં નિશ્ચય કર્યો. મ્હારી સાથે જે ઝવેરાત હતું તે બધું તેણે તપાસી જોયું અને મ્હને પૂછયું:-"અનવર! તું આનું કેટલું મૂલ્ય ધારે છે?"

મ્હેં જવાબ આપ્યો:—"પચાસ હજાર સોનામોહોર."

તેણે કહ્યું:—"નહિ. અનવર, તું ભૂલે છે. તારૂં અનુમાન ખરૂં નથી. ઝવેરાતના ધંધામાં મ્હેં મ્હારી આખી જીંદગી ગાળી છે અને પ્રત્યક્ષ અનુભવ લીધો

છે એટલે હું ખાત્રીપૂર્વક કહું છું કે, આ ઝવેરાતની કિંમત તેથી પણ વિશેષ છે. તારે જો આ ઝવેરાત વેચવું હોય તો હું જ તને એક લાખ સોનામહોરો આપી શકું."

ઝવેરાતની કિંમત એક લાખ સોનામહોરની સાંભળતાં જ હું હર્ષમાં આવી જઈ અધીરો બની ગયો. હું મનમાં વિચાર કરવા લાગ્યો કે, એક લક્ષ સુવર્ણ મુદ્રાથી મ્હારૂં ભાગ્ય ફરી બંધાશે. મ્હેં તેને કહ્યું:–"ભાઇ! આ બધું ઝવેરાત તમે હમણાં તમારી પાસે રાખી મૂકો. હમણાં તો માત્ર બે ચાર રત્નો જ હું આમાંથી મ્હારી સાથે લઈ જવા ઇચ્છું છું. લાંબી મુસાફરી કરવાની હોવાથી આવું કિમતી ઝવેરાત પોતાની સાથે રાખવું એ હાથે કરીને પગપર કુહાડી મારી લેવા જેવું છે. કેમકે રણની અંદર ચોર–લૂટારૂ તેમ જ ડાકુઓનો વિશેષ ભય હોય છે. આમાંથી ત્રણ ચાર ઉત્તમ કિમતી નંગો લઈ જઈ તે હું કેરોમાં વેચી ત્યાં વેપારનો આરંભ કરી દઇશ અને ત્યાર પછી જો મ્હને પૈસાની જરૂર પડશે તો આપને હું ખબર મોકલી આપીશ એટલે કેરોના કોઇ પ્રતિષ્ઠિત વ્યાપારી ઉપર હુંડી લખી મોકલશો, તો તે પણ ચાલશે."

મ્હારો પિત્રાઇ એકવચની, ધાર્મિક અને સદાચરણી હતો. તેણે પોતાના ચોપડામાં મ્હારા નામે એ બધું ઝવેરાત જમે કરી દીધું. ત્યાર પછી પ્રસન્ન મુખે તે બોલ્યો:–"અનવર! તારી મરજીમાં આવે તેમ કર. મ્હને

કોઇ રીતે વાંધો નથી. મ્હારે જે કાંઇ કહેવાનું હતું, તે મ્હેં તને કહી દીધું છે અને આખરમાં પણ એટલું જ કહેવાનું કે, સાવધાન રહેજે. સત્યથી-ધર્મથી ચાલજે અને જેથી કરીને પિતાનું નામ મશહુર થાય તેવું વર્ત્તન રાખજે. પિતાના કુળને-નામને કલંક લગાડનાર પુત્રનું કયાંઇ પણ શ્રય થતું નથી. પિતૃ આજ્ઞાનો તેં ભંગ કર્યો છે. છતાં પિતૃહૃદયે તારૂં ભલું ઇચ્છયું છે. મરતાં મરતાં પણ તારી ચિંતાઓ તેમને થયા કરતી હતી-તારા દુર્ગુણોથી તેઓ વાકેફ હતા-તારૂં ભવિષ્ય જાણતા હતા છતાં પુત્રસ્નેહથી દયાર્દ્ર થઇ તમણે આખરે પોતાનો વારસો એક વૃક્ષની બખોલમાં મૂકયો અને તે સ્થળેજ તને આત્મહત્યા કરવાનું કહ્યું. આ ઉપરથી તારે શિક્ષણ લેવું જોઇએ છે. કારણ કે, તું જગઆશકારા કેરો નગરીમાં જાય છે. કેરો વિલાસનું મુખ્ય ધામ છે. અસંખ્ય વિલાસિની વારયોષિતાઓ પ્રલોભનની જાળ પાથરી ત્યાં બેઠી છે, અનેક યુવાનો લોભ-લાલચ અને હવસમાં ફસાઈ જઇ ત્યાં ફના થઇ ગયા છે. માટે મનને રોકી શકીશ નહિ તો એ પ્રલોભનમય કેરો શહેરમાં એક માસ પણ રહી શકીશ નહિ. તારૂં જે કાંઈ હશે તે નાશ પામશે અને તારી આખી જીંદગી તારે દુઃખમાં રીબાઇને કહાડવી પડશે.”

પિતૃબન્ધુનાં આવાં વચનો સાંભળી મ્હારૂં હૃદય ભરાઇ આવ્યું. તેના ચરણમાં પડી હું બોલ્યો:—“ભાઇ! આપ જેવા વડિલ બંધુનો ઉપદેશ હું હંમેશને માટે

માથે ચડાવીશ. ક્યારેય પણ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ. માત્ર આપની પાસે હવે મ્હારી બે માગણી છે, તે પૂર્ણ કરશો એમ હું આશા રાખું છું. પ્રથમ તો એ છે કે, આપનાં હિતવચનો ઉપર મ્હેં દુર્લક્ષ કર્યું અને તેનું યથેષ્ટ ફળ મ્હને મળી ચૂક્યું છે. બિરાદર ! મ્હારો પૂર્વનો અપરાધ માફ કરશો ?"

મ્હારા બન્ને હાથ સ્નેહપૂર્વક પકડી તે બોલ્યો:— "અનવર ! તારી શી માગણી છે ? તારી બાલ્યાવસ્થાથી જ હું તને મ્હારા ન્હાના ભાઇ તરીકે ગણું છું. તારી બાલ્યાવસ્થામાં હું જ્યારે તારે ઘેર આવતો હતો, ત્યારે મ્હેં ઘણી વાર તને સ્નેહથી મ્હારા ખોળામાં લીધો છે. રમાડયો છે. ત્યારે શું હું તારી કોઇ માગણીનો અસ્વિ-કાર કરીશ એમ તું માને છે ?"

મ્હેં કહ્યું:—"નહિ. વડિલ બન્ધુ ! પહેલી તો મ્હારી માગણી એ છે કે, હમણાં મ્હને તમે બે હજાર સુવર્ણમુદ્રાઓ આપો એટલે અહિંયાનાં બજારનું દેવું પતાવી ફેરો પ્રયાણ કરી જાઉં, અને બીજી માગણી એ છે કે, જનનિતુલ્ય મ્હારી પાલક વૃદ્ધા દાઇ અમના મ્હારા પોતાના ઘરમાં રહે છે, તેને આપ ભૂલી જશો નહિ અને વખતો વખત તેની સંભાળ લેતા જશો. કારણ કે, તેના ઉપકારો હું આ જન્મમાં વિસરી શકું એમ નથી. વળી હમેશ પત્રવ્યવહાર કરતા રહેશો. હું ક્યારે ક્યાં છું તેનો પત્તો પણ આપને આપતો રહીશ."

પ

તેણે તરત જ બે હજાર સુવર્ણ મુદ્રાઓ મ્હને ગણી આપી. મ્હારે જરૂરીયાત પડતાં બીજાં ચાર રત્નો પણ તેણે મ્હને પાછાં આપ્યાં. હું તેની પાસેથી વિદાય લઈ બહાર નીકળ્યો અને શહેરની અંદરનું દેવું પતાવવા ચાલ્યો.

જાદુગરની લાકડી ફરતાં-જેમ અજબ ચમત્કારો થઈ જાય છે, તેમ મ્હારી જીંદગીમાં પણ નહિ ધારેલ એવા અજાયબ ફેરફારો થયેલા જોઈ મ્હારા માંગનારાઓ અજાયબ બની ગયા. દરેકનું પૈએ પૈ દેવું ચુકવી હું મ્હારે ઘેર પાછો આવ્યો.

ત્યાર પછી એક દિવસ યોગ્ય સમય સમજી અમીનાને મ્હેં મ્હારી પાસે બોલાવી તેના પગમાં પડી અશ્રુભીનાં નયને કહ્યું:—"મા! મા! તારો પુત્ર આજે તને છેલ્લા-આખરી પ્રણામ કરે છે. તેં ઘણા યત્નથી-પ્રેમથી-બાલ્યકાળથી મ્હને માનવી કર્યો છે. તારો ત્યાગ કરી જવું મ્હને મૃત્યુના ઘા જેવું લાગે છે. પરંતુ શું કરૂં? કોઈ ઉપાય સૂઝતો નથી. આવી રીતે જીંદગી ગુજારવાથી મ્હને લોકોનાં બારણે બારણે ભીખ માગતા રખડવું પડશે. માટે મ્હેં આ નગરીનો ત્યાગ કરી કેરો જવાનો વિચાર નક્કી કર્યો છે. માતા! મ્હારા એક પિત્રાઇએ મ્હને થોડીક રકમ ઉછીની આપી છે, અને તે નાણાં લઈ હું કેરોમાં મ્હારૂં નસીબ અજમાવવા જાઉં છું. તમે મ્હને પ્રસન્નતાથી આશિર્વાદ આપો કે જેથી હું મ્હારા કામમાં ફળિભૂત થાઉં."

અમીના મ્હારા જવાની વાત સાંભળી કંપી ઉઠી. પોતાના પેટના પુત્ર કરતાં પણ તે મને વિશેષ ચાહતી હતી. છતાં મ્હારી ખાનગી જીંદગીથી પૂર્ણ રીતે માહિતગાર હોવાથી તે મ્હને ના પાડી શકી નહિ. મ્હેં તેને કહ્યું:—"માતા! હું તમને મ્હારા પિતૃબન્ધુ, પ્રસિદ્ધ ઝવેરી મહેબૂબ સાહેબની હવાલતમાં સોંપી જાઉં છું. મ્હારી ગેરહાજરીમાં તમારી સંભાળ રાખવાનો સર્વ ભાર તેમણે પોતાના ઉપર રાખ્યો છે તે તમારૂં તથા આ ઘરનું સવ રીતે રક્ષણ કરશે."

અમીનાએ ધડકતે હૃદયે—ન છૂટકે મ્હને તેનાથી છૂટો પડવાને રજા આપી. મેહબૂબ પાસેથી રજા લઇ તેજ રાત્રિએ હું કેટલાક વ્યાપારીઓ સાથે કેરોના રસ્તે પડયો. રસ્તો ઘણો વિકટ હતો. ઘણાં નદી, નાળાં, મયદાનો, પહાડો રસ્તામાં આવતાં હતાં. વળી માર્ગમાં ડાકુઓનો ભય પણ વિશેષ હતો તેથી વ્યાપારીઓ હમેશાં એકઠા મળીનેજ મુસાફરી કરતા હતા. તેઓ પોતાની સાથે હથિયારબંધ રક્ષકો રાખતા તેમ તેઓ પણ હથિયાર વાપરી જાણતા. એથી કરીને લુંટારાઓ તેમના ઉપર એકાએક ધસી આવવાનું સાહસ કરી શકતા નહિ. આવા સંગાથ સાથે મ્હેં આસ્તે આસ્તે કેરો નગરીનો રસ્તો કાપવા માંડયો.

પ્રકરણ ૭ મું.

અમારો સંઘ પ્રથમ મોસલ નગરીના રસ્તે ચાલ્યો. ત્યાર પછી દમાસ્કસ આવીને થોડો ઘણો વ્યાપાર કર્યો. દમાસ્કસ ચાર દિવસ રોકાઈ અમે પુનઃ ચાલવા માંડયું. એક વિશાળ મરૂભૂમિમાં અમે આવી પહોંચ્યા, તે મરૂભૂમિ વટાવી અરબ લોકોની મરૂભૂમિ જેવી એક વિશાળ અને ચાલતાં કંટાળો આવે તેવી મરૂભૂમિ પસાર કરી કુરાન પર્વતની તળેટીમાં થઇ ઇતિહાસ પ્રસિદ્ધ કૈરો નગરીમાં અમે આવી પહોંચ્યા.

કૈરો જેવું સુન્દર શહેર મ્હેં મ્હારી જીંદગીમાં ક્યારેય જોયું નહોતું. બગદાદ, બસરા, મોસલ, દમાસ્કસ વગેરે અનેક શહેરો જોયાં હતાં; પરંતુ કૈરોની શોભા આગળ બધાં નિસ્તેજ જણાતાં હતાં.

શહેરની ચારે બાજુએ ગગનમાં ડોકીયાં કરી રહેલી અગણીત ઉચી હવેલીઓ અને તેના ઉપર સુન્દર નકશી કામથી સુશોભિત કરેલા મિનારાઓ ગગનમંડળને સ્પર્શ કરી રહ્યા હતા. તેના ઉપર પડતાં સૂર્યકિરણો ચકમક કરી રહ્યાં હતાં અને સુવર્ણનગરીનો ભાસ આપતાં હતાં. એ સઘળા મહેલોની આસપાસ ન્હાના ન્હાના વિચિત્ર શોભિતા બાગ–બગીચા તેમજ સંખ્યાબંધ મસ્જિદો આવેલી હતી. મસ્જિદો કેટલીક સફેદ પત્થરની, ત્યારે કેટલીક કાળા પત્થરની બાંધેલી હતી. શહેરના રસ્તાઓ પ્રશસ્ત અને સ્વચ્છ હતા, રસ્તાની બન્ને બાજુએ ન્હાની

મ્હોટી હવેલીઓ અને ઉચ્ચ પ્રકારનાં મુસાફરખાનાં આવેલાં હતાં. વળી શહેરમાં બે ત્રણ જગ્યાએ શહેરના લોકો તેમ જ બાળકોને રમવા માટે બે ત્રણ બગીચા પણ બનાવેલા હતા. આ બગીચાની અંદર પાણીના ન્હાના ન્હાના ઝરાઓ કાયમને માટે વહ્યા કરતા હતા. કોઇ કોઇ સ્થળે પાણીને ઉંચે ચ્હડાવી પર્વતમાંથી ધોધ પડે તેવા દેખાવ બનાવવામાં આવ્યા હતા. સુગંધિત ફૂલોના અનેક ગુચ્છ ઝાડપર લળી રહ્યાં હતાં અને નવીન મુસાફરને સ્વર્ગોદ્યાનનો ભાસ આપતાં હતાં.

અમારો સંઘ કેરોમાં પહોંચ્યા પછી હું સંઘથી છૂટો પડયો અને મ્હારા પિતૃબન્ધુએ મ્હને જે મુસાફરખાનામાં ઉતરવા ઉપદેશ આપ્યો હતો, ત્યાં હું ગયો. મુસાફરખાનાનો રક્ષક વૃદ્ધ અને સુશીલ માણસ હતો. ત્રણ પેઢીથી તે આ મુસાફરખાનાના રક્ષકનું કામ કરતો આવતો હતો. પૈસાનો તે લાલચુ નહોતો કારણ કે, વંશપરંપરાથી એક જગાએ રહેવાથી અને હજારો લોકોના તે સ્થળે આવી જવાથી જતી વખતે મુસાફરો તેને જે બખ્શીશ આપતા તેથી તે માલેતુજાર થઇ ગયો હતો. છતાં તે નિરભિમાન હતો. મુસાફરને દરેક પ્રકારની સગવડ કોઇ પણ જાતની લાલચ વગર કરી આપતો હતો અને તેના આવા સદ્ગુણને લીધે જ મુસાફરો આ સરાઈખાનાનો વિશેષ લાભ લેતા હતા. મુસાફરખાનામાં દાખલ થતાં જ તેના રક્ષકને મ્હેં મ્હારા પિતાની ઓળખાણ આપી. મ્હારા પિતાનું નામ સાંભ-

જતાં જ તેણે મ્હને સન્માનપૂર્વક પોતાની પાસે બેસાડયો અને મ્હારા ખબર અંતર પૂછયા. પછી તે મ્હારી સાથે ઉઠયો અને મ્હારે માટે તેણે એક એકાંતમય સુન્દર ઓરડો રહેવાને માટે કહાડી આપ્યો.

મુસાફરખાનાની અંદર જે ઓરડો મ્હને આપવામાં આવ્યો હતો, તે ઘણો જ સુન્દર હતો. ઓરડાની અંદર એક પલંગ આવેલો હતો તથા નીચે એક ગાલીચો અને બે ત્રણ તકીયા પડેલા હતા. ઓરડાની બારીઓ પછવાડે આવેલા બગીચામાં પડતી હતી અને તેથી બગીચાનાં ફૂલોની સુગન્ધ તેમ જ મન્દ મન્દ શીતળ પવનની લહરીઓથી દિલ બાગબાગ બની જતું હતું.

કેરોમાં આવ્યા પછી કોઈની પણ સાથે ઘાડો સંબંધ રાખવાનો મ્હારો વિચાર નહોતો એટલે મુસાફરખાનાના બીજા માણસો સાથે પણ હું કવચિત જ ભેળાતો. મ્હારા સ્વર્ગસ્થ પિતા પણ આ વિશ્વવિખ્યાત કેરો નગરીમાં જન્મ્યા હતા, અને આ નગરીમાંથી તેમણે અઢળક ધન પેદા કર્યું હતું. વળી મ્હારો જન્મ પણ આ શહેરમાં જ થયો હતો એટલે કે પિતૃભૂમિ ગણું યા જન્મભૂમિ ગણું-કેરો મ્હારી આંખોએ ઘણી જ પવિત્ર નગરી જણાતી હતી.

જે શહેરની અંદર મ્હારા પિતા એક વખત બાદશાહી ઠાઠમાઠથી રહેતા હતા-જેના ગૃહની અંદર હમેશ અમીર-ઉમરાવ તેમ જ અસંખ્ય પ્રતિષ્ઠિત ગૃહસ્થો આવજાવ કરતા હતા, તેનો જ પુત્ર આવી અધમ

સ્થિતિમાં આવી એક સામાન્ય શહેરીની માફક વ્યાપારીના વેશમાં મુસાફરખાનામાં ઉતર્યો છે, એ વિચાર મ્હારા મગજમાં આવતાં જ મ્હારૂં દિલ કંપી ઉઠયું; પરંતુ આવેલ સ્થિતિને નિભાવી લેવી એમ માની જેમ તેમ હું મ્હારા મનનું સમાધાન કરવા લાગ્યો. ચિત્તની શાન્તિ માટે કોઈ કોઇ દિવસ હું બગીચાઓમાં અથવા કોઇ દિવસ પ્રશસ્ત અને સુપ્રસિદ્ધ નાઈલ નદીના કિનારે સંધ્યા સમયે ફરવા જવા લાગ્યો.

નાઈલ નદીના તીર ઉપર કેરોના સુલતાનનો ગગન-સ્પર્શી મહેલ આવેલો હતો. એક દિવસ સહુસા એ મહેલ તરફથી હું ચાલ્યો જતો હતો, એટલામાં મ્હારી દૃષ્ટિ મહેલના ઝરૂખામાં પડી. આહા! આ મ્હેં શું જોયું! એક પરમ સુંદરી જગન્મોહિની સૌન્દર્યલતિકા ઝરૂખામાં ઉભી ઉભી પોતાના હાથમાંહેલા રૂમાલવતી પવન ખાતી નદીના પાણી તરફ એકીટસે જોઇ રહી હતી.

આવું રૂપ-સૌન્દર્ય મ્હારી અત્યાર સૂધીની જીંદગીમાં મ્હેં કયારેય જોયું નહોતું. એ જો પોતાના હાથ પવન ખાવા હલાવતી ન હોત તો હું એમ જ જાણુત કે કોઈ ખૂબસૂરત કારીગરની આ કૃતિ શોભાને માટે અહીં રાખી મૂકી હશે. વસ્તુતઃ આ અનિન્દ્યસુન્દર કાન્તિ તરફથી હું મ્હારાં નેત્રોને વાળી શકયો નહિ. અનિમિષ નેત્રે હું તેના તરફ એક સરખો જોઇ રહ્યો. જોતાં જોતાં આંખોની તૃપ્તિ થઈ નહિ. સૌન્દર્યના મોહથી હું ઘાયલ થયો. મ્હને મ્હારા શરીરનું ભાન રહ્યું નહિ.

ખરીદાયેલા ગુલામની માફક મ્હેં મ્હારો આત્મા, મ્હારૂં દિલ તેને વેચી દીધું!

એકાએક એ નાજનીનની દૃષ્ટિ કાંઇક મ્હારા તરફ વળી. બન્નેની દૃષ્ટિઓ એકાએક મળી ગઈ. રૂપગર્વિતા સુન્દરી મિજાજ કરી તિરસ્કારયુક્ત કટાક્ષ ફેંકી ઝરૂખામાંથી એકદમ ચાલી ગઇ. પુનઃ તે આવી મ્હને દર્શન આપી મ્હારાં નેત્રોને તૃપ્ત કરશે એવી આશાએ હું ત્યાં દીવાબત્તી થતાં સૂધી બેસી રહ્યો, પરંતુ હાય! એ લાવણ્યમયી લતિકાએ પુનઃ પોતાનાં મુખચન્દ્રનું મ્હને દર્શન કરાવ્યું નહિ. વિહ્વળ બની બેભાન સ્થિતિમાં એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી હું ત્યાંથી ઉઠયો અને આસ્તે આસ્તે ચાલી મ્હારે ઘેર આવ્યો.

ઘેર આવી હું પલંગમાં પડયો અને કાંઇક નિદ્રા લેવાનો વિચાર કર્યો; પરંતુ નિદ્રા આવી નહિ. સુષુપ્તિ અવસ્થામાં એ ખૂબસૂરત નાજનીન મ્હને દર્શન આપવા લાગી. તેની ચિન્તાથી હું દિવાના જેવો થઇ ગયો. હું વિચાર કરવા લાગ્યો:–"શું આ રમણીની આશા ડી દઉં? શું તેનાં દર્શન કરવાનો મ્હને પુનઃ સુયોગ મળશે નહિ? હાય! શા માટે તે આવું રૂપ લઇ આ દુનિયામાં આવી! હું મ્હારા મનથી પસ્તાવા લાગ્યો અને કઇ કમભાગ્ય ઘડીએ મ્હને તેનું દર્શન થયું તે માટે શ્રાપ આપવા લાગ્યો."

કેટલોક વખત તેકે ાણુ હોવી જોઇએ એ વિષે મ્હેં મ્હારા મનમાં અનેક તર્ક-વિતર્કો કર્યા; અને આખરે

મ્હેં નક્કી કર્યું કે, આ સર્વાંગસુન્દર લલના સુલતાનની પ્રેમપાત્ર જ હોવી જોઇએ. સુલતાન ક્યાં અને હું ક્યાં! મ્હારી અને તેની અવસ્થામાં જમીન આસ્માનનો ફર્ક છતાં તેના તરફના દિલને હું વાળી શક્યો નહિ. માનિની મનોરમાએ એક ક્ષણભરનાં દર્શનથી મ્હારૂં સર્વસ્વ લૂંટી લીધું.

જાગ્રત અવસ્થામાં કિંવા નિદ્રામાં, ઉઠતાં, બેસતાં દરેક સ્થળે તેની મૂર્ત્તિ મ્હારી નજર આગળ ખડી થવા લાગી. એકાએક મ્હારા પિતૃબન્ધુનો ઉપદેશ યાદ આવ્યો. મોહને મારવો એ પુન્યનું કામ છે. એક વખત તેવાજ મોહમાં સપડાઈ મ્હેં મ્હારી જીંદગીનો, મ્હારા સંસારનો નાશ કરી દીધો હતો. એક વખત ઠોકર વાગવાથી તેવા કાર્યથી ચેતવાને તે દૃષ્ટાંત બસ હતો. મોહ ઉપર વિજય મેળવવા માટે હું અનેક પ્રયત્નો કરવા લાગ્યો. મ્હારા મનને મારવા લાગ્યો, પરંતુ બધું વ્યર્થ! લોભ, લાલચ અને હવસની પ્રવૃત્તિએ મ્હારા દિલ ઉપર જીત મેળવી અને નેકી હારી ગઇ!

નિત્ય નિયમ પ્રમાણે હું દરરોજ નાઇલ નદીના તટપર ફરવા જતો હતો અને ઘવાયેલા દિલે સુલતાનના મહેલના ઝરૂખાપર દૃષ્ટિ ફેંકી પાછો ફરતો હતો, પણ મ્હારી પ્રણય મૂર્તિનાં મ્હને દર્શન થયાં નહિ. એક દિવસ સ્વપ્નમાં એ લોકલલામભૂત સુન્દરીની મૂર્ત્તિ મ્હારા જોવામાં આવી. મ્હારા પલંગ પાસે ઉભી રહી કરૂણા-યુક્ત સ્વરે મ્હને ઉદ્દેશીને નિઃશ્વાસ નાખતી તે કાંઇ

ગાતી હોય એવો મ્હને ભાસ થયો

કયસે બેદર્દીકે પાલે પડે હય,
ફુરકતમેં જીનેકે લાલે પડે હય—કયસે૦
જાલીમ નિગાહોંકી બેદાદ દેખો,
ચિતવનકે સીને પે ભાલે પડે હય—કયસે૦
દિલ લગાના થા દિલ્લગી દિલકી,
અબ રૂલાને લગી હંસી દિલકી-
શમઅફ દેખ હાલે પરવાના,
બુરી હોતી હય લવ લગી દિલકી—
જાલિમ મુહબ્બતને આગ લગાઈ,
જલજલકે ઇસ દિલમેં છાલે પડે હય—કયસે૦

સંગીત એકાએક બંધ થયું. તે મ્હારા પલંગ પાસે ઘુંટણીએ પડી અને મ્હારા મુખ તરફ જોઇ આજીજી કરતી કહેવા લાગી:-" અય નૌજવાન! તમારૂં દિલ આટલું બધું સખ્ત પત્થર જેવું હશે એવી મ્હારા મનમાં કલ્પના નહોતી! તેમાં પ્રેમ, સ્નેહ, માયા કાંઇ પણ જોવામાં આવતું નથી. હાય! હું ઠગાઇ! આવી રીતે દિલમાં જખ્મ કરી દૂર ન્હાસી જવું હતું તો શા માટે મ્હને તમારા દીદારનાં દર્શન કરાવ્યાં?"

તેના આવા રોમાંચ ઉત્પન્ન કરે તેવા અને ગમે તેવા સંગદિલના માણસને પીગળાવી દે તેવા પ્રણય શબ્દો સાંભળી હું તેના બે હાથ પકડવા ગયો એટલામાં મ્હારી આંખ ઉઘડી ગઇ અને સ્વપ્નસુન્દરી અદૃશ્ય થઈ. અફસોસ! આ વખતે મ્હારા દિલને કેટલો આઘાત થયો તેનું

વર્ણન હું કરી શકતો નથી. બિછાનામાંથી ઉઠીને હું ઉભો થયો. મ્હારાં નયનોમાંથી ચોધાર અશ્રુધારાઓ વહી જવા લાગી. ચિત્તને કયાંઈ પણ શાંતિ વળી નહિ. સ્વપ્નને ભૂલી જવાનો હું ઘણો પ્રયત્ન કરવા લાગ્યો; પણ તેમ બની શક્યું નહિ. આવી ચિંતાજનક તડપતી સ્થિતિમાં ત્રણ દિવસ ચાલ્યા ગયા. ચોથે દિવસે હું પુનઃ તે ઝરૂખાની સામે જઈને ઉભો રહ્યો, પરંતુ દિલદારનાં દર્શન થયાં નહિ!

તેની સૌન્દર્યવાન છબીએ મ્હારા દિલની અંદર દાગ લગાડી દીધો હતો. એના સુન્દર મુખકમળને ભૂલી જવું મ્હને અસંભવિત જણાવા લાગ્યું. મ્હારા દિલની નેકીની પ્રવૃત્તિ મ્હને વિલક્ષણ પ્રશ્નો પૂછવા લાગી:– "કેમ, અનવર! કયાં ગઈ તારી બધી પ્રતિજ્ઞાઓ? તું આટલો બધો ઉન્મત્ત કેમ થઈ ગયો છે? જેની મુલાકાત થવાનો પણ સંભવ નથી એવી એક અપરિચિતા રમણીનાં દર્શનથી તું આટલો બધો વ્યાકુળ કેમ થઇ ગયો છે? અરે! તે તો સુલતાનના દિલની અધિષ્ઠાત્રી–તેની પ્રેમપાત્ર છે! તેને મેળવવી એ આકાશકુસુમવત્ છે! માટે મિથ્યા મોહ છોડી દઇ તું પાછો તારે ધંધે લાગ."

અફસોસ! નેકીના શબ્દોની મ્હારા દિલપર કાંઇ પણ અસર થઇ નહિ. ખૂબસૂરતી અને તેનો મોહ મનુષ્યોને જહન્નમના ગારમાં મોકલી આપે છે. મ્હારી પૂર્વાવસ્થામાં-રૂપોન્માદમાં દિવાનો બની મ્હેં મ્હારૂં

સર્વસ્વ લૂંટાવી દીધું હતું. જેને લઈને હું એક વખત પૈસાથી ખુવાર થઈ આત્મહત્યા કરવા ગયો હતો. તેજ રૂપ આજે પુનઃ મ્હારૂં સત્યાનાશ વાળવા મ્હારી સામે અનાયાસે આવીને ઉભું રહ્યું. આખરે હું એટલું સમજી શકયો કે, આ સૌન્દર્યમાં જ મ્હારો નાશ થવાનો છે!

મ્હેં ઘણા ઘણા વિચારો કર્યા, પરંતુ હું તેના વિષે નિશ્ચિત ધોરણપર આવી શકયો નહિ. શું તેને ભૂલી જાઉં? તેની ઉમીદ છોડી દઉં? દિલ ના કહેતું હતું. દિલ કહેતું હતું કે, તેની મુલાકાત ન થાય તો કોઈ હરકત નહિ, પણ તેનાં-દિલદારનાં દિવસમાં એક વખત દર્શન તો થવાં જ જોઈએ.

ફરીથી હું તે સ્થળે ગયો, અને ચાતક જેમ મેઘની રાહ જોઇ એકી ટસે આકાશ તરફ જોઈ રહે છે, તેમ હું મ્હારી પ્રણયપ્રતિમાનાં દર્શન કરવા ઝરૂખા તરફ અનિમિષ નેત્ર જોઈ રહ્યો, પણ હૃદયમનમોહિની તે દિવસે પણ ત્યાં આવી નહિ. વળી બીજી વાર અશાન્ત હૃદયે બીજે દિવસે રાત્રે એ મહેલની દિવાલ પાસે જઇ ઉભો. તે દિવસે કિસ્મતે યારી આપી. ઘોર અન્ધકારવાળી દશે દિશાઓમાં વીજળીનો ચમકારો થાય તેવી જ રીતે મ્હારાં દગ્ધ હૃદયમાં તેનાં દર્શનથી ચમકારો થયો. આજે મ્હેં તેનાં સંપૂર્ણ સૌન્દર્યનું અવલોકન કર્યું, અને આવી જ રીતે હમેશ તે પોતાનાં દર્શનનો લાભ આપે તો મ્હને હું કૃતાર્થ માનવા લાગ્યો. હું તેના તરફ એકી નજરે નિર્લજ ભાવે જોઇ રહ્યો હતો તે જોઈ તે સુન્દરી

બોલી:–" અય મુસાફર! તને શું તારા પ્રાણની પરવાહ નથી? તું કોની સાથે નજર મિલાવે છે, તેનો તારા દિલમાં ખિયાલ છે? શું તને તારા પ્રાણનો પણ ભય નથી? તું સુલતાનના ઝરૂખા પાસે છે. આ સ્થળે કોઇને પણ ઉભા રહેવાનો હુકમ નથી, છતાં તું સાહસી બની અહિં ઉભો છે! માટે એકદમ અહિંથી ચાલ્યો જા, નહિ તો સુલતાનના સિપાહીઓ આ ગુન્હા માટે તને ગર્દન માર્યા વિના રહેશે નહિ."

અહા! કેવી નિષ્ઠુરતા! કેવી હૃદયહીનતા! ખૂબ-સૂરત પણ સુગંધ વિનાના પુષ્પની માફક તેના દિલમાં પણ આવી બેદરકારી હશે, એમ હું ધારતો નહોતો. અમ્લાન વદને મ્હેં તેના તિરસ્કારયુક્ત શબ્દો સાંખી લીધા. અધોવદન ઉભા રહી ગદ્દગદ્દ કંઠે આજીજી કરતાં મ્હેં તેને કહ્યું:–" અય હૂરે મિસર! મ્હારો અપરાધ ક્ષમા કરો. તેમાં મ્હારો કાંઇ પણ દોષ નથી. દોષ તમારો છે! આ વિશ્વવિખ્યાત શહેરની અંદર એક અજાણ્યો મુસાફર છું! આ દેશના કાયદા કાનૂનથી હું બિન-માહિતગાર છું! વળી તે જાણવામાં આવે તો પણ હું તેને માટે વિરક્ત રહેવાનો છું. કારણ કે, તમારા આ સર્વશ્રેષ્ઠ સૌન્દર્યે મ્હને ઘેલો–દીવાનો બનાવી દીધો છે!"

તે સુન્દરીએ પહેલાં તો મ્હારા તરફ તિરસ્કારયુક્ત દૃષ્ટિ ફેંકી, પણ પાછળથી મ્હારો દયા ઉપજાવે તેવો દેખાવ તથા મ્હારા દિલનો તનમનાટ જોઈ તે બોલી:– " અય ખુબસૂરત નૌજવાન! હું તમોને ઓળખતી

નથી, તેમ તમે પણ મ્હને બરાબર પિછાનતા હો, એમ હું જાણી શકતી નથી. ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિઓમાં શીલતાનો એક મહત્ ગુણ હોય છે; પરંતુ લાચાર! તે ગુણ તમારામાં નથી! પ્રાણનો ભય મનુષ્યોમાં હોય છે, પણ તમારામાં નથી! તમોને હું ઘણા દિવસથી આ સ્થળે આવતા અને ઝરૂખા તરફ જોતા જોઉં છું. તમારી દયાને ખાતર તમને આજે ચેતવણી આપું છું કે, હવેથી જો તમે આવું વર્તન રાખશો તો ખોજાને બોલાવીશ અને પછી તમારા કેવા હાલ થશે તેનો વિચાર તો તમે પોતે જ કરી લ્યો!"

એટલું કહી એ મદગર્વિતા રમણી, હંસણીની માફક ગ્રીવા વાંકી કરી, મ્હારા તરફ તિરસ્કારની નજર નાખી ઝરૂખામાંથી ચાલી ગઈ.

મ્હેં વિચાર્યું કે, મ્હને ત્યાંથી કહાડી મૂકાવવા માટે ખરેખર તે પહેરેગીરને બોલાવવા ગઈ છે. મતલબ કે એ વખતે એ સ્થાને વધારે વખત ઉભા રહેવું મ્હને ઉચિત લાગ્યું નહિ. તરત જ ઝરૂખા તરફ પુનઃ એક દૃષ્ટિ નાખી હું મ્હારા ઘર તરફ વળ્યો. તેની વાતમાં તિરસ્કાર હોવા છતાં ઉન્માદયુક્ત મધુરતા પણ હતી! એનાં સુન્દર ચક્ષુઓની ચકિત અને ચંચળ દૃષ્ટિ ક્રોધવાળી હોવા છતાં તેમાં કરૂણા ભરેલી હતી! તેની રોષમયી મૂર્તિ અને ગર્વભરી માધુરીની પ્રતિછાયા મ્હારી આંખની સામે રમવા લાગી.

ઘેર આવી મ્હેં ખાણું લીધું નહિ અને તરત જ

બિછાનાપર ગયો. મ્હને નિદ્રા બિલકુલ આવી નહિં. દુઃસ્વપ્ન અને દુશ્ચિન્તાએ મ્હારા દિલમાં વાસો કરેલો હોવાથી બિછાનામાં એક બાજુથી બીજી બાજુ પાસાં ફેરવી મ્હેં રાત પૂરી કરી. રજની વીતી ગઇ. પ્રભાત થયું. મ્હેં વિચાર કર્યો કેઃ-"કિસ્મતમાં જે માંડયું હશે તે થશે. કાં તો આ પાર કે પછી પેલે પાર. કહેવત છે કે 'જીવતો નર ભદ્રા પામે' તો પછી શા માટે મ્હારે તેને મળવા માટે પ્રયત્ન ન કરવો? જો તેના મનમાં મ્હારા માટે ખરેખર તિરસ્કાર ઉત્પન્ન થયો હોત તો તે બોલ્યા ચાલ્યા વિના ચાલી જાત. મ્હારી પરીક્ષા લેવા તો તે નહિ માગતી હોય? મ્હને લાગે છે કે, તે અંતઃકરણમાં મ્હને ચાહે છે. તેમ ન હોત તો આટલા દિવસ સૂધી મ્હારી વર્તણુક તે સહન કરત નહિ અને એક પ્રહરીને બોલાવી મ્હને ક્યારનોય તેને હવાલે કરી દીધો હોત. અર્થાત્ મ્હારા ઉપર કાંઈક રહેમ નજર તો દેખાડી જ છે. તો પછી પુરૂષાર્થ કર્યા વિના શું મ્હારે બેસી રહેવું? નહિ. મ્હારી જીંદગીનું ગમે તે થાય તેની પરવા કર્યા વિના મ્હેં પુનઃ તેનાં દર્શન કરવા જવાનો નિશ્ચય કર્યો.

પ્રભાત થઇ ગયો. મધ્યાન્હે દેખા દીધી. મધ્યાન્હ ચાલ્યો ગયો-અપરાન્હ થયો. ઉત્કંઠિત ચિત્તે હું આશક-માશુકનો મેળાપ કરાવનાર મિલન-દૂતી સન્ધ્યાની રાહ જોવા લાગ્યો.

આરામદાયિની સન્ધ્યા, તારાઓનો હાર અંબોડે

વિંટાળી, કૃષ્ણવસ્ત્ર પરિધાન કરી ધરાતળ ઉપર દેખાઈ. સન્ધ્યાના અંધકારમાં આત્મગોપન કરી મહેલના ઝરૂખા પાસે જઈ હું ઉભો રહ્યો. જગમગાત કરતા દીવાઓના પ્રકાશથી મહેલના ઓરડાઓ જળહળી રહ્યા હતા. કેટલીક ક્ષણ સૂધી ઝરૂખા તરફ એકાગ્ર દૃષ્ટિએ હું જોઇ રહ્યો. શું આજ તે દર્શન નહિ આપશે? એવી શંકા મ્હારા મનમાં ઉદ્ભવતાં જ મ્હારા દિલની દિલારામ ઝરૂખામાં આવીને ઉભી રહી. મ્હને જોતાં જ ઘણા જ કર્કશ અને ક્રોધયુક્ત સ્વરે તે બોલી:-"દીવાના, તને ત્રણ ત્રણ વખત માફી આપવા છતાં પાછો ફરીથી તું અહિં આવ્યો છે? ચાલ, અહિંથી જલ્દી ચાલ્યો જા નહિ તો તારા રાઇ રાઇ જેટલા ટુકડા કરાવી નાખીશ."

તેના આવા કઠોર શબ્દો સાંભળી મ્હારા દિલને સખ્ત આઘાત થયો. સુકોમળ પુષ્પલતામાં આટલી બધી કઠોરતા હશે એમ હું ધારતો નહોતો. વિનિત સ્વરે મ્હેં તેને કહ્યું:-"અય ખુબસૂરત નાજનીન! આ પ્રાણ તમારા કોમળ ચરણકમળમાં અર્પણ કર્યાં છે. મ્હારૂં દિલ, મ્હારૂં સર્વસ્વ તમને અર્પણ કર્યું છે, ત્યારે આ દેહના ઉપર તમારો સોળેસોળ આના અધિકાર છે. તમારા નૂતન ખીલેલા ગુલાબ પુષ્પના જેવા ગાલ, આરક્ત ઓષ્ઠાધર, કૃતજ્ઞતામય તેજસ્વી મૃગનયનોએ મ્હારૂં દિલ હરી લીધું છે-મ્હને જ્ઞાનહીન કરી દીધો છે. તમારો સ્નેહ હું પામી શકું યા નહિ, તેની મ્હને દરકાર નથી; પરંતુ આપનાં મુખકમળનાં દર્શન કરવાનો

હું બહુ ઉત્સુક છું. માટે આ હૃદયનું રૂધીર ખેંચી લેવાથી તમારા મનને સંતોષ થતો હોય તો તેમ કરો. હું તૈયાર છું. ક્રૂર ખોજાઓની તલવારના તીક્ષ્ણ પ્રહારથી મ્હારા હૃદયની રૂધીરની ધારાઓ જો તમારા દિલને જરા પણ આનંદ આપતી હોય તો તે પ્રમાણે થવાથી મ્હારા દિલમાં સંતોષ માનીશ અને મ્હને કૃતાર્થ થયો સમજીશ."

મ્હારી મર્મભેદી દીનવાણીથી તેના કઠોર અંતઃકરણમાં દયાનો સંચાર થયો. તે બોલી:-"વારૂ, જો તમે મ્હારી સોબતનો લાભ લેવા માટે એટલા બધા વ્યાકુળ થઇ ગયા હો, પ્રાણુની માયાનો ત્યાગ કરવાને ખરેખર તૈયાર થયા હો તો આજ રાત્રિના બીજા પ્રહરના સમયે આ દિવાલ પાસે આવજો અને જ્યાં સૂધી હું કાંઇ ખબર મોકલું નહિ, ત્યાં સૂધી દિવાલ આગળ રાહ જોઇ ઉભા રહેજો.

ખુદાએ મ્હારો અવાજ સાંભળ્યો. લલિત લાવણ્યવતિ લલનાના અંતઃકરણમાં મ્હારો જરાક વાસ થયેલો જોઇ હું પ્રફુલ્લિત બન્યો. સ્વર્ગ મને બે તસુ જ દૂર દેખાવા લાગ્યું. હર્ષમાં ને હર્ષમાં હું ત્વરિત ગતિએ મ્હારા નિવાસસ્થાને આવ્યો. આહારાદિથી પરવારી હું વિચાર કરવા લાગ્યો કે, કેવી જાતનો પોષાક પહેરી પ્રિયતમાની પ્રથમ મુલાકાતે જવું? જો કે મ્હારે મ્હોડે મ્હારાં વખાણુ કરવાં એ અનુચિત છે, તો પણ એટલું તો હું ખાસ કહીશ કે, યુવાવસ્થામાં મ્હારૂં રૂપ ઔર હતું. ભલી ભલી સુન્દરીઓના દિલને આકર્ષણ કરી લે તેવી મ્હારા સૌન્દર્યમાં આકર્ષણ શકિત હતી. મ્હારા

૬

પહેરવાનાં કપડાંમાં સૌથી સુન્દર પોષાક હતો તે મ્હેં પહેરી લીધો અને ઈસ્તામ્બુલી અત્તરથી કપડાંને સુગંધિત કરી દીધાં. અત્તરની સુગંધથી ઓરડો ખુશબોદાર થઈ ગયો. તે પ્રસંગે પિતૃપ્રદત્ત બે બહુમૂલ્ય હીરાની વીંટીઓ મ્હારી પાસે હતી, તે બન્ને વીંટીઓ મ્હારી આંગળીએ પહેરી લઇ મ્હારી સુંદરતામાં મ્હેં ઔર વધારો કર્યો.

રજનીનો પ્રથમ પ્રહર વીતી જવા આવ્યો. સમય કોઇની રાહ જોતો નથી. તેને તો નિત્ય નિયમ મુજબ પોતાનો કાર્યક્રમ ચલાવવો જ પડે છે. નિશાસુન્દરીની શાન્ત ગંભીર નિસ્તબ્ધતા જોઇ હું સમજ્યો કે રાત્રિનો બીજો પ્રહર થવા આવ્યો છે.

હું જે મુસાફરખાનામાં રહેતો હતો, તેને એક ગુપ્ત દ્વાર હતું. મ્હોટે દરવાજે થઇને બહાર જવાથી કોઇની નજરે પડી જવાશે એમ માની ગુપ્ત દ્વારમાં થઈ હું બહાર નીકળ્યો.

તે વખતે આકાશની અંદર આછા આછા તારાઓ દેખાતા હતા. અંધકારની શક્તિ કમી થતી જતી હતી. શુભ્ર ચન્દ્ર કિરણો નાઈલ નદીનાં સુનીલ તરંગો સાથે મળી જઇ એક અપૂર્વ દેખાવનો વિકાસ કરી રહ્યાં હતાં. નદીની અંદર શેવાલમય કૃષ્ણરંગી શિલાઓનાં ગાત્ર ઉપર ફિણવાળા તરંગો અફળાતા હતા અને રાત્રિની શાન્તિનો કાંઇક ભંગ કરતાં હતાં. ગંભીર શાન્ત રજનીમાં ચિત્તને મોહ પમાડનાર નૈશશોભાની કમનીયતા

જોઈ મ્હારા ઉત્કંઠિત પ્રાણુને કાંઇક શાન્તિ વળી.

હું ઉત્કંઠિત ચિત્તે યથાસ્થાને આવીને ઉભો રહ્યો. મ્હારી હૃદયાનન્દદાયિની હજી સૂધી એ સ્થળે આવી નહોતી, પરંતુ મ્હારી મુલાકાતને માટે તેણે વ્યવસ્થા કરી મૂકેલી મ્હારા જોવામાં આવી. એક મજબૂત દોરડાની બનાવેલી નિસરણી ઝરૂખાની બારી આગળ લટકતી મ્હારા જોવામાં આવી. મ્હારા પ્રાણુ આનન્દથી નાચવા લાગ્યા. પરંતુ બીજી જ પળે ભયથી મ્હારા પગો કંપવા લાગ્યા. હું આ શું કરૂં છું ? કોના નિવાસ સ્થાનમાં રાત્રિના વખતે પ્રવેશ કરૂં છું એ વિચાર આવતાં ક્ષણુભર હું સ્તબ્ધ બની ગયો. સુલતાનના મહેલમાં દાખલ થવું એ પોતાની સાથે કફનની પણ તૈયારી કરી લેવા જેવું હતું. પકડાઇ જવાય તો દુનિયામાંથી આપણી હસ્તી નાબૂદ થઈ જાય એમ હતું. છતાં ઇશ્કમાં અંધો બની હું આ જોખમ ખેડવા તૈયાર થઈ ગયો. તે વખતે મ્હારા દિલની દેવી–ત્રૈલોક્યસુન્દરીને મળવાના હર્ષમાં હું જ્ઞાનશૂન્ય બની ગયો. આવી વિપદની ભાવનાઓએ કોઈ રીતે મ્હારા મનમાં આશંકાનો ઉદય થવા દીધો નહિ. થોડા વખતમાં બારીની અંદર કોઇ દેખાતું હોય એમ મને જણાયું. તેણે મને ઇસારત કરી એટલે દોરની નીસરણીયેથી ચ્હડી હું ઝરૂખાની અંદર દાખલ થયો.

ઝરૂખામાં દાખલ થતાં જ મ્હેં જોયું કે, ત્યાં કોઇ પણ નહોતું. મ્હારે કયાં જવું તેના ગુંચવાડામાં હું

પડયો. એટલામાં થોડે દૂર એક ઓરડામાંથી દીવાનો પ્રકાશ આવતો જણાયો. હું તે પ્રકાશ તરફ ગયો; અને મ્હારી અજાયબી વચ્ચે મ્હેં જોયું કે, તે એક મ્હોટો આલીશાન ઓરડો હતો અને તેની અંદર અસંખ્ય દીવાઓ સળગી રહ્યા હતા. ઓરડાનું વર્ણન હું શું કરૂં? તરતનાં ખીલેલાં પુષ્પની સાથે ગુલાબ પુષ્પનાં સુગંધ મળી જઇ તે ઓરડાને બાગેબિહિષ્ત બનાવી દીધો હતો. ઓરડાનો સર સામાન પણ તેવાજ પ્રકારનો હતો. મંદ ગતિએ ધડકતા હૃદયે જે સ્થળે મ્હારી પ્રિયતમા મખમલના બનાવેલા એક રૈપ્ય સિંહાસન ઉપર બેઠી હતી, ત્યાં આગળ હું જઈ પહોંચ્યો. એ સુન્દરી શ્રેષ્ઠાને નમન કરી હું બોલ્યોઃ–" અય ત્રિભુવનમોહિની ત્રૈલોકયસુન્દરી! આજે હું મ્હને પોતાને ઘણો જ સૌભાગ્યવાન માનું છું. આપનું દર્શન થયું–આપની મુલાકાત થઇ તેને હું મ્હારૂં પરમ અહોભાગ્ય માનું છું."

એ સ્વર્ણલતિકા મૃદુહાસ્ય કરતાં બોલીઃ—" મ્હને ઘણું જ કષ્ટ થાય છે કે આપને દોરની સીડી ઉપર ચ્હડતાં ઘણું કષ્ટ વેઠવું પડયું હશે. પરંતુ શું કરૂં? તે સિવાય આપને અહિં બોલાવવા માટે બીજો કોઇ રસ્તો નહોતો. આપને તકલીફ આપી તે માટે માફ કરશો."

તેના આવા મૃદુ ભાષણથી મ્હારા મ્હોડા ઉપર પ્રફુલ્લતાની રેષાઓ ઉભરી આવી. સહાસ્યવદને મ્હેં તેને કહ્યું:–"નહિ. મ્હને કષ્ટ પડયું નથી. તમારાં દર્શનમાત્રથી હું સઘળાં કષ્ટ ભૂલી ગયો છું. સુન્દરી! આજે

હું કૃતાર્થ થયો-મ્હારી મનની મુરાદ બર આવી. આપો, આપો, આપનો કોમળ કર એક વખત મ્હને પ્રણયચુમ્બન કરવા આપો કે જેથી હું ધન્ય થાઉં."

એ સુન્દરી મૃદુ હાસ્ય કરતાં સહજ તીરછી નજર કરી બોલી:-"આમ એકાએક છૂટ લેવી એ આપના જેવા માણસને યોગ્ય નથી. છતાં હું આપને નિરાશ કરતી નથી." એટલું કહી તેણે પોતાનો કોમળ હસ્ત મ્હારી સામે લાંબો કર્યો. ઘુંટણીએ પડી મ્હેં એના કરપલ્લવને ચુમ્બન કર્યું. હસ્તે હસ્તનું મિલન થતાં વીજળીનો ચમકારો થાય તેમ બન્નેના હૃદય ચમક્યાં અને એક અપાર્થિવ આનન્દનો લાભ લીધો કે જેનું વર્ણન હું કરી શકતો નથી.

મ્હારી તરફ એકી નજરે જોઈ હસ્તાં હસ્તાં તે બોલી:-"યુવક ! અત્યાર પહેલાં તમારી સાથે મ્હેં જે કઠોર વ્યવહાર ચલાવ્યો છે, તેને માટે ક્ષમા કરશો. કેરોના પ્રખ્યાત સુલતાન બાકર હુસેનના જનાનખાનામાં એક મક્ષિકાને પ્રવેશ કરવો પણ મુશ્કિલ થઈ પડે છે. આ મહેલની ચારે બાજુએ સિપાહીઓનો સખ્ત પહેરો રાખવામાં આવેલો છે. તેવા સખ્ત દિલના કાફરી પહેરોગીરેના હાથમાં સપડાઈ મ્હારે લીધે તમારો જીવ નાહકનો જશે એમ વિચારી મ્હેં તમારો તિરસ્કાર કર્યો હતો અને નિષ્ઠુરની માફક ધમકી આપી હતી. મ્હારી બેઅદબી માટે ક્ષમા કરશો. આપની દિલાવરી જોઈ હું સમજી કે મ્હારે લીધે આપ મૃત્યુના મુખમાં પડવાને અને આપનો પ્યારો જાન મ્હારાપર કુરબાન કરવાને તૈયાર થયા છો.

સાહેબ! તેથી જ ત્હમારા તરફ મ્હારા દિલની સહાનુભૂતિ વધી–મ્હારૂં હૃદય દ્રવ્યું અને પોતાના પ્રિયકરને હવે વધારે વખત વિરહાગ્નિમાં બાળવો યોગ્ય લાગ્યું નહિ. તેથી જ આજે તમે આ સ્થળે આવી શક્યા છો.”

મ્હારા હર્ષનો પાર રહ્યો નહિ. જેટલા દિલના ખરા પ્યારથી હું તેને ચાહું છું–તેવા જ અને તેટલા પ્યારથી તે મ્હને ચાહે છે તેવા શબ્દો સાંભળતાં હું હર્ષથી દીવાનો થઈ ગયો. તેનાં વસ્ત્રને–પાલવને ચુમ્બન કરી હું બોલ્યો:—“આપને મ્હેં પહેલાં દયાવિહિન કઠોરહૃદયા કહ્યાં તેને માટે હવે મ્હને લજ્જા આવે છે. શું કરૂં? આપની આંખોનો તિરસ્કાર મ્હારા હૃદયમાં તીરની માફક ભોંકાતો હતો. સુન્દરી! મ્હારો અપરાધ ક્ષમા કરો.”

તે સુન્દરી બોલી:—“નહિ, નહિ. નૌજવાન! તમારો તેમાં કાંઇ વાંક નથી. તમારૂં રૂપ–સૌન્દર્ય અને તમારા પહેરવા ઓઢવાની ઢબછબ તથા ચાલવાની રીતભાત જોઇ હું છક થઇ ગઇ હતી, અને તમે કોઈ સભ્રાન્ત કુળના હશો એમ હું માનતી હતી. તમારી સાથે પહેલી નજર મિલાવી તે જ વખતે મ્હારા દિલમાં દાગ લાગી ગયો હતો. જે મહેલમાં હું રહું છું તેમાં ખુદ સુલતાન સિવાય બીજા કોઇ પણ પુરૂષને દાખલ થવાનો અધિકાર નથી, એટલે તમને કોઇ જોઇ જશે તો આવી ખૂબસૂરતી ખોજાઓના હાથે મારી જશે એમ ધારી મ્હને તમારી સાથે રોષયુક્ત સ્વરે વાતચિત કરવી પડી હતી. બાકી જો ખરેખર તમારા તરફ મ્હારા દિલમાં પ્રીતિનો ઉદ્ભવ

થયો ન હોત તો આવું જોખમ ખેડીને પણ હું તમોને મ્હારી પાસે આવવાને પરવાનગી આપત નહિ, તેમ આફતના મુખમાં આણુત નહિ. સુલતાને આજે મ્હને કહેવરાવી મોકલ્યું હતું કે, મ્હારી પ્રકૃતિ સારી નહિ હોવાથી આજે રાત્રે તે મહેલમાં આવી શકશે નહિ. તેથી મ્હને સુયોગ મળ્યો અને આપને અહિં આજે બોલાવ્યા. તમારૂં વર્તન જોઇ હું તમારાપર મુગ્ધ થઇ ગઇ છું; પણ શાહી જનાનખાનાના પિંજરામાં પડી ઝૂરી ઝૂરીને મરૂં છું. મુસાફર, શું આપ અહિંના વતની નથી?"

મ્હેં કહ્યું:—"ના. હું બસરાનો નિવાસી છું. કિસ્મતની કમનસીબીથી આ પ્રદેશમાં ભાગ્યની પરીક્ષા કરવા આવ્યો છું."

એ યુવતીએ મૃદુ હાસ્ય કરતાં પૂછ્યું:—"આપની જીવનકથા મ્હારી પાસે કહેવામાં કાંઇ અડચણ છે?"

મેં કહ્યું:—"ના." એટલું કહી મ્હારા જીવનની અથથી ઇતિ સૂધી રજેરજ હકીકત મ્હેં કહી સંભળાવી.

મ્હારી જીવનકથા સાંભળતાં તેના દિલમાં દયાનો સંચાર થયો. તે બોલી:—"વ્હાલા અનવર! તમે નહિ પૂછો તો પણ તમારી પાસે હું મારા જીવનની કથા ગુપ્ત રાખી શકવા ઈચ્છતી નથી. તમારી માફક હું પણ આ દેશની અધિવાસીની નથી. મ્હારી જન્મભૂમિ દમાસ્કસ છે. હું સુલતાનની બેગમ નથી, તેમ તેની આશ્રિતા વિલાસિની પણ નથી. હજી સૂધી અનાઘ્રાત કુસુમવત્ પવિત્ર છું; પરંતુ આવી સ્થિતિમાં હવે હું વધારે રહી

શકું એમ નથી. કારણ કે, મ્હારૂં પવિત્રપણું હું વધારે વખત ટકાવી શકીશ કે નહિ તેની મ્હારા દિલમાં હમેશાં શંકા રહ્યા કરે છે."

મ્હેં પૂછ્યું:—"કેમ? એનું શું કારણ?" યુવતીએ ઉત્તર આપ્યો:—"તે માટે મ્હારા જીવનની કહાણી સ્પષ્ટ રીતે તમોને કહેવાની જરૂર છે. તમારી જીવનકથા પ્રમાણે મ્હારી જીવનકથા પણ શોચનીય વિપ્લવમય ઘટનાથી પરિપૂર્ણ છે." એટલું કહી તેણે એક દીર્ઘ નિશ્વાસ મૂકયો અને પુનઃ બોલવા લાગી:–"મ્હારા પિતા દમાસ્કસના હાલના સુલતાનના મુખ્ય વજીર હતા. સુલતાનની મ્હારા પિતા ઉપર ઘણી મહેરબાની હતી. બાલ્યકાળથી જ તે બન્નેમાં પ્રીતિની ગાંઠ બંધાયેલી હતી. પહેલાં તો મ્હારા પિતા રાજ્યની અંદર એક સાધારણ અમલદાર હતા; પરંતુ સુલતાનના હાથમાં જ્યારે સંપૂર્ણ રાજસત્તા આવી ત્યારે તેણે પોતાના બાળમિત્રને પોતાના વડા વજીરનો હોદ્દો આપ્યો. સુલતાન મ્હારા પિતાની સલાહ વગર એક ડગલું પણ ભરતો નહિ. સાધારણ અમલદારીમાંથી એકાએક વજીરની પદ્વીએ આવવાથી તેમનાં ભાગ્યની દશા ફરી ગઇ. થોડા વખતમાં તો દમાસ્કસના તે એક પ્રતિષ્ઠિત ધનાઢ્યની ગણત્રીમાં ગણાવા લાગ્યા."

"જેમ જેમ તેમની ઉન્નતિ થતી ગઇ, તેમ તેમ અનેક લોકોની આંખોમાં ઇર્ષાનો અગ્નિ પ્રજવલિત થવા લાગ્યો. અનેક રાજકર્મચારીઓ મ્હારા પિતાની આ ઉન્નતિ સાંખી

શક્યા નહિ. તેઓએ મ્હારા પિતાને કપટજાળ બિછાવી કર્ત્તવ્યભ્રષ્ટ કરવાની યોજનાઓ તૈયાર કરી. જેમાં તે સંપૂર્ણ રીતે ફસાયા અને એક દિવસ તે સુલતાનની સાથે વાદવિવાદમાં ઉતરી પડ્યા. દુષ્ટોએ આ તકનો સારી રીતે લાભ લીધો. સુલતાનને તેઓએ ઉંધું ચત્તું સમજાવી દીધું. મ્હારા પિતાની વિરૂદ્ધ અનેક ખટપટો ઉભી કરી સુલતાનનું મન કલુષિત કરી દીધું. આખરે પિતાની આંખ ઉઘડી અને તેમને જણાયું કે, જેમને તે પોતાના મિત્ર માનતા હતા, તેમણે જ શત્રુનું કામ કર્યું છે, માટે આમાંથી બચવું મુશ્કિલ છે એટલે તરતજ તેમણે તેમની વજીરની પદ્વિનો ત્યાગ કર્યો.

"ભાગ્યના પરિવર્ત્તન સાથે તેમનું સ્વાસ્થ્ય પણ બગડયું. તેઓ થોડા દિવસની માંદગી ભોગવી આ દુનિયા છોડી ખુદાના દરબારમાં ચાલ્યા ગયા."

કહેવત છે કે, 'ઘર ફૂટયે ઘર જાય' એ ન્યાયે મ્હારા પિતાના શત્રુદળમાં એક મ્હારો કાકો પણ હતો. તે જાહેર રીતે અમારા તરફ સ્નેહ બતાવતો હતો. પણ અંદરખાનેથી અમારા નાશની તૈયારીઓ કર્યા કરતો હતો. પિતાના મૃત્યુ બાદ એ અમારી પાસે વારંવાર આવવા લાગ્યો. મ્હારી ઉમર તે વખતે બાર વર્ષની હતી. હું જ્યારથી સમજણી થઈ ત્યારથી જ તેના તરફ કુદરતી રીતે શંકાની નજરથી જોતી હતી ! મ્હારા પિતા પણ તેની દુષ્ટ વર્તણુંક સારી પેઠે જાણુતા હતા, એટલે તેમણે તેને અમારે ત્યાં આવતો બંધ કીધો હતો. પિતાના

મૃત્યુ બાદ તે અમારા પર વેર વાળવાની તક જોયા કરતો હતો. તેના સિવાય અમારો બીજો કોઈ આત્મસંબંધી નહિ હોવાથી મ્હારી માતા તેની સાથે કોઇ રીતે બગાડતાં નહોતાં.

તેણે મ્હારી માતાને સલાહ આપીને અમારૂં મહેલ જેવું આલીશાન મકાન વેચી દેવરાવ્યું અને જે કાંઈ જર ઝવેરાત હતું તે પણ વેચાવી તેનાં રોકડાં નાણાં કરાવી લીધાં.

ત્યાર પછી શહેરની બહાર અમે એક ન્હાનું ઘર ભાડે લઈ સામાન્ય ગૃહસ્થની માફક જીવન વ્યતિત કરવા લાગ્યાં. ઘરનાં તથા ઝવેરાતનાં જે રોકડાં નાણાં આવેલાં હતાં, તે બધાં મ્હારી માતાના કબજામાં હતાં. મ્હારા કાકાનો ડોળો તેના પર હતો; પરંતુ માતા પાસે તેની કોઇ કારીગરી ચાલી નહિ.

એક દિવસ એકાએક મ્હારી માતા બિમાર પડી ગઈ. ઝાડો અને ઉલટી એકસરખા થવા લાગ્યાં. એ પીડાથી બે દિવસમાં જ તેનું મૃત્યુ થયું. હું તદ્દન નિરાશ્રિત બની ગઇ. મ્હારી માતાના એકાએક થયેલા મૃત્યુથી હું શંકામાં પડી. કારણ કે, તેના શરીરમાં કોઇ જાતનો રોગ નહોતો. મ્હારા મનને ખાત્રી થઈ કે ખાણાની અંદર ઝેર ભેળવીને કાકાએ પોતાનો ડાવ સાધવા માતાને ખુદાની દરબારમાં મોકલી દીધી છે.

આવી રીતે માતા પાસેનું ગુપ્ત ધન છીનવી લેવા માટે તે દુષ્ટે મ્હારી માતાને મારી નારીહત્યા કરી. તે

દિવસથી હું મ્હારા પોતાના માટે પણ બહુ ચોક્કસ રહેવા લાગી. મ્હેં વિચાર કર્યો કે, જેવી રીતે આજે માતાનું મૃત્યુ થયું છે તેવી જ રીતે કાલે મ્હારૂં પણ થશે. હું ઘણી જ સાવધાનતાથી શંકાશિલ ચિત્તથી દિવસો નિર્ગમન કરવા લાગી. એક દિવસ મ્હારા દિલમાં એક નવોજ વિચાર ઉત્પન્ન થયો. શહેરનો કાજી મ્હારા પિતાનો મિત્ર હતો. તેની પાસે જઇ તે નરાધમની સઘળી બાજી ખુલ્લી પાડી મ્હેં આશ્રય માગવાનો નિશ્ચય કર્યો, પરંતુ 'નસીબ બે ડગલાં આગળનું આગળ' એ ન્યાયે તેણે ત્યાં પણ મ્હારી દાળ ગળવા દીધી નહિ.

હું કોઈ દિવસ ગૃહમાંથી ગુપચુપ ન્હાસી ન જાઉં તે માટે તેણે મ્હારા ઉપર સખ્ત પહારો મૂકયો. એક મજબૂત બાંધાની કાફરી રમણીને તેણે મ્હારી સેવાના બહાને મ્હારે ત્યાં રાખી અને મ્હને એક પળ પણ છૂટી નહિ મૂકવાને તેણે તેને સખ્ત તાકીદ કરી.

માતાના મૃત્યુ બાદ એવી રીતે અત્યાચાર અને ઉપાધિ સહન કરતાં લગભગ ત્રણ વર્ષ વીતી ગયાં. યૌવનના વિકાસ સાથે મ્હારા સૌન્દર્યના પ્રભાવની સુખ્યાતિ પણ ચોગરદમ પ્રસરી રહી. અનેક ધનાઢ્ય અને અમીરી વંશના પ્રતિષ્ઠિત યુવાનો મ્હારા હાથની માગણી કરવા લાગ્યા; પરંતુ મ્હારા કાકા કોઇને પણ મચક આપતા ન હોતા. તેમનો મ્હારા વિષે શું હેતુ છે, તે તેઓ સમજી શકતા નહિ.

હું ઉચ્ચ કુલોત્પન્ન કુલકામિની, સ્વરૂપવાન અને

સુશિક્ષિત વજીરપુત્રી હોવા છતાં મ્હારી આવી શોચનીય દશા થઈ ગઇ! પિતાની બધી સંપત્તિ, પચાવી પાડવાના હેતુથી દુષ્ટ કાકાએ મ્હારી માતાને વીષ આપી આ દુનિયામાંથી હંમેશને માટે નાબૂદ કરી નાખી. અનેક સુસ્વરૂપ ખાનદાની કુટુંબના યુવાનો મ્હારૂં પાણિગ્રહણ કરવા માટે તૈયાર થઇ રહ્યા હતા, છતાં તે તેમને બારણામાંથી જ કહાડી મૂકતો હતો. તેની આવી વર્તણુકથી હું તદ્દન દિશાશૂન્ય બની ગઇ.

એક દિવસ હું મ્હારી સ્થિતિ ઉપર અફસોસ કરતી વિચારમાં બેઠી હતી, એટલામાં મ્હારી બાંદી હસતી હસતી મ્હારી પાસે આવી પહોંચી અને બોલી:-"બહેન! બહેન!! ખુશ વધાઈ આપું!"

મ્હેં પૂછયું:—"કેમ, શા ખબર છે?"

"બહેન! કાલે તમારાં લગ્ન થશે!"

"હેં?" મ્હેં અજાયબ થઈ પૂછયું. "શું તું આ ખરી વાત કહે છે? કોની સાથે? મ્હારી મશ્કરી તો કરતી નથી?"

"નહિ. હું ખરી વાત કહું છું."

બાંદીની વાત સાંભળી હું ચમકી ઉઠી. મ્હારા કાકાના હાથમાં પૈસાથી ખરીદાયેલી તે ગુલામડી હતી. મ્હેં વિચાર્યું કે, બનાવટી વાત કરી તે મ્હારા મનનો ભેદ તો પામવા નહિ માગતી હોય! ગમે તેમ હોય, પણ તે મ્હારી સાથે ઘણા સદય ભાવથી વર્તતી હતી. મ્હેં તેને આશ્ચર્યચકિત બની પૂછયું:-"રશીદા! આ

આ વાત તેં ક્યાંથી જાણી ?"

બાંદી:—"તમારા કાકા અને એક બીજો બદસૂરત આદમી બન્ને જણુ અડોઅડ બેસી ખાનગી વાતચીત કરતા હતા. તેમની વાતચીત કરવાની ઢબછબ તથા વચ્ચે વચ્ચે તમારા નામનો ઉલ્લેખ થતો સાંભળી હું છુપાઈ ગઇ અને તેમની બધી વાત મ્હેં સાંભળી લીધી કે તરત હું તમને અહિં કહેવાને દોડી આવી."

મ્હેં પૂછ્યું:—"જે માણસ મ્હારી સાથે વિવાહ કરવા માગે છે, તેને તું ઓળખે છે ?"

"હા. બરાબર પિછાનું છું. તે દમાસ્કસનો એક ધનાઢ્ય વેપારી છે. તે ઘણો સંગદિલ અને દુષ્ટ વર્તણુકનો આદમી છે. શયતાનનો તેનામાં સંપૂર્ણ વાસ છે. કારણ કે, મ્હેં સાંભળ્યું છે કે, અત્યાર સૂધીમાં તેણે તેની બે પત્નીઓની હત્યા કરી નાખી છે, અને ત્રીજી પત્ની તરીકે તમને પરણવા માગે છે. તેણે તમારા કાકાને માટે પચાસ હજાર મુદ્રાઓ આપવાનું કબૂલ કર્યું છે!"

પચાસ હજાર મુદ્રાઓમાં મ્હારૂં સાટું ? આ વિચાર આવતા જ હું કંપી ઉઠી ? શું હું પશુ છું કે, તે દુષ્ટ આવી રીતે મ્હારૂં લીલામ કરે ? પગથી તે માથા સૂધી હું કંપી ઉઠી. આખું શરીર ભયથી ધ્રુજવા લાગ્યું. મ્હારા પિતા મ્હને યાદ આવવા લાગ્યા. શું તે જીવતા હોત તો એક નરાધમને ત્યાં મને વેચવા દેત ? નહિ. ઉત્કંઠિત બની ભયભીત હૃદયે મ્હેં તેને પુનઃ પૂછ્યું:— "રશીદા, શું ખરેખર મ્હારાં કાલે લગ્ન થવાના છે ?"

રશીદા મલીન મુખ કરી બોલી:—"હા. હું બરાબર સત્ય વાત કહું છું. થોડા વખતમાં જ તમારા કાકા બહારથી આવશે, ત્યારે તમે તે જાણી શકશો."

મ્હારે હવે શું કરવું ? એવા વિચારોથી મ્હારૂં મન ગુંચવાવા લાગ્યું. મ્હારૂં કહીને સંબોધવા લાયક મ્હારે માટે જગતમાં કોઇ નહોતું. કોઇ સલાહ પૂછવા લાયક પણ નહોતું. માત્ર સર્વાન્તર્યામી જગત્ પિતાની આગળ મ્હારૂં દુઃખ રડયા સિવાય બીજો કોઇ ઉપાય નહોતો. જેમ જેમ હું વિચાર કરતી ગઇ તેમ તેમ મ્હારૂં દિલ વધુ ને વધુ શોકાતુર થવા લાગ્યું. મ્હારા દિલનો ભાવ જોઇ રશીદાના દિલપર પણ મ્હારા માટે કંઇક અસર થઇ.

કેટલીક વાર વિચાર કર્યા પછી માતાએ મ્હને એક ગુપચુપ આપી મૂકેલો રત્નહાર યાદ આવ્યો. આ રત્નહારની કિંમત માતાએ મ્હને બે હજાર સ્વર્ણ મુદ્રા કહી હતી. આ હારનો વિનિમય કરી મ્હેં મ્હારો છુટકારો કરી લેવાનો નિશ્ચય કર્યો.

રશીદાને મ્હારા કાકા પાસેથી ચાર મુદ્રાનો માસિક પગાર મળતો હતો. મહિને ચાર મુદ્રા કમાનાર વ્યક્તિના હાથમાં આ રત્નહાર જાય તો તે પ્રલોભનમાં પડી મ્હારૂં કાર્ય કરી આપવામાં પાછીપાની કરે નહિ. કારણ કે, લોભને જીતવો તે મુશ્કિલ વાત છે. તેમાંય વળી સ્ત્રી જાતિના હાથમાં આવો ઉત્તમ દાગીનો જાય અને તે લેવાને ના પાડે એ અસંભવિત હતું.

મ્હારા ખાનગી ઓરડામાં જઈ પેટી ઉઘાડી મ્હેં

એ રત્નહાર બહાર કહાડયો. ત્યાર પછી મ્હેં બહાર આવી રશીદાને તે હાર બતાવ્યો. તેણે આખી જીન્દગીમાં આવો મણી-મુકતાથી જડેલો વિવિધ સુવર્ણ હાર ક્યારેય જોયો નહોતો.

રશીદા વિસ્મિત બની બોલી:—"બહેન! આ અમૂલ્ય હાર કોનો છે? તેની શી કિંમત છે?"

મ્હેં કહ્યું:—"રશીદા! આ હારની કિંમત બે હજાર સોના મહોર કરતાં પણ વિશેષ છે. તને તે ગમે છે? ગમતો હોય તો લે. ત્હારા છોકરાની વહુ એ હાર પહેરે તો તને કેવો આનંદ થાય! હારની અંદર ઘણા હીરા, મોતી જડેલા છે. માત્ર હીરા-મોતી જૂદાં પાડીને વેચીશ તોય એક હજાર સોનોમહોર આવ્યા વિના રહેશે નહિ. લે, આજે હું તને એ હાર બક્ષીસ આપું છું."

રશીદા આશ્ચર્યચકિત થઇ બોલી:—"લતીફા! લતીફા! શું તમે મ્હારી મશ્કરી તો કરતાં નથી? આવો અમૂલ્ય હાર જેની બે ત્રણ હજાર સોનામહોર જેટલી કિંમત છે, તે મ્હને આપી દો છો? લતીફા! હું તમને મ્હારી પુત્રી કરતાં પણ વિશેષ જાણું છું. તમારાથી મ્હારા જેવી ગરીબ બાંદીની આવી મશ્કરી ન થાય."

મ્હેં કહ્યું:—"રશીદા! હું મશ્કરી કરતી નથી. પણ ખરેખર આ હાર તને જ આપવા ચાહું છું અને તેના બદલામાં તારે પણ મ્હારૂં એક કામ કરવું પડશે."

રશીદા:—"બ્હેન, શું કામ છે?"

મ્હેં કહ્યું:—"મ્હારે પગે હાથ લગાડી પ્રતિજ્ઞા કર કે,

હું જે કાંઇ કહું તે વાતનો સ્ફોટ નહિ થાય અને તું વિશ્વાસઘાત નહિ કરે."

રશીદાઃ—"બ્હેન, હું મ્હારા એકના એક પુત્રના સોગંદ ખાઈ કહું છું કે, મ્હારો પ્રાણ જશે પણ તમને બેવફા નીવડીશ નહિ."

મ્હેં કહ્યુંઃ—"વારૂ, ત્યારે સાંભળ. આ લગ્નથી હું ખુશ નથી. મ્હારી જીંદગીનું સત્યાનાશ વળી જશે. જે વ્યક્તિની સાથે મ્હારાં લગ્ન થનાર છે, તે માણસ મ્હારા પિતા વઝીર હતા, ત્યારે અમારે ત્યાં આવતો હતો. તેને હું સારી પેઠે ઓળખું છું. જગતમાં તેના જેવો બીજો કોઈ દુષ્ટ શયતાન હશે જ નહિ. તેની ઉમર સાઠ વર્ષની છે. વળી દેખાવમાં એવો કર્કશ અને ભયંકર છે કે તેની કલ્પના આવતાં જ મ્હારાં ગાત્ર ઢીલાં થઈ જાય છે. રશીદા, તું અત્યારે મ્હારી માતાતુલ્ય છે. તારી પુત્રીને જો કોઈ આવી રીતે દુષ્ટને હાથે વેચી દેવામાં આવે તો તેને કેટલું બધું દુઃખ થાય? શું તને મ્હારી દયા આવતી નથી? તું પણ સ્ત્રીજાત છે, હું પણ સ્ત્રી છું. દુનિયાનો અનુભવ મ્હારા કરતાં તારો વિશેષ છે. કહે, કહે, તું મને આ ભયંકર દુઃખમાંથી છોડાવશે? ગમે તેમ કરી મ્હને અહિંથી છોડાવ અને તેના બદલામાં જો કે મ્હારી પાસે કાંઇ નથી, તો પણ મ્હારી સ્વર્ગવાસીની માતાની પવિત્ર યાદી તરીકે રાખી મૂકેલો આ રત્નહાર તને મ્હારી માતા ગણી ભેટ કરીશ."

મ્હારી દુઃખદ સ્થિતિ જોઈ રશીદાનું દિલ પીગળ્યું

તેણે કહ્યું:–" બ્હેન ! તમને મ્હારી પુત્રી જેવાં ગણું છું. તમારા દુષ્ટ કાકાના ભયથી જો કે હું જાહેર રીતે તમારો આદરસત્કાર કરી શકતી નથી, તો પણ મ્હારૂં દિલ તો તમારા માટે હમેશ બળ્યા કરે છે. પાપી પેટનો ખાડો પુરાતો નથી, એટલે આપનાં જેવાં સુશીલ અને સુન્દર કુમારિકાની પછવાડે મ્હને આમ એક છુપા દૂતની માફક ફરવું પડે છે. બાકી હું તો આ કાર્યથી ખરેખર કંટાળી ગઇ છું. માટે તમે જે આજ્ઞા કરશો તે હું શિરસાવંદ્ય માની આપની આજ્ઞાનું પાલન કરીશ."

મ્હેં કહ્યું:–" રશીદા, બસરાની અંદર એક મ્હારી માસી રહે છે. આજ રાત્રે જો તું કોઇ પ્રયત્ને મ્હને અહિંના કોઇ મુસાફરખાનામાં પહોંચાડી દે તો બહુ સારૂં. વળી જો તું પણ મ્હારી સાથે આવે તો તારો ઉપકાર આ જન્મમાં કયારેય ભૂલીશ નહિ. ત્યાં જઈ કોઈ પ્રતિષ્ઠિત વ્યાપારીને મળી તની સાથે આપણે બસરા પહોંચી જઇશું. મ્હારી માસીની સ્થિતિ ઘણી જ સારી છે, તને પણ તે સાથે એક સારી નોકરી અપાવી દઈશ અને મુસાફરખાનામાં પહોંચતાં જ તને આ હાર બક્ષીસ તરીકે આપી દઇશ."

રશીદાએ થોડો વખત વિચાર કર્યા પછી કહ્યું:–"બ્હેન! તમે જેમ કહેશો તેમ કરવા હું કબૂલ છું. તમારા કાકા જેવા નરાધમ માણસની નોકરી કરવી મ્હને ગમતી નથી. હું ઓજાત હોવા છતાં મ્હારી પાસે છુપા પોલીસ તરીકેનું તે કામ કરાવે છે. ખાવાનું પણ તે પૂરૂં

૭

આપતો નથી, તેમ ચોવીસે કલાક મ્હારી પાસેથી એક ખરીદાયેલી ગુલામડીની માફક નોકરી લે છે. મ્હારી જગ્યાએ કોઇ બીજી સ્ત્રી હોત તો કયારનીયે અહિંથી ન્હાસી છુટી હોત. પણ શહેરની અંદર એક ચૂલો માંડવા જેટલી પણ મ્હારી પાસે જગ્યા નથી એટલે અહિં પડી રહી છું. તમને ન્હાસી છુટવાની મદદ કરવાથી મ્હને પુન્ય થશે અને તેથી મ્હારો પણ ઉદ્ધાર થશે. મ્હારે પેટે એકે પુત્રી નથી. છોકરો છે, તે લાયક ઉમરનો થયો છે અને તે તેનું પોતાનું ફોડી લે છે, એટલે તેના વિષેની કોઇ જાતની ચિંતા નથી. તમારી સાથે આવવા હું કબૂલ થાઉં છું. કહો, તમારી શી આજ્ઞા છે ?"

રશીદાના દિલનો એકરાર સાંભળી મ્હારા દિલમાં કાંઇક આશાનો સંચાર થયો. મ્હેં વિચાર્યું કે, મુસાફરખાનામાં અનેક દેશદેશાવરના વેપારીઓ દરરોજ આવે છે, અને જાય છે. તેમાંનો કોઇ એકાદ મ્હારા પિતાની પિછાણવાળો નીકળી આવશે તો ઠીક, નહિ તો કોઇ સુશિલ સજ્જન પાસે પુત્રી તરીકે આશ્રય માગીશ. તેને હું મ્હારી દુઃખદ સ્થિતિથી વાકેફગાર કરીશ. શું તે મ્હારી ઇચ્છા પાર નહિ પાડે ? મ્હને બસરા નહિ પહોંચાડી દે ? એમ કેમ બને. દુનિયામાં અસંખ્ય પરોપકારી પુરૂષો પડેલા છે. આવા સંકટમાંથી મ્હારો ઉદ્ધાર કરવા માટે દયાળુ ખુદા કોઇ ન કોઇ મનુષ્યના દિલમાં રહમ ઉત્પન્ન કર્યા સિવાય રહેશે નહિ."

ત્યાર પછી મ્હેં બાંદીને ઉદ્દેશીને કહ્યું:–"જો, રશીદા !

વિશ્વાસઘાત કરતી નહિ. મ્હારી જીંદગીના સુખદુઃખનો આધાર આજ તારા ઉપર અવલંબી રહેલો છે. ખુદાને હાજર જાણી દગલબાજીથી દૂર રહેજે. અંતે નેકીનો જય છે, એ વાત તું ખબ ધ્યાનમાં રાખજે. આજે હું કાકાના શરબતની અંદર ધત્તુરાનો રસ મિલાવી દઇશ. પ્રભાત થતાં સૂધી તે ભર નિદ્રામાં પડો રહેશે અને આપણે તેટલા વખતમાં ઘણે દૂર નીકળી જઇશું."

અમારી મસલત બરાબર ચોક્કસ થઇ ગઈ. મ્હારો કાકો સન્ધ્યા સમયે થાકી પાકીને ઘેર આવ્યો. મ્હારાં વેચાણ તરીકે તેણે પેલા દુષ્ટ પાસેથી અગાઉથી લીધેલી બયાનાની મહોરો એક સંદુકની અંદર તેણે મૂકી. પછી આહારાદિથી નિવૃત થઇ તે મ્હારા ખાનગી એરડામાં આવ્યો અને બોલ્યો: "લતીફા! આજે હું તારી સાથે એક ખાનગી મસલત કરવા આવ્યો છું. આજે તારો પિતા કિંવા માતા બેમાંથી એકેય હયાત નથી, એટલે તારા વિષેની જવાબદારી મ્હારે માથે વિશેષ વધી પડી છે. તું હવે યુવાન થઇ છે, સમજુ છે, તેથી તારા ભલાને માટે હું જે કાંઇ કરોશ તેમાં તું સંમત થશે એમ હુ ઇચ્છું છું. કારણ કે, યુવાન કન્યાને કોઈ સારાં સ્થળે પરણાવી દીધા સિવાય તેના વડિલ વર્ગનાં દિલને કયારેય શાંતિ વળતી નથી. માટે બહેન! મ્હેં લાંબો વિચાર કરી હવે તારાં લગ્ન કરી નાખવાનો વિચાર કર્યો છે. મ્હારી જીંદગી પણ થોડા વખતની છે, માટે આ કામ પાર ઉતારવા મ્હેં દૃઢ નિશ્ચય કર્યો છે. કેમ, તું આ કાર્યથી

રાજી છે કે નહિ ?"

કાકાની વાતચિત ઉપરથી તેની કેવી ધારણા છે તે હું સત્વર પામી ગઇ. તેના મનને સંતુષ્ટ કરવાના ઉદ્દેશથી સહજ લજ્જાનો ભાવ દર્શાવી હું બોલી:-"કાકા, તમારા સિવાય આ દુનિયામાં મ્હારૂં બીજું કોઇ નથી. તમે જે કાંઈ કરશો, તે વિચારીને કરશો એવી મ્હારા દિલમાં ખાત્રી છે. તમે ન હોત તો અત્યારે મ્હારી શી વલે થાત તે હું જાણું છું. આપ મ્હને જે કાંઇ આજ્ઞા કરશો તે હું બરાબર પાળીશ એવી ખાત્રી રાખજો."

મ્હારાં વચનો સાંભળી તે બહુ ખુશ થયો. તેણે કહ્યું:- "લતીફા ! તારો જન્મ એક સ્ત્રી તરીકે થયો છે. કન્યાકાળ વીતી ગયો છે અને તું સંપૂર્ણ યૌવનાવસ્થામાં આવી છે, એટલે તારે માટે મ્હારે કાંઇ પણ વિચાર કરવો જોઇએ. જુવાન કન્યા પિતાના ઘેરે શોભે નહિ. તે તો તેના પતિને ત્યાં જ શોભે. માટે લાંબો પુખ્ત વિચાર કર્યા પછી મ્હેં તારાં લગ્ન કરી નાખવાનો વિચાર નક્કી કર્યો છે. દમાસ્કસના એક ધનાઢ્ય અને સંભ્રાન્ત કુલશીલ વેપારી સાથે મ્હેં તારો વાગ્નિશ્ચય કરી દીધો છે, અને આવતી કાલે તેની સાથે તારાં લગ્ન કરવાનું પણ નક્કી કરી દીધું છે. બ્હેન ! તને બીજાને ઘેર મોકલતાં મ્હને ઘણું દુઃખ થાય છે; પરંતુ શું કરૂં ? તારૂં ભલું થાય, તું સુખી થઇ આનંદમાં દિવસો ગુજારે એ જ મ્હારૂં કર્ત્તવ્ય છે. મરતી વખતે તારા પિતા કહેતા હતા કે, ભાઇ, કોઈ સુપાત્ર માણસ જોઇને લતીફાને તેની સાથે પરણાવી દેજે."

આશકની આત્મકથા.

વડિલ વર્ગ પાસેથી વિવાહની વાત સાંભળતાં જ જેમ કુમારિકા સ્વાભાવિક રીતે જ લજ્જાશિલા થઇ અધીરી થઇ જાય છે, તે પ્રમાણે હું પણ શરમાઈ ગઈ. લજ્જાથી નીચા નમાવેલા મ્હારા મુખનો આરક્તિભાવ અને મ્હારી નિર્વાક અવસ્થા જોઇ તેના મનને ખાત્રી થઈ કે, તેના આ પ્રસ્તાવથી હું બહુ ખુશ થઇ છું.

પ્રકરણ ૮ મું.

રાત્રિના બે પ્રહર વ્યતિત થઇ ગયા. ઉંઘતી રશીદાને ઉઠાડી હું મ્હારા કાકાના ઓરડા તરફ તેની તપાસ કરવા ગઇ. કારણ કે, રાત્રિના ભોજન વખતે તેના પીવાના શરબતમાં મ્હેં કેફી વસ્તુ મેળવી દીધી હતી.

રશીદા અને હું મ્હારા કાકાના ઓરડામાં ચુપચુપ પગનો જરા પણ ઇસારો થવા દીધા વિના દાખલ થયાં. મ્હારો દુષ્ટ કાકો અઘોર નિદ્રામાં પડયો હતો. ત્હેનામાં જરા પણ શુદ્ધિ નહોતી. આ તકનો લાભ લઈ હું તથા રશીદા શરીરપર કાળા બુરખાઓ ઓઢી ઘરની બહાર નીકળ્યાં. સર્વત્ર ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો. કૃષ્ણવર્ણી બુરખાઓથી અમારૂં શરીર ઢાંકી લીધેલું હોવાથી રસ્તામાં અમારાપર કોઇની નજર પડી નહિ. લગભગ પંદરેક મીનીટ ચાલ્યા પછી અમે એક સરાઇખાનામાં આવી પહોંચ્યાં.

સરાઇખાનામાં પહોંચતાં જ અમોએ સ્ત્રીઓના ઓરડામાં પ્રવેશ કર્યો, કારણ કે, ત્યાં પુરૂષો અને સ્ત્રીઓને ઉતરવાની જગાઓ જૂદી જૂદી હતી. આ સરાઇખાનામાં અનેક દેશના વેપારીઓ ઉતરતા હતા. વ્યાપારના ઉદ્દેશથી એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરતા હતા. મ્હેં પણ એવા જ કોઇ એકાદ સોદાગરની મુલાકાત થઈ જાય તો સારૂં એમ માની તપાસ કરવા માંડી. મ્હારાં સદ્દભાગ્યે જોર કર્યું અને એક સંભ્રાન્ત કુલ-

કામિનીના ઉપર મ્હારી દૃષ્ટિ પડી. તે પોતાનો સરસામાન બાંધતી હતી. તે ઉપરથી જણાતું હતું કે, તે મુસાફરી કરવાની તૈયારી કરતી હતી. મ્હેં તેની પાસે જઇ ગદ્ગદ્ કંઠે પૂછયું: "અમ્મા! આજે આપ અહીંથી કોઇ બીજે સ્થળે જવાનાં છો?"

તે બાઈ આશ્ચર્યચકિત બની મ્હારી સામે એક સરખી જોઈ રહી. તેના મનનો સંશય દૂર કરવા અને મદદ માગવા માટે મ્હેં મ્હારા મુખ ઉપરનો બુરખો ક્હાડી નાખ્યો, મ્હારૂં મુખ જોતાં જ તે અજાયબીમાં ગરકાવ થઈ ગઇ. થોડો વખત વિચાર કર્યા પછી બોલી:- "બ્હેન! તમો કોણ છો? તમારી શી ઈચ્છા છે? તમે આટલાં બધાં ખૂબસૂરત છો, છતાં એકલાં મુસાફરી કરો છો? શું તમને દુનિયાનો જરા પણ ડર નથી?"

તેના આવા પ્રશ્નોથી મ્હારી આંખમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યાં. મ્હેં અશ્રુભીનાં નયને, કરૂણા ઉપજાવે તેવા સ્વરે કહ્યું:-" મા! હું પિતૃમાતૃહીના અનાથિની સ્ત્રી છું. મ્હારો જન્મ ઉચ્ચ કુળમાં થયેલો છે. એક વખત અમારૂં કુટુંબ મ્હોટા મ્હોટા અમીર ઉમરાવોની ગણનામાં ગણાતું હતું; પરંતુ કિસ્મતની કમનસીબીને લીધે અત્યારે આવાં એક સાધારણ મુસાફરખાનાનો આશ્રય શોધવો પડયો છે. મા, બસરાની અંદર મ્હારી એક માસી રહે છે, તેની પાસે જવાની મ્હારી ઇચ્છા છે. આ દુનિયામાં તેના સિવાય હવે મ્હારૂં કોઈ વાલી નથી. કારણ કે, માતા પિતા જન્નતનશીન થયાં છે.

માત્ર મ્હારી એક બાંદી અને હું એમ અમે બે જણ જ છીએ. આપ અત્યારે કુચ કરતાં હો, એમ જણાય છે; તો આપ અમોને આપની સાથે લઈ જશો તો આપનો મહત્ ઉપકાર થશે."

તે રમણી ઘણી દયાળુ હતી. મ્હારા શબ્દોની તેના દિલપર અસર થઈ. પ્રસન્નમુખે તે બોલી:-"બ્હેન! કોઈ વાતની કાળજી કરીશ નહિ. તું મ્હારી પુત્રી જેવી છે. મ્હારા સ્વામી સાથે હું પણ બસરા તરફ જાઉં છું માટે તું તારી તૈયારી કરી લે. આપણે બધાં સાથે જ ઉપડશું."

તેના પ્રોત્સાહનથી મ્હારા પગમાં વિશેષ જોર આવ્યું. સહાસ્યવદને મ્હેં તેને કહ્યું:-"મા; હું તો તૈયારી કરીને જ આવી છું. માત્ર આપની જ ખોટી છે. વારૂ, બસરા સૂધીનું ગાડીનું ભાડું કેટલું પડતું હશે, તેની આપને ખબર છે?"

તેણીએ સહજ હસીને કહ્યું:-"અરે દીવાની! તેનો તું શા માટે વિચાર કરે છે? અમારી પોતાની જ ઉંટની ગાડી છે, તેમાં તું તથા તારી દાઈ બેસી જજો. ગાડીમાં ઘણી જગા છે અને મ્હારા સ્વામી પણ કોઈ જાતનો વાંધો લે તેવા નથી."

તેણીએ તરત જ પોતાના સ્વામીને બધી વાતથી વાકેફગાર કરી દીધો. તે વૃદ્ધ હતો, દયાળુ હતો અને ધનાઢ્ય સોદાગર હતો. તેણે મ્હારી પાસે આવી મ્હને આશ્વાસન આપતાં મમતાપૂર્વક કહ્યું: "બ્હેન, કોઈ

વાતની ચિંતા કરીશ નહિ. તને તારાં ઇચ્છિત સ્થળે અમે સુખરૂપ પહોંચાડી દેઇશું."

કોઈ પણ રીતે આ શહેરનો ત્યાગ કરી બહાર નીકળી જવા માટે મ્હારો જીવ બહુ ઉત્સુક થઈ રહ્યો હતો. લગભગ અર્ધા કલાકમાં બધી તૈયારી કરી અમારો સંઘ મુસાફરખાનામાંથી બહાર પડયો. લગભગ બે ગાઉ ચાલવા પછી અમો એક વિસ્તીર્ણ મરૂપ્રદેશમાં આવી પહોંચ્યાં. ચારે દિશાએ ઘોર અન્ધકાર વ્યાપેલો હોવાથી રેતાળ જમીનમાંથી રસ્તો શોધી કહાડવાનું કામ મુશ્કિલ થઇ પડયું. પરંતુ ઉંટની ગાડી હાંકનાર રણનો માહિતગાર હોવાથી અને સાથે પચ્ચીસ માણસનો સંઘ હોવાથી નિર્ધોસ્ત રીતે અમે રણની અંદર આગળ વધવા લાગ્યાં.

જેમ જેમ અમે આગળ વધવા લાગ્યાં તેમ તેમ અમારી કમનસીબી વધવા લાગી. ત્રણ કોસ ચાલ્યા પછી અમારો માર્ગદર્શક પગપાળો રસ્તો ચૂકયો અને અમે ખજૂરીનાં વૃક્ષવાળા એક મ્હોટા રેતીના પહાડની તળેટીમાં આવી પહોંચ્યાં. ત્યાંથી આગળ ચાલવાનો કોઈ રસ્તો સૂઝતો નહતો.

આ વખતે સૂર્યોદય થવાને થોડી વાર હતી, પરંતુ ઉષાના આરક્તમય તેજથી આકાશ પ્રકાશી રહ્યું હતું. સંઘના બધા માણસોએ નિશ્ચય કર્યો કે, સૂર્યોદય ન થાય ત્યાં સુધી આપણે આ પહાડની તળેટીમાં જ પડાવ નાંખી વિશ્રાન્તિ લેવી અને પ્રભાત થયા પછી જ આગળ

વધવાનો પ્રયત્ન કરવો.

આ પ્રમાણે વિચાર કરી અમારો ગાડીવાન ઉંટની ગાડી છોડવા લાગ્યો એટલામાં તળેટીની અંદર થોડે દૂર બળતી મશાલો દેખાવા લાગી. અમારામાંના ઘણા-ઓએ વિચાર્યું કે, આપણા જેવો એ પણ મુસાફરોનો સંઘ હશે અને તે મોસલ કિંવા બસરાના વેપારીઓ હશે, એટલે આપણને માર્ગદર્શક થઈ પડશે.

પરંતુ આ અમારો સાંઘાતિક ભ્રમ હતો. તેઓ વેપારી નહોતા પણ મહાદુષ્ટ અરબ લૂંટારાઓ હતા. તેઓ વેપારીઓના વેશમાં જ મુસાફરી કરતા મુસાફરોને લુંટતા હતા. થોડા વખતમાં તેઓ અમારી પાસે આવી પહોંચ્યા. તેઓ દરેકના હાથમાં તીક્ષ્ણ ધારવાળી એક એક તલવાર તેમ જ બંદૂક અને તીરકામઠાં હતાં. તેઓએ એકદમ અમોને ઘેરી લીધા. અમારી સાથેનાં માણસો પાસે પણ હથિયારો હતાં એટલે બન્ને પક્ષમાં સખ્ત લડાઈ જામી. લુંટારાઓની સંખ્યા વિશેષ હોવાથી અમારામાંના ઘણા માણસો માર્યા ગયા અને તે સાથે મ્હારો રક્ષણકર્ત્તા વૃદ્ધ વેપારી કે જેની સાથે હું મુસા-ફરી કરતી હતી, તે પણ માર્યો ગયો. કેટલાક જણ લુંટારાઓના હાથમાંથી બચવાને ન્હાસી છૂટ્યા અને ક્યાંઇ ભરાઇ ગયા.

હું વૃદ્ધ વેપારીની સ્ત્રી તથા તેની એકની એક પુત્રી ડાકુઓના હાથમાં સપડાઇ ગયાં. અમારા ગાડીવાનને તેઓએ મારી નાખ્યો અને લુંટમાં મળેલું બધું દ્રવ્ય

તેઓએ ગાડીમાં ભરી દીધું અને તેમાંના એકે ગાડીપર બેસી ગાડી હાંકવાનું શરૂ કર્યું.

આ ભયંકર બનાવ શરૂ થતાંજ અમે ત્રણેય મૂર્છિત થઇ પડયાં હતાં. મ્હારામાં જ્યારે ચેતન આવ્યું ત્યારે મ્હારી અજાયબી વચ્ચે મ્હેં જોયું કે, અમને ત્રણે જણને લુંટારાઓએ એક જંગલની અંદર જીર્ણ થઈ ગયેલાં ઘરની અંદર પૂરી રાખ્યાં હતાં. મ્હારી પાસે શરીરપરના કપડાં સિવાય બીજું કંઈ પણ નહોતું. કારણ કે, મુસાફરી શરૂ કરતી વખતે મ્હારી પાસેનો રત્નહાર મ્હેં વેપારીની પત્નીને સાચવવા આપ્યો હતો. તેણે તે હાર પોતાની પેટીમાં રાખવાથી લુંટારાઓના હાથમાં જઇ પડયો હતો. રશીદા મરી ગઇ કે જીવતી રહી તેની પણ મ્હને ખબર પડી નહિ.

ડાકુઓના સરદારનું નામ અબ્બાસ હતું. જે ઓરડામાં અમને પૂર્યાં હતાં, તેની બહાર અબ્બાસ અને તેના ટોળીવાળાઓ બેસી કાંઇ વાતો કર્યા કરતા હતા. થોડી વારે અબ્બાસ પોતાનાં માણસોને ઉદ્દેશીને બોલ્યોઃ- "બિરાદરો! આ વખતની લુંટમાં આપણને જેવું જોઇએ તેવું દ્રવ્ય મળ્યું નથી માટે આપણે જે ત્રણ સ્ત્રીઓ પકડી છે, તેમાંની બે સુન્દર ખૂબસૂરત યુવતીઓને આપણે વેચી નાખશું તો આપણને લગભગ બે હજાર સોનામોહોર પ્રાપ્ત થયા સિવાય રહેશે નહિ."

તેની આ વાત સાંભળતાંજ હું કંપી ઉઠી. કાકાના ત્રાસમાંથી છૂટી સ્વાતંત્ર્ય લેવા જતાં ઉલટી ડાકુઓના

હાથમાં સપડાણી! સુન્દર યુવતીઓમાં હું અને મ્હારા રક્ષક વેપારીની પુત્રી એમ બે જણ જ હતાં. પોતાના સરદારનો હુકમ મળતાં જ એક ડાકુએ અમારા ઓરડાનું બારણું ઉઘાડયું અને એ કૃતાંત કૃષ્ણવર્ણી ડાકુઓએ મ્હારો હાથ ઝાલી મ્હને ઓરડામાંથી બહાર ખેંચી કહાડી અને એક ગાડીની અંદર નાખી દીધી. વેપારીની કન્યા અને તેની પત્ની એ ઓરડામાં જ કેદ રહ્યાં. તેમનું શું થયું તેની મ્હને હજી સૂધી ખબર પડી નથી"

પ્રિય અનવર! ત્યાર પછી મ્હારાપર જે જે દુઃખદ વિડંબણાઓ પડી તેનું હું સવિસ્તર વર્ણન કરવા માગતી નથી. ત્યાર પછી હું એક ગુલામોના વેપારીના હાથમાં જઇ પડી. તેણે પાંચસો સોનામોહોર આપી ડાકુઓના હાથમાંથી મ્હને ગુલામડી તરીકે વેચાતી લઇ લીધી.

આ બનાવ બન્યા પછી લગભગ પંદર દિવસે તે મ્હારા જેવી બીજી દશ ગુલામડીઓને લઇ આ શહેરમાં આવ્યો. હાલમાં આપણે બન્ને મહેલમાં બેસી એક બીજાની જીવનકથાઓ કહી સંભળાવીએ છીએ તે મહેલ અહિંના પ્રબળ પરાક્રાન્ત સુલતાનનો છે. સુલતાન આ મહેલમાં જ વાસ કરે છે. સુલતાન હમેશ અયશ આરામમાં પડી રહી મોજ માર્યા કરે છે, અને રાજ્યની લગામ તેના વડા વજીર ખરા શાસનકર્ત્તા-સમશેરજંગના હાથમાં છે. પેલો વેપારી મ્હને અને પેલી દશે ગુલામ-

ડીઓને લઇ સમશેરજંગ પાસે આવ્યો. તેણે સુલતાનને બોલાવ્યો અને તેમાંથી સુલતાને મ્હને વિશેષ પસંદ કરી. સુલતાને બીજી બધીઓને એક સ્વતંત્ર મહેલમાં મોકલાવી દીધી અને પોતાના ખાસ ખોજાને મ્હને બતાવતાં હુકમ આપી જણાવ્યું કે, આને મ્હારા ખાસ મહેલમાં લઇ જા અને એક બેગમની માફક તેની બરદાસ રાખજે."

તરત જ તે ખોજો મ્હને આ મહેલમાં લઈ આવ્યો. મ્હારા ઉપયોગ માટે કેટલાક સુન્દર રીતે શણગારેલા અને શૃંગારી ચિત્રોથી વિભૂષિત કરેલા ઓરડાઓ મ્હને સોંપવામાં આવ્યા અને દશ બાંદીઓને દિવસ અને રાત મ્હારી તહેનાતમાં ખડી કરી દીધી.

એ દિવસે સંધ્યાકાળ થઇ જવા પછી સુલતાન મ્હારી પાસે આવ્યો અને સહજ હસીને બોલ્યોઃ-"લતિફા! જો કે મ્હેં તને એક ક્રીતદાસી ગુલામડી તરીકે ખરીદી છે, છતાં તને આજે દાસીપણાથી મુક્ત કરૂં છું અને સંપૂર્ણ સ્વાધિનતા આપું છું. તું આ નવનિર્મિત મહેલની મહારાણી બની મ્હારા દિલની અધિશ્વરી બન. હવેથી તારી સેવા ઉઠાવવા માટે સેંકડો દાસદાસીઓ હાજર છે. આ રાજ્યની ખરી માલિકા તું જ છે. કારણ કે તારાં સૌન્દર્યે મ્હને દીવાનો બનાવી દીધો છે. તેં ગુલામ થવા કરતાં મ્હને જ ગુલામ બનાવી દીધો છે. આજથી હું તારો જ દાસ થયો છું."

સુલતાનનાં આવાં મર્મભેદી વચનોથી હું લોભાઈ

નહિં. મ્હને નિરૂત્તર રહેલી જોઈ તે બોલ્યોઃ—"લતિફા! મ્હેં અનેક સુન્દરીઓ જોઇ છે. મ્હારાં જનાનખાનામાં પરીઓને પણ લજાવે એવી સેંકડો સ્ત્રીઓ છે, પણ તે બધીઓનું સૌન્દર્ય તારા પગ આગળ પાણી ભરે એવું છે. તારી સુકોમળ લાવણ્યમયી દૃષ્ટિએ એક જ નજરની અંદર મ્હને ઘાયલ કરી દીધો છે—તને જોતાં જ મારા પ્રાણ મ્હેં તારા ચરણકમળમાં સમર્પણ કરી દીધા છે. મ્હારા શરીરમાં ઇશ્કની આગ સળગી રહી છે. અને તે આગ તારા સિવાય શાન્ત કરી શકે એવું આ દુનિયામાં બીજું કોઈ નથી. ઇશ્કની આગ પ્રિયતમાના પ્રેમભર્યાં નયનોની મીઠી નજર સિવાય કદિ પણ શાંત થતી નથી-તે આગ એવી છે કે જેની અંદર આખું જગત્ બળીને ભસ્મ થઇ જાય તો પણ આશકના દિલની આગ માશુકના પ્રેમવારી વગર શાંત થતી નથી. કારણ કેઃ—

આતીશે ઇશ્ક વો હય જીસમે સમન્દર જલ જાએ,
એક શરર જાએ જો પથ્થરમેં તો પથ્થર જલ જાએ—આ૦
પરે પરવાનાં હય કયા શમેરૂખે જાનાપર,
ગર ફરિશ્તા ભી કોઇ આએ તો શેહપર જલ જાએ—આ૦
તન બદન ફુંક દીયા હય તપે ફુરકતને મેરા,
કયા અજબ હય જો મેરે જીસ્મસે બિસ્તર જલ જાએ—આ૦

માટે હે શ્રેષ્ઠા લતિફા! જગત્ વિખ્યાત મિસર દેશનો સુલતાન આજે તારા પ્રેમનો ભીખારી થઇ તારા પ્રેમની યાચના કરે છે. કહે, કહે, તું મ્હારા દિલની દેવી, મ્હારા રાજ્યની અધિષ્ઠાત્રી થશે કે નહિ?"

વ્હાલા અનવર! મિસરાધિપતિનાં ઉપરોકત વચનો સાંભળી હું મંત્રમુગ્ધ બની ગઇ, કારણ કે, સ્ત્રીઓની આગળ લક્ષ્મી, વૈભવ અને સત્તા ધરવામાં આવે તો સ્ત્રી ગમે તેવા પુરૂષની પણ તાબેદારી ઉઠાવવાને પાછી પાની કરતી નથી. સુલતાન દેખાવમાં સુસ્વરૂપ હતો. તેના હુકમના એક ઈસારામાં મનુષ્યનું જીવન અને મૃત્યુ લટકેલું હતું; પરંતુ તેની સાથેના ક્ષણુવારના વાર્તાલાપથી હું સમજી શકી કે, મ્હારૂં સૌન્દર્ય જોઇને તે દીવાનો થઇ ગયો હતો અને મ્હને તે એક વિલાસિની દાસી રૂપે પોતાના મહેલમાં રાખવા માગતો હતો."

મ્હેં વિચાર્યું કે, જો હું અત્યારે સુલતાનને મ્હારા મનની ખરી હકીકત જણાવી દઇશ તો તેના પંજામાંથી છુટવું મુશ્કિલ થઇ પડશે એટલે તેને મ્હારા બનાવટી પ્રેમપાશમાં અટકાવી ન્હાસી છુટવાનો માર્ગ શોધવાનો હું પ્રયત્ન કરવા લાગી. તે દિવસથી કૃત્રિમ પ્યારથી સ્નેહભરી દૃષ્ટિએ હું તેના તરફ જોવા લાગી અને તેના તરફ કપટયુક્ત સહાનુભૂતિ દર્શાવવા લાગી.

હું સુખમાં અને સ્વચ્છંદે રહી શકું એટલા માટે મ્હારી સગવડ રાખવામાં સુલતાને કશી પણ ત્રુટી રાખી નહોતી. દિવસમાં એક વખત ખુદ તે પોતે આવી મ્હારી ખબર લઇ જતો હતો. તે જેટલો વખત મ્હારી પાસે રહેતો તેટલો વખત હું તેની સાથે હસતે મુખે વાત કરતી હતી.

સુલતાનના જનાનખાનામાં મ્હારો સિતારો ચ્હડતો

જોઇ મ્હારી અગાઉની સુલતાનની પ્રેમપાત્ર સુન્દરીઓ ઇર્ષ્યાની જ્વાળાથી બળવા લાગી અને તેઓ મ્હને શત્રુ તરીકે માનવા લાગી. કારણ કે, મ્હને જોયા પછી સુલતાનના દિલમાં તેઓ તરફની મમતા ઓછી થઈ ગઇ હતી. સુલતાને પોતાની બધી બેગમોને મ્હારી આજ્ઞામાં રહેવાનો હુકમ ફરમાવ્યો હતો તેથી તેઓ યુકિતપ્રયુક્તિથી મ્હને સુલતાનની નજરમાં હલકી પાડવા પ્રયત્નો કરતી હતી.

એક દિવસ મ્હારા ખાનગી ઓરડામાં પલંગપર પડી અર્ધશાયિત સ્થિતિમાં આંખો મીચી હું મ્હારા ભવિષ્યનો વિચાર કરતી હતી, એટલામાં સુલતાનની સ્વારી ત્યાં આવી પહોંચી. સુલતાનને મ્હારી સમક્ષ ઉભેલો જોઈ હું અજાયબ થઇ અને શય્યામાંથી ઉઠી કુર્નિસ બજાવી તેની સામે ઉભી રહી.

સુલતાને મ્હારો હાથ પકડયો અને પલંગપર પોતાની પાસે બેસારતાં મ્હને પૂછયું: "લતિફા! તબિયત કેમ છે?"

મ્હેં સહજ હસીને જવાબ આપ્યો:—"જહાંપના! આપની કૃપાથી મ્હને કોઇ જાતનું દુઃખ નથી. ખુદા આપનું કલ્યાણ કરો."

સુલતાને પુનઃ મ્હારા બન્ને હાથો પકડી મૃદુતાથી દબાવી પૂછયું:-"લતિફા! આમ કેટલા દિવસ સૂધી મ્હને રિબાવીશ? મ્હારૂં સર્વસ્વ મ્હેં તને સમર્પણ કરી દીધું છે. આવી સુન્દર મધુર વસન્તમાં શું તું મ્હારાપર પ્રસન્ન નહિ થાય? રળિયામણી વિશાળ ઐશ્વર્ય-

પરિપૂર્ણ સ્વર્ણભૂમિ મિસરનો હું અધિષ્ઠાતા છું. દૂર દૂરના દેશોની અનેક સુંદરીઓ મ્હારા જનાનખાનામાં છે, તેમાંથી એકના પર પણ મ્હારૂં દિલ ચોંટતું નથી! લતિફા! તને જો કે એક બાંદી તરીકે મ્હેં ખરીદી છે, તો પણ તને મ્હેં સંપૂર્ણ સ્વાધિનતા આપી છે. તને એક રાજરાણી માફક રાખી છે. હું જો ઈચ્છા કરૂં તો એક પળની અંદર તને મ્હારી ઇચ્છાને આધીન કરી દઉં; પરંતુ મ્હારી એવી ઈચ્છા નથી. જે દિવસે સ્વેચ્છાથી આત્મસમર્પણ કરી તું મ્હારા કંઠે વળગશે, તે જ દિવસથી હું તને મ્હારી સુલતાના બનાવીશ અને રાજરાજેશ્વરી તરીકે, મ્હારી સલ્તનતની અધિશ્વરી બનાવીશ."

એક પ્રબળ પરાક્રાન્ત સુલતાનના મુખથી આવાં સૌજન્યપૂર્ણ વચનો સાંભળી હું બહુ વિસ્મિત થઇ. તેની આવી સહૃદયતાને લીધે મ્હારા કોમળ અંતઃકરણમાં અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. મ્હેં વિચાર્યું કે, નિત્ય વિશ્વાસયુક્ત નૂતન સહચરીઓની સોબતની લાલસાવાળા સુલતાનના દિલમાં કાંઇક ખરા પ્રેમનો ઉદ્ભવ થવા માંડયો છે! જોકે તે સુંદર છે, તો પણ તે અસંખ્ય વિલાસિની સુંદરીઓનો નાયક છે અને જ્યાં સૂધી મારૂં સૌન્દર્ય રહેશે, ત્યાં સૂધી મ્હારૂં સૌભાગ્ય પણ રહેશે. સૌન્દર્ય જતાં જ વનમાં સુકાઇ ખરી પડેલાં પુષ્પ પ્રમાણે બીજી સ્રીઓની માફક હું પણ પગ તળે ચોળાઇ જઇશ. આમ વિચાર કરી બે હાથ જોડી મ્હેં સુલતાનને કહ્યું:-'જહાંપના! આપ મ્હારા જીવન-મરણના માલિક છો. આપની

૮

'અપૂર્વ' શિષ્ટતામય વાતનો પ્રત્યુત્તર આપવો એ મ્હારા જેવી બાંદીના અધિકાર બહારની વાત છે. ખુદાવંદ! મ્હારા જેવી યઃકશ્ચિત્ રમણી તરફ આપ જે મહેરબાની દર્શાવો છો, તેથી હું સમજું છું કે, આપના જનાનખાનામાં મ્હારા જેવી ભાગ્યશાળી બીજી કોઇ રમણી હશે નહિ. આપના દિલનો પ્રસ્તાવ સાંભળી મ્હારા દિલમાં નૂતન આશાનાં કિરણોએ પ્રકાશ પાડવા માંડયો છે. આપના જેવા સર્વગુણસંપન્ન પરાક્રમી સુલતાનની બેગમ થવામાં હું મ્હને પોતાને ઘણી અહોભાગ્ય માનું છું. છતાં હાલમાં આપના દિલને સંતોષ આપી શકતી નથી, માટે માફ કરશો. મ્હારાં માતાપિતાનું થોડા વખત પહેલાં જ મૃત્યુ થયું છે. તેમના શોકથી હું હમેશ દિલગીર રહ્યા કરૂં છું. ત્યાર પછી હું લુંટારાઓના હાથમાં પડી અને ત્યાંથી ક્રીતદાસી તરીકે આપના અંતઃપુરમાં આવી. આમ જીંદગીની હાડમારીથી હું કંટાળી ગઇ છું, છતાં તમારો પ્રેમ જોઈ કાંઇક સંતોષ પકડું છું. આપને દુઃખ ન થાય–આપ આ બાંદી તરફ અપ્રસન્ન ન થાઓ એટલા માટે મ્હારા દિલના વિષણ્ણ ભાવને દબાવી હું પ્રફુલ્લભાવ ધારણ કરૂં છું. માટે આપ મ્હને એક માસની મહેતલ આપો. એટલા વખતમાં મ્હારૂં ચિત્ત સ્વાભાવિક સ્થિતિમાં આવી જશે અને સ્વખુશીથી હું આપની સેવામાં હાજર થઇશ."

સુલતાન અત્યાર સૂધી એકી નજરે મ્હારાં મુખ સામું જોઇ મ્હારી વાત સાંભળતો હતો. ત્યાર પછી કાંઇક

વિચાર કરી મ્હારા જમણા હસ્તને ચુમ્બન કરી બોલ્યોઃ– "લતિફા તારી ઇચ્છા એ મ્હારી ઇચ્છા. તારા દિલને હું દુભવવા માગતો નથી. તારી માગણી હું કબૂલ કરૂં છું. કારણ કે, તને જોઇને મ્હારા પ્રાણમાં વિદ્યુત્ સંચાર થતો હોય એમ મ્હને જણાય છે. તારા સ્પર્શથી મ્હારા પ્રાણમાં વિણાના ઝણકાર વાગી ઉઠે છે. અહા! કેવી તૃપ્તિ! કેવો અપાર્થિવ આનંદ! લતિફા, તારી સોબતથી મ્હને જે સુખ થાય છે તેનું હું શું વર્ણન કરૂં? બસ એટલું જ કે, તારી 'હા' યા 'ના' ઉપર મ્હારૂં જીવન લટકેલું છે!"

આ પ્રમાણે વાતચિત થયા પછી સુલતાન પોતાના મહેલમાં ચાલ્યો ગયો. મ્હેં વિચાર્યું કે, એક માસની મુદત માગવામાં મ્હેં ડહાપણનું કામ કર્યું છે. કારણ કે, તેટલો વખત મ્હારા નારી સન્માનનું હું રક્ષણ કરી શકીશ અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો કોઈ ઉપાય પણ શોધી ક્હાડી શકીશ.

પ્રવૃત્તિનો દાસ, ઉચ્છૃંખલચરિત્ર, અસંખ્ય રમણીનાયક અસંયતચિત્ત સુલતાનની પ્રેમપાત્રી રૂપે આ રત્નમંડિત રાજમહેલમાં રહેવા કરતાં, પર્ણકુટીમાં અવસ્થાહીન કોઇ ભદ્ર પુરૂષની વિવાહિત પત્ની થઇ રહેવાનું હું વિશેષ પસંદ કરતી હતી અને તેવી જ રીતનું ઉજ્જવળ સ્વપ્ન મ્હારા હૃદયમાં હજી સૂધી દૃઢ ભાવથી ધારણ કરી રહી હતી.

વ્હાલા અનવર! આવી રીતે સ્વપ્નસૃષ્ટિની આફ્રૂકં

દિવસો ગુજારતાં એક દિવસે તમારી અને મ્હારી નજરો એક થઇ. મ્હારા દિલની દૃઢતા કાંઇક શિથિલ થઇ. તમારૂં વર્તન જોઇ પ્રેમને માટે તમે પ્રાણ પણ સમર્પણ કરવા તૈયાર થયા છો એ જોઈ હું આકર્ષાઇ. ચોકીદારોના હાથમાં સપડાઇ-અપમાનિત થઇ-જીવ ખોવાની ધાસ્તી હોવા છતાં તમે પ્રતિ દિવસ મ્હારા માટે ઉપેક્ષિત થઇ આ ઝરૂખા નીચે આવતા હતા તે ઉપરથી હું સમજી કે, તમે પ્રેમના ખરેખરા ઉપાસક છો. મૃત્યુનો તમને બિલકુલ ભય નથી. ખરેખર, નિસ્વાર્થ ભાવથી જે ચ્હાય છે, તેને મૃત્યુનો ભય હોતો નથી એ પાઠ હું તમારી પાસેથી શીખી. સ્વાર્થકલંકશૂન્ય પ્રેમી અને પ્રેમને માટે જ જેના પ્રાણ છે એવા નરવીર ઉપર કઇ સુંદરી પોતાના પ્રાણ ન્યોછાવર કરી ન દે! એવા પુરુષશ્રેષ્ઠ ઉપર સ્વાભાવિક રીતે જ રમણીઓ સહાનુભૂતિની નજરથી જુએ છે અને પોતાના પ્રાણ સમર્પે છે. જાનો જીગર! એટલા માટે જ મ્હેં તમોને આવા વિપદજનક ઉપાયથી પણ જનાનખાનામાં આણ્યા છે; પરંતુ આ પ્રમાણે હમેશ આવવા જવામાં લાભ નથી. કારણ કે, આ મહેલની દરેક બાંદી મ્હારી મિત્રરૂપે શત્રુ છે."

ખુદાવંદ! આ પ્રમાણે લતિફા પોતાના જીવનની અદ્ભુત કહાણી કહી ગઇ. ત્યાર પછી મ્હેં વિચાર કર્યો કે, લતિફા અને હું ઉભય ભાગ્યચક્રના ફેરામાં સપડાઇ કોઇ અદૃષ્ટ કારણથી આકર્ષાઈ એક બીજાની સમીપ આવી પહોંચ્યાં હતાં.

પ્રભાત થવા આવ્યો હતો અને થોડા વખતમાં જ પૂર્વમાં અરૂણુરાજ પધારી સર્વ જગતને સુવર્ણમય બનાવી મૂકશે એમ ધારી લતિફા બોલી:—"પ્રિયતમ! જે પ્રમાણે તમે મને જોવાને ઉત્સુક થઇ રહ્યા હતા, તે પ્રમાણે હું પણ ઉત્સુક થઇ રહી હતી. આજે આપણે મળ્યાં અને એક બીજાનાં દિલ ખુલ્લાં થયાં, પણ આમ વધારે વખત સંયોગ સુખ ભોગવવામાં લાભ નથી. થોડા વખતમાં જ સુલતાન પ્રાતઃભ્રમણ માટે બગીચામાં આવશે માટે આપ હવે સીધાવો. વળી આવતી કાલે આવશો નહિ. પરમ દિવસે મધ્ય રાત્રિએ તમે બીજી વાર આ જનાનખાનાની નીચે આવી ઉભા રહેશો એટલે તમને હું ઉપર લઇ લઇશ."

હવે હું વધારે વખત ત્યાં ખોટી થયો નહિ. લતિફા સીડી સુધી પહોંચાડવા આવી અને સીડીપરથી ગુલાબી ગુલરૂખસારપર ચુંબન આપી પોતાના ઓરડામાં ચાલી ગઇ. દોરની સીડીથી ઉતરી હું બગીચામાં થઇ રાજમહેલની બહાર નીકળ્યો. રસ્તામાં મ્હને કોઇ જાતની હરકત નડી નહિ.

પ્રભાતની સમીરચુમ્બિત સરિતાની શિતળ લહરીએ લલાટ ઉપર શ્રમથી ઉત્પન્ન થયેલા ધર્મ બિન્દુનો લોપ કરી દીધો. બાલાર્ક કિરણની સુવર્ણ છટાથી સુનીલ નાઇલ નદીનાં નિર્મળ નીર સુવર્ણરંજીત થતાં જોઇ વિલંબ ન કરતાં હું ત્વરિત ગતિએ મ્હારે આવાસે પાછો ફર્યો.

પ્રકરણ ૯ મું.

ઘેર આવી સ્નાનાદિ કાર્યથી પરવારી હું મ્હારા ઓરડામાં દાખલ થયો. એક પ્યાલો કૉફી અને ખર્જુરની ચાર પાંચ પેશીઓ ખાઈ મ્હેં ક્ષુધાની નિવૃત્તિ કરી.

જમીનપર બિછાવેલા ગાલીચાપર પડી તકીએ અઢેલી ગત રાત્રિના બનાવ પર હું વિચાર કરવા લાગ્યો. ગઈ રાત્રિનો બનાવ એક વિચિત્ર સ્વપ્ન જેવો હતો! લતિફાની શોચનિય જીવનકહાણી સાંભળી તેના પર મને ખૂબ દયાભાવ ઉત્પન્ન થયો. તેની અનિન્ધસુન્દર રૂપજ્યોતિ મ્હારી રગોના પ્રત્યેક રક્તકણમાં મિશ્રિત થઇ ગઇ હતી. કોઇ રીતે પણ તેને ભૂલી શકાય એમ નહોતું.

ઉંચે-નીચે, આસપાસ સર્વ સ્થળે લતિફાની કરૂણામય મૂર્ત્તિ મ્હારી નજરે પડવા લાગી. રાત્રિના જાગરણથી મ્હારી આંખો ઘેરાવા લાગી અને હું ભર ઉંઘમાં પડયો. ત્યાં પણ તેણે મ્હારો પીછો છોડયો નહિ. સ્વપ્ન સુન્દરીએ સ્વપ્નમાં પણ પોતાનાં દર્શન કરાવવામાં બાકી રાખ્યું નહિ. ઝરૂખામાં ઉભી રહી અનિમિષ નેત્રે ઉભી ઉભી તે કાંઇક ગાતી હતી. બે ચાર અશ્રુબિન્દુઓ તેના ગુલાબી ગાલ પર ખરી પડયાં હતાં-કંપિત પણ મૃદુ સ્વરે તેના મુખમાંથી ગાન નીકળ્યા કરતું હતું:—

સવરીયાસે નયના લગાએ પચતાઇ,
લગાએ પચતાઇ-લગાએ પચતાઇ—સ૦

હએક સદ હએક જફાકાર સિતમગર અનવર,
દિલબરી તૂ કરે ઔર નામ હો મેરા દિલબર;
લૂટ લે જાએગા જાલીમ યેહ મુઝે ક્યાથી ખબર,
મય તુઝે તકતીથી તેરીથી મેરે દિલપે નજર,
દિલકો અબ પહેલુંમેં દેખા તો ઇધર હય ન ઉધર.

લાગી લાગી નજરીયા કટરીયા—સવ૰

આવ, આવ; વ્હાલા અનવર! તારા વગર એક ક્ષણ હું જીવી શકું એમ નથી. શું તને મ્હારી જરા પણ દયા આવતી નથી? આ સ્વર્ણ પિંજરમાંથી તું મને ક્યારે છુટી કરશે? વ્હાલા! મ્હારાપર જો તારો ખરો પ્રેમ હોય તો હમણુાંને હમણાં અહિં આવી મ્હને તારી ગોદમાં લે અને પ્રપંચી દગાબાજ હવસી દુનિયામાંથી દૂર લઇ જઇ સ્વર્ગીય રાજ્યમાં લઇ જા."

દિવસ અને રાત્રિ ચોવીશે કલાક લતિફા મ્હારા ધ્યાનની વસ્તુ થઇ પડી. જળમાં-સ્થળમાં સર્વત્ર હું તેની પ્રતિછાયા જોવા લાગ્યો. નિદ્રામાં, જાગૃતિમાં, આહારમાં, વિહારમાં લતિફાની ઝંખનામાં હું દિવસ ગુજારવા લાગ્યો. હાય! મ્હારી આવી દુર્મતિ કેમ થઈ? એને માટે હું આટલો બધો વ્યાકુળ કેમ થઈ ગયો? શું ભાગ્ય મને આવી રીતે છેતરવા માગે છે? હું કંઇ પણ જાણી શક્યો નહિ.

આશાની અમર દોરીએ લટકી સુખમય કલ્પનાઓ કરતાં મ્હેં આખો દિવસ ગુજારી દીધો. ગંભીર રાત્રિએ યથાસમયે કંપિત હૃદયે હું ઝરૂખાની દિવાલ આગળ

ઉપસ્થિત થયો. દોરની સીડી પહેલાંની માફક બારીએ લટકતી હતી અને તે ઉપરથી ખાત્રી થતી હતી કે, મ્હારી માફક લતિફા પણ મ્હને મળવાને વ્યાકુળ થઈ રહી હતી.

સીડી ઉપર ચ્હડી હું ઝરૂખામાં દાખલ થયો. તે સ્થળે એક બાજુ છુપાઇને તે ઉભી રહી હતી. મ્હને જોતાં જ અમૃતવેલીની માફક મ્હારા ગળે વિંટલાઈ જતાં લતિફા બોલી: "વ્હાલા અનવર! તમારી આશામાં ને આશામાં એક કલાકથી અહિં રાહ જોતી ઉભી છું. આજે સુલતાનની તબિયત સારી નથી એટલે તે અહિં આવનાર નથી. તેણે કહેવરાવી દીધું છે કે, આજે મ્હારી સાથે મેળાપ કરી શકશે નહિ. પ્રિયતમ! આવો, આજની રાત સો રાતની એક રાત છે!"

લતિફા મ્હારો હાથ પકડી પ્રથમના પેલા ઓરડામાં લઇ ગઇ. ઓરડો તુરતનાં ખીલેલાં અસંખ્ય પુષ્પોની વાસથી પરિપૂર્ણ સુગંધિત બની ગયો હતો. ચારે બાજુએ પુષ્પોની ગુંથેલી સેરો લટકી રહી હતી. હું લતિફા પાસે બેસતાં સહજ હસીને બોલ્યો:-પ્રિયતમે! ફૂલોનો આટલો બધો બહાર આજ કેમ ઝળકી રહ્યો છે?'

હસતે મ્હોડે પ્રત્યુત્તર આપતાં લતિફાએ કહ્યું:—"પ્રિય અનવર! તે દિવસે તમે એક ચોરની માફક ભયથી ભયભીત થઇ આ મહેલમાં આવ્યા હતા, એટલે તમારૂં સન્માન કરી શકી નહોતી. આજે ભયથી વિમુક્ત થઇ

પ્રણયદેવની પ્રિયપ્રસાદી કુસુમોથી તમારૂં સ્વાગત કરૂં છું."

લતિફાનો જમણો કર પકડી આગ્રહપૂર્વક તેનાપર ચુમ્બન કરી હું બોલ્યો:–'લતિફા! જે સ્પર્શનો હું અનુભવ કરૂં છું, તે શું તરતની ખીલેલી પુષ્પકલિકા કરતાં પણ સુકોમળ નથી? જે સુગંધિત આઘ્રાણની તૃપ્તિ હું હમણાં પામ્યો છું, તે શું તમારા યત્નથી તૈયાર થયેલી વિચિત્ર કુસુમમલિકાના કરતાં વિશેષ નથી? તમારા હસતા મધુરા મુખની મિષ્ટ કથા, સુનીલ નયનોની કરૂણાળુ દૃષ્ટિ મ્હારૂં ઉપર્યુક્ત સન્માન નથી કરતી?"

લતિફા:—'વાહ! વાહ! અનવર, મ્હારી આટલી બધી પ્રશંસાથી હું ગળી જઇશ એમ ધારશો નહિ. બધી વાતની થોડામાં મિઠાશ છે, એમ ખાત્રી રાખજો. વારૂ, ગઇ કાલે આખી રાત્રિ મેં વિચારમાં વિતાડી છે અને હું એક નક્કી ધોરણપર આવી છું. તમે શું મ્હારી વાતમાં સંમત થશો?"

મ્હેં પૂછ્યું:—"શી વાત છે?"

લતિફા:—"અનવર! તમે મને ચાહો છો એ હું સારી પેઠે જાણું છું. પરંતુ તે ચાહના રૂપથી, મોહથી, કે બીજા કોઇ પ્રલોભનથી છે, તેની મને ખબર પડતી નથી. કહો, સાચેસાચી વાત કરી મ્હારા દિલનો સંશય દૂર કરી દો."

મ્હેં કહ્યું:—"લતિફા! હું કેવી રીતે જણાવી શકું કે, મ્હારો પ્રેમ સ્વાર્થકલંકશૂન્ય છે! પ્રેમને માટે જ મ્હેં પ્રેમ કર્યો છે. આ વક્ષસ્થળ કોઇ તીક્ષ્ણ અસ્ત્રથી

ખોલીને દેખાડી શકાય તો હું દેખાડું કે, આ હૃદયમાં તમારા વિના બીજું કોઇ નથી. તેમ જ આ અભિશાપ-ગ્રસ્ત મરૂમય જીવનનું ધ્યાન-ધારણા અને મ્હારી આંખોનું એક માત્ર દુર્લભ રત્ન તમે જ છો."

લતિફા:—"તેમ હોય તો એક કામ કરો. સુલતાનના જનાનખાનામાં બેગમ થઇ રહેવા કરતાં એક ગરીબની દાસી થઈ જીંદગી વ્યતિત કરવાનું હું વિશેષ પસંદ કરૂં છું. સુવર્ણનિર્મિત સંગેમરમરના બાંધેલા હજારો દીવાઓથી જળહળતા ઓરડાઓ કરતાં અંધકારથી ઘેરાયેલી ગરીબની પર્ણકુટી મને બહુ સારી લાગે છે. કારણ કે ત્યાં જે સ્વતંત્રતા અને સુખ છે, તે અહિં નથી. અત્યાર સુધી મ્હારૂં સન્માન અને કૌમાર્ય વ્રત મેં ચતુરાઇથી જાળવી રાખેલ છે. તેની આખરી મુદત પણ પૂરી થવા આવી છે. સુલતાન પાસે મ્હેં એક મહિનાની મહેતલ માગી હતી, તે આવતી કાલે પૂરી થાય છે. માટે આવતી કાલે જો હું આ મહેલમાંથી સ્વતંત્ર નહિ થાઉં તો કબ્રમાં આરામ લેવા સિવાય મ્હને કોઈ રસ્તો નથી. વ્હાલા અનવર! આ સ્થિતિમાંથી છુટવા હું તમારી પાસે મદદ માગું છું. તમે મને સહાય કરશો?"

મ્હેં કહ્યું:—"લતિફા! તમે જે કહેશો તે કરવા—વધારે તો શું પણ તમારા શબ્દ ઉપર મ્હારો પ્રાણ પણ કુરબાન કરવા હું તૈયાર છું."

લતિફા:—"વાહ! આફ્રીન! જાનોજીગર, તમારા આવા શબ્દો સાંભળી મ્હારા હૃદયકમળની દરેક પાંખ-

ડીઓ પ્રફુલ્લિત થઇ કોઇ અનેરો આનંદ આપે છે. જુઓ, ગઇ આખી રાત્રિ મ્હેં વિચાર કરવામાં વિતાડી છે અને તે એ કે, તમે જો સુલતાનનું ખૂન કરી નાખો તો હું નિષ્કંટક બની નિર્ભય રીતે તમારી સાથે આવી શકું. કહો, આ કાર્ય તમારાથી થઇ શકશે?"

લતિફાના મ્હોડામાંથી આવા શબ્દો નીકળશે એવી મને ખાત્રી નહોતી. મ્હેં અજાયબ થઇ પૂછયું:—લતિફા, તમારા કોમળ હૃદયમાં આવી કઠોરતા સંભવે? શું આ તમારા મનની ખરેખરી વાત છે કે મ્હારી પરીક્ષા કરો છો?"

લતિફા:—"મનની વાત નહિ તો બીજું શું. તમારી પરીક્ષા મ્હેં પ્રથમ દિવસે જ કરી છે. જો આ કાર્ય તમે નહિ કરી શકો તો નારીસન્માન અને ધર્મની રક્ષા માટે મ્હારે સુલતાનના રક્તથી હાથ કલંકિત કરવા પડશે."

મ્હેં કહ્યું:—"શું, તમે પોતે સુલતાનનું ખન કરશો? સ્ત્રીજાતિ થઇ આવું દયાહીન અઘોર કર્મ કરશો? નહિ. તમોને આ કાર્ય કરવા દઇશ નહિ. તમારી રક્ષા માટે તમારા ઉદ્ધાર માટે તમે જે કહેશો તે કરવા હું તૈયાર છું."

"સાબાશ, પ્રિયતમ! આશક હો તો તમારા જેવા જ હો." એટલું કહી લતિફા મ્હારી પાસેથી ઉઠી એક કબાટ ઉઘાડી મખમલના મિયાનવાળો છરો લઇ આવી. મિયાનમાંથી છરો બહાર કહાડતાં જ દીવાના પ્રકાશથી તે ચકચકી ઉઠયો. લતિફા મ્હારા હાથમાં છરો આપતાં

બોલી:-"અનવર! આ લ્યો અને મ્હારી સાથે ચાલો. સુલતાન પાસેના શયનભવનમાં નિદ્રા લે છે એ હું તમને દેખાડું."

તેની સાથે ચાલતાં મ્હારા દિલમાં અનેક વિચાર ઉત્પન્ન થવા લાગ્યા. આ કુસુમકોમલા નારી આવી રક્ત-પિપાસિની કેમ થઇ? એના પ્રાણુમાંથી દયાનો લોપ કેમ થઇ ગયો? વગેરે અનેક પ્રશ્નો ઉત્પન્ન થવા લાગ્યા. મને વિચારમાં પડેલો જોઇ લતિફા બોલી:-"અનવર! તમારૂં મુખ કેમ સૂકાઇ ગયું છે? શું આ કાર્ય કરવામાં તમારૂં દિલ ધડકે છે? તમારા હાથ કંપતા દેખાય છે. તમારાથી આ કાર્ય થઇ શકતું નથી તો શા માટે અગ્રેસર થયા? ખરેખર, તમે બાયલા જણાઓ છો. હવે હું સમજી શકું છું કે તમે મ્હારૂં ભલું ઇચ્છતા નથી. આ નર્કદ્વારમાંથી મ્હારો ઉદ્ધાર કરવાની તમારી હિમ્મત ચાલતી નથી તમારામાં આત્મત્યાગની શક્તિ નથી-સાહસ નથી. અફસોસ! હું છેતરાઇ!"

લતિફાના તિરસ્કારયુક્ત શબ્દો સાંભળી-એક સ્ત્રીના કરતાં પણ મ્હને વિશેષ નાહિમ્મત જોઇ હું શરમાયો. પુનઃ હિમ્મત એકઠી કરી હું બોલ્યોઃ "લતિફા! મ્હારા દિલનો ભાવ એક ખુદા જાણે છે. સુલતાનના પંજામાંથી તમને છોડાવવા હું કેટલો ઉત્સુક છું તે તો મ્હારો અંતરાત્મા જ જાણે છે. લાવો, તીક્ષ્ણ ધારવાળો છરો મ્હારા હાથમાં આપો અને સુલતાન ક્યાં છે તે મ્હને બતાવો."

લતિફા બારણું ઉઘાડી મ્હારી આગળ ચાલવા

લાગી. હું તેની પછવાડે મંત્રમુગ્ધવત્ ચાલવા લાગ્યો. થોડે દૂર જઈ મ્હારો જમણો હાથ દબાવતાં તે બોલી:– "અનવર! જુઓ પેલું શયનભવન. ત્યાં પલંગની અંદર સુલતાન પોઢેલો છે. મ્હારા ઉદ્ધારને માટે સુલતાનને મારી નાખી અહિંથી પલાયન કરી જવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. માટે છરો ખૂબ મજબુતીથી પકડો. બિલ્કુલ કંપશો નહિ. ભય પામી જો બુમ પાડશો તો તમારૂં અને મ્હારૂં બન્નેનું સત્યાનાશ વળી જશે. સુલતાન જાગી ઉઠશે તો આપણુ બન્નેને ગરદન માર્યા વિના રહેશે નહિ."

એક વિકારગ્રસ્ત રોગીની માફક લતિફાનો ભયંકર હુકમ પાળવા હું સુલતાનના શયનભવન તરફ ચાલ્યો. ઓરડાના બારણામાં પગ મૂકું છું એટલામાં ત્વરિત ગતિએ લતિફા દોડતી આવી અને મ્હારો હાથ પકડી ઓરડા ભણી ખેંચી ગઈ.

લતિફા–માયાવિની લતિફા–મ્હારા મુખ સામે જોઈ મંદ મંદ હસવા લાગી. થોડીક વાર પહેલાં જે આ મહા પ્રતાપશાળી સુલતાનનો નાશ કરવા મને ઉત્તેજીત કરતી હતી, ન્હાસી છૂટવાની વાસનાથી ચણ્ડિકાનું રૂપ ધારણ કરી મ્હને ખુન કરવા ઉશ્કેરતી હતી, તેની મુખમુદ્રામાં અચાનક ફેરફાર થયેલો જોઈ હું દિંગ્મૂઢ બની ગયો.

મ્હારા મનની વિપ્લવમય અવસ્થા સમજી લતિફા બોલી:–"પ્રિયકર! આજે મ્હને પક્કી ખાત્રી થઈ કે, એક યોગ્ય જનને મ્હેં મ્હારા પ્રાણનું સમર્પણ કર્યું છે. અન-

વર, સુલતાન આ મહેલમાં નથી અને કદાચિત્ જો આવે તો પણ હત્યા કરવી એ દુઃસાધ્ય વાત છે. કારણ કે, તેમ કરવામાં તેના અનેક અંગરક્ષકોની દૃષ્ટિ ચુકાવવી જોઇએ. વ્હાલા, મ્હને માફ કરો. તમે મને કેટલા ચાહો છો–મ્હારા માટે કેટલું આત્મસમર્પણ કરી શકો છો, એ જાણવા માટે તમારી પરીક્ષા માટે જ મ્હેં આ અદ્ભુત પ્રયોગ અજમાવી જોયો છે. ખરેખર, મ્હેં તમને બહુ દુઃખ દીધું છે તેને માટે હું ક્ષમા યાચું છું ”

આટલું કહી વાસંતીલતિકાની માફક વિચિત્ર શોભામયી લતિફાસુંદરી પ્રેમાવેશમાં આવી મ્હારે કંઠે વળગી પડી. એના આલીંગનથી મ્હારૂં સર્વ શરીર કંપી ઉઠયું. મર્મસંધિમાં વિદ્યુત્સ્રોત વહેવા લાગ્યો. આનંદભાવથી તેના અધરોષ્ઠ પર એક ચુમ્બન કરતાં હું બોલ્યો:–“લતિફા! આ પ્રમાણે પ્રેમાલિંગનથી ચિરબદ્ધ રહેવા હું ઇચ્છું છું. એક ક્ષણનો પણ વિયોગ મ્હારે માટે હવે દુષ્કર થઇ પડે છે.”

મ્હારી આંગળીએ જે અમૂલ્ય વીંટી મ્હેં પહેરી હતી તે કહાડી મ્હેં લતિફાની ચમ્પકકલિકા જેવી સુકોમળ આંગળીએ પહેરાવી દીધી. હીરક નંગનું ઉજ્વળ તેજ જોઇ લતિફા મૃદુહાસ્ય કરતાં બોલી:–“ અનવર! આજે હું તમને જલ્દી વિદાય કરીશ. ઘેર જઇ તમે મ્હારી મુક્તિના ઉપાયની વ્યવસ્થા કરજો. નદીની અંદર એક ભાડાની નૌકા તૈયાર રાખજો. અને ઇસારત કરશો એટલે દોરની સીડીથી હું તરત ઉતરી આવીશ.”

લતિફાની વાત સાંભળી હું મનમાં કલ્પનાતિત આનંદથી સુખાનુભવની કલ્પના કરવા લાગ્યો. આશાની ઉમેદમાં ઉદ્દભ્રાન્ત ચિત્તે હું વિચારવા લાગ્યો કે, આજે નહિ તો કાલે સુન્દરી લતિફા મ્હારી પોતાની થશે અને ઉભય દુનિયાનાં એકાંત સ્થળમાં રહી સ્વર્ગીય જીવન ગુજારીશું. મ્હારા પ્રાણનો પ્રાણ–લતિફા મ્હારી પોતાની થશે અને દુર્ભાગ્યપીડિત અદૃષ્ટાકાશ ચિર દિનને માટે સુખમય બની જશે એવું હું સ્વપ્ન જોવા લાગ્યો.

પરંતુ હાય! મનુષ્ય ધારે છે કે કંઇ અને ઇશ્વર કરે છે કંઇ. મનુષ્યો જીવનની અંદર અનેક સુખની કલ્પનાઓ કરે છે, છતાં તેની દરેક આશાઓ ક્યારે ફળિભૂત થાય છે? પવિત્ર પ્રેમને ચિરદિનને માટે અભિશાપ લાગેલો છે. આવો હું વિચાર કરૂં છું એટલામાં એક બીજી જ પળે એક એવો બનાવ બન્યો કે જેથી મ્હારૂં બધું મનોરાજ્ય ચૂર્ણવિચૂર્ણ થઇ ગયું.

લતિફા અને હું આલિંગનબદ્ધ થઇ સ્વર્ગીય આનન્દ ભોગવતાં હતાં એટલામાં અમારા ઓરડાનું બારણું ઠોકાયું અને "લતિફા! હું આવ્યો છું. બારણું ઉઘાડ." એવા શબ્દો અમારા સાંભળવામાં આવ્યા.

ઉપરોક્ત શબ્દો સાંભળી ભયચકિત બની મ્હારા આલિંગન પાશથી મુક્ત બની ભયભિત હરણીની માફક લતિફા વિકટ દૃષ્ટિએ મ્હારા તરફ જોઇ રહી અને બોલી:– "અનવર! સત્યાનાશ. હવે આપણા બન્નેનું આવી બન્યું. મુલતાન! અહિં મુલતાન આવી પહોંચ્યો છે?"

પ્રકરણ ૧૦ મું.

"સુલતાન" શબ્દનો અવાજ મ્હારા કાનને વજના જેવો કઠોર લાગ્યો. હું ભયથી થરથર ધ્રૂજવા લાગ્યો.

લતિફા મ્હારી સામું જોઇ લથડતા અવાજે બોલી:—"અનવર! આપણા બન્નેનું આવી બન્યું. ખુદ સુલતાન બારણા પાસે આવીને ઉભો છે. હાય! તમોને કેવી રીતે બચાવું? હું પણ કેવી રીતે બચું? કોઇ ઉપાય સૂઝતો નથી. જાઓ. તમે આ પરદાની પાછળ છુપાઇ જાઓ. સુલતાન આવ્યા પછી જેવાં તમારાં અને મ્હ રાં કિસ્મત!"

એટલું કહી તેણે પરદો સરકાવી લીધો અને તેની પાછળ હું ગુપચુપ છુપાઈને ઉભો રહ્યો. આ વખતે મ્હારૂં આખું શરીર પસીનાથી ભીંજાઇને તરબોળ થઇ ગયું હતું. પવન ખાવા માટે હાથ હલાવવાને પણ આ વખતે રજા નહોતી. કારણ કે, જરાક નિશાની જણાતાં પકડાઇ જવાનો ભય હતો

લતિફાએ ઓરડાનું બારણું ઉઘાડયું અને ચાર જઙ્ગીઇ ભીમકાય ખોજાઓ ખુલ્લી તલવારે ઓરડાની અંદર દાખલ થયા. તેની પછવાડે સુલતાન દાખલ થયો. અને આખરે સુલતાનના જમણા હાથ તરીકે ગણાતા કેરોના શાસનકર્તા સમશેરજંગે પ્રવેશ કર્યો.

સુલતાન ઓરડામાં દાખલ થતાં જ લતિફા તેની પાસે ગઇ અને કુર્નિસ બજાવી દૂર ઉભી રહી.

સુલતાને તેના તરફ વક્રદ્રષ્ટિ ફેંકી અને કઠોર અવાજે

કહ્યું:–"અય દિલફરેલ મક્કાર ઔરત, આવો વિશ્વાસઘાત? તારા ઉપર વિશ્વાસ મૂકયો તેનો બદલો તેં આવો આપ્યો? કોની સાથે તું અત્યાર સૂધી ખુલ્લાં દિલે વાત કરતી હતી? કયાં છે તારો છુપાયેલો આશક? ચાલ, હમણાં ને હમણાં તેને મ્હારી નજર સામે ખડો કરી દે."

લતિફા હિમ્મત રાખી સહજ સ્મિત કરી બોલી:–"જહાંપના! આજે આપ આટલા બધા નારાજ કેમ થઇ ગયા છો? મ્હારો આટલો બધો અવિશ્વાસ?" એટલું કહી આંખમાં આંસુ લાવી તે સુલતાનના ચરણમાં લોટી પડી.

સુલતાન તેનાં આજીજીભરેલાં વચનોથી લોભાયો નહિ. તેનાં શરીરને એક લાત મારી ઘણા જ કર્કશ સ્વરે તે બોલ્યો:–"દગાબાજ ઔરત! એક ગુન્હો કરી તે છુપાવવા પુનઃ બીજો ગુન્હો કરે છે? શું તું મને યઃકશ્ચિત માણુસ ગણે છે? કેરોના સુલતાનને હથેલીમાં રમાડવા માગે છે? કેમ ખરૂં કે નહિ? ચલાવ, જલ્દી કર. ક્યાં છે તારો પ્રિયકર, જલ્દી બતાવ. તેના રાઇ રાઈ જેટલા ટુકડા તારી નજર સમક્ષ કરી બતાવું છું. સુલતાનના જનાનખાનાને અપવિત્ર કરનાર માણસની કેવી દશા થાય છે, તેનો આબેહુબ ચિતાર તને હમણાં જ બતાવું છું."

એટલું કહી તેણે ચારે ખોજાઓને ઓરડો તપાસવાનો હુકમ કર્યો. મ્હારી શોધમાં તેઓ ખૂણે-ખોચરે

૯

દરેક સ્થળે ફરી વળ્યા. એક જણે મ્હને પડદાની પાછળથી શોધી કહાડયો અને બળાત્કારથી તાણી દોર્દન્ડ-પ્રતાપ મિસરાધિપતિની રૂબરૂ ખડો કર્યો.

સુલતાને ત્યાર પછી તેના વિશ્વાસુ–નજીક બેઠેલા શાસનકર્ત્તા સમશેરજંગ તરફ પોતાની દૃષ્ટિ ફેરવી અને સહજ કરડાઇથી તેને ઠપકો આપતાં કહ્યું:–" કેમ સમશેરજંગ! આ મહાન્ નગરીના શાસનકર્તા તમે પોતે છો! તમો તો બહુ બાહોશ જણાઓ છો! તમારી બાહોશીનો નમૂનો આજે તમારી સમક્ષ ખડો થયો છે. જે સુલતાનના જનાનખાનામાં એક પક્ષીને પણ પેસવાનો સંભવ નથી, ત્યાં આવા નરાધમો કુત્સિત પ્રેમનો વેપાર ચલાવી રહ્યા છે! આ હતભાગ્ય લંપટ ચોરની માફક મારા જનાનખાનામાં દાખલ થયો, છતાં તેની તમને ખબર પડી નહિ? શરમ છે. શું તમે આવો જ શહેરનો બંદોબસ્ત રાખો છો?"

સુલતાનના કટાક્ષયુક્ત વચનો સાંભળી સમશેરજંગ વાઘની માફક ખૂની દૃષ્ટિએ મ્હારી તરફ જોઈ રહ્યો. તેણે મ્હારા તરફ એક એવો રોષપૂર્ણ કટાક્ષ ફેંકયો કે જેથી હું કંપી ઉઠયો.

ત્યાર પછી સુલતાન મ્હારી સામે જોઈ બોલ્યો:–" બોલ, શયતાન! કોની સહાયતાથી તેં મ્હારા પવિત્ર જનાનખાનામા આવવાનું સાહસ કર્યું છે. કોની મદદથી તેં મ્હારા આવાસને કલંકિત કરવાની હામ ભીડી છે?"

સુલતાનનો પ્રશ્ન સાંભળી હું સહજ વિચારમાં પડી

ગયો. મ્હેં વિચાર્યું કે, આ વખતે ક્ષમા માગવાથી કાંઇ વળનાર નથી. એટલે ખુલ્લે દિલે મ્હેં મ્હારો એકરાર કરવાનો નિશ્ચય કર્યો. બે હાથ જોડી, ઘુંટણીએ પડી આર્જવભર્યા શબ્દોએ મ્હેં સુલતાનને કહ્યું –"હુજૂર! આ ગુન્હા માટે જો કોઈ ખરેખર ગુન્હેગાર હોય તો હું પોતેજ છું. લતિફા આ ગુન્હાથી તદ્દન નિર્દોષ છે. હું કબૂલ કરૂં છું કે ચોરની પેઠે આપના પવિત્ર અંતઃપુરમાં દાખલ થઇ મ્હેં તેને કલંકિત કર્યું છે. જહાંપના! તેટલા માટે હું આપની પાસે ક્ષમા માગતો નથી. ન્યાયની દૃષ્ટિએ ગુન્હેગારને સજા થવી જ જોઇએ અને તે પ્રમાણે મ્હારા કરેલાં કર્મના બદલા તરીકે આપ જે સજા કરશો તે આનંદથી સહેવાને આ સેવક તૈયાર છે."

મ્હારો એકરાર સાંભળી લતિફાથી ચુપ રહેવાયું નહિ. તે આગળ આવી સુલતાનને હાથ જોડી વિનંતિ કરતી બોલી:–"ખુદાવંદ! આ નૌજવાન મ્હારો દેહ બચાવવા માટે જૂઠી વાત કરે છે. મ્હારો અપરાધ તે પોતાના ઉપર ખેંચી લે છે. વસ્તુતઃ આ બનાવમાં હું જ દોષિત છું અને તેના પ્રમાણમાં આ વીંટી મૌજૂદ છે. વળી બીજું પ્રમાણ ઝરૂખાની બારીએ દોરની સીડી લટકે છે, તે છે. તેને અહિં લઇ આવનાર હું જ છું. માટે ખરા ગુન્હેગારને જ શિક્ષા થવી જોઇએ."

સુલતાને હુકમ કરતાં જ એક નોકર દોરની સીડી છોડીને લઈ આવ્યો. કારણ કે લતિફાની વિરૂદ્ધમાં એથી બીજી વધારે સાબેતી કોઇ નહોતી. ત્યાર પછી

સુલતાને મ્હને લતિફાની બાજુએ ઉભા રહેવા કહ્યું અને તે પ્રમાણે હું શંકિત હૃદયે તેની પાસે જઇને ઉભો રહ્યો. પછી તે કઠોર સ્વરે બોલ્યોઃ-"તમારા બન્નેનાં હૃદયનાં લાલ રક્તથી હમણાં જ આ ઓરડો રંગી દઉં છું. પાપીઓ, જે હૃદયનો વિનિમય કરી તમે સુખની પ્રત્યાશા રાખતા હતા, તે હમણાં જ તીક્ષ્ણ તલવારના ઝટકાથી દ્વિખંડ થઇ જશે. તમારા જીવનનો અંતકાળ પાસે આવ્યો છે, માટે મહિમામય દયાળુ ખુદાની આખરી બંદગી કરવી હોય તો કરી લ્યો.

આ પ્રમાણે બે ત્રણ પળ સર્વત્ર શાંતિ પ્રસરી રહી. કોઈ કાંઈ બોલ્યું નહિ. છેવટે મૌન ભંગ કરતાં લતિફાને ઉદ્દેશી સુલતાને કહેવા માંડયુંઃ-"બેવફા બદફેલ નાજનીન! એક ગુલામડીની માફક તને ખરીદી રાજરાજેશ્વરીના ઉચ્ચ સિંહાસન પર બેસાડી તેનો તેં આવો બદલો આપ્યો? તું આટલી બધી દગાખોર અને દુશ્ચરિતા હશે એવી જો મને પહેલેથી જ ખબર હોત તો તને બિલકુલ આશ્રય આપત નહિ. જેની સાથે તું પ્રેમમાં પડી છે, જેની સાથે હૃદયનો વિનિમય કરી તું વિશ્વાસઘાતિની બની છે, તે તારા નરાધમ પ્રિયતમને તારી નજર સમક્ષ જ હું હલાલ કરી નાખીશ. જેની સાથે મન મેળવી તું આનંદે સુખસંભોગ કરતી હતી, તેનું જ માથું મ્હારી તલવારની તીક્ષ્ણ ધારથી તરફડતું તારા જોવામાં આવશે. ત્યારે જ બેવફાઇનો બદલો કેવો હોય છે, તેનો તારા દિલમાં ખિયાલ આવશે."

એટલું કહી સુલતાને મિયાનમાંથી તલવાર બ્હાર ક્હાડી. તલવાર બત્તીના પ્રકાશ સાથે ચકમક કરી રહી. મ્હેં તે સમયે આંખો મીંચી દીધી. મૃત્યુને મ્હારી સન્મુખ ઉભેલું મ્હેં જોયું. મનમાં ને મનમાં ખુદાને યાદ કરતાં મસ્તક નીચું નમાવી જલ્લાદની તલવારનો ઘા સહન કરવા હું તૈયાર થયો.

છતાં મ્હારી મૃત્યુની ઘડીઓ હજી સૂધી ભરાઇ ન હોતી. એકાએક કેરોના શાસનકર્ત્તા–આપના વડિલ બન્ધુ સમશેરજંગે સુલતાનનો હાથ પકડયો અને વિનયથી નમ્ર વચને બોલ્યો:–"ખુદાવંદ! આ શયતાન અને શયતાનીના હૃદયના લોહીથી આપની પવિત્ર તલવાર કલંકિત થાય અને આપનો રંગમહેલ કલંકિત શોણિતમય બને તેવી મ્હારી ઇચ્છા નથી. શિરચ્છેદ કરવાથી કિંવા મારી નાખવાથી તેઓના મહા પાપનું પ્રાયશ્ચિત થશે નહિ."

"ત્યારે હવે શું કરવું?" સુલતાને પૂછયું.

સમશેરજંગે ઉત્તર આપ્યો:–"મ્હારો અભિપ્રાય એવો છે કે, તેઓ બન્નેને ઉંટના ચામડાના થેલાઓમાં પૂરી નાઇલ નદીમાં ફેંકી દેવાં. એમનો કલંકિત દેહ જળચરનો ભક્ષ થઈ પડશે. માટે પ્રભાત થયા પહેલાં આપની નજર સમક્ષ આ કામ થાય એવો હુકમ ફરમાવો."

સુલતાને સમશેરજંગની સલાહ માન્ય કરી. હુકમ થતાં જ ઉંટના ચામડાના બે થેલાઓ લઇ ખોજાઓ

હાજર થયા. અમને બન્નેને એક એક થેલામાં પૂરી દીધાં અને દોરડીથી થેલાનાં મ્હોં બાંધી દીધાં.

ત્યાર પછી મ્હને ઉદ્દેશીને સુલતાન બોલવા લાગ્યો:-"કમબખ્ત શયતાન! મ્હારી પ્રેમપાત્ર પ્રિયતમાને આવી રીતે કલંકિત કરી મ્હારા જનાનખાનામાં દાખલ થનાર હયવાનના કેવા હાલ થાય એ હું તને હમણાં બતાવું છું."

એટલું કહી વજ્રગંભીર સ્વરે ખોજાઓને હુકમ કરતાં તે બોલ્યો:-"ઉઠાવો, આ થેલાઓને અને પૂર્વ દિશાની અગાસીમાં લઇ જાઓ. તે અગાસી નીચે નાઇલ નદીનો પ્રવાહ પૂર જોશથી વહે છે. હું પણ ત્યાં હમણાં જ આવું છું."

ચોકીદારોએ અમારા બન્નેના થેલાઓ ઉંચકી અગાસીમાં લાવી મૂક્યા. સુલતાન અને તેનો મુખ્ય મંત્રી સમશેરજંગ અમારી પાસે આવી ઉભા. ત્યાર પછી થોડી વારે સુલતાને અમારા થેલાઓને જળમાં ફેંકી દેવાનો હુકમ કર્યો. અર્થાત્ સુલતાનની નિષ્ઠુર આજ્ઞાથી પ્રતિપાલિત થઇ. અમારા બન્ને જણના દેહ વિશાળ જળપ્રવાહમાં ડૂબકી ખાતા જળતરંગમાં તણાવા લાગ્યા.

પ્રકરણ ૧૧ મું.

નાઈલ નદીનો પ્રવાહ કયાં તાણી જાય છે, તેની અમોને ખબર પડી નહિ. ક્રમશઃ શ્વાસરોધની અવસ્થા ઉપસ્થિત થઈ. દુર્ભાગ્યે અમારી સોબત છોડી નહિ. જીવને હજી પણ અનેક કષ્ટ ભોગવવાનાં હશે એટલે મૃત્યુના કરાળ કોળીયામાંથી ઘટનાચક્રમાં પડી હું બચી ગયો.

ચામડાના થેલાઓમા પૂરી નદીમાં ફેંકી દીધા પછી મ્હારો થેલો તણાતો તણાતો બે પત્થરોની વચ્ચે જઈને અટકયો. મ્હેં થેલામાંથી બહાર નીકળવા ઘણા પ્રયત્નો કરવા માંડયા. સુભાગ્યે મ્હારા ખીસામાં એક ન્હાની છરી હતી તે યાદ આવી. છરી બહાર ક્હાડી થેલાને ચીરી નાખી હું બહાર નીકળ્યો અને લતિફાનો વિચાર કરતો પત્થરપર બેઠો.

મ્હારી આસપાસ સર્વત્ર ગાઢ અંધકાર વ્યાપી રહ્યો હતો. નદીના તરંગો મ્હારા પગ નીચેના પત્થરપર અફળાઇ શાંતિનો ભંગ કરતાં હતાં. હું દુઃખદ્ધ અંતઃકરણે વિચારવા લાગ્યો:—“અહા! કેવું વિપરીત પરિણામ! લતિફા! લતિફા! અત્યારે તું કયાં હશે? મ્હારે લીધે તને પણ જળવાસિની થવું પડયું! મ્હારાપર તારૂં દિલ લાગ્યું ન હોત તો અત્યારે રાજરાણી થઇ તું સુલતાનના રંગમહેલમાં મોજ માણત. તેને બદલે મ્હારા જેવા દીન હીન બદકિસ્મતના પ્રેમપાશમાં પડી તેં તારૂં જીવન પણ ખોયું! હાય! આ હતભાગી જીવની પછ-

વાડે કોને કોને દુઃખી થવાનું લખ્યું હશે, તે તો માત્ર એક ખુદા જ જાણે." તેજ ક્ષણે દિક્વિદિક્ જ્ઞાનશૂન્ય બની મ્હેં તરંગમય નદીમાં કૂદકો માર્યો અને પ્રબળ પ્રવાહમાં અથડાતો અથડાતો હું વિપરિત દિશાએ તણાવા લાગ્યો. પ્રાણાધિકા પ્રિયતમા લતિફાની માફક હું પણ જળસમાધી લેવા તૈયાર થયો. જળસ્રોતની સાથે યુદ્ધ કરતાં કરતાં મ્હારા હાથ પગની ચાલનાશક્તિ શિથિલ થવા લાગી. મ્હેં વિચાર્યું કે, હવે કેટલે દૂર જાઉં તો મ્હારી લતિફાની માફક અખિલ-સમાધિ પ્રાપ્ત થાય.

એ સમયે મ્હારા હૃદયના અન્તઃસ્થળમાં કોઇ કાંઇ બોલતું હોય એવો અવાજ આવ્યોઃ–"હતભાગી જીવ! તું શા માટે ચિંતા કરે છે. જે પ્રમાણે તું બચી ગયો તેજ પ્રમાણે તારી લતિફા પણ બચી ગઇ છે. ખુદા મદદ કરે તો દુનિયામાં અસંભવિત પણ સંભવિત થઈ જાય છે. માટે ધીરજ રાખ અને તારા જીવને નિરર્થક વિપન્ન કરીશ નહિ."

આ વિવેકવાણીના ભણકારથી મ્હારામાં પુનઃ ચૈતન્ય આવ્યું. મ્હારામાં વિશ્વાસ ઉત્પન્ન થયો કે, દૈવપ્રેરિત ઉપાયથી લતિફા પણ મ્હારી માફક બચી ગઈ હશે!

આશાની મોહિની છલનામાં મુગ્ધ થઈ હું ફરીથી તરતો તરતો નદીને કીનારે આવ્યો. ફાટ્યાં-તૂટ્યાં કપડાંથી ઉઘાડે પગે નદીના સામે કિનારે હું ચાલવા લાગ્યો. કઇ દિશામાં જાઉં છું તેનું મ્હને ભાન રહ્યું નહિ.

કિસ્મત જ્યાં લઇ જાય ત્યાં જવું એવો નિશ્ચય કરી હું આગળ વધવા લાગ્યો.

આ પ્રમાણે લગભગ ચાર પાંચ માઈલ ચાલવા પછી એક પહાડની પાસેના ન્હાના શહેરમાં હુ આવી પહોંચ્યો. એ શહેરનું નામ શું હતું તેની મ્હને હમણાં યાદ નથી. રજની વીતિ પ્રભાત ન થાય ત્યાં સૂધી શહેરમાં દાખલ થવાય તેમ નહોતું. કારણ કે, શહેરની ચારે બાજુએ પત્થરનો કિલ્લો આવેલો હતો.

આખરે પહાડની તળેટીમાં ઘીચ ઝાડી હતી, ત્યાં એક પ્રચંડ વૃક્ષ તળે હું જઈને બેઠો. શ્રમથી મ્હારાં ગાત્ર ઢીલાં થઇ ગયાં હતાં એટલે ત્યાં જ હું નિદ્રાધીન થઈ ગયો.

નિદ્રામાં પણ લતિફાની ઝંખના મટી નહિ. સ્વપ્નમાં આવી મ્હારી પ્રિયતમા લતિફા મ્હારા પગ પાસે ઉભી રહી કહેતી હતી કે,–"અનવર! ભય પામશો નહિ. હું મરી ગઇ નથી. ખુદા કરશે તો આપણે થોડા વખતમાં જ મળશું."

થોડીક વારમાં મ્હારી સ્વપ્નમય નિદ્રા જતી રહી. હું ચમકીને ઉઠયો અને વૃક્ષના થડને અઢેલી ચારે દિશાએ જોવા લાગ્યો. એવામાં એકાએક રમણી કંઠનો કોમળ આર્ત્તનાદ મ્હારા સાંભળવામાં આવ્યો. મ્હેં પુનઃ કાન માંડી સાંભળવા પ્રયત્ન કર્યો. પણ પાછો ફરીથી કાંઇ અવાજ આવ્યો નહિ.

મ્હેં વિચાર્યું કે, મ્હને ભ્રમ તો નહિ થતો હોય?

અને જો તેમ ન હોય તો મ્હારે અહિં બેસી નહિ રહેતાં જે દિશાએથી આર્ત્તનાદ આવે છે, તે તરફ જવું જોઇએ. અર્થાત્ લાંબો વિચાર કરી મ્હેં આ બાબતની તપાસ કરવાનો નિશ્ચય કર્યો અને જે દિશા તરફથી અવાજ આવતો હતો, તે તરફ હું ચાલવા લાગ્યો.

થોડે દૂર જતાં જ હું વિસ્મિત બની સ્થંભિત થઇ ઉભો રહ્યો. મ્હેં બરાબર નીરિક્ષણ કરીને જોયું તો કોઇ રમણી મ્હારા જોવામાં આવી નહિ; પરંતુ એક માણસ ઘણી ઝડપથી મૃતિકાથી ખાડો પૂરતો દેખાયો.

હું સ્તબ્ધ બની વિચારવા લાગ્યો કે, એ માણસ નરઘાતક કિંવા ચોર તો નહિ હોય? ખરેખર કોઇનું ખૂન કરી તેને આ ખાડામાં પૂરતો હોવો જોઇએ, કિંવા હતભાગી કૃપણનું ધન હરણ કરી અહિં દાટતો હોવો જોઇએ. આવી સ્થિતિમાં જો તે મ્હને કદાપિ જોઇ જાય તો મરણિયો થઇ મ્હારી સાથે લડ્યા સિવાય રહે નહિ અને ગત રાત્રિના ભયંકર બનાવથી હું શ્રમિત થઇ ગયેલો હોવાથી મ્હારામાં તેની સાથે લ્હડવાની શક્તિ પણ નહોતી. એટલે તે શું કરે છે એ જોતો હું ગુપચુપ એક વૃક્ષની આડે ઉભો રહી જોવા લાગ્યો. ખોદેલું સ્થાન મૃતિકાથી પૂર્ણ થતાં એ માણસ બળતી મસાલ હાથમાં લઇ શહેર તરફ ચાલ્યો. એ માણસ મ્હારી આંખોથી દૂર થયો એટલે એક પળનો પણ વિલંબ કર્યા વિના હું એ પૂરેલા ખાડા પાસે આવી પહોંચ્યો. મ્હેં જેમ બને તેમ જલ્દી માટી કહાડી નાખવા માંડી. અને આખરે થા

ખુદા! મ્હારી સમક્ષ એક મહા ભયંકર દેખાવ નજરે પડયો. તે વિભિષિકામય દેખાવની યાદ અત્યારે પણ મ્હારાં રોમાંચ ખડાં કરી દે છે.

તે ખાડાની અંદર એક નૌજવાન સુન્દર યુવતીનો લોહીલોહાણુ દેહ પડેલો હતો. મ્હેં તેના શરીર ઉપરથી માટી કહાડી નાખી અને તેને ખાડાની બહાર કહાડી.

તેની નાડી તપાસી જોઈ તો પ્રાણવાયુ હજી સૂધી વિદ્યમાન હતો. પૃથ્વીમાં દાટેલી નવયૌવનાની સુન્દર રૂપપ્રભા અને બહુ મૂલ્ય વસ્ત્રાભૂષણથી હું એટલું તો નક્કી કરી શકયો કે, એ કોઇ સંભ્રાન્ત ઉચ્ચ કુળકામિની હોવી જોઇએ. કોઈ ચોરોએ તેના શરીર ઉપરના અલંકારો જોઇ તેની હત્યા કરી હોવી જોઇએ એમ તો લાગતું જ નહોતું, કારણુ કે તેની આંગળીઓમાં વીંટીઓ અને કંઠમાં મણિમુક્તા જડિત રત્નહાર તેમ જ હાથમાં રત્નકંકણુ મૌજૂદ હતાં. મ્હેં આસ્તે આસ્તે તેના દેહપરથી માટી કહાડી નાખીઅ ને અસ્ફૂટ સ્વરે ખુદાને ઠપકો આપતાં હું બોલ્યો:-"અય પરવરદિગાર! શું તારી દુનિયામાં આવા નરરાક્ષસો રહે છે કે, જેઓ જગતજનની સ્ત્રીજાતિ ઉપર આવા અત્યાચારો કરે છે, છતાં તું તેમને કાંઇ પણુ શિક્ષા કરતો નથી!"

મ્હારા રોષયુક્ત બડબડવાનો અવાજ તેના કાન સૂધી પહોંચ્યો. તે ઘણા જ મૃદુ અને કંપિત સ્વરે બોલી:— "પાણી! પાણી!! યા ખુદા! કોઇ જરા પાણી પાઇ મ્હારા જીવનની રક્ષા કરો! તૃષ્ણાથી મ્હારો જીવ

આકુળ વ્યાકુળ થઇ જાય છે. હાય! પાણી–પાણી!!"

પૂર્વોક્ત જંગલમાં દાખલ થતી વખતે પર્વતની તળેટીમાં એક ન્હાનું ઝરણું વહેતું મ્હેં જોયું હતું. એ ઝરણું આ સ્થળની નજીકમાં હોવાથી તેને આશ્વાસન આપતાં મ્હેં કહ્યું:–"બહેન! તમે બિલકુલ ગભરાશો નહિ. ખુદા તમારી મદદે છે. હું હમણાં જ પાણી લઇ આવું છું."

એટલું કહી હું તરત જ તે ઝરણાં પાસે ગયો અને મ્હારો પ્હેરેલો ઝભ્ભો કહાડી પાણીમાં ભીંજવી લીધો. કારણ કે પાણી લાવવાને મ્હારી પાસે બીજું કાંઈ નહોતું. ઝભ્ભો બરાબર ભીંજવી હું પુનઃ તે સ્ત્રી પાસે આવી પહોંચ્યો અને તેના મ્હોડા ઉપર કપડું નીચોવ્યું. તેના મ્હોડામાં પાણી જતાં જ તે શુદ્ધિમાં આવવા લાગી અને થોડા વખતમાં જ ઉઠીને બેઠી થઇ.

તેણે એક વિષાદપૂર્ણ દૃષ્ટિ ફેંકતાં મ્હને કહ્યુઃ–"ભાઈ, આજે તમે મ્હને જીવનદાન આપ્યું છે. શયતાને મ્હારા શરીરપર બે ત્રણ સ્થળે હથિયારના સખ્ત ઘા કર્યા છે. પરંતુ તે એટલા બધા ઉંડા નથી. તમે મને કોઇ સરાઇ-ખાનામાં લઇ ચાલો. ત્યાં હું એક બે દિવસમાં જ સાજી થઈ જઇશ. ભાઇ, હું કોઇ હલકા દરજ્જાની સ્ત્રી નથી, પણ ઉચ્ચ કુળમાં જન્મેલી કુળકામિની છું. કિસ્મતની કમનસીબીને લીધે એક ઘટનાચક્રમાં પડી હું પાપીના હાથમાં સપડાણી હતી અને તેનું ફળ મ્હેં આજે ભોગવ્યું છે. મ્હારા ઉપર ઉપકાર કરવાથી ખુદા તમારૂં કલ્યાણ

કરશે અને હું તમારી સદાની આભારી થઇ રહીશ."

એટલામાં મ્હેં મ્હારૂં પહેરેલું કપડું ફાડી તેને વાગેલા ઘા ઉપર બાંધ્યું એટલે લોહી નીકળતું બંધ થયું. તેને પીડા સહજ ઓછી જણાવા લાગી એટલે તે બોલી:-"હે મહાનુભાવ મુસાફર! તમે જે દયાળુ ભાવે મ્હારા જીવનની આજે રક્ષા કરી છે, તેવી જ રીતે મ્હને લઇ ચાલો. ઉષ:કાળ થવા આવ્યો છે. હવે મ્હને પત્થરથી બાંધેલા કિલ્લા આગળ લઇ ચાલો એટલે ત્યાંથી ભાડાની ગાડી મળી શકશે. તેમાં બેસી આપણે એકાદ સરાઇ-ખાનામાં આશ્રય લઈએ."

એ દુ:ખી રમણીની કરૂણામય માગણીની હું ઉપેક્ષા કરી શકયો નહિ. આ સમયે લતિફાની વાત મ્હારા મનમાં જાગી ઉઠી. મ્હેં એ રમણીને કહ્યું:-"બ્હેન! આ ક્ષુદ્ર શહેરથી હું બિનમાહિતગાર છું એટલે તમને કયાં પહોંચાડી દઉં તે મને કહો."

તેણે કહ્યું:-"મુસાફર! મ્હેં પ્રથમથી જ કહ્યું છે કે, હું સંભ્રાન્ત કુળમહિલા છું, કે જેની તમોને હવે પછીથી ખબર પડશે. હમણાં હું મ્હારે ઘેર જવાની નથી. આ શહેરમાં એકથી એક સરસ એવાં ઘણાં સરાઈખાનાં છે. હાલમાં મ્હને દવા કરવાની ઘણી જરૂર છે. વાગેલા ઘામાંથી લોહી વહેતું બંધ નહિ થાય તો હું બચી શકીશ નહિ. માટે કોઇ સારા સરાઇખાનાનો આશ્રય લઇ મ્હારે મલમપટો કરાવવો પડશે અને ત્યાર પછી હું મ્હારે ઘેર જઈશ."

તેનો શું ઉદ્દેશ છે, એ સ્પષ્ટ રીતે નહિ સમજી શકવાથી મ્હેં પૂછયું:-"બાનુ! તમે અને હું સાથે એક સરાઇખાનામાં ઉતારો કરીએ એટલે સ્વાભાવિક રીતે જ તમારા અને મ્હારા સંબંધની વાત ઉત્પન્ન થશે. અને તેમાંય ખાસ કરીને એક ઘવાયેલી લોહીલુહાણ સ્ત્રીને લઇ સૂર્યોદય વખતે સરાઇખાનામાં દાખલ થવું પડશે એટલે તે વખતે સરાઇખાનાનો રખેવાળ આ કૌતૂહલ જોઇ મ્હને કાંઇ વાત પૂછે તો મ્હારે શું જવાબ દેવો?"

રમણીએ કહ્યું:-"તમે કહેજો કે, મ્હારી સહોદરા ભગિની છે. રસ્તે મુસાફરી કરતાં ચોર લોકોએ અમોને લુંટી લીધાં અને આવી દશા કરી છે. વળી ખર્ચને માટે તમે બિલકુલ મુંઝાશો નહિ. મ્હારા હાથ પરની એક વીંટી વચવાથી જ મ્હારા મલમપટાનો ખર્ચ, સરાઇખાનાનો ખર્ચ તેમ જ બીજો પરચુરણ ખર્ચ સારી રીતે નભી જશે. આ શહેરમાં બે માસ સૂધી આપણે રહેશું તો પણ નાણાંની તંગી બિલકુલ ભોગવવી નહિ પડે."

બીજો કાંઇ પણ ઉપાય માલુમ નહિ પડવાથી તે રમણીને ખાંધપર મારી હું કિલ્લા તરફ ચાલવા લાગ્યો. અમારાં સુભાગ્યે થોડે દૂર જતાં જ એક બળદની ગાડી મળી ગઈ. ગાડીવાળો પોતાનાં ખેતરોમાં જતો હોવાથી અમારી સાથે આવવાને કબૂલ થયો નહિ પણ બમણું ભાડું આપવાની લાલચ બતાવી એટલે તે આવવા તૈયાર થયો. મ્હેં તે વિપદ્ગ્રસ્ત રમણીને ગાડામાં સુવાડી અને હું તેની બાજુમાં બેઠો. ગાડીમાં સૂતાં જ રમણી ઘસ-

ઘસાટ ઉંઘી ગઈ. હજી સૂધી તેના હાથમાંથી થોડું થોડું લોહી વહ્યા જ કરતું હતું.

યથાસમયે ગાડીવાન અમને એક સુન્દર અને ભદ્ર પુરૂષોના નિવાસને લાયક સરાઈખાના પાસે લઇ આવ્યો. ત્યાં પહોંચતાં જ તે રમણીએ પોતાના ખીસામાંથી એક ન્હાની રેશમી કોથળી કહાડી મ્હને આપતાં કહ્યું:–"ભાઈ, આ થેલી લ્યો. તેમાં પચ્ચીસ સુવર્ણમુદ્રાઓ છે. હમણા પરચુરણ ખર્ચને માટે કામ લાગશે માટે તે તમારી પાસે રાખો."

મ્હેં તે થેલી લઇ તેમાંથી ગાડીવાનને ભાડું આપી વિદાય કર્યો. પછી રખેવાળની મદદથી એ ઘવાયેલી રમણીને હું એક નિર્જન ઓરડામાં લઇ ગયો. એ ઓરડામાં શ્રીમંતોને છાજે તેવી સજાવટ કરેલી હતી. એક શુભ્ર શય્યામાં મ્હેં તે રમણીને સુવાડી અને સરાઇખાનાના રક્ષકને કહ્યું:-"ભાઇ! આ મ્હારા સહોદરા ભગિની છે. માર્ગમાં ચોર લોકોએ લૂંટી લઇ માર મારવાથી આ દશા પ્રાપ્ત થઇ છે. આપ આ બે સુવર્ણમુદ્રાઓ લ્યો. લોહી ઘણું નીકળે છે, તે બંધ કરવું જોઇએ માટે કોઇ સારા હકીમને બોલાવી લાવો."

સુવર્ણમુદ્રાનાં દર્શન થતાં જ રખેવાળ હકીમને બોલાવવા દોડયો. ખરેખર, આ દુનિયામાં નાણાના જોરથી શું નથી બની શકતું? કહેવત છે કે "જર ચાહે સો કર."

અય જીનકે ઘરમેં ઢેર હંય સોનેકે દામકે,
હર એક ઉમીદવાર હંય ઉન્કે ગુલામકે;

સબ મિલકે પાંઉં ચુમે હંય ઉસકે ગુલામકે,
ક્યા રૂતબે હંય તિલાએ અલયહિસ્લામકે;
જો હય સો હો રહા હય સદા મુબતિલાએ જર,
હર એક યહી પુકારે હય દિન રાત હએ જર.

અર્થાત્ જરના પ્રતાપે થોડા વખતમાં જ હકીમ સાહેબ આવીને હાજર થયા. હકીમ સાહેબે ઘા તપાસતાં કહ્યું:- "ઘા બહુ ઉંડા નથી, છતાં તેને રૂઝાતાં લગભગ એક મહિનો નીકળી જશે."

એક મહિનાનો અવસર સાંભળતાં હું નિરાશ થયો. કારણ કે, મ્હારે લતિફાની તપાસ કરવાની હતી. અત્યારે મ્હારી સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. કારણ કે જે વિપદ્ગ્રસ્ત રમણીએ મ્હને ભાઈ કહી બોલાવ્યો અને જેને મ્હેં અભય વચન આપ્યું હતું તેને તેવી સ્થિતિમાં છોડી મ્હારાથી દૂર થવાય એમ નહોતું. ગમે તે ઉપાયે તેને મૂળ સ્થિતિમાં આણી તેના પ્રાણ બચાવવા એવો મ્હેં નિશ્ચય કર્યો. છતાં અજાયબ જેવું તો એ હતું કે, આ સ્ત્રી કોઇ પણ રીતે પોતાનો પરિચય આપવાને ખુશી નહોતી. તેની ચાલચલગત, તેમજ બોલવાની ઢબછબ ઉપરથી તે કોઇ અમીર ઉમરાવની પુત્રી હોવી જોઇએ એવો મ્હારા દિલમાં ખિયાલ આવતો હતો. મ્હારા ઉપર તે સગા ભાઇ જેટલો પ્યાર દર્શાવતી હતી, તો પણ પોતાની ઓળખાણ આપવામાં આનાકાની કરતી હતી.

એક વખત પ્રસંગ મળવાથી લતિફાની ભાળ કહાડવા શહેરનાં દરેક સરાઇખાનાં તપાસી વળ્યો પણ ક્યાંઇ

પત્તો લાગ્યો નહિ. આખરે હતાશ દિલે નિરૂત્સાહી બની હું મ્હારાં સ્થળે પાછો ફર્યો. આમ લતિફાની ચિંતામાં અને તે રમણીની સારવારમાં એક માસ પૂરો થઈ ગયો. તે રમણીની તબિયત હવે સુધરી હતી એટલે એક દિવસ શુભ અવસર જોઇ મ્હેં તેને કહ્યું:–"બહેન! એકાદ જરૂરના કામ માટે મ્હારે હવે તમારાથી વિખુટા પડવું પડશે. જો કે તમારી સોબત છોડતાં મ્હારા દિલમાં બહુ લાગી આવે છે, પણ નિરૂપાયે મ્હને આવું પગલું ભરવું પડે છે."

રમણી બોલી:—"તમે ક્યારે જવા ઇચ્છા ધરાવો છો?"

મ્હેં કહ્યું:—"તમને સુખરૂપ તમારા ઘેર પહોંચાડી હું વિદાય લેવા માગું છું."

પ્રકરણ ૧૨ મું.

આ રમણીનું નામ જુલેખા હતું. જુલેખા નવયુવતી અને પરમ સુન્દરી હતી. તેનું નામ પણ હું માત્ર વાતચિત ઉપરથી જ જાણી શકયો હતો. બાકી તેનું ખરૂં નામ એ હતું કે નહિ એ હું ખાત્રીપૂર્વક કહી શકતો નથી.

મ્હારી વિદાય લેવાની વાત સાંભળી જુલેખા થોડો વખત ગંભીર બની વિચાર કર્યા પછી બોલી:-"ભાઇ! તમારાથી જૂદી પડતાં મ્હને બહુ કષ્ટ થાય છે. મ્હારી વિપદગ્રસ્ત સ્થિતિમાં તમે સહોદરના કરતાં પણ વિશેષ ઉપકાર કર્યા છે. એ કૃતજ્ઞતાનું ઋણ હું આ જીંદગીમાં ફેડી શકવાની નથી. તમને વિદાય આપતાં મ્હને ભારે દુઃખ થશે. ગમે તેમ થાઓ, પણ જ્યારે તમે જવાને તૈયાર જ થયા છો, ત્યારે હું એક અઠવાડીયાની મહેતલ માગી લઉં છું. તેટલા વખતમાં હું સંપૂર્ણ રીતે આરામ મેળવી તંદુરસ્ત બની જઇશ. ત્યાર પછી આપની પસંદગીમાં આવે તે સ્થળે ખુશીથી સિધાવજો. થોડાને માટે મ્હને છોડીને ચાલ્યા જતા નહિ. ખુદા તમારૂં ભલું કરશે."

તેના આવી શોકગ્રસ્ત માગણીનો હું અસ્વીકાર કરી શકયો નહિ. મ્હેં કહ્યું:-"વારૂ જેવી તમારી મરજી."

મ્હારી સંમતિથી તેના ચ્હેરાપર જરા હાસ્યની છાયા દેખાવા લાગી. આજે પહેલવહેલી મ્હેં તેને હસતાં જોઇ. તેનાં મધુરાં હાસ્યમાં દયા-પ્રેમ-કરૂણા ભરેલાં હતાં. તેણે કહ્યું:-"ભાઈ! મહેરબાની કરી સરાઇખાનામાંથી એક

કાગળ કલમ અને ખડીઓ લાવી આપશો ?"

તેના પ્રસ્તાવને માન આપી ઉપરોક્ત ત્રણે ચીજો મ્હેં તેની સેવામાં હાજર કરી. તેણે એક કાગળમાં કેટલીક સાંકેતિક વાતો લખી મ્હારા હાથમાં આપતાં કહ્યું:— "ભાઇ! આ શહેરની અંદર શરાફ બજારમાં અબદુર્રહીમ નામના શરાફની પેઢી છે તેનું નામ દીધાથી રસ્તાનો અદના માણસ પણ તમને તેનું ઠેકાણું બતાવશે. તમે એના હાથમાં આ પત્ર આપશો એટલે તરત જ તમારા હાથમાં સુવર્ણમુદ્રાથી ભરેલી થેલી આપશે. તે લઇ તમે અહિં ચાલ્યા આવજો. તેની સાથે બીજી કોઈ રીતની વાતચિત કરશો નહિ. મ્હારે હમણાં નાણાંની બહુ જરૂર છે, માટે આટલું કામ કરી આવો."

ચીઠ્ઠી લઈ હું તરત જ બજારમાં ગયો. વેપારીનું નામ પૂછતાં જ લોકોએ મ્હને તેની પેઢી દેખાડી દીધી. અબદુર્રહેમાનને પત્ર આપતાં જ તેણે મ્હને ઘણા આદર સહિત દુકાન ઉપર બેસાડ્યો અને તામ્બુલ તથા અત્તર આપી મ્હારૂં સન્માન કર્યું. પછી બે ત્રણ વાર પત્ર વાંચી માનપૂર્વક તેને ચુમ્બન કરી તેણે પત્ર મસ્તકે ચ્હડાવ્યો. તેની આવી વર્તણુકથી જુલેખા તરફ તે ઘણી જ માનની દૃષ્ટિથી જોતો હોય એમ જણાયું.

મૂળ વાત ભલે ગમે તે હોય, પણ પત્ર વાંચી તરત જ તે વેપારીએ સુવર્ણમુદ્રાથી ભરેલી બે થેલીઓ મ્હારા હાથમાં મૂકી અને કહ્યું:–"તેમને મ્હારા સલામ કહી આ મુદ્રાઓ આપશો."

આ બનાવથી મ્હારા મનમાં કૌતૂહલ ઉત્પન્ન થવા લાગ્યું. જુલેખાની વર્તણુક જોઇ તેનો ભેદ પામવાની મ્હારા દિલમાં પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થવા લાગી. આ વિષે તે વેપારીને કિંવા જુલેખાને ખુલાસો પૂછવાથી સંતોષકારક જવાબ મળશે નહિ એમ માની હું મૌન જ રહ્યો. વેપારીને ત્યાંથી વિદાય લઈ હું સરાઇખાનામાં આવ્યો અને જુલેખાની નજર આગળ બે થેલીઓ મૂકી.

સુવર્ણમુદ્રાની થેલીઓ આવેલી જોઇ સહાસ્ય મુખે જુલેખા બોલી:-"ભાઇ! આ સાધારણ કામમાં તમને નાહક કષ્ટ આપ્યું છે, તે માટે મનમાં કાંઇ લાવશો નહિ. તમો જ્યારે અહિંથી વિદાય થશો ત્યાર પહેલાં મ્હારો પ્રકૃત પરિચય તમોને થઇ જશે. માટે સાત દિવસ સૂધી તમે તમારી જીજ્ઞાસા વૃત્તિને દાબી રાખશો. વળી એક બીજી વાત કહું. આટલા દિવસ નાણાંની સગવડ નહિ હોવાથી મ્હારે આ સરાઇખાનામાં રહેવાની જરૂર પડી હતી. હવે મ્હારી ઇચ્છા છે કે, આજ તમે આ શહેરમાં જઈ એકાંત સ્થાને આબરૂદાર લોકોના વસવાટમાં એક ઘર ભાડે લઇ આવો."

જુલેખાની ઇચ્છાનુસાર હું શહેરના આબરૂદાર લત્તાઓમાં ફરી વળ્યો અને એક સુન્દર એકાન્તમય ઘરની પસંદગી કરી. એ ઘર સર્વ ગૃહોપયોગી સામાનોથી પરિપૂર્ણ હોવાથી ઘરધણીએ બમણું ભાડું માગ્યું અને તે કબૂલ કરી હું જુલેખાને તે ઘર બતાવવા માટે પુનઃ સરાઇખાનામાં લઇ આવ્યો.

જુલેખાને તે ઘર પસંદ પડયું અને બીજે જ દિવસે અમો તે ઘરમાં રહેવાને ગયાં. ત્યાં ગયા પછી જુલેખાએ બીજી વાર ચીઠ્ઠી લખી આપી અબદુર્રહમાનની પાસે મ્હને મોકલ્યો. આજે પણ અબદુર્રહેમાને મ્હને પહેલાંની માફક ચાર સુવર્ણમુદ્રાથી ભરેલી થેલીઓ તીજોરીમાંથી કહાડી આપી. એ મુદ્રાની મદદથી બીજે દિવસે હું જુલેખા માટે ઉંચા કિંમતી પોષાકો તેમ તેની તહેનાતમાં રહેવા માટે ચાર ખૂબસૂરત બાંદીઓને લઇ આવ્યો.

તે દિવસે સ્હાંજે અગાસીમાં બેઠાં બેઠાં અમે બે કાંઇ ખુશ ગુફતગુ કરતાં હતાં એવામાં જુલેખાએ મ્હને ઉદ્દેશીને કહ્યું:–"ભાઇ ! મ્હારાં હાલનાં વર્તનથી તમે અજાયબ થતા હશો; પરંતુ જરા ધીરજ ધરી જાઓ. હું જે કાંઇ કરૂં અથવા કહું તેનો મુંગે મ્હોડે તમે અમલ કરતા જાઓ. જ્યાં સૂધી હું તમારી પીછાન માટે તમને કાંઇ પણ પૂછું નહિ, ત્યાં સૂધી તમે પણ મહેરબાની કરી મ્હારા વિષે કાંઇ પૂછતા નહિ."

મ્હારા મનમાં ઘણીવાર થઇ આવતું કે, તેને પૂછું કે, તમને આવી રીતે જખ્મી કરી કબરમાં કોણ પૂરી ગયું અને તેમાં તેનો શો હેતુ હોવો જોઇએ. પરંતુ તેના ઉપરોક્ત ખુલાસાથી હું મન મારીને બેસી રહ્યો અને યંત્રવત્ પુતળાની માફક તેના પ્રત્યેક શબ્દને અમલમાં મૂકી તે પ્રમાણે વર્તન રાખવા સંમત થયો.

પુનઃ જુલેખા બોલવા લાગી:–" ભાઇ ! મ્હારા પોતાના

માટે તેમ જ તમારા માટે આપણા દરજ્જાને છાજતા પોષાકની ઘણી જરૂર છે, માટે આવતી કાલે તમે આ સુવર્ણમુદ્રાની થેલી લઇ આપણા બન્નેના માટે રેશમી કાપડ ખરીદી લાવો. શહેરના મુખ્ય કાપડ બજારમાં ગજનફ્ર નામે એક વિખ્યાત રેશમી કાપડના શાહુ સોદાગરની દુકાન છે. તેની પાસેથી કેટલાંક કાપડનાં થાન ખરીદી લાવો. જુઓ, બીજી દુકાને જશો નહિ. તે દુકાને સભ્યતાથી માલ વેચવામાં આવે છે માટે ગજનફ્ર સાથે કોઇ જાતનો ભાવતાલ કરશો નહિ. ખરીદેલાં કાપડની તે જે કિંમત માગે તે વિના આનાકાનીએ ચૂકવી આપજો."

બીજે દિવસે શહેરમાં જઇ ગજનફ્રની દુકાનનો મ્હેં પત્તા મેળવ્યો. તેની દુકાનનો ભપકો જોતાં જ જણાયું કે, ખરેખર, જુલેખાના કહેવા મુજબ પ્રમાણિકતાને લીધે તેનો લાખો રૂપીઆનો વહેવાર ચાલતો હોવો જોઇએ.

દુકાનની પગથીમાં મ્હેં પગ મૂકયો કે, તરત જ એક ગુમાસ્તો મ્હારી સામે આવ્યો અને મ્હને ઘણા જ સન્માનપૂર્વક ગજનફ્ર પાસે લઇ ગયો. ગજનફ્ર યુવાન પુરૂષ હતો. દેખાવમાં રૂવાબદાર અને સુંદર દેખાતો હતો. સુગંધિત તેલ નાખેલા કેશ તેના મુખની શોભામાં વિશેષ વધારો કરતા હતા. પ્રત્યેક આંગળીએ મૂલ્યવાન હીરાની વીંટીઓ ઝળકી રહી હતી. વાતચિત ઉપરથી ચાલચલનમાં ઠાવકો જણાતો હતો.

આ વખતે હું જુલેખાની આજ્ઞા મુજબ ગાડીમાં બેસીને જ ખરીદી કરવા નીકળ્યો હતો, તેમ જ મ્હારી

સાથે એક દાસી પણ હતી, એટલે ગજનફરે કોઈ મ્હોટું કુળ હાથ લાગ્યું છે એમ માની મ્હને બહુ જ આવકાર આપી પોતાની પાસે બેસાર્યો અને પૂછયું:-"સાહેબ! આપ આ શહેરમાં હમણાં જ પધાર્યા હો એમ જણાય છે. કહો, આપને શી શી ચીજો જોઇએ છે?"

મ્હેં કહ્યું:—"સ્ત્રીઓના પોષાકને લગતાં ઉત્તમ પ્રકારનાં કેટલાંક થાન જોઇએ છે. પૈસા માટે હરકત નથી, પણ સારામાં સારો માલ હોવો જોઇએ. આપની પાસે હોય તો બતાવો."

ગજનફરે નોકરોને જૂદી જૂદી જાતનાં ચિત્રવિચિત્ર રેશમી કાપડના નમુનાઓ લાવવાનો હુકમ કર્યો. એક પછી એક એવા તો નમૂનાઓ આવવા લાગ્યા કે, એકને લઇએ અને બીજાને ભૂલી જઇએ! અર્થાત્ મ્હારે જરૂર પૂરતા નમુનાઓ કહાડી મ્હેં તેની કિંમત પૂછી અને જુલેખાના ઉપદેશાનુસાર તેણે કહી તે કિંમત વગર અનાકાનીએ ચૂકવી આપી.

મ્હારાં આવાં ઉદાર વર્તનથી ગજનફર સમજ્યો કે કોઈ પરદેશી અમીર-ઉમરાવ જેવો માણસ ગ્રાહક તરીકે મળ્યો છે. અર્થાત્ મ્હેં જ્યારે જવાની રજા માગી ત્યારે મ્હારી ગાડી સૂધી તે મ્હને વળાવાને આવ્યો અને કહ્યું:-"સાહેબ! દુકાન આપની જ છે. આપ તશરીફ લાવી નહિ શકો, તો મ્હારા માણસો આપનાં સ્થળે આવીને માલ બતાવી જશે. આપ કોઇ વાતે સંકોચ રાખશો નહિ અને સેવક જેવું કાંઇ કામ હોય તો

ખુશીથી ફરમાવશો."

ત્યાર પછી ગજનફરની રજા લઇ હું ઘેર ગયો. રેશમી કાપડના નમૂનાઓ જોઇ જુલેખા ખુશ થઇ અને ગજનફર સાથે જે જે વાતચિત થઇ હતી તે સાંભળી તેણે આનંદ પ્રદર્શિત કર્યો. પછી એક દરજીને બોલાવી તેણે મ્હારા માટે તેમ જ પોતાને માટે પોષાક તૈયાર કરવાનો હુકમ આપ્યો.

આ બનાવને બે દિવસ વિત્યા પછી જુલેખા મ્હારા હાથમાં સુવર્ણમુદ્રાની એક ન્હાની થેલી મૂકતાં બોલી:- "ભાઇ, આજે પુનઃ તમને તસ્દી આપવાની છે. અને ફરીથી ગજનફરની દુકાને જવું પડશે. તેની સાથે કિંમત-બિંમતની વાત પૂછશો નહિ, જે કાંઇ ચીજો ખરીદ કરો, તે લીધા પછી સુવર્ણમુદ્રાની થેલી તેના મ્હોં આગળ મૂકી તેને કહેશો કે, આપની ચીજોનું જે મૂલ્ય થયું હોય તે થેલીમાંથી કહાડી લ્યો."

ગજનફરની દુકાનનો જ માલ ખરીદવામાં અને પૈસાની બાબદમાં છૂટો હાથ રાખવામાં જુલેખા કંઇ મતલબ સાધવા માગતી હતી તે હું સમજી શકયો નહિ. તે વિષે તેણે કાંઇ પૂછવાને મનાઇ કરેલી હોવાથી હું ચુપ રહ્યો અને આ અદૃશ્ય કૌતૂહલ મ્હેં મનમાં જ સમાવી રાખ્યું.

ગજનફરની દુકાને પગ મૂકતાં જ તેણે મ્હારી ખૂબ ખાતિર બરદાસ કરી. મ્હેં તેને કેટલાંક રેશમી વસ્ત્ર દેખાડવા કહ્યું અને તેણે મ્હારી આજ્ઞાથી તરત જ હાજર

કર્યાં. જુલેખાના હુકમ મુજબ મ્હેં પૈસાની થેલી તેના મ્હોં આગળ મૂકી અને કહ્યું:–"શેઠજી, તમારી ચીજોનું મૂલ્ય તમે આ થેલીમાંથી કહાડી લ્યો."

મ્હારા હૃદયની આવી ઉદારતા જોઇ ગજનફર મોહિત થઈ જઇ બોલ્યો:–"મહેરબાન! આપની પાસે મ્હારી એક નમ્ર પ્રાર્થના છે. આવતી કાલે મ્હારો જન્મ દિવસ હોવાથી મ્હારે ત્યાં મહેફીલ છે. કૃપા કરી આપ આ સેવકને માન આપી મ્હારા જેવા ગરીબનું ઘર પાવન કરશો તો આપનો ઘણો જ આભારી થઇશ."

ગજનફરના સૌજન્યપૂર્ણ નિમંત્રણની હું અવજ્ઞા કરી શકયો નહિ. મ્હેં તેને વચન આપતાં કહ્યું:—"આપની એવી ઇચ્છા છે, તો બાખુશી હું આવતી કાલે આપનો મહેમાન થઇશ."

મ્હારાં આવાં વર્તનથી ગજનફર બહુ જ ખુશ થયો અને મ્હને વિદાય આપતાં તેણે પોતાના ઘરનું ઠામ-ઠેકાણું પણ કહી બતાવ્યું.

ઘેર આવી મ્હેં જુલેખાને સમસ્ત હકીકતથી વાકેફ કરી દીધી. સઘળી વાત સાંભળ્યા પછી તે આનંદમાં આવી બોલી:—"ભાઇ! ભલે, ઘણી ખુશીથી આવતી કાલે તમે ગજનફરને ત્યાં મહેફીલમાં જજો; પરંતુ આપણે કોઇનું ખાઇને રાજી થવું ન જોઇએ. પરમ દિવસે રાત્રે તમે પણ તેને આપણે ત્યાં જમવાનું નિમંત્રણ આપતા આવશો. તે વખતે હું એવી તો સ્વાદિષ્ટ અને મુખરોચક રસોઈ જમાડીશ કે જેવી તેણે તેની

અત્યાર સૂધીની જીંદગીમાં પણ નહિ ખાધી હોય, માટે તમે તેને આમંત્રણ આપી આવવાનું ભૂલતા નહિ."

સૂત્રધાર દોરીસંચો ચલાવે અને બધાં પુતળાં જેમ નાચવા લાગે તેમ જુલેખાના એક એક શબ્દ ઉપર મ્હને યંત્રવત્ નાચવું પડતું હતું. ગજનફરનું આમંત્રણ સ્વીકારી હું તે દિવસે રાતના નવ વાગે તેને ત્યાં ગયો. મ્હારી માફક બીજા પણ આઠ દશ તેના મિત્રો આવેલા હતા. એક મ્હોટા પ્રશસ્ત દિવાનખાનાને શણગારી તેમાં ખાણાનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. ઠેર ઠેર ગુલાબનાં તોરણો લટકાવી દેવામાં આવ્યાં હતાં, અને તેથી ગુલાબની સુગંધથી આખું દિવાનખાનું બહેકબહેક થઈ રહ્યું હતું. ખાણું થઈ રહેતાંજ પીવાનું કામ ચાલ્યું અને તે વખતે એકથી એક ઉત્તમ મદિરાની બાટલીઓ ફૂટવા લાગી.

બધા દિવાનખાનાની એક બાજુએ ગાદી તકીએ પડીને સુરાપાન કરવા લાગ્યા. ઉત્તમ શિરાઝીના નશામાં આવી દરેક જણ મરજી પડે તેમ ગાવા લાગ્યો. સંગીતની મોજ પણ હાજર હતી. તરત જ તવાયફ નજીરજાન હાજર થઇ અને તેણે પગના ઘુંઘરથી અને તિરછી નજરથી દરેકનાં દિલ ઘાયલ કરી, નાચવાનું શરૂ કર્યું.

ઉમંગે જોબન મદભરે મોરે પ્યારે નયનાં;
કાસે કહું મૈંય અપને જીયાકી બાત.
આવે શરમ મોહે—ઉમંગે૦

ખુદાને હુસ્ન દીયા હય મુઝે વફાકે લીયે,
યે મેરી ઉઠતી જવાની હમ મહલકાકે લીયે;
અજબ શબાબકા આલમ અજબ હસીં હું મય,
કે નાજનીભી હું ઔર નાજ આફરીં હું મય કાસે,
કહું શરમ આવે નમાને જીયા કયસે.

યે દુખ સહના—ઉમંગે૦

વાહ! વાહ! ક્યા બહાર! જોબનકા ઉમંગ ઔર મદભરે નયનાં! એ તો અહિં આ પ્યાલીમાં મૌજૂદ છે! નજીર-જાન! કોઇ લાલ પાણી ઉપર ઉડતી ચીજ ચલાવ નહિ તો હું ગાઉં છું." એટલું કહી ગજનફરનો એક મિત્ર શિરાઝીનો એક પ્યાલો હાથમાં લઈ બોલ્યો:—

ભર ભર જામ પીલા ગુલ્લાલા બનાદે મતવાલા,

તું લા લા લા લા—ભર૦

ફસલે બહાર હય, જોબન સીંગાર હય,
શીશેમેં મય હય, પહેલુમેં યાર હય.

તું લા લા લા લા—ભર ભર૦

લાવ, લાવ, ગજનફર, તારા જન્મની ખુશાલીમાં એક તો શું સેંકડો પ્યાલા રેડ આ બહાદૂર તૈયાર છે. એટલું કહેતાં જ લા-લા કરતો જ તકીયાપર તે ઢળી પડયો. શિરાઝીની તેનાપર બહુ અસર થઇ હતી. દરેક જણ ઝોલા ખાતો હતો એટલે એક જણે સ્ફૂર્તિ લાવવા નજીર-જાનને કોઇ અચ્છી ચીજ છેડવા કહ્યું. નજીરજાને સૌને માન આપી પુનઃ એક ચીજ છેડી:

જાદુ નયનોંકા મનકો લુભાય ગયોરે,
મોરા સુખ લે ગયો અપના દુખ દે ગયો;
આગ બિરહાકી તનમેં લગાય ગયોરે—જાદુ૦
ઉસ સીતમગરકા પતા હાય મંય પાઉં કયું કર?
ઔર પાઉં તો કહો હાલ સુનાઉં કયું કર?
સામનેભી હો ખડા ગર તો બુલાઉં કયું કર?
રૂઠ જાએ તો સીતમ ઉસકો મનાઉં કયું કર?
ઔફ હય મુજકો કે મંય આંખ મીલાઉં કયું કર?
ન કુછ કહે સકું ન કુછ સહે સકું,
રાહ ચલતે જીગરવા ચુરાય ગયોરે—જાદુ૦

બહોતકી નજીરજાન! બહોતકી. રાહ ચલતેહી જીગરવા ચુરાય ગયો? કયા બાત! સાબાશ! સાબાશ! એટલું ગજનફરના એક મિત્રે કહેતાંજ દરેક જણે રૂખસત ચાહી. રાત્રિના બે વાગી ગયા હતા મ્હેં પણ ગજનફર પાસે જવાની રજા માગી અને તે સાથે તેને મ્હારે ત્યાં આવવાનું આમંત્રણ પણ આપી દીધું, અને તે આવવાને ઘણો ખુશી થયો.

ઘેરે આવી મ્હેં ગજનફરે આમંત્રણ સ્વિકાર્યાની વાત જુલેખાને કહી. વાત સાંભળી જુલેખા ઘણા જ આનંદમાં આવી ગઇ. બીજે દિવસે સ્હવારથી જ તેણે દાસીઓને પોતાના હાથ નીચે લઈ જૂદી જૂદી જાતનાં સ્વાદિષ્ટ પકવાનો તૈયાર કરવા માંડયાં. હું પણ બજાર-માંથી શિરાઝી અને જૂદી જૂદી જાતનાં ફળો લઇ આવ્યો.

સંધ્યાકાળ થતાં મ્હારા નિમંત્રણને માન આપી

ગજનફર અમારે ત્યાં આવ્યો. મ્હારાથી બની શકતા પ્રયત્ને મ્હેં અમારૂં દિવાનખાનું શણગાર્યું હતું, ત્યાં તેને બેસાર્યો. થોડી અહિં-તહિંની વાતચિત કર્યા પછી બે દાસીઓ ખાણું લઇને દિવાનખાનામાં આવી. જુલેખા તો અંતઃપુરમાં જ રહી હતી. ભોજન થઇ રહ્યા પછી નવીન અતિથિના સન્માન માટે શિરાઝીનો પ્યાલો ભરી ગજનફરના હાથમાં આપ્યો. તે પ્યાલો તે ઘણી જ ખુશીથી પી ગયો. ગજનફર શિરાઝીનો બહુ શોકીન હતો. એક પ્યાલાથી તેના આત્માને સંતોષ થાય એમ નહોતું. અર્થાત્ એક એક પ્યાલો કરતાં એક આખી બાટલી જેટલો શિરાઝી તે પી ગયો.

આસ્તે આસ્તે તેને ખુમારી ચ્હડવા લાગી. તે પોતાના દેહનું ભાન વિસરવા લાગ્યો. તેના પગ જમીન ઉપર ઠરવા લાગ્યા નહિ એટલે જુલેખાના ઉપદેશાનુસાર મ્હેં તેને કહ્યું:—"ભાઈ ગજનફર! આવી અવસ્થામાં તમે છેટે કયાં જશો? અહિંજ રહો તો બહુ સારૂં."

તે વખતે ગજનફર ડેલતો હતો. તેના બોલવા ચાલવામાં કંઇક ફેરફાર થયો હતો એટલે પથારીનો આશ્રય લેવાની તેને ઇચ્છા જણાતી હતી. તરત જ હું તેને બાજુના ઓરડામાં લઇ ગયો અને પલંગપર સૂવાડયો.

ગુલાબી શિરાજીની અસર મ્હારાપર પણ થઈ ગઇ હતી. હું પણ પથારીમાં સૂઇ ગયો. લગભગ એક કલાક નિદ્રા લીધા પછી મ્હારા ઓરડામાં જળહળતા દીવાનો પ્રકાશ

જોઇ મ્હારી નિદ્રા ઉડી ગઇ અને ભયચકિત દૃષ્ટિએ હું આસપાસ જોવા લાગ્યો, અને તે વખતે મ્હારા જોવામાં શું આવ્યું ? યા ખુદા ! એ વાત કહેતાં જ મ્હારાં રોમાંચ ખડાં થઇ જાય છે. એક હાથમાં બત્તી અને બીજા હાથમાં લોહીલુહાણુ થયેલી કટાર લઇ ચંડિકાસ્વરૂપિણી જુલેખા મ્હારી સામે ઉભી હતી. તેણે પહેરેલાં સફેદ વસ્ત્રપર લોહીના ડાઘ પડેલા હતા.

આ ભયંકર દેખાવ જોઇ ભયથી હું કંપી ઉઠયો. શય્યાનો ત્યાગ કરી વિહ્વળ સ્વરે હું બોલ્યો:–"જુલેખા ! જુલેખા ! ! આ શું ? તમારા હાથમાં બત્તી અને લોહીથી ખરડાયેલી કટાર કેમ છે ?"

જુલેખા ઉન્માદિની માફક વિકટ હાસ્ય કરતાં બોલી:–" ભાઇ ! આટલે દિવસે મ્હારા મનની મુરાદ બર આવી–મ્હારી પ્રતિહિંસાની વાસના પૂર્ણ થઇ. આવો, આવો; તમારા સન્માનિત અતિથિ ગજનફરની મ્હેં કેવી દુર્દશા કરી છે, તે તમોને બતાવું."

કંપતા હૃદયે અને ભયથી લથડતા પગે હું ગજનફર સૂતો હતો તે ઓરડામાં દાખલ થયો. ત્યાં મ્હેં શું જોયું ? કાળસ્વરૂપિણી જુલેખાએ શસ્ત્રાઘાતથી ગજનફરના દેહને છિન્ન–વિછિન્ન કરી નાખ્યો હતો. તેની છાતીમાંથી નીકળેલા લોહીથી આખો પલંગ રક્તરંગી બની તરબોળ થઇ ગયો હતો અને તેનો પ્રાણુ દેહપિંજર છોડી ચાલ્યો ગયો હતો.

આવો ભયાનક અને વિકટ દેખાવ જોતાં જ હું

કંપી ઉઠયો. જુલેખા કોણ હોવી જોઇએ? શા માટે તેણે આવું કુકર્મ કર્યું? તે આવી પિશાચિની કેમ બની? વગેરે અનેક વિચારો મ્હારા મગજમાં ઘોળાવા લાગ્યા. કારણ કે, ગજનફરને અતિથિ તરીકે બોલાવી લાવનાર તો હું જ હતો એટલે તેના આ પાપમાં હું પણ કેટલેક અંશે ભાગીદાર હતો.

હું એકાએક ચિત્કાર કરી બોલી ઉઠયોઃ—"જુલેખા! જુલેખા!! બહેન! આ તેં શું કર્યું? આવી દગલબાજી કરવી હતી તો મ્હને પહેલાં કેમ કહ્યું નહિ?"

જુલેખા હાથમાંથી કટાર દૂર ફેંકી ઘણા જ નમ્ર સ્વરે બોલીઃ-"ભાઈ! તમે શાંત થાઓ. જ્યારે તમે ખરી હકીકતથી વાકેફ થશો ત્યારે તમને માલૂમ પડશે કે જીવને સાટે મ્હેં જીવ લીધો છે. મ્હેં આવું દુષ્ટ કામ કેમ કર્યું-મ્હને કરવાને કેમ ફરજ પડી? વગેરે હકીકત જ્યારે તમે મ્હારી પૂર્વાવસ્થાની જીવનકહાણી સાંભળશો ત્યારે તમને ખબર પડશે અને તે વખતે તમે કહેશો કે, બહેન જુલેખા! તેં આ કામ યોગ્ય કર્યું છે. ભાઇ! અત્યાર સૂધી તમારી સાથે હું એક ભેદભરેલી સ્ત્રી તરીકે વરતી છું. જે ગુપ્ત કારણથી મ્હારા હૃદયનું કબાટ તમારા જેવા નિઃસ્વાર્થ હૃદય-સુહૃદ બંધુની આગળ આટલા દિવસ સૂધી મ્હેં બંધ રાખ્યું હતું-તે આજ તમારી આગળ ઉઘાડી તેમાંથી મ્હારા બળતા હૃદયની જ્વાળાઓ બતાવીશ; પરંતુ મ્હારી એ શોચનીય કહાણી હું તમોને કહી સંભળાવું તે પહેલાં ગજનફરના મૃત

દેહને આપણે આ ઘરની બાજુમાં આવેલા કુવાની અંદર નાખી દેવો પડશે. નહિ તો આપણા બન્ને જણનો બચાવ નથી. નરહત્યાના અપરાધથી આપણ ઉભયને રાજદંડને આધીન થવું પડશે."

એક અપરિચિતા રમણીને આસન્ન મૃત્યુમુખમાંથી બચાવી, સેવા ચાકરી કરી તેનો પ્રાણ રાખી જીવાડવામાં મ્હેં ગંભીર ભુલ કરી હતી, એમ મ્હને જણાયું. કુદરતે તેને સુન્દર રૂપ આપ્યું હતું, તેના મુખની મીઠી મીઠી વાતોમાં કાંઈ ઓર મજાહ જણાતી હતી, તેના તરફ પૂજ્યભાવ ઉત્પન્ન થાય તેવી લજ્જા તથા વિનય તેનામાં હતાં, છતાં તે આવી પાષાણહૃદયા કેમ થઈ એ જાણીને હું અજાયબ થયો. તે વખતનો જુલેખાનો કલુષિત દેહ–તેની સોબત–મ્હને વિષ સમ જણાવા લાગી.

મ્હેં આવેશમાં આવી જઇ ક્રોધયુક્ત સ્વરે કહ્યું:-
"નરઘાતિની દિલફરેબ દગાબાજ ઔરત! આવાં ઘાતકી કામ કરવા માટે તેં મ્હને મીઠી મીઠી જબાનથી ભોળવી પોતાના કામમાં હમશરીક કર્યો? રંડા! તારી આવી વાત જો હું પહેલી જ જાણુત કે ખૂબસૂરતીમાં સમાયેલી તું કાલી નાગણ છે તો તારો સંગ પણ કરત નહિ, અને મ્હારે માર્ગે ચાલ્યો જાત. પાપિણી, હવે તો તારે અને મ્હારે બન્નેએ આ પાપનું ફળ ભોગવવું જ પડશે. હું હમણાં જ કોટવાલને આ વિષેની ખબર આપું છું."

એટલું કહી હું ઓરડા બહાર નીકળવા માંડયો એટલે મ્હારા બન્ને હાથ પકડી, ઘુંટણીએ પડી આજીજી

કરતાં દીનવાણીથી તે મ્હને કહેવા લાગી:-" ભાઈ! તમે આટલા બધા નિષ્ઠુર હશો એમ હું નહોતી ધારતી. એક માસ અગાઉ તમે જે દિવસે મ્હને જીવતી કબ્ર-માંથી ઘવાયેલી અવસ્થામાં બહાર કહાડી જીવનદાન આપ્યું હતું તે શું ભૂલી ગયા? તેવી મ્હારી સ્થિતિ કરનાર કોણ હતો તેની તમને હજી પણ ખબર નથી પડતી? આ નરપિશાચેજ મ્હારા તે દિવસે તેવા હાલ કર્યા હતા. દગલબાજીથી મ્હને ફોસલાવી અસ્ત્રાઘાત કરી તેણેજ મ્હને જીવતી દાટી દીધી હતી! હાય! એ શય-તાન ગજનફરે મ્હારા ઉપર કેવા કેવા અત્યાચારો કર્યા હતા, મ્હને ભોળવીને કેમ ફસાવી હતી, વગેરે અથથી તે ઇતિ સૂધીની વાત કહું તો તમારા મનને ખાત્રી થાય કે, તેણે મ્હારા ઉપર જે જે સિતમો ગુજાર્યા છે, તેના બદ-લામાં મ્હેં તો કાંઈજ કર્યું નથી. કેમકે, એણે મ્હને જીવતી કબ્રમાં દાટી હતી, મ્હારી સાથે વિશ્વાસઘાત કર્યો હતો અને કેવી રીતે નૃશંસ કાર્ય કર્યું હતું તે તમને ખુલ્લી રીતે કહી બતાવું તો તમને મ્હારા ઉપર દયા ઉપસ્થિત થયા વિના રહેશે નહિ."

આટલું કહેતાંજ વાઘણની માફક તેની બન્ને આંખો ક્રોધથી લાલ થઇ ગઈ અને ક્રમાગત આવેશમાં આવી જઇ દીર્ઘ નિઃશ્વાસ મૂકી તે એકી નજરે મ્હારી સામે જોવા લાગી.

૧૧

પ્રકરણ ૧૩ મું.

ત્યાર પછી જુલેખા કાંઇક ઠંડી પડી અને એક કોચ ઉપર મ્હને બેસાડી પોતાનો જીવન વૃત્તાંત કહેવા લાગી:- "ભાઈ! હું સિરિયાના સુલતાનની રાજકન્યા છું. શહેરની અંદર આપણે ઘર ભાડે લઇને રહ્યાં છીએ, તે સિરિયાના સુલતાનના તાબાનું ન્હાનું શહેર છે. સિરિયાની રાજધાની અહિંથી લગભગ ત્રણેક ગાઉ દૂર છે.

સિરિયાના સુલતાનનો શહેર બહાર એક ન્હાનો સરખો ઉદ્યાનવાટિકામાં આવેલો મહેલ છે. એ સ્થાનની ચારે બાજુએ પર્વત મેખલા આવેલી હોવાથી અને તેમાં વર્ષાઋતુમાં નિરંતર વહેતા પાણીના ધોધથી તે સ્થળ બહુ અહ્લાદકારક લાગતું હોવાથી તેમજ પ્રાકૃતિક સૌન્દર્યની હું શોકીન હોવાથી હમેશ ત્યાંજ રહેતી હતી. ગૌરવશાળી મ્હારો પિતા ગ્રીષ્મકાળમાં કોઇ વખત ત્યાં આવીને રહેતો હતો.

આ પ્રમાણે મ્હારી સઘળી હકીકત વિસ્તારથી કહેવાનો અત્યારે સમય નહિ હોવાથી હું મ્હારૂં બયાન ટુંકમાં જણાવું છું.

એ શહેરના છેડે એક સુન્દર સ્નાનાગાર આવેલું છે. એ પહાડની વચ્ચેથી વહેતી એક ન્હાની સરિતાના જળથી એ સ્નાનાગાર પરિપુષ્ઠ હોવાથી અઠવાડીયામાં બે દિવસ એ હમામખાનામાં રાજપરિવારને સ્નાન કરવાના નક્કી ઠરાવેલા છે. એ બે દિવસ પ્રજાવર્ગના કોઇ

પણ માણસને ત્યાં દાખલ થવાનો અધિકાર નથી.

મ્હારા પિતાએ ન્હાનપણથી સારા સારા કાજીઓના હાથમાં સોંપી મ્હને યથેષ્ટ સુશિક્ષિત કરી હતી. વળી જૂદાં જૂદાં કારણોથી મ્હારા મનમાં એવો ગર્વ ઉત્પન્ન થયો હતો કે, મ્હારા જેવી સૌન્દર્યવાન સ્ત્રી આ દુનિયામાં કોઇ નથી, માટે મ્હારી સાથે વિવાહ કરવા લાયક એવો સ્વરૂપવાન પુરૂષ પણ આ દુનિયામાં કોઇ નથી; પરંતુ કુદરતના કાનૂન આગળ માણસ જાતને લાચાર થવું પડે છે અને જગત્‌ની અંદર મહાન્ ગણાતા મનુષ્યોને પણ તેને નમવું પડે છે. અર્થાત્ વિધાતાએ મ્હારો ગર્વ એક દિવસ ઉતારી નાખ્યો. મિયાનામાં બેસી હું એક વાર સ્નાનાગાર–હમામખાના તરફ જતી હતી, તે સમયે રાજમાર્ગની સામી બાજુએ એક દુકાનમાં બેઠેલા ગજનફ્રર નામના વેપારી તરફ મ્હારી દૃષ્ટિ વળી અને તે જ ક્ષણે તેના સૌન્દર્યમાં લુબ્ધ થઇ હું ગર્વગળીત બની ગઇ.

સૌન્દર્યના મોહથી અંજાઇ જ્યારે આશક–માશુકની દૃષ્ટિ એક થઈ તેઓ દિલ વેચી દે છે, ત્યાર પછી તેઓના આત્માની દશા કેવી હોય છે, તેની તો જે વ્યક્તિ તેવી સ્થિતિમાં આવી હોય તેને જ ખબર પડે. બાકી પ્રસૂતિની પીડા વંધ્યા જાણી શકતી નથી, તેમ જગત પણ ખરી વિરહાવસ્થાનું દુઃખ કેવું હોય છે, તે જાણી શકતું નથી. અર્થાત્ તેની મદનમૂર્ત્તિ સર્વત્ર મ્હને દેખાવા લાગી. તેને જોયા વિના મ્હને ચેન પડતું નહિ એટલે હમેશ હું તેની દુકાન તરફથી જ મ્હારી ગાડી

હંકરાવી હમામખાના તરફ જવા લાગી. અગ્નિમાં જેમ જેમ વધારે આહુતી પડે તેમ તેમ અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે, તેમ મ્હારી પણ ગતિ થઇ. જેમ જેમ હું તેનું વધારે દર્શન કરતી ગઇ, તેમ તેમ તેને મળવાની પ્રબળ લાલસા ઉત્પન્ન થવા લાગી.

એક દિવસ મ્હને મ્હારી સ્થિતિનું ભાન થવા લાગ્યું અને મ્હેં વિચાર્યું કે, હું આ શું કરૂં છું? હું કોણ અને ગજનફ્ર કોણ? ક્યાં રાજકન્યા અને ક્યાં પ્રજાવર્ગનો એક સાધારણ વેપારી! એ મુકાબલો કેમ સંભવે? નહિ. આજ પછી એ રસ્તે જવું નહિ, તેમ એનું મ્હોડું પણ જોવું નહિ. નહિ તો મ્હારૂં સુખ, સ્વચ્છન્દ, દર્પ, અભિમાન, સૌન્દર્ય તેમ જ મ્હારા મનની શાન્તિનો નાશ થયા સિવાય રહેશે નહિ. એમ વિચારી મ્હેં સ્નાનાગાર તરફ જવાનો રસ્તો બદલી નાખ્યો; પરંતુ હું જે પરિણામ લાવવા માગતી હતી, તે આવ્યું નહિ. પ્રબળ રૂપલાલસાએ મ્હારા મનને ચૂર્ણ વિચૂર્ણ કરી નાખ્યું. વહેતા પાણીના પ્રવાહને–ગતિને રોકવામાં આવે તો બમણા જોરથી તે સામે થઈ પોતાનો માર્ગ કરી લે છે, તેમ ઇશ્કનો પ્રવાહ પણ ગમે તેવા સંકટોમાં પણ પોતાની ધારણા પાર પાડે છે. અર્થાત્ જેમ જેમ હું તેનાં દર્શનથી દૂર રહેવાનો પ્રયત્ન કરવા લાગી તેમ તેમ તેના દર્શનની લગની મ્હને ચારગણી વિશેષ થવા લાગી.

ગજનફ્ર ઉચ્ચ કુલોત્પન્ન ધનાઢ્ય વેપારી હતો અને આખા શહેરમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે ગણાતો

હતો. વળી મ્હારા પિતાના રાજદરબારની જરૂરીયાતની ચીજો પણ તે જ પૂરી પાડતો હતો.

એક વખત મ્હારા દિલમાં એમ આવ્યું કે, મ્હારી નિમકહલાલ વૃદ્ધા દાઇની મદદથી પિતાને કહેવરાવી દઉં કે હું આ શહેરના શાહ સોદાગર ગજનફર સાથે વિવાહ કરવા ઈચ્છું છું; પરંતુ એ પ્રમાણે સાહસ કરવાને હિમ્મત ચાલી નહિ. પહેલાંનો વિનય, લજ્જા, અભિમાન વગેરે મ્હારો કંઠ દાબી બેસી રહ્યાં.

દિવસે દિવસે હું તાપદગ્ધ લતિકાની માફક સૂકાવા લાગી. પિતાએ ઉત્તમ હકીમની તજવીજ કરી મ્હારી દવાનો બંદોબસ્ત કર્યો, પણ કોઇ કારગત લાગી નહિ. 'મરીજે ઇશ્કની' દવા તેનો ખરો પ્રેમી જ આપી શકે, બાકી એક કવિએ કહ્યું છે તેમ

યેહ ઇશ્ક વોહ હય કે પત્થરકો દમમેં આબ કરે,
જલાકે દિલકો સમન્દરકે યેહ કબાબ કરે;
યેહ આશકોંકા બીજાં ગુલ્શને શબાબ કરે,
લગાએ દિલ વોહી જીસ્કો ખુદા ખરાબ કરે.

અર્થાત્ હું વિરહાગ્નિમાં ગળી ગળીને પાતળી સોટા જેવી થઇ ગઇ. મ્હારા મુખનું તેજ-મ્હારૂં સૌન્દર્ય-કુમળાઇ ગયેલાં પુષ્પની માફક નિસ્તેજ થઇ ગયું. હું ફિક્કા ચ્હેરે દિલની ચલ-વિચલ સ્થિતિમાં દિવસો પૂરા કરવા લાગી. ગજનફરને મ્હેં દિલથી દૂર કરવા ઘણો વિચાર કર્યો; પરંતુ મ્હારા જેવી રૂપગર્વિતા રમણીનું તેનાં સૌન્દર્ય આગળ કાંઇ ચાલ્યું નહિ.

કહેવામાં આવે છે કે, પુરૂષો કરતાં સ્ત્રીઓજ સ્ત્રીઓના દિલની સાચી પરીક્ષા કરી શકે છે. અર્થાત્ મ્હારા બાબમાં પણ તેમ જ બન્યું. મ્હારી પાલક માતા–વૃદ્ધ બાંદી આખરે મ્હારો પ્રકૃત વ્યાધિ જાણી ગઈ. એણે એક દિવસ ઘણી ચતુરાઇથી પ્રશ્ન પૂછી મ્હારા મનની વાત જાણી લીધી. ખરેખર, સ્ત્રીઓની ચાલાકી આગળ પુરૂષની ચતુરાઇ પાણી ભરે છે. વૃદ્ધા દાઇની ચતુરાઇથી મ્હારા દિલનો માલિક–મ્હારો પસંદ કરેલો પ્રિયતમ–ચોકીદારોથી ઘેરાયેલી રાજપુરીમાં પણ છુપી રીતે આવ જાવ કરવા લાગ્યો.

આવી રીતે મિલનના આનંદથી કેટલાક દિવસો વ્યતિત થઈ ગયા. ગજનફરે જાહેર રીતે મ્હારી સાથે વિવાહ કરવા માટે ઘણી ઉત્સુકતા અને આગ્રહ દેખાડયો. મ્હેં તેને મ્હારા પિતાની પાસે મ્હારા વિવાહની માગણી કરવા કહ્યું; પરંતુ તે વખતે કોઇ જરૂરી રાજકાર્યને માટે મ્હારા પિતાને રાજધાની છોડી દૂરના શહેરમાં જવું પડેલું હોવાથી ગજનફર પોતાની મુરાદ બર લાવી શકયો નહિ.

ત્યાર પછી બે ત્રણ દિવસ ગજનફર છુપી રીતે જનાનખાનામાં આવ્યો અને પછી એકાએક બંધ થઇ ગયો. આવી રીતે એકદમ તેનાં દર્શન બંધ થવાથી મ્હારા મનની વ્યાકુળતા પુષ્કળ વધવા લાગી એટલે એક વિશ્વાસુ દાસીને બોલાવી મ્હેં તેને તપાસ કરવા મોકલી. ગજનફર શહેરમાં સુપરિચિત ધનાઢ્ય વ્યક્તિ હતો, એટલે તેનું ઘર શોધી કહાડવામાં દાસીને જરા પણ

હરકત પડી નહિ. દાસી તેને પુનઃ મ્હારી પાસે લઇ આવી. માન અભિમાનના અભિનયની પ્રસ્તાવના કર્યા બાદ ગજનફર મ્હારા ચરણમાં પડી કહેવા લાગ્યોઃ-"રાજકુમારી જો કે મ્હેં તમારો અપરાધ કર્યો છે; પરંતુ નિરૂપાયે મ્હને તેમ કરવું પડયું હતું. હવેથી આપને કોઇ પણ પ્રકારનું હું દુઃખ દઇશ નહિ. આ વખતે ક્ષમા કરો."

આ બનાવ બન્યા પછી બે ત્રણ દિવસ સૂધી તે મ્હારે ત્યાં આવ્યો અને પછી પુનઃ અલોપ થઇ ગયો. તેનાં આવાં વર્તનથી મ્હારા દિલમાં શંકા ઉત્પન્ન થવા લાગી. મ્હેં વિચાર્યું કે આ શહેરના દરેક અમીર-ઉમરાવ મ્હારા રૂપના તેજમાં મુગ્ધ થઇ મ્હારો હસ્ત મેળવવામાં નાસીપાસ થયા હતા, ત્યારે ગજનફર જેવો એક સાધારણ વેપારી-જેની ઉપર મ્હેં મ્હારી જીંદગી કુરબાન કરી-જેના લીધે હું રાજકન્યાનું પદ ત્યાગ કરવા તૈયાર થઈ, તે મ્હારી આવી ઉપેક્ષા કરે છે? શું બીજી કોઇ રમણીના પ્રેમમાં પડી મ્હને ભૂલી તો નહિ ગયો હોય? આવી ઇર્ષ્યાએ મ્હારા દિલમાં ક્રોધાગ્નિ સળગાવી દીધો. પથારીમાં પડી રાત-દિવસ છટફટ કરવા લાગી. વિરહજવાળા હું સહન કરી શકી નહિ એટલે એક દિવસ રાતના અંધકારમાં બુરખો નાખી હું રાજપુરીમાંથી બહાર પડી.

રાજમહેલથી ગજનફરનું ઘર બહુ દૂર નહોતું. તેણે હમણા જ એક બે માળની હવેલી બાંધેલી હતી. તે હવેલીને શહેરના લોકો "રોનક મહાલ"ના નામથી

ઓળખતા હતા. મ્હારા મહેલની આગાશીમાંથી રૈનક મહાલ દેખાતો હતો. અર્થાત્ ગંભીર રજનીમાં રૈનક મહાલ શોધી કહાડવામાં મને બહુ મુશ્કેલી નડી નહિ.

આવી રીતે એકલી રાત્રિના વખતે હું કોઇ દિવસ બહાર ગયેલી નહિ હોવાથી મ્હારા પગ થરથર કંપવા લાગ્યા અને છાતી ધબધબ થવા લાગી. છતાં હિમ્મત રાખી હું ગજનફરના ઘર પાસે પહોંચી ગઇ અને તેના દરવાજાપર મ્હેં ટકોરા માર્યા.

એક વૃદ્ધ બાંદીએ બારણાં ઉઘાડ્યાં અને હું અંદર દાખલ થઇ. દાખલ થતાં જ ઉપરના માળ પરથી સુમધુર સંગિત ધ્વનિ મ્હારા સાંભળવામાં આવ્યો. વળી તે સાથે રમણી કંઠના ઉચ્ચ હાસ્યકલ્લોળ સાથે મ્હારા પ્રિયતમ ગજનફરનો ઉલ્લાસમય અવાજ પણ મ્હારા કાનમાં આવીને અથડાયો. તરત જ હું ઇર્ષ્યાથી બળી જવા લાગી. જે નરાધમ દુષ્ટપર પ્રેમ કરી મ્હેં તેને મ્હારો કરી લીધો હતો, તેનો આવો અસદ્ વ્યવહાર! આવું ધિક્કારવા યોગ્ય વિશ્વાસઘાતી પગલું! જેને મ્હારા ચોકીદારોને પણ નમવું પડે, તેના બારણાં આગળ મ્હારા જેવી નગરના અધિપતિની રાજકન્યાને અભિસારિકા તરીકે અહિં આવવું પડયું. હાય! પ્રેમ તારી અજબ બલિહારી છે. રાયને પણ રંકને પગે પાડે છે!

મ્હેં દાસીને પૂછયું કે, તારા શેઠ કયાં છે? તે મ્હારા પ્રશ્નનો ભેદ પામી શકી નહિ. તેણે સરળ ભાવથી કહ્યું:-" મ્હારા માલિક હમણાં તેમની કાફરી પ્રેમપાત્રીને

લઈ મોજમજાહ ઉડાવી રહ્યા છે. આપને શું કામ છે? કહો, હું આપનો સંદેશો તેમને પહોંચાડી આવું.

મ્હેં કહ્યું:–"તેમની સાથે મેળાપ કરવાની મ્હારી ઇચ્છા છે." એટલું કહી હું તરત જ સીડીએ ચ્હડવા લાગી. દાસી મ્હને રોકવા આવી, પણ તેના શરીરને મ્હેં એવો તો જોરથી ધક્કો માર્યો કે તે દૂર જઇ પડી એટલે ક્રોધથી બળતા હ્રદયે હું ઉપર ચડી ગઈ.

ઉપર જતાં જ સામેના એક ઓરડામાં મ્હેં જે દેખાવ જોયો તેથી અભિમાન અને ઉપેક્ષાથી ઉત્પન્ન થતા ક્રોધથી હું ઉન્મત્ત બની ગઈ. આ વખતે શાહજાદી પદના અભિમાને મ્હારા જ્વાળાયુક્ત હ્રદયમાં શક્તિસંચય કર્યો. ગજનફર એક કૃષ્ણકાય યુવતીને પોતાની ગોદમાં લઇ આગ્રહથી આનન્દચિત્ત પ્રેમાલાપ કરતો હતો.

ગુસ્સાના આવેશમાં બેભાન બની હું ગજનફર બેઠો હતો ત્યાં દોડી ગઇ અને તેના શરીરે એક લાત મારતાં મ્હેં કહ્યું:–"શયતાન! કુકર્મી કૂતરા! મ્હારી સાથે આવી દગાબાજી? શું આવો જ તારો પ્રેમ!! જો, આંખ ખોલીને જો કે, તારી સામે કોણ ઉભું છે? રાજકન્યાને ફસાવી તું નીચ કાફરી ઔરત પર મોહી પડયો છે? શું આવી નમકહરામી કરી મ્હારી સાથે લગ્ન કરવા માગતો હતો? સારૂં થયું કે ખુદાએ મ્હને આજે અહિં મોકલી મ્હારી આંખપરનો પડદો દૂર કરી તારી શયતાનીયતનું દર્શન કરાવી દીધું."

મ્હારૂં આ વખતનું ચણ્ડિકાસ્વરૂપ જોઈ ગજનફર

ભયથી દિંગ્મૂઢ બની ગયો. શું બોલવું અને શું નહિ તેનો નિશ્ચય કરી શક્યો નહિ. કાફરી યુવતી મ્હારી કોધિત મુદ્રા જોઈ ત્યાંથી બીજા ઓરડામાં પલાયન કરી ગઈ. હતભાગ્ય ગજનફર નિરૂપાય બની મ્હારા ચરણમાં પડી માફી માગવા લાગ્યો. જૂદી જૂદી જાતનાં મિષ્ટ વાક્ય બોલી મ્હને રાજી કરવા લાગ્યો. હું તેના આવાં કપટ-યુક્ત મધુર ભાષણથી શાન્ત થઇ અને ફરીથી સ્વાભાવિક અવસ્થામાં આવી ગઈ.

ત્યાર પછી એ દુષ્ટ નરપિશાચે ઉત્તમ શિરાજીની એક પ્યાલી મને પીવા આપી. એ વખતે મ્હારો ક્રોધ શાંત થઇ ગયો હતો એટલે તરતજ હું તેની સાથે મોજશોખમાં મત્ત બની ગઈ, પરંતુ તેના પર આમ એકાએક વિશ્વાસ મૂકવામાં મ્હેં ગંભીર ભૂલ કરી હતી. મોહમાં પરવશ બની હું તેનો ભોગ થઇ પડી. શીરી જબાન, ખુશામતી શબ્દો અને પ્રણયનાં સ્વર્ગીય સ્વપ્નના લોભમાં હું પડી ગઇ. તેણે મ્હારી આવી સ્થિતિનો લાભ લીધો. પુષ્કળ મદિરા પાઇ તેણે મને બેભાન બનાવી દીધી અને પછી મ્હારા કેવા હાલ કર્યા તે તો તમે પ્રત્યક્ષ જોયું છે."

"ભાઇ! આવી રીતે મ્હારી અર્ધ ચેતનામય અવસ્થામાં તેણે હથિયારથી મ્હારા દેહ ઉપર ઘા કરી મ્હારી હત્યા કરી મને દાટી દીધી—એ સઘળી સાંઘાતિક ઘટનાનો હું બદલો વાળું તો એ નિષ્ઠુરનું કામ ગણાય? કહો, શું હજી પણ તમે મને ગુન્હેગાર ગણો છો? ખૂનનો બદલો ખૂનથી વાળ્યો એમાં મેં કયું પાપ કર્યું?"

હું જુલેખાને ઉત્તર આપી શકયો નહિ. એક માસ સરાઇખાનામાં રહી જુલેખાએ પોતાના આશક પર વેર વાળવા ભયાનક કર્મસૂત્રની જાળ રચી હતી અને તેનું હથિયાર મને બનાવ્યો હતો. તેનું પ્રતિહિંસાનું કાર્ય આજે પૂર્ણ થઇ ગયું. તેના આદરેલા આ ભીષણ હત્યા કાંડમાં મ્હેં મદદ કરી હતી તેથી હું ઘણો પસ્તાવા લાગ્યો. નરઘાતિની રાક્ષસીને જોઈ મ્હારા શરીરે અગ્નિજવાળા ઉઠવા લાગી. ક્રોધાવેશમાં હું કાંઈ પણ બોલી શકયો નહિ.

મને નિરૂત્તર બેઠેલો જોઇ માનભંગ કરતાં જુલેખા બોલી:-“ભાઇ! જે વેપારી પાસે તમને નાણાં લેવા મોકલ્યા હતા, તે મ્હારા પિતાનો ખજાનચી છે. તમારે નાણાંની જરૂર હોય તો તેની પાસેથી હું પુષ્કળ દ્રવ્ય તમોને મંગાવી અપાવું. તમે આજની રાત્રિ મ્હારી સાથે રાજ મહેલમાં ચાલો.”

મ્હેં કહ્યું:—“જુલેખા! મ્હેં ઉપલક્ષ્યરૂપે તમારા જીવનનું રક્ષણ કર્યું છે. તમારા સ્નેહમાં અંધ બની–સહોદરા ભગિની ગણી—મ્હેં તમોને બનતી મદદ કરી છે તેમજ તમારામાં વિશ્વાસ રાખ્યો છે. જ્યારે જ્યારે તમોએ જે જે હુકમો કર્યા છે, તે મ્હેં યથાશક્તિ પાળ્યા છે. પ્રથમથીજ જો હું તમારા મનનો પ્રકૃત ઉદ્દેશ કોઇ રીતે જાણી શકયો હોય તો પરિણામે આવાં ભયંકર અને દુષ્ટ કાર્યમાં તમોને મદદ કરત નહિ. નરહત્યામાં મદદ કર્યાનું ભીષણ કલંક મ્હારા કપાળ પર ચ્હોંટી ગયેલું છે. હવે તો તમારી સાથે મહેલમાં આવવાનું દૂર રાખો-આ

ક્ષણુથીજ હું તમારા સંસર્ગનો ત્યાગ કરવા ઇચ્છું છું માટે બ્હેન, આખરી સલામ!"

એટલું કરી હું તરતજ ઘરમાંથી બહાર ચાલી નીકળ્યો. જુલેખા શું કરશે અને તેનું શું થાશે એ જોવાને મને વાસના રહી નહિ. બંને આંખો જે દિશાએ લઈ જતી હતી તે દિશાએ જ્ઞાનશૂન્ય બની હું ચાલવા લાગ્યો. લગભગ બે કલાક ચાલવા બાદ એક ન્હાનું શહેર રસ્તામાં આવ્યું. મ્હેં શહેરમાં દાખલ થવા વિચાર કર્યો પણ કિલ્લાના દરવાજા બંધ હોવાથી અંદર જઈ શક્યો નહિ.

થાકીને હું લોથપોથ થઈ ગયો હતો; વધારે ચાલ-વાની મ્હારામાં શક્તિ નહોતી એટલે આસપાસ કોઈ જગા આશ્રય માટે મળે તો સારૂં એમ માની હું શોધ કરવા લાગ્યો. સુભાગ્યે થોડે દૂર એક મુસાફરખાનું મ્હારી દૃષ્ટિએ પડયું. મુસાફરખાનું પ્રથમ શ્રેણીનું નહોતું છતાં આશ્રય સ્થાનના અભાવે મ્હેં ત્યાંજ વિશ્રાંતિ લેવા નિશ્ચય કર્યો.

સુખે દુઃખે મ્હેં એ રાત્રિ મુસાફરખાનામાંજ ગુજારી. બીજે દિવસે પ્રભાત થતાં થોડો નાસ્તોપાણી કર્યા પછી હું શહેર તરફ જતો હતો એટલામાં રસ્તામાં એક માણસ મને જોઇ ચમકીને ઉભો રહ્યો. એ માણસ એકી નજરે મ્હારા તરફ તાકીને જોઇ બોલ્યો:-"એજ આ બદમાશ! જેણે મ્હારા શેઠને પોતાને ઘેર નિમંત્રણ કરી લઇ જઈ મારી નાખ્યો."

આ વાત સાંભળી મ્હારૂં દિલ કંપી ઉઠયું. માથું ફરવા લાગ્યું. એ માણુસની પછવાડે પણ સિપાહીઓ છુપે વેશે આવતા હતા, તે મ્હારા જાણવામાં આવ્યું નહિ. તેઓએ એકદમ મને કેદ કર્યો અને શહેરમાં કોટવાલની પાસે લઇ ગયા.

સિરિયામાં હત્યા કરનારના ગુન્હાની તપાસ ખુદ દેશાધિપતિજ ચલાવતો હોવાથી તેઓએ ત્યાંથી મને રાજધાનીમાં મોકલી દીધો. પહેલો દિવસ તો મ્હેં કેદખાનાની અંધારી કોટડીમાં જ કહાડયો. બીજે દિવસે બપોરે મ્હારા હાથ પગમાં બેડી નાખી મ્હને સુલતાન આગળ હાજર કરવામાં આવ્યો. આ સુલતાન જુલેખાનો પિતા થતો હતો. મ્હેં વિચાર્યું કે, જુલેખા આ વખતે ખાત્રીપૂર્વક મહેલની અંદર આવી પહોંચી હશે; પરંતુ તેને ક્યાંથી ખબર હોય કે, તેને લીધે જ આજે મ્હારી આવી દુર્દશા થઇ છે, અને નરહત્યાનો અપરાધી બની ફાંસીએ લટકવાનો વખત આવ્યો છે!

ખૂનનો અપરાધ કબૂલ કરવા માટે પહેરેગીરો મ્હને ચાબૂકથી મારવા લાગ્યા. ફટકાના ઘાથી મ્હારા શરીર પરથી શોણિત ધારાઓ વહેવા લાગી છતાં દુ:ખથી અધીરા બની ગજનફરનું ખૂન કરનાર—ખરેખરી ગુન્હેગાર—શાહજાદી જુલેખાનું મ્હેં ઠેઠ સૂધી નામ દીધું નહિ.

સુલતાન એક મ્હોટા રત્નજડીત રાજસિંહાસન ઉપર ન્યાય કરવા બેઠો હતો. શહેરનો મુખ્ય કોટવાલ, રાજમંત્રી, બે અંગરક્ષકો તેની બન્ને બાજુએ બેઠા હતા.

સુલતાન મ્હારા મુખ તરફ જોઇ બહુ વાર સુધી વિચાર કર્યા બાદ બોલ્યોઃ–" અય નૌજવાન ! તારા ચ્હેરા ઉપરથી તું કોઈ ભદ્ર પુરૂષ જણાય છે, કયા સંજોગોમાં તેં આવું ભયંકર કૃત્ય કર્યું ? યુવક, તારે ગુન્હો કબૂલ કર્યા વિના છૂટકો નથી. તારા ઘરમાંથી જ ગજનફરની ઘવાયેલી લાશ મળી છે. વળી આગલે દિવસે તું જ તેને આમંત્રણ આપી તારે ઘેર બોલાવી ગયો હતો માટે તારા ગુન્હાનો સ્વિકાર કરી ન્યાયના માર્ગને સરળ કરી દે. તારી શોકગ્રસ્ત પરંતુ ખાનદાની મુખમુદ્રા જોઇ મ્હારા દિલમાં દયા ઉત્પન્ન થાય છે, છતાં મ્હારા રાજ્યના એક ધનાઢ્ય અને સંભ્રાન્ત કુળના વેપારીને તેં નિર્દયપણે મારી નાખ્યો છે, તેનું ખરૂં રહસ્ય જાણવા હું બહુ ઉત્સુક છું. માટે ખરેખરી હકીકત કહી દે."

મ્હેં બે હાથ જોડી વિનંતિ કરતાં સુલતાનને કહ્યુંઃ– " જહાંપના ! ખુદાનું નામ લઇ હું આપની પાસે પ્રતિજ્ઞા કરૂં છું કે, આ હત્યા મ્હેં કરી નથી. જેના હાથથી એ ખૂન થયું છે, તેનું નામ હું કોઇ પણ રીતે જાહેર કરી શકીશ નહિ. આપના ન્યાયથી જો હું શિક્ષાને પાત્ર થાઉં તો–આપ જે શિક્ષા કરશો તે હું આનન્દચિત્તે સહન કરીશ. ખુદાવંદ ! આપ જેવા નિર્દોષ છો, તેટલો જ હું પણ નિર્દોષ છું. ભાગ્યચક્રના ફેરામાં સપડાઇ એક ભયંકર કપટ જાળના ફંદામાં હું ફસાઇ ગયો છું. છતાં મ્હારા પ્રાણ જતાં પણ હું ખરા ખૂનીનો પત્તો આપીશ નહિ. કારણ કે, એમાં આપની પણ આબરૂનો

સવાલ સમાયેલ છે. આ બનાવથી હું બહુ નારાજ થયો છું. આત્મહત્યા કરી આત્મનાશ કરવામાં પાપ છે, એમ ન માન્યું હોત તો તે વખતે જ ગજનફરની સાથે મ્હારી લાશ પણ આપના હાથમાં આવત. અફસોસ! હું શું કરવાં જતો હતો અને શું બની ગયું. ધર્મ કરતાં ધાડ મ્હારા માથાપર આવી પડી છે. માટે આપ ખુશીથી જે સજા ફરમાવવી હોય તે ફરમાવો એટલે આ કપટી દગલબાજ દોરંગી દુનિયામાંથી હાથ ઉઠાવી હું ખુદાની દરબારમાં પહોંચી જાઉં."

મ્હારો ઉત્તર સાંભળી સુલતાને મંત્રી અને કોટવાલની સાથે મસલત કર્યા પછી કહ્યું:–"યુવક! સઘળો પુરાવો તારી વિરૂદ્ધમાં જાય છે. ગજનફરને તું જ તારે ત્યાં બોલાવી ગયો હતો અને તારા ઓરડાની બાજુએ જ રૂધીરથી ખરડાયેલો તેનો મૃતદેહ પડયો હતો. એ સઘળા પ્રત્યક્ષ પુરાવા જોતા હું તને કોઈ રીતે માફી આપી શકું એમ નથી માટે આવતી કાલે સવારે પ્રજાજનની સમક્ષ તને ગરદન મારવાનો હુકમ કરૂં છું કે જેથી ભવિષ્યમાં મ્હારી પ્રજાનો કોઇ માણસ આવું ક્રૂર અને ઘાતકી કામ કરે નહિ."

સુલતાનને મ્હોડેથી આવી ભીષણ શિક્ષા સાંભળી હું મનમાં ને મનમાં ધ્રૂજી ઉઠયો. છતાં કરૂણામય દયાળુ ખુદા ઉપરનો મ્હારો વિશ્વાસ મ્હેં ખોયો નહિ. લતિફાની શોચનિય મૃત્યુની સ્મૃતિ મ્હારા દિલને હમેશાં દિવારાત્ર જ્વલંત ચિતાની માફક બાળ્યા કરતી હતી.

મ્હારૂં જીવન ઘોર વિડંબનામય—દુઃખમય બની ગયું હતું એટલે તે જ્વાળાથી ઉદ્ધાર પામવા માટે સુલતાનની શિક્ષાને મ્હેં બહુ શ્રેયસ્કર માની.

પરંતુ આ વખતે એક અજાયબીમાં ગરકાવ કરે તેવો દેખાવ મ્હારી દૃષ્ટિએ પડચો. એક બુરખો નાખેલી યુવતી સુલતાન પાસે આવી બુરખો કહાડી નાખી તેના ચરણમાં પડી કહેવા લાગી:—“ અબ્બાજાન! સબુર કરો. વિના અપ-રાધે એક નિરપરાધી યુવાનને પ્રાણદંડની શિક્ષા કરી આપના પવિત્ર રાજદંડને અપવિત્રતાનું કલંક લગાડશો નહિ. આ નૌજવાન તદ્દન નિર્દોષ છે. એ હત્યા એણે કરી નથી. તેમ તેણે કોઈને મદદ પણ કરી નથી. ખરી ગુન્હેગાર હું છું. મ્હેંજ તેના પાપી દેહને આ કટારથી ખુદાની દર-બારમાં તેના પાપનો ન્યાય ચુકવવા મોકલી દીધો છે. જૂઓ! કટાર ઉપર હજી પણ તેના લોહીના ડાઘ મોજૂદ છે. માટે આ નવયુવાનને છોડી દ્યો અને મ્હને શિક્ષા કરો.”

કહેવત છે કે, જેને ખુદા બચાવે તેને કોણ મારી શકે? અર્થાત જુલેખા અત્યારે સ્વર્ગની દૂતીરૂપે ઉપ-સ્થિત થઇ મ્હારો બચાવ કરી રહી હતી. મ્હેં મનમાં ને મનમાં તેને અસંખ્ય ધન્યવાદ આપ્યા, અને આ બનાવનું શું પરિણામ આવે છે, તે જોવા સારૂ ઉત્સુક ચિત્તે કંપિત હૃદયે હું આશ્ચર્યચકિત બની ઉભો રહ્યો.

જીન યા પરીના જેવો આ અજાયબી ઉત્પન્ન કરે તેવો બનાવ જોઇ આખી દરબાર આશ્ચર્યચકિત બની ગઈ. દરેક જણ આ મામલાનું ખરૂં સ્વરૂપ જાણવા ઉત્સુક

બની રહ્યો હતો એટલામાં પુનઃ જુલેખા બોલવા લાગીઃ– "જહાંપના! આ ખૂન સંબંધે જો આપ સત્ય હકીકત જાણવા માગતા હો, તો બાજુની ઓરડીમાં ચાલો એટલે ખરી બીનાથી હું આપને વાકેફ કરૂં."

સુલતાન તેની પુત્રીને લઈ બાજુના ઓરડામાં ગયો અને પ્રાયઃ અર્ધો કલાક જવા બાદ પુનઃ દરબારમાં આવી સિંહાસનપર બેસતાં બોલ્યોઃ–"અય નૌજવાન! ખુદાના હજાર શુક્ર કે, તમારા જેવા નિર્દોષનું બલિદાન મ્હારા હાથે લેવાયું નહિ. યુવક! પહેલેથી જ જો તમે મ્હારા અમલદારને સઘળી વાત સ્પષ્ટ રીતે કહી દીધી હોત તો હું ધારૂં છું કે, આ વાત આટલે સૂધી પહોંચત નહિ. તમોને હું માન ઈજ્જત સાથે છોડી દેવાનો હુકમ કરૂં છું અને મ્હારી કન્યાની માગણીથી હું તમને આ રાજ્યમાં એક ઉચ્ચ દરજ્જાનો હોદ્દો આપવા માગું છું. કારણ કે, તેણે તમને ભાઈ કહીને બોલાવ્યા છે, એટલે આજથી તમે મ્હારા પુત્રતુલ્ય છો."

સુલતાનની વાત સાંભળી મ્હેં હાથ જોડી વિનિત ભાવે કહ્યુંઃ–"હુજૂર, આપની આ અયાચિત મહેરબાની માટે હું આપને અસંખ્ય ધન્યવાદ આપું છું; પરંતુ મ્હારી પતંગોના જેવી ઉડતી જીંદગી હોવાથી હું આપની કૃપાનો લાભ લઈ શકું એમ નથી માટે મ્હને ક્ષમા કરશો."

મ્હારી અનિચ્છા જોઈ સુલતાન વિમર્ષચિત્તે બોલ્યોઃ– "યુવક! તેમ હોય તો આજનો દિવસ મ્હારૂં આતિથ્ય સ્વીકારી આવતી કાલે તમારે જ્યાં જવાની ઈચ્છા હોય

૧૨

ત્યાં જજો.”

સુલતાનની આજ્ઞાનું પાલન કરવા હું એક દિવસ રાજમહેલમાં રહ્યો. તે દિવસે જુલેખાએ મ્હારી બહુ પરોણા ચાકરી કરી. તેણે પોતાના પિતાની નોકરીમાં રહેવા મ્હને બહુ વિનવ્યો; પરંતુ હું કોઇ પણ રીતે નોકરી કરવા સંમત થયો નહિ.

બીજે દિવસે વિદાય લેતી વખતે જુલેખા એક સ્વર્ણ-મુદ્રાથી ભરેલી થેલી મ્હારા હાથમાં આપતાં અશ્રુભીનાં નયને બોલી:–“ભાઇ! મ્હારા લીધે તમે બહુ કષ્ટ વેઠયું છે. તમારો ઉપકાર મ્હારાથી આ જન્મમાં ફેડી શકાય એમ નથી. કારણ કે, મ્હારા પુનર્જન્મના દાતા તો તમે જ છો. માટે તમારી આ કનિષ્ટ ભગિનીની આટલી ભેટ સ્વીકારી તેના આત્માને કાંઇક શાન્તિ આપો. તમારૂં જીવન લક્ષ્યહીન છે. વિદેશમાં અપરિચિત સ્થાનમાં તમોને એ બહુ ઉપયોગી થઇ પડશે.”

જુલેખાનો અત્યાગ્રહ જોઇ તેના સ્નેહનો ઉપહાર હું પરત કરી શકયો નહિ. સુલતાન અને જુલેખાની રજા લઇ સિરિયાના રાજમહેલને આખરે પ્રણામ કરી હું ભાગ્ય જે દિશાએ લઇ જાય તે દિશાએ ચાલવા લાગ્યો.

પ્રકરણ ૧૪ મું.

સમસ્ત દિવસના શ્રમથી લથડતા પગે ચાલતાં રાત્રિના વખતે એક અપૂર્વ અપરિચિત મુસાફરખાનાનો મ્હેં આશ્રય લીધો. આ મુસાફરખાનું સારૂં હોવાથી દેશ-દેશાવરના વેપારીઓ તેનો લાભ લેતા હતા, તેમાં કેટલાક કેરોના વેપારીઓ પણ ઉતરેલા હતા.

કેરો નામ સાંભળતાં મ્હારી પૂર્વસ્મૃતિ જાગ્રત થઈ. તેઓની સંગતથી કેરો તરફ મ્હારૂં મન વળ્યું. ત્યાં જવાથી હું વિપદ્ગ્રસ્ત બની જઇશ, મિસરાધિપતિના પહેરેગીરના હાથમાં સપડાઈશ તો પુનઃ સુલતાનની હજુર મ્હને ઉભો કરશે અને સુલતાન ગરદન માર્યા વિના રહેશે નહિ વગેરે અનેક શંકા-કુશંકાઓ મ્હારા મનમાં ઉત્પન્ન થવા લાગી. છતાં કોણ જાણે કયા અદૃષ્ટ કારણને લઇ કેરો તરફ મ્હારૂં મન વિશેષ દોડવા લાગ્યું.

હું વિચારવા લાગ્યો કે, સ્વર્ગીય સુંદરી હુરે-મિસર લતિફા શું મરી ગઇ હશે? શું એવી સુન્દરતા મૃત્યુના મુખમાં પડી નાશ પામી જાય? નહિ. આશા મ્હારા મનમાં કહેવા લાગી:-"અનવર! વિચાર કર. જે દેવ-પ્રેરિત અદ્‌ભૂત ઉપાયથી તું જીવી શકયો, તે પ્રમાણે ખુદાની કૃપાથી લતિફા પણ કેમ નહિ બચી ગઇ હોય? ચાલ, હમણાંને હમણાં તું કેરો જા. લતિફાનાં તને પુનઃ દર્શન થશે."

બીજે દિવસે સ્હવારમાં વેપારીઓનો સંઘ કેરો જવા

ઉપડયો. હું પણ તેમની સાથે ચાલવા લાગ્યો. લગભગ દીવાબતી વખતે અમે કેરોની નજીક આવી પહોંચ્યા. હું કેરોમાં અત્યારે દાખલ થવા માગતો નહતો એટલે નજીકના ગામડામાં જઈ રાતવાસો કરવાનો મ્હેં વિચાર કર્યો. વેપારીઓ કેરો તરફ ચાલ્યા ગયા અને હું નાઈલ નદીના તીરે આવેલાં એક માછીમારનાં ગામડાં તરફ વળ્યો.

હું થોડે દૂર ગયો એટલે મચ્છીમારોનો કોલાહલ તથા તેઓ અંદર અંદર લડાઈ કરતા હોય એવો અવાજ મ્હારે કાને આવ્યો. ધીમે ધીમે હું તેઓની પાસે ગયો અને ટંટાનું કારણ પૂછયું. બીના એવી હતી કે, એક મચ્છીમારે નદીમાં જાળ નાખી તેમાં તેને એક ન્હાની પેટી મળી હતી અને તે લેવામાં તકરાર ઉભી થઈ હતી.

તેઓમાંનો વડો નાખવો બીજા મચ્છીમારોને ઉદ્દેશી બોલ્યો:-" એ પેટી લેવી એ આપણું કામ નથી માટે તેને નદીની અંદર પાછી નાખી દો. એક વખત આવી જ રીતે ચામડાનો થેલો લેવામાં કેવી દશા થઈ હતી તે શું તમે બધા ભૂલી ગયા ?"

તેની આવી વાત સાંભળી જેના હાથમાં પેટી આવી હતી તે બોલ્યો:-" આપણા મુરબ્બી જે કહે છે, તે ખરૂં છે, માટે તેને પાછી નદીમાં નાખી દો."

એ પ્રમાણે વાતચિત થયા બાદ તે પેટીને નદીમાં નાખી તેઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. આ બધી વાત હું ત્યાં ઉભો રહીને સાંભળતો હતો એટલે તેઓનો વડો નાખવો મ્હને જોઈ ભય પામ્યો અને ધ્રુજતે

અવાજે બોલ્યો:-"સાહેબ! આપ કોણ છો? આપને શું કામ છે?"

મ્હેં કહ્યું:-"દોસ્ત! ગભરાઇશ નહિ. હું એક અજાણ્યો વિદેશી મુસાફર છું. તને એક વાત પૂછવા ઇચ્છું છું. તેનો જો ખરેખરો ઉત્તર આપીશ તો હું તને સારૂં ઇનામ આપીશ."

એટલું કહી હું તેને એક એકાંત જગ્યા પાસે લઇ ગયો અને તેના હાથમાં એક સુવર્ણ મુદ્રા મૂકતાં પૂછયું:- દોસ્ત! તેં પહેલાં કહ્યું કે ચામડાનો થેલો જળમાંથી મળ્યો હતો, તેની તકરારમાં એક દિવસ પડયા હતા, તો તે થેલો શું તારી પાસે હજી છે? તને કેટલા દિવસ પહેલાં તે મળ્યો હતો?"

મચ્છીમાર બોલ્યો:—"સાહેબ! લગભગ બે મહિનાની વાત છે! અમે નદીની અંદર જાળ નાખી હતી, તેમાં એ અટકાઇ ગયો હતો. અમે તેને કીનારાપર લઇ આવ્યા અને તેનું મ્હોંડું ખોલીને જોયું તો અમારી અજાયબી વચ્ચે એક પરમ સુન્દર યુવતીને ચેતના વિહીન સ્થિતિમાં જોઈ!"

મ્હેં વિસ્મિત બની વિકંપિત સ્વરે પૂછયું:—"વારૂ, તે સ્ત્રીએ કેવાં વસ્ત્ર પહેરેલાં હતાં?"

મચ્છીમાર:—"નીલવર્ણી સુવર્ણ કીનારીવાળો જભ્ભો પહેરેલો હતો અને તેના હાથમાં ત્રણ વીંટીઓ હતી?"

મ્હેં પૂછયું:—"પછી શું થયું?"

મચ્છીમાર:—"ત્યાર પછી અમે તેના દેહની પરીક્ષા

મરી ગોઇ, તો તે જીવતી દેખાઇ. અમે જંગલી ઓષધીઓ લગાડી તેના દેહમાં ચેતના આણી એટલે અમારી પાસે તે કન્યાની માફક રહેવા લાગી."

મ્હેં પૂછયું:—"ત્યારે તો હાલમાં તે યુવતી તમારી પાસે હશે. કેમ ખરૂં કે નહિ ?"

મચ્છીમાર:—"નહિ સાહેબ. એક દિવસ મ્હારી હોડીમાં બેસીને સામે કીનારે તે ફરવા આવી હતી, એ વખતે કેરોના શાસનકર્ત્તા સમશેરજંગની તેનાપર દૃષ્ટિ પડી એટલે તેણે મ્હને તેની પાસે બોલાવ્યો અને દમ મારી પૂછયું કે, આ સ્ત્રીને તું કયાંથી લાવ્યો ? મ્હેં મ્હારે મુખેથી અથથી ઇતિ સૂધીની વાત તેને કહી સંભળાવી એટલે ઘણાજ કર્કશ અને કઠોર અવાજે તે બોલ્યો:—"આ રમણી સુલતાનની ભારેમાં ભારે અપરાધિની છે. સુલતાનના હુકમથીજ તેને થેલામાં પૂરી નદીમાં ફેંકી દીધી હતી માટે તેના જીવની રક્ષા કરી તેં સુલતાનનો ગુન્હો કર્યો છે, માટે તને અને તે સ્ત્રીને હમણાં ને હમણાં પકડી સુલતાનની હજુર ઉભા કરવાં પડશે"

એટલું કહી તેણે પોતાની સાથેના સિપાહીઓને અમોને કેદ કરવાનો હુકમ કર્યો. મ્હેં દીનવાણીથી તેની ઘણી આજીજી કરીને કહ્યું કે આ કામ મ્હારાથી ભૂલથી થયું છે, માટે ક્ષમા કરો ત્યારે મ્હને અભય વચન આપતાં તે બોલ્યો:—"તારે કાંઈ બ્હીવું નહિ. તારા વાળને જરા પણ આંચ આવવા નહિ દઉં. તું હમણાં સુલતાનની પાસે ચાલ. ત્યારે ત્યાં સાક્ષી આપવી પડશે કે, તેંજ આ સ્ત્રીને નદીની

અંદરથી બહાર કહાડી છે."

મ્હેં મચ્છીમારનો હાથ પકડી પૂછયું:—"ભાઇ! તે સુન્દરીનું નામ શું હતું તે તું જાણે છે?"

મચ્છીમાર:—"હા. તેનું નામ લતિફા હતું!"

હું દીવાનાની માફક ચિત્કાર કરી બોલી ઉઠયો:—"યા અલ્લા! આ હું શું સાંભળું છું!"

મ્હારી ઉન્માદાવસ્થા જોઇ મચ્છીમાર વિસ્મિત બની ગયો. તેણે આશ્ચર્યચકિત બની પૂછયું:—"સાહેબ! આ વાત સાંભળી આપ આટલા બધા દિલગીર કેમ થઇ ગયા છો?"

મ્હેં વિચાર્યું કે, આમ ઉતાવળ કરી આત્મપ્રકાશ કરવામાં ગંભીર ભૂલ કરી છે. એટલે સાવધ થઇ પુનઃ મ્હેં તેને પૂછયું:—"વારૂ, ત્યાર પછી રાજદરબારમાં શું થયું?"

મચ્છીમાર:—"જે થવાનું હતું તે થઇ ગયું. એ રમણીને જોતાં જ સુલતાન ક્રોધથી રક્તવર્ણી બની ગયો. તરત જ તેણે તે રમણીને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. સુલતાનનો હુકમ થતાં તે જ દિવસે રાતના તે સુંદરીને નિષ્ઠુર ભાવથી પૃથ્વીમાં દાટી હત્યા કરવામાં આવી અને મ્હને સાક્ષી પૂરવા બદલ અને તેના દેહનો ઉદ્ધાર કરવા માટે એક વીંટી બક્ષીસ તરીકે આપી. મતલબ કે, જે વીંટી તે રમણીએ પોતાની આંગળીએ પહેરી હતી તે જ વીંટી મ્હને સુલતાને આપી."

જેમ જેમ હું મચ્છીમારની વાત સાંભળતો ગયો, તેમ તેમ મ્હારા શરીરમાં દાવાનળ સળગવા લાગ્યો. છતાં તે

વાતથી મ્હારા મનને પૂરતી ખાત્રી થતી નહોતી કે આ વાત સત્ય છે કે અસંભવિત! અર્થાત્ તેની પરીક્ષા કરી જોવાના ઉદ્દેશથી મ્હેં તેને પૂછ્યું:-"ત્યારે પેલી વીંટી પણ તમારી પાસે જ હશે."

મચ્છીમારઃ—"હા, મ્હારી પાસે છે."

મ્હેં પૂછ્યું:—"તમે મ્હને એ વીંટી બતાવી શકશો?"

મચ્છીમારઃ—"હા. આપ મ્હારી સાથે ઘેર આવો એટલે બતાવું."

મ્હારા આકસ્મિક ભાવપરિવર્તનથી અને ઉત્તેજનામય સ્થિતિથી મચ્છીમાર શંકામાં પડી ગયો હતો, છતાં મ્હને પોતાને ત્યાં લઇ ગયો અને પેલી વીંટી બતાવી.

વીંટી ઉપર મ્હારૂં નામ કોતરેલું હતું. મેળાપનાં પવિત્ર સ્મૃતિચિહ્ન તરીકે પેલી દુઃખદાયક ભીષણ રજનીમાં આનન્દકલ્લોળ કરતી વખતે મ્હેં લતિફાની આંગળીએ વીંટી પહેરાવી હતી અને તે પ્રમાણે લતિફાએ પણ પોતાની નામાંકિત વીંટી મ્હારી આંગળીએ પહેરાવી હતી, જે હજી સુધી મ્હારી આંગળીપર મૌજૂદ છે.

મ્હેં મચ્છીમારને પૂછ્યું:—"ભાઈ! આ વીંટી તમો મ્હને વેચાતી આપશો? તમે કહેશો તે કિંમત આપીશ."

મચ્છીમારઃ—"હા, ઘણી ખુશીથી. આવી કિંમતી ચીજ અમારી આંગળીએ શોભે નહિ, એ તો આપ જેવાની જ આંગળીને શોભાવે. લ્યો, આપને જોઇએ તે કિંમત આપજો."

મ્હેં તે વખતે થેલીમાંથી પચાસ સુવર્ણમુદ્રાઓ

ક્હાડી મચ્છીમારના હાથમાં મૂકી એટલે તે ઘણો ખુશી થયો. વીંટી મ્હેં તેની પાસેથી લઇ મ્હારી આંગળીએ પહેરી લીધી.

વીંટી પહેરતાં મ્હારાં નયનોમાં શ્રાવણ અને ભાદરવાની માફક એક સરખી અશ્રુધારાઓ વહેવા લાગી. પ્રિયતમાની પવિત્ર પ્રણયમુદ્રિકાને મ્હેં ચુમ્બન કર્યું. મ્હારા દિલને કંઇક શાન્તિ મળી.

ત્યાર પછી મ્હેં મચ્છીમારને કહ્યું:-"ભાઈ, મ્હને નદીને પેલે તીર જવું છે એકાદ ભાડાની હોડી મળશે?"

મચ્છીમારઃ—"સાહેબ! ભાડાની હોડીની કોઇ જરૂરત નથી, મ્હારી પોતાની હોડી છે, તેમાં બેસારી તમોને પેલે પાર પહોંચાડી દઇશ. ચાલો, મ્હારી સાથે આવો."

હું તેની પછવાડે ચાલવા લાગ્યો. નદી કીનારે જઇ અમે હોડીમાં બેઠા. નદીના પ્રવાહની સાથે એક કલાક યુદ્ધ કરી હું સામે કીનારે જઇ પહોંચ્યો.

મચ્છીમાર મ્હને કીનારે ઉતારી પોતાની નૌકા લઇ ચાલ્યો ગયો. નદી કાંઠાની રેતાળ ભૂમિનો ત્યાગ કરી હું શહેર તરફ મ્હારી બન્ને આંખો જ્યાં લઇ જતી હતી, ત્યાં જવા લ ગ્યો.

લગભગ એક કલાક ચાલ્યા બાદ હું સુલતાનના પૂર્વ-પરિચિત રાજમહેલ પાસે આવી ઉભો રહ્યો. એજ રાજપ્રાસાદ, એજ ઝરૂખો, એજ ઓરડો, સર્વ મ્હારી દૃષ્ટિએ પડયાં પણ તે નીર્જીવ લાગ્યાં. સંગીતનો પ્રતિધ્વનિ જણાયો પણ જેમાંથી પ્રતિધ્વનિ ઉત્પન્ન થતો હતો

તે સૂર નહતો. એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી હું સુલતાનને અભિશાપ આપવા લાગ્યો. કારણ કે, આ નિષ્ઠુર દુનિયા સાથે મ્હારા બધા સંસર્ગનો લોપ થઇ ગયો હતો.

લતિફાનાં શેષ પરિણામ વિષે હું જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ મચ્છીમારની વાત ઉપર મ્હારા મનમાં શંકા ઉદ્ભવવા લાગી. એટલે એ સંબંધે બરોબર હકીકત એકઠી કરી એ શોચનિય બનાવનો આખરી હેવાલ જાણવાની મ્હારી જીજ્ઞાસા બહુ વધી પડી.

મ્હને કોઇ ઓળખી શકે નહિ માટે શહેરમાં મ્હેં ગુપ્ત રીતે રહી બધી તપાસ કરવાનો વિચાર કર્યો. મ્હારા અપરાધનો દંડ ગંભીર રાત્રિએ થયો હતો, એટલે હું સુલતાનનો ગુન્હેગાર છું એમ તો બે ચાર જણ સિવાય આખા શહેરમાં કોઇ જાણતું નહોતું કારણ કે, સુલતાનના જનાનખાનાનો એ બનાવ બીજા કોઇને દૃષ્ટિગોચર યા શ્રુતિગોચર થવો સંભવિત નહોતો.

મ્હારા પહેલાના સરાઇખાનામાં ઉતરવાનું મ્હેં માંડી વાળ્યું અને એક બીજું સરાઇખાનું શોધી કહાડયું. એ સરાઇખાનું રાજમહેલની નજીક હતું. સરાઇખાનાના મ્હારા ઓરડામાંથી લતિફાનો પૂર્વપરિચિત ઝરૂખો સ્પષ્ટ દેખાતો હતો. અર્થાત્ દીવાનાની માફક રાતદિવસ હું ઝરૂખા તરફ જોઇ મ્હારા મનને શાન્તિ વાળવા લાગ્યો.

સિરિયાની રાજધાનીમાંથી નીકળતાં જુલેખાએ આપેલી ભેટ આ વખતે મ્હને બહુ કિંમતી થઇ પડી. તેણે આપેલી સુવર્ણમુદ્રાઓમાંથી પચાસેક મુદ્રાઓ હજી મ્હારી પાસે

બાકી હતી તથા કેટલાંક રત્નાદિ પણ બાકી હતાં એટલે તે વેચી આત્મગોપન કરી હું કેરો શહેરમાં મ્હારા દિવસો ગુજારવા લાગ્યો.

પ્રભાતમાં, મધ્યાન્હે કિંવા સાયંકાળે જ્યારે હું બારીમાં બેસતો ત્યારે દરેક વખતે સતૃષ્ણ નયનથી લતિફાના ઓરડાના ઝરૂખા તરફ દૃષ્ટિ કરતો તેથી સુખદુઃખની સ્મૃતિ વિજડિત અનેક વાતો મ્હારા મનમાં તાજી થવા લાગતી.

સંધ્યાકાળે લતિફાનો ઓરડો સેંકડો દીવાઓના પ્રકાશથી જળહળી રહેતો હતો; પરંતુ મ્હારે મન તો તે ઘોર અંધકારથી પરિપૂર્ણ લાગતો હતો. હાય! જેને માટે આટલી બધી બત્તીઓ કરવામાં આવતી હતી તે મહેલની જ્યોતિ તો ત્યાં દેખાતી જ નહોતી.

મર્મભેદી દીર્ઘ નિઃશ્વાસ મ્હારી મર્મગ્રન્થિઓને છેદી ભેદી નાખતો હતો. આંખની સામે સમસ્ત વિશ્વ-બ્રહ્માંડ ફરી ગયેલું જણાતું હતું. હું વ્યાકુળ મનથી, જ્વાલામય સંતપ્ત દિલથી એ ઓરડામાં છટ્ફટ કરતો ફર્યા કરતો હતો. લતિફાના ઓરડા તરફ જોઇ રહેવાથી મર્મભેદી શોકાતુર અશ્રુધારાઓથી મ્હારી છાતી ભીંજાઈ જતી અને અસ્થિપિંજર, મેદમજ્જા પ્રબળ અગ્નિદાહથી બળી ઉઠતાં.

અફસોસ! શું આવી રીતે રોવાથી, કકળવાથી, વિચારવાથી, દીર્ઘ નિશ્વાસ નાખવાથી લતિફા મ્હને મળી શકે એમ હતું? નહિ. એ કુસુમ કોમળ દેહ ચિર-શિતળ સમાધિ ગર્ભમાં દટાઇ ગયો હતો. સુકોમળ

દુગ્ધફીણવત્ પર્યંક શય્યામાં પણ જેને નિદ્રા આવતી નહિ તેને આજે જલ્લાદની ક્રૂરતાનો ભોગ થઇ કઠિન મૃત્તિકાની શય્યામાં ચિરદિનને માટે વાસો કરવો પડયો હતો!

આ પ્રમાણે બે ત્રણ દિવસ જતા રહ્યા. મહેલનો ઝરૂખો મ્હારે માટે સ્મશાનભૂમિ જેવો થઈ ગયો. દુઃખ અને વિરહની સ્મૃતિ મ્હારા મનમાં દિનરાત દાવાનળ પ્રજ્વલિત કરવા લાગી. મનુષ્યની સહનશીલતાને પણ કાંઇક હદ હોય છે. એ અગ્નિજ્વાળાથી મ્હારા શરીરનું શોષણ થવા લાગ્યું. એક અઠવાડીયામાં તો મ્હારૂં શરીર રક્તમાંસ વિહીન કૃશ બની ગયું.

આવી સ્થિતિમાં લગભગ બે અઠવાડીયાં નીકળી ગયાં. શહેરના જૂદા જૂદા લત્તાઓમાં ફરી હું કાંઇક મનની શાન્તિ શોધવા લાગ્યો, પણ શાન્તિ મળી નહિ. એક દિવસ હું શહેરની બહાર ફરતો ફરતો પીરામીડ તરફ જઇ પહોંચ્યો. જનશૂન્ય પીરામીડના સ્થૂલ પાષાણ ખંડ ઉપર બેસી હું કલાકોના કલાક વિચારમય સ્થિતિમાં કહાડવા લાગ્યો. એક દિવસ આમ શોકાતુર બની હું પીરામીડના પત્થરપર બેઠો હતો, એટલામાં અંતઃકરણ ભરાઈ આવ્યું અને આકુળ-વ્યાકુળ બની ચારે બાજુની વિરાટ નિસ્તબ્ધતાને કંપાવી ઉચ્ચ સ્વરે હું બોલી ઉઠયોઃ-

"અય પ્રાણેશ્વરી, હૃદય મનમોહિની પ્રિયતમા! જીવાનન્દ આપનાર દેવીસ્વરૂપિણી લતિકા! સ્વર્ગ યા મૃત્યુલોકમાં જ્યાં તું હો ત્યાંથી એક વાર મ્હને દર્શન દે! આ નિર્જન સ્થાને મ્હને મળવાને કોઈ બાધા નાખશે

નહિ. આવ, આવ, લતિફા ! એક વખત તારૂં સ્વર્ગ-સુવાસિત મસ્તક ઉજ્વળ કાન્તિ લઇ મ્હારા નેત્રની સમીપ ઉભી રહે. આટલી બધી નિષ્ઠુર ન થા."

મ્હારો આકુળ ચિત્કાર દિગ દિગન્તમાં વિલીન થઇ ગયો. એ અવાજ કોઇએ સાંભળ્યો નહિ, કોઇનાં મર્મને સ્પર્શ્યો નહિ. નિરવ નિશ્ચળ કઠણ પાષાણ પહાડોમાંથી અતિ નિષ્ઠુરપણે માત્ર તેનો પ્રતિધ્વનિ મ્હારા કાને આવીને અથડાયો.

પીરામીડની બાજુએ એક નિર્જન સમાધિક્ષેત્રમાં જઇ લતિફાની ચિન્તા કરવાથી મનનો ભાર કાંઇક ઓછો થતો હતો. મ્હારી પ્રાણેશ્વરી દેવી લતિફાના નામનો બહુ વાર ઉચ્ચાર કરવાથી હું મનમાં એક જાતની અપાર્થિવ શાન્તિ પામતો.

એક દિવસ સમાધિક્ષેત્રમાં પત્થરપર બેસી હું વિચારવા લાગ્યો એટલામાં સ્વાભાવિક રીતે જ મ્હારા મ્હોડામાંથી નીચેની શેરો નીકળી પડી:

આશિક હો મર કિસીને કિસી મુલકી ચાહકી,
મઅશુક કામ આઇ કીસીકી ન આશકી;
ઔર જબ અજલકો દોનોંસે આકર લગની લગી,
આશિકને અપને દશ્ક બહાનેમેં જાન દી;
દિલબરભી અપને હુસ્નકો ચમકાકે મર ગયા,
જીતા રહા ન કોઈ હરએક આકે મર ગયા.

આહ ! ખરેખર, મૃત્યુ એ જ જીવનનું શેષ પરિણામ. આપણે બધા જાણીએ છીએ કે એક દિવસ મૌતને

આધીન તો થવું જ પડે છે. જે સમશેરજંગની શિખવ-ણીથી મિસરાધિપતિએ મ્હારા મોતની વ્યવસ્થા કરી હતી, તેને પણ એક દિવસ મૃત્યુને સ્વાધીન થવું જ પડશે. આ વિરાટ પત્થરના ખડકો, જગપ્રસિદ્ધ વિશાળ મનોહારિણી પીરામીડો એ બધું શું બતાવે છે? સહસ્રાધિક વર્ષકાળના કોઇ ભાગ્યવાન પુણ્યશ્લોક પુરૂષોની સ્મૃતિ સિવાય બીજું શું હોઇ શકે? એજ એમના સ્મરણસ્તંભ! ત્યારે મ્હારે હવે શું કરવું? રડયા કરવું યા દીર્ઘ નિશ્વાસ રાખી જીવન વ્યતિત કરવું? મરવા પછી શું કોઇ જીવતું નહિ હોય? આ સ્થાને શું લતિફાનાં દર્શન થવાનો સંભવ નથી?" આવા આવા વિચારો કરી હું મનને કાંઇક શાન્તિ વાળવા લાગ્યો, પરંતુ એ શાન્તિ ક્ષણિક વાર રહેતી. મ્હારા મનની આશા મટતી નહોતી. દર્શન સુખ વિના તૃપ્તિ થતી નહોતી. અતૃપ્ત આશા, વિરાટ આકાંક્ષાથી હું છાણાના અગ્નિ માફક ધીરે ધીરે બળ્યા કરતો હતો. હાય! જે કરાળ મૃત્યુએ મ્હારી પ્રાણાધિકાનો ગ્રાસ કર્યો હતો, એ મૃત્યુ મ્હારાપર પોતાનો વિકરાળ પંજો કેમ ઉપાડતું નહિ હોય? હું મરીને ફરી જીવ્યો, પણ તે તો બચીને પુનઃ મરી!! અફસોસ! કરૂણાળુ દયામય ખુદા! શું આપના ધર્મરાજ્યમાં આવો ન્યાય છે?"

એટલું કહી હું મૂર્છિત સ્થિતિમાં બેભાન થઇ પત્થરપર ઢળી પડયો. હું કેટલા વખતે જાગ્યો તેની મ્હને ખબર પડી નહિ; પરંતુ એટલું તો જણાયું કે,

મ્હારી આસપાસ સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો. ઘોર અંધકારમાં નિરાશાપૂર્ણ હૃદયે હું ચિત્કાર કરી બોલી ઉઠયો:—"લતિફા! લતિફા! આ પ્રેતરાજ્યના અંધકારમય દ્વારમાં બેસી હું તને બોલાવી રહ્યો છું. એક વાર દેખા દે, પ્રાણાધિકે એક વાર તો દેખા દે! તેમ નહિ કરે તો સબુર હું જ તારી પાસે આવું છું." એટલું કહી મ્હારી કમરમાં છુપાવેલી કટારી કહાડી હું છાતીમાં મારવા જતો હતો એટલામાં એકાએક મ્હારી પછવાડે કોઇનો પગરવ સંભળાયો. આ વિરાટ ભયંકર પાષાણસ્તુપના અંધકારમય ક્ષેત્રમાં માનવીનો પગરવ સાંભળી હું ચમકી ઉઠયો.

મ્હેં વિચાર્યું કે, આ સમસ્ત નરસમાધિની ગંભીર ઘોરમાં અતિત કાળની ધન-સંપત્તિ દાટેલી હોય છે, તે લેવા તો કોઈ આવ્યું નહિ હોય? બાકી આ નિરવ જનમાનવશૂન્ય કબ્રસ્તાનમાં મધ્યરાત્રિએ પ્રેતનો આવવા સંભવ ખરો! ત્યારે આ પગરવ પ્રેતનો હશે કે ચોરનો? એ વિષે હું શંકામાં પડયો. મ્હારી પાસે દ્રવ્ય નહોતું કે તે લઈ શકે; રાજદ્વારનો તો હું ગુન્હેગાર હતો. ગુન્હેગારનું દિલ હમેશાં ભયથી ધડકતું જ રહે છે. છતાં મ્હારા અપરાધનું પૂરૂં પ્રાયશ્ચિત મ્હને મળ્યું નહોતું. મૃત્યુદંડથી દંડિત થયેલો હું દૈવ ઉપાયે હજી સૂધી જીવતો રહ્યો હતો. કોઇ રાજપ્રહરી છુપેવેશે મ્હારી પછવાડે આવતો હશે તો? વળી મ્હને પકડી જશે તો મ્હારૂં શું થશે? વગેરે અનેક કલ્પનાઓ મ્હારા દિલમાં ઉદ્ભવવા લાગી

એટલે તે સ્થળનો ત્યાગ કરી હું નાઇલ નદીના એક પ્રશસ્ત રાજ્યપથપર આવી ઉભો રહ્યો. એ સ્થાને પણ એવો જ પગરવ સંભળાયો. હું સ્તબ્ધ બની સ્થિર થઇ ઉભો રહી ચારે દિશાએ જોવા લાગ્યો તો નજીકમાં જ કોઇ કૃષ્ણવર્ણી બુરખો નાખી મ્હારી તરફ આવતું જણાયું.

પ્રકરણ ૧૫ મું.

હું ભયનો માર્યો વિસ્મિત બની ચિત્કાર કરી બોલી ઉઠયો:–"કોણ છે? મ્હારી પછવાડે શા માટે આવે છે?"

એ વ્યક્તિએ મ્હારી પાસે આવી બુરખો કહાડી કહ્યું:– "અનવર સાહેબ! મ્હને તમારી સાથે કેટલીક વાતચિત કરવાની છે."

આવા અંધકારના સમયે એક બુરખાવાળી સ્ત્રીના મ્હોડામાંથી મ્હારો નામોચ્ચાર સાંભળી હું અજાયબ થયો. મ્હેં આશ્ચર્યચકિત બની પૂછયું:–"બિબિ! તમે કોણ છો?"

તે સ્ત્રીએ કહ્યું:—"સાહેબ! મ્હારી ઓળખાણ હું આપને પછીથી આપીશ; પરંતુ હું એટલું પૂછું છું કે, લતિફાના નામનો ઉચ્ચાર કરી શું આપ જ વિલાપ કરતા હતા?"

મ્હેં કહ્યું:–"હા."

સ્ત્રી:—"ત્યારે જો તમે લતિફાની ખબર જાણવા માગતા હો, તો વિના સંકોચે નિડરપણે મ્હારી સાથે ચાલો."

મ્હેં પૂછયું:—"શું લતિફા હજી જીવતી છે?"

સ્ત્રી:—"સાહેબ, આ સ્થળે ઉભા રહી તમને બધી બાબતના જવાબ દેવા હું તૈયાર નથી. કારણ કે, આ બધી પીરામીડોમાં સુલતાનના પહેરેગીરો રાત્રિના વખતે ચોકી પહેરો ભરવા આવે છે. તેઓ તમને આ સ્થાને જોશે તો

૧૭

તસ્કર જાણી મારી નાખશે. રાત્રિના પ્રથમ પ્રહર બાદ કોઇને પણ આ સ્થાને આવવાનો હુકમ નથી."

મ્હેં વિચાર્યું કે, મોતને હું મ્હારી સાથેજ લઇને ફરૂં છું, તો પછી આ સ્ત્રી સાથે જવામાં શેનો ભય છે? લતિકા! મ્હારા પ્રેમની પ્રતિમા લતિકા હજી સૂધી શું જીવતી છે? આ સ્ત્રી સાથે જવાથી શું હું એને જોઇ શકીશ? ભલે ગમે તે કષ્ટ આવી પડે, આ જીવનના ટુકડે ટુકડા થઇ જાય—નાશ થઇ જાય તો હરકત નહિ. આ જગતની છાતી ઉપરથી એક હતભાગી મનુષ્ય ઓછો થશે માટે અદૃષ્ટમાં જે થવાનું હશે તે થશે એમ માની તે સ્ત્રી સાથે જવાનો મ્હેં નિશ્ચય કર્યો.

હું કૃતજ્ઞતાપૂર્ણ અવાજે બોલ્યો:—"હે દયાની દેવી! દેવદૂતિની માફક અત્યારે આશાનો સંદેશો દેવા આપ ક્યાંથી આવ્યાં છો?"

તે સ્ત્રી બોલી:—"સાહેબ, હું નિસ્વાર્થ ઉપકાર કરવા આવી નથી. ઘટનાચક્રે દૈવવશાત્ આ સ્થાને આવી પહોંચી છું. એક કામ કરી હું આ માર્ગેથી જતી હતી, એટલામાં તમારા મુખથી લતિકાનો નામોચ્ચાર સાંભળી તમારી પાસે આવી છું. તમોને હું ઓળખું છું. જો નહિ ઓળખતી હોત તો તમારૂં નામ દઇને ક્યાંથી બોલાવત? હમણાં આ ભયાનક સ્થાનનો ત્યાગ કરી નિરાપદ સ્થાને આવો એટલે સમસ્ત હકીકતથી હું આપને વાકેફ કરીશ."

તેનો ખુલાસો સાંભળી મ્હેં વધારે પ્રશ્નો પૂછવાનું

માંડી વાળ્યું અને નિઃશબ્દ પગલે એ અંધકારવેષ્ટિતા સ્ત્રીની પછવાડે હું ચાલવા લાગ્યો.

અમે બન્ને જણ બોલ્યા ચાલ્યા વિના રસ્તે ચાલ્યાં જતાં હતાં. એ આગળ હતી અને હું પછવાડે ચાલતો હતો. એકાએક કાંઇક વિચાર આવવાથી હું મૌન ભંગ કરતાં બોલ્યોઃ–"બિબિ ! હું જે મુસાફરખાનામાં રહું છું તે અહિંથી બહુ દૂર નથી. વળી તે સ્થાન નિર્જન છે એટલે પોતાના ઘરની માફક સગવડતાથી હું રહી શકું છું. જો તમને કાંઈ હરકત ન હોય તો મ્હારે મુકામે ચાલો એટલે ત્યાં શાન્તિથી વાતચિત થઇ શકશે."

વગર આનાકાનીએ તે સ્ત્રી મ્હારી પાછળ તે મુસાફરખાનામાં આવી. મ્હારા ઓરડામાં દાખલ થતાં જ મ્હેં તેને ફર્શપર ચટાઈ બિછાવી બેસારી અને તેની સામે હું બેઠો.

તે સ્ત્રી બોલીઃ—"સાહેબ ! હું લતિફાની વિશ્વાસુ દાસી છું. તેને હું મ્હારી કન્યાની માફક ગણું છું અને તે પણ મ્હને પોતાની માતાની માફક ગણતી. પોતાના સુખદુઃખની દરેક વાત મ્હને કહેતી. સુલતાને તેની સાથે લગ્ન કરી તેને પોતાની બેગમ બનાવવાનો વિચાર કર્યો હતો. પરંતુ લતિફા એ વાતથી ખુશ નહોતી. મ્હોડેથા તે પ્રસન્નતા દેખાડતી, પણ અંતઃકરણથી તેને ધિક્કારતી હતી. ત્યાર પછી તમારી સાથે મેળાપ થયો અને તે મેળાપમાં ખરેખરી મદદગાર હું જ હતી. તમારા

બન્નેના મેળાપ પછી લતિફાના જીવનનું કેવું શોચનિય પરિણામ આવ્યું એ વાતથી તો તમે વિદિત છો. પરંતુ સાહેબ! ખુદા જેનું રક્ષણ કરે, એને કોણ મારી શકે? લતિફાને જ્યારે નાઈલ નદીનાં ઉંડાં જળમાં ફેંકી દીધી હતી ત્યારે ખુદાએ તેને છાતીપર લઈ તેનાં જીવનની રક્ષા કરી હતી. મચ્છીમારોએ નદી ગર્ભમાંથી તેનો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી કર્મધર્મસંયોગે તે પુનઃ સમશેરજંગના હાથમાં આવી પડી. આ વખતે ખુદા તેના તરફ નારાજ થયો અને તે મોતને શરણ થઇ!"

હું એકાએક બૂમ પાડી બોલી ઉઠયો:—"બિબિ! આ તમે શું કહો છો? શું ખરેખર લતિફા ફરીથી મરી ગઇ?"

સ્ત્રી:—"હા સાહેબ! તે મરી ગઈ–તેમાંથી બચવા પામી અને પુનઃ મરી ગઇ!"

મ્હેં પૂછયું:—"એટલે? કોણે તેનું મોત કર્યું?"

સ્ત્રી:—"કેરોના શાસનકર્ત્તા સમશેરજંગે! સાહેબ! મ્હેં પહેલાં કહ્યું તેમ સુલતાન આગળ તેને મચ્છીમાર સાથે ઉભી કરવામાં આવી ત્યારે સુલતાને તેને પુનઃ જીવતી જમીનમાં દાટી નાખવાનો સમશેરજંગને હુકમ કર્યો; પરંતુ સમશેરજંગે તેમ નહિ કરતાં તેને પોતાના એક ખાનગી મહેલમાં સંતાડી રાખી. કારણ કે, સુલતાનથી તે ડરતો હતો. આપ જે પીરામીડ પાસે બેઠા હતા ત્યાંથી સમશેરજંગનો તે મહેલ નજીકમાં જ આવેલો છે. લતિફાને એકાંત જીંદગી પસંદ પડી નહિ એટલે તેણે સમશેરજંગ

પાસે એક દાસીની માગણી કરી. તેણે મ્હને બાદશાહના જનાનખાનામાંથી બોલાવી લતિફાની તહેનાતમાં મૂકી. તે દિવસથી લતિફાના રક્ષણનો ભાર મ્હારા માથાપર મૂકી તે નિશ્ચિંત થયો. આવી રીતે એક માસ ચાલ્યો ગયો.

લતિફાએ તો પોતાનો પ્રેમ-દેહ આપને જ સોંપી દીધેલો હોવાથી સમશેરજંગને કોઇ રીતે બનાવી ન્હાસી છુટવાની તે ગોઠવણ કરવા લાગી.

સમશેરજંગ લતિફા ઉપર પહેલેથી જ અનુરક્ત હતો. લતિફાનું રૂપ જોઇ તે ઘણા દિવસથી મોહિત થઇ ગયો હતો; પરંતુ લતિફાને મહાપ્રતાપશાળી સુલતાન ચ્હાતો હોવાથી અને તેને પોતાના મહેલમાં રાખેલી હોવાથી તેનું કાંઇ ચાલ્યું નહિ. આખરે જ્યારે સુલતાને લતિફા અને તમને મારી નાખવાનો હુકમ કર્યો, ત્યારે તેણેજ થેલામાં પૂરી નદીમાં ફેંકી દેવાની સલાહ સુલતાનને આપી હતી. આમ કરવામાં તેની મતલબ હતી. નદીમાંથી લતિફાને બચાવી લેવા તેણે પોતાના માણસોને મોકલ્યા હતા; પરંતુ તેઓ લતિફાનો ઉદ્ધાર કરી શક્યા નહિ. સમશેરજંગ હાથ ઘસતો રહી ગયો. ત્યાર પછી એક જરૂરીયાતના કામે જતાં અભૂતપૂર્વ ઉપાયથી લતિફા પુનઃ તે નરરાક્ષસના હાથમાં આવી પડી. આ વખતે સુલતાનની આજ્ઞા પ્રમાણે નહિ વર્તતાં લતિફાને તેણે પોતાના ખાનગી મહેલમાં જ રાખી. તેનાં આવાં વર્તનથી લતિફા હમેશાં શંકાશીલ રહેતી અને છુટવાની બારી શોધતી હતી.

એક દિવસ સ્હાંજના ઉત્તમ શિરાઝીના સેવનથી

ઉન્મત્ત અધિરચિત્ત બની લાલસાપૂર્ણ હૃદયે સમશેરજંગ લતિફાના શયનભવનમાં દાખલ થયો. આ વખતે હું અને લતિફા કેવી રીતે સમશેરજંગના હાથમાંથી છુટવું તેનો વિચાર કરતાં હતાં.

સમશેરજંગને ઓરડામાં દાખલ થયેલો જોઈ લતિફા ભય પામી. સમશેરજંગે મ્હને બહાર જવાની ઇસારત કરી એટલે હું બહાર જઇ બારણાની વાંસે ભરાઇ ગઇ અને શું નાટક ભજવાય છે, તે જોવા લાગી.

સમશેરજંગ સહાસ્યમુખે કોચ ઉપર બેઠો અને લતિફાને પૂછવા લાગ્યોઃ-"લતિફા, કેમ છે?"

લતિફાઃ -"જનાબ! આપે જે સ્થિતિમાં રાખી છે, તેમાં આનંદ માનું છું!"

સમઃ—"હવે કેટલા દિવસ વૃથા આશાના વમળમાં અટવાયા કરૂં?"

લતિફાઃ—"હજૂર! આપ શું કહો છો? હું કાંઈ સમજતી નથી! આપ શી આશા રાખો છો?"

સમઃ—"લતિફા! તું હજી પણ સમજતી નથી? તને હું ચાહું છું-મ્હારા ખરા જિગરથી ચાહું છું!"

લતિફાઃ—"વાહ! એક મિયાનમાં બે તલવાર જેવો ન્યાય છે! આપ મ્હને ચ્હાઓ છો અને મિસરાધિપતિ સુલતાન મ્હને ચાહે છે!! અજાયબ જેવી વાત છે!"

સમઃ—"લતિફા! તું જાણે છે કે, સુલતાન તો માત્ર નામનો જ બાદશાહ છે! ખરો સુલતાન તો હું છું. હું ન હોઉં તો આ રાજ્ય ચલાવવું પણ તેને ભારે થઈ પડે! માટે

વિચાર કર. ખરેખરો મિસરાધિપતિ હું જ છું તેની ખરેખરી ખાત્રી તો તને જે વખતે નદીમાં નાખી દેવાનો હુકમ આપ્યો તે વખતેજ થઈ હશે. મ્હારી વિરૂદ્ધ સુલતાન એક શબ્દ પણ બોલી શકે એમ નથી, તેમ મ્હારી આમન્યાનો ભંગ પણ કરી શકે એમ નથી !"

લતિફાઃ—"પરંતુ જનાબ ! આપ ભૂલો છો. તે તો કહેતા હતા કે, સમશેરજંગ મ્હારા ગુલામનો પણ ગુલામ છે !"

સમઃ—"હેં ? કોણે કહ્યું ? લતિફા, કોની આગળ સુલતાને મ્હારૂં અપમાન કર્યું ?"

લતિફાઃ—"મ્હારી આગળ."

સમઃ—"વારૂ, વખત આવ્યે તે જોઇ લેવાશે. પણ મ્હારી માંગણીનું શું ?"

લતિફાઃ—"આપ જો સુલતાનને રાજી રાખવાનું માથે લ્યો, તો તમારી અંકલક્ષિમ થઇ રહેવામાં મ્હને બિલકુલ વાંધો નથી."

સમઃ—"પરંતુ સુલતાન તો તને મરેલીજ ધારે છે!"

લતિફાઃ—"પહેલાં એમ હતું ખરૂં. પણ હમણાં આજ મધ્યાન્હ પછી નહિં. આજે સાંજના હું અગાસીમાં ન્હડી હવા ખાતી ઉભી હતી, એટલામાં સુલતાનની સ્વારી શિકારેથી પાછી ફરતી જણાઇ. અમારી બન્નેની આંખો મળવાથી તેણે મ્હને ઓળખી. મરણ પછી મ્હારી જીવંત મૂર્ત્તિ અહિં જોઈ તે ઘોડા ઉપર ચમકી ઉઠયો !"

સમઃ—"લતિફા, શું આ તું ખરી હકીકત કહે છે ?"

લતિફ઼ાઃ—"હા. જે સત્ય છે, તે કહું છું. મ્હને જોઇ તેણે બારીએથી નીચેના ઓરડામાં પોતાની વીંટી નાખી. આપને એ વીંટી જોવી છે?"

અનવર સાહેબ! લતિફ઼ાનો ઉદ્દેશ હું બરાબર સમજી ગઇ. આ પ્રમાણે ધૂર્તતા બતાવી તે સમશેરજંગ અને સુલતાન વચ્ચે અણબનાવ કરાવવા માગતી હતી. જે વીંટીની વાત તેણે સમશેરજંગને જણાવી તે વીંટી તે જ્યારે કેરોમાં સુલતાનના મહેલમાં રહેતી હતી, ત્યારે ખુદ સુલતાને જ તેને બક્ષીસ આપી હતી. અર્થાત્ તે વીંટી આંગળીએથી કહાડી લતિફ઼ાએ સમશેરજંગના હાથમાં મૂકી. સમશેરજંગ વીંટી જોતાં જ ક્રોધથી આરક્તવર્ણ બની ગયો. ગુસ્સામાં આવી તેણે તે વીંટી જમીન ઉપર ફેંકી દીધી અને ઓરડો છોડી ચાલ્યો ગયો. જતી વખતે હાથની મુઠ્ઠીઓ વાળી તે બડબડતો ગયો કે, "સુલતાન! યાદ રાખજે. આ સમશેરજંગના દિલમાં પ્રાણ છે; ત્યાં સુધી લતિફ઼ા તારા હાથમાં આવનાર નથી."

સમશેરજંગના જવા બાદ હું લતિફ઼ાના ઓરડામાં દાખલ થઇ તેને ભેટી પડી અને કહ્યું:—"વાહ! વાહ! લતિફ઼ા, તેં પણ સરસ નાટક ભજવ્યો. ખરેખર સ્ત્રી-ચરિત્ર આગળ પુરૂષ પાણી ભરે છે!"

લતિફ઼ા સહજ હસીને બોલીઃ—"એમાં શું શક! બબ્બે શયતાન મ્હારી પાછળ લાગ્યા છે. બન્નેની પ્રકૃતિ શોણિતલોલૂપ હિંસપશુના જેવી છે. શિકારને માટે બન્ને જણા અંદર અંદર લડી મરે તો આપણા ફ઼ાયદાની

વાત છે. આજે હું જુઠું બોલી છું; પરંતુ આવતી કાલે વીંટી અને એક પત્ર તારી સાથે સુલતાન ઉપર મોકલી આપીશ એટલે ચારે બાજુથી આગ સળગી ઉઠશે."

અમારી વાત થઈ રહેવા આવી એટલામાં એક દાસી આવીને લતિફા માટે ખાણાનો થાળ મૂકી ગઇ. લતિફાને માટે જે ખોરાક આવતો તે સમશેરજંગ પોતાના ખોરાકમાંથી મોકલતો હતો. લતિફા આવેલો તમામ ખોરાક લઈ શકતી નહોતી. કારણ કે ત્રણ જણને ચાલે એટલો ખોરાક થાળમાં આવતો હતો એટલે લતિફા મને પણ હમેશ પોતાની સાથે જમવા બેસાડતી.

એ દિવસે વગર શંકાએ અમોએ ખોરાકને ઇન્સાફ આપી થાળ ખાલી કરી દીધો; પરંતુ શરબત પીધા બાદ અમારા બન્નેનું મગજ ફરવા લાગ્યું. લતિફા પોતાના પલંગ ઉપર ઢળી પડી. આવી સ્થિતિ જોઇ મ્હેં વિચાર્યું કે, નરપિશાચ સમશેરજંગે પોતાના પ્રયત્નમાં નહિ ફાવવાને લીધે કાંઈ દગલબાજી કરી શરબતમાં ઘેનની દવા નાખી હોવી જોઇએ.

છેવટે હું પણ શુદ્ધિમાં રહી શકી નહિ. જ્ઞાનહીન બની હું પણ લતિફાના પલંગ પાસે પૃથ્વીપર ઢળી પડી.

બીજે દિવસે જ્યારે મ્હારામાં ચૈતન્ય આવ્યું ત્યારે લતિફા પલંગપર નહોતી. આખો ઓરડો શૂન્યકાર ભાસતો હતો. લતિફાની મ્હેં આખા મહેલના ખૂણે-ખાચરે શોધ કરી જોઇ પણ ક્યાંઇ પત્તો લાગ્યો નહિ. દાસ-દાસીઓને પૂછી જોયું પણ કોઇએ સંતોષકારક જવાબ આપ્યો

નહિ. મ્હેં વિચાર્યું કે, સુલતાનના ભયથી સમશેરજંગે લતિફાને કોઇ ગુપ્ત સ્થળે સંતાડેલી હોવી જોઇએ નહિ તો પછી સુલતાન તેને લઇ ગયો હોવો જોઇએ.

લતિફા વિના મ્હારા પ્રાણ આકુળવ્યાકુળ થઈ ગયા. સમશેરજંગને ત્યાં પત્તો નહિ લાગવાથી હું સુલતાનના રાજમહેલમાં ગઈ અને ત્યાં દાસ–દાસીઓને ગર્ભિત રીતે પ્રશ્ન પૂછી પૃછા કરી જોઇ પણ કાંઈ સમાચાર મળ્યા નહિ. સુલતાનના મહેલમાં લતિફા માટે જાહેર રીતે પુછપરછ થઇ શકે એમ નહોતું. તોપણ મહેલનો કોઇ પણ ભાગ મ્હેં જોયા વિના છોડયો નહિ. આખરે હું એવા નિર્ણય-પર આવી કે, લતિફા સમશેરજંગના કિંવા સુલતાનના મહેલમાં નથી ત્યારે ક્યાં ગઇ હોવી જોઈએ?

આમ લગભગ ત્રણ દિવસ મ્હેં વિચાર વમળમાં કહાડયા એટલે ચોથે દિવસે સમશેરજંગના એક ખોજાએ લતિફા સંબંધે બાતમી આપી. સમશેરજંગે તે ખોજાને એકાદ સાધારણ અપરાધ માટે કડક શિક્ષા કરી હતી, તેથી તે તેનાપર વિરક્ત હતો. લતિફાને તે સારી પેઠે ઓળખતો હતો. તેણે એક દિવસ મ્હને એકાંતમાં બોલાવી કહ્યું:–"લતિફાને હું કોઇ જૂદા જ સ્વરૂપમાં બતાવું. તમારી જોવાની ઇચ્છા છે?" મ્હેં કહ્યું:–"હા." એટલે તરત જ તે મ્હને ઘણે દૂર એક ન્હાના પહાડની તળેટીમાં લઇ ગયો. ત્યાં લઈ મ્હને એક કબર દેખાડતાં તે બોલ્યો:– "આજ તમારી લતિફાની કબર! દુષ્ટ સમશેરજંગે તેને બેભાન બનાવી બે ખોજાઓની મદદથી આ કબરની

અંદર દાટી દીધી છે! આ બનાવ મ્હેં નજરેનજર જોયો છે અને સમશેરજંગ કહેતો હતો કે, સુલતાન તેની કબરની તપાસ કરશે, તો પણ તેની જીવંત મૂર્ત્તિ તો તેને મળશે જ નહિ!”

આ વાત ઉપરથી હું એટલી તો કલ્પના કરી શકયો કે, લતિફાનો પત્ર મળ્યા બાદ સુલતાન તેને બળપૂર્વક પોતાના મહેલમાં લઈ જશે એવા ભયથી નિરાશ બની નિષ્ઠુર હૃદયહીન સમશેરજંગે લતિફાને બેભાન બનાવી મૂર્છિત સ્થિતિમાં આ કબરની અંદર અર્ધમૃત અવસ્થામાં દાટી દીધી હોવી જોઇએ.

પુનઃ તે દાસી બોલવા લાગીઃ–“ સાહેબ, આ બનાવ ત્રણ માસ પૂર્વે બન્યો હતો; પરંતુ હજી સૂધી હું લતિફાની માયાનો ત્યાગ કરી શકતી નથી. વખત મળે છે ત્યારે આ પહાડની તળેટીમાં આવી તેની કબરપર ફૂલો ચ્હડાવી અશ્રુબિન્દુઓ ખેરવી હૃદયનો ભાર હલકો કરૂં છું. આપ જે સ્થાને બેસી લતિફાના નામનો જપ જપતા હતા, તે સ્થાનથી આ કબર બહુ દૂર નથી. વળી તેવા નિર્જન અને એકાંત સ્થળમાં લતિફાના નામનો ઉચ્ચાર સાંભળી હું સમજી ગઇ કે, આપના વિના બીજું કોઇ હોવું જોઇએ નહિ.

લતિફાના જીવનની આવી શોચનિય કરૂણાસ્પદ જીવન કહાણી સાંભળી મ્હારૂં હૃદય થરથર કંપી ઉઠયું. સર્વ શરીર શિથિલ બની ગયું. હું એ સ્થાને મૂર્ચ્છિત થઇ ધરણીપર ઢળી પડયો.

મ્હને જ્યારે ચેતના આવી ત્યારે જણાયું કે, લતિફાની નમકહલાલ દયાળુ દાસી હજી સૂધી મ્હારી પાસે બેસી પવન નાખ્યા કરતી હતી. મ્હને મૂર્છિત થયેલો જોઈ મુસાફરખાનાના રક્ષકની મદદથી તે હકીમને બોલાવી લાવી હતી અને તેણે મ્હને જાગૃતિમાં આણ્યો હતો."

મ્હેં તે દાસીને ઉદ્દેશીને કહ્યું:–"બિબિ! તમારા અહેસાન માટે હું તમારો બહુ ઋણી છું; પરંતુ તમે શા માટે મ્હને પુનઃ જીવાડયો? લતિફાના મરણ બાદ મ્હારૂં મરણ પણ શ્રેયઃસ્કર હતું."

દાસી બોલી:—"વિધાતાના લેખનું કોઇ ખંડન કરી શકે એમ નથી. પ્રેમ કરતાં પ્રેમની સ્મૃતિ એ મહા વિરહની શાન્ત્વના છે. જેની ઇહલોકમાં મળવાની સંભાવના નથી, તેને માટે વૃથા વિલાપ કરવામાં શું ફળ? માટે ખુદા પાસે નિત્ય પ્રાર્થના કરો કે જેથી લતિફાનો મુક્ત આત્મા પરમ શાન્તિ પામે."

મ્હેં વિચાર્યું કે, લતિફારૂપી રત્નનો લાભ મ્હારા નસીબમાં હોવો જ નહિ જોઇએ. નહિ તો મૃત્યુમાંથી એક વખત અદ્દભૂત ઉપાયથી બચી અને પુનઃ બીજી વાર કેમ મરી ગઈ?"

આ પ્રમાણે લાંબો વખત વિચાર કર્યા પછી મ્હેં નક્કી કર્યું કે, દાસી જે વાત કહે છે તે ઠીક છે. સ્વાર્થશૂન્ય પ્રેમ એ જ પ્રકૃત પ્રેમનું શુદ્ધ સ્વરૂપ છે. લતિફા આ જન્મમાં તો મળી શકે એમ નથી, ત્યારે શું હું તેને ભૂલી જાઉં? નહિ. ખુદા મ્હારી મતિ એવી ન કરે. નિર્જન

અરણ્યમાં બેસી તેનું ધ્યાન ધરીશ. અંધકારમય હૃદયમાં તેની સ્નેહમયી, કાન્તિમયી, પ્રાણમયી પ્રતિમા-સ્મૃતિનો દીપ હમેશને માટે પ્રજ્વલિત રાખીશ. મ્હારો સમસ્ત સ્નેહ, માયા, મમતા તેના ઉપર ઢોળી દઇશ. છેવટે જ્યાં સુધી આ ફાની દુનિયામાં જીવતો રહીશ ત્યાં સુધી તેના નામનો જ દમ ભરી મૃત્યુ બાદ તેની મુલાકાત લઇશ. આ મુલાકાતમાં અત્યાચાર, હિંસા, વિરહ કાંઈ પણ નથી. આ સ્વર્ગીય મેળાપ વખતે સુલતાન કે સમશેરજંગ કોઇ નથી કે જે મ્હારી શાન્તિનો ભંગ કરી શકે. એ મેળાપ અનંત અખંડ શાન્તિમય બની જશે.

ત્યાર પછી દાસીના મ્હેં બન્ને હાથ પકડયા અને આજીજી કરતાં કહ્યું:–"તમે એક વખત મ્હને તે કબર પાસે લઇ ચાલો. લતિફાની જીંદગીના શોચનીય પરિણામને લીધે મ્હારી છાતીમાં તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે. તેની કબર પર અશ્રુપાત કરવાથી મ્હને ખાત્રી છે કે, આ ભીષણ તોફાન સમાઇ જઇ મ્હારો આત્મા કાંઇક શાન્તિ ધારણ કરી શકશે.

બીજે દિવસે મ્હોટે પરોઢિયે હું પૂર્વોક્ત તળેટીમાં એ દાસીને સાથે લઈ લતિફાની કબર પાસે આવી ઉભો. એ કબરનો સ્પર્શ કરતાં જ મ્હારો દેહ કંપી ઉઠયો. સમસ્ત શરીરમાં વિદ્યુતસ્રોત વહેવા લાગ્યો. ભૂતકાળની સમસ્ત ઘટનાઓ મ્હારા મનમાં જાગૃત થઇ. હું સમાધીની બાજુમાં બેઠો અને પુષ્કળ અશ્રુપાત કરી મ્હેં કબરને ભીંજવી નાખી. કેટલી વખત 'લતિફા! લતિફા'

એ નામનો ચિત્કાર કરી આખો પ્રદેશ ગજાવી મૂકયો; પરંતુ હાય! લતિફા ત્યાં કયાં હતી? મ્હારી વાતનો કોણ ઉત્તર આપે એમ હતું? લતિફાની પવિત્ર કબરની મૃતિકા મ્હારા કપડામાં બાંધી લઈ હું ત્યાંથી પાછો મુસાફરખાનામાં આવ્યો. કેરો જેવું જગવિખ્યાત શહેર મ્હને સ્મશાનભૂમિ જેવું ભયાનક લાગવા માંડયું એટલે કેરોનો ત્યાગ કરી હું પુનઃ બસરામાં જ્યાં મ્હારા પિતૃ-બન્ધુ રહેતા હતા ત્યાં આવ્યો.

મ્હને ઘણે દિવસે આવેલો જોઇ તેઓ બહુ ખુશ થયા. તેમણે કહ્યું:–" ભાઈ! દરરોજ હું તારા આવવાની રાહ ચાતકની માફક જોયા કરતો હતો. આટલા બધા દિવસ તું કયાં હતો. કાગળ પત્રથી તો ખબર આપીએ કે નહિ?"

મ્હેં મ્હારા જીવનની અથથી ઇતિ સૂધીની રજે-રજ હકીકત તેમને કહી સંભળાવી. તે સાંભળી તેમને બહુ દુઃખ થયું છતાં શાન્તિ ધારણ કરી મ્હારા મસ્તકે હાથ ફેરવી આશ્વાસન આપતાં કહેવા લાગ્યા:–" ભાઇ અનવર! મ્હને પુત્ર સંતાન નથી, પણ પુષ્કળ ધનદોલત મ્હારી પાસે છે. ત્હારો પિતા અને હું ધન મેળવવા માટે વનમાં, જંગલોમાં, પર્વતોમાં, ગુહાઓમાં એક સાથે રખડેલા છીએ. તારા પિતાએ એક વખત મ્હને વાઘના મ્હોડામાંથી બચાવ્યો હતો. તેમણે જો એ વખતે પોતાનો જીવ જોખમમાં નાખી મ્હને બચાવ્યો ન હોત તો આજે હું કુબેરના ભંડાર જેટલો ઐશ્વર્યશાળી ન

હોત. તારા પિતાના મૃત્યુ વખતે હું આ દેશમાં હતો નહિ. વ્યાપારમાં પુષ્કળ ધન પેદા કરી હું જ્યારે અહિં આવ્યો ત્યારે જણાયું કે, બદફેલીમાં બધું ગુમાવી તું ભીખારી થઈ ગયો છે! ત્યાર પછી તું મ્હારી પાસે આવ્યો અને વ્યાપારાર્થે તેં વિદેશ જવાની ઈચ્છા બતાવી. તેમાં મ્હેં તને કોઇ રીતે હરકત બતાવી રોકયો નહિ છતાં તારી એ મુસાફરીનું ફળ પણ કેવું વિપરીત આવ્યું! તું સર્વસ્વ ગુમાવી ખાલી હાથે બસરામાં આવ્યો છે. માટે મ્હેં સંકલ્પ કર્યો છે કે, મ્હારૂં કોઇ વારસ નહિ હોવાથી મ્હારી બધી સંપત્તિ હું તને આપી દઇ મક્કા શરીફ જવા ઇરાદો રાખું છું અને આખરી જીંદગીના દિવસો એ પવિત્ર ધામમાં જ ગુજારવાનો મ્હારો ઇરાદો છે. માટે મ્હારૂં કહ્યું માની એક સુન્દર સ્ત્રીની સાથે લગ્ન કરી તું સુખી થા એવી મ્હારી ઇચ્છા છે. માટે બોલ, પરણવાની તારી મરજી છે કે નહિ?"

મ્હેં વિનય નમ્ર વચનથી હાથ જોડી કહ્યું:–"આપ મ્હારા મુરબ્બી છો. મ્હારી જીંદગીની સઘળી હકીકત મ્હેં તમોને સ્પષ્ટ રીતે કહી સંભળાવી છે. જે શોચનીય ઘટનામાં પડી મ્હારા જીવનની સુખશાન્તિ મ્હેં ગુમાવી છે, તે સઘળું આપને જણાવી દીધું છે. એથી કરીને હું આપની પાસે યાચના કરી માગી લઉં છું કે પુનઃ મ્હને સંસારમાં પડવાની ઇચ્છા નથી."

મ્હારા મનની સ્થિતિ જોઇ તેમણે લગ્ન સંબંધી વાદવિવાદ બિલકુલ કર્યો નહિ. ત્યાર પછી ત્રણેક દિવસે

તેઓ મ્હને કાજીની પાસે લઇ ગયા. પોતાની સઘળી માલ મિલ્કત તેમણે મ્હારા નામનો દસ્તાવેજ કરી આપી દીધી.

આ બનાવ બન્યા પછી એક અઠવાડીયું જતાં એક દિવસે તેમણે મ્હને કહ્યું:–" અનવર! આ ક્ષણભંગુર સંસાર ઉપરથી મ્હારૂં દિલ ઉઠી ગયું છે. અહિંથી મક્કા શરિફ્ હજ વ્રતનું પાલન કરવા એક સંઘ જવાનો છે, તેની સાથે હું પણ જવા ઈચ્છા રાખું છું. આજે રાત્રે બસરાનો ત્યાગ કરી અમે બગદાદ જઇને રહીશું. માટે તારે મ્હને કાંઇ કહેવાનું કિંવા પૂછવાનું હોય તો પૂછી લે. ભાઇ, મ્હેં તને પુત્ર કરતાં પણ વિશેષ ગણ્યો છે, માટે મ્હારી સંપત્તિને તારા જીવનના લોહી બરાબર ગણી તેનો સદુપયોગ કરી સુખી થજે એવી આખરી ઈચ્છા રાખું છું."

મ્હેં તેમને સંસારમાં આવવા ઘણા વિનવ્યા પણ તેમણે મ્હારી વાત માની નહિ. રાત્રિના વખતે સંઘની બરાબર તેઓ ચાલ્યા ગયા. મ્હોટા વિશાળ મકાનમાં હું એકલો પડયો. દશે દિશાઓ શૂન્યકાર ભાસવા લાગી. સુસજ્જિત એકાંતમય ઓરડો મ્હને દાવાનળની માફક યન્ત્રણામય ભાસ્યો. દાસ દાસીઓની ઠઠ્ઠામશ્કરી અને સંગિત ધ્વનિ મ્હને પૂર્ણ વિષવત્ જણાવા લાગ્યાં. સેંકડો દીવાબત્તીઓથી જળીહળી રહેલો મહેલ મ્હને કબ્રસ્તાન જેવો ભયાનક લાગવા માંડયો.

આ વખતે મ્હને એકાંતવાસ ગમતો હતો. મ્હારા પ્રાણનો પ્રાણ–દિલની દેવી–જીવનાધિકે લતિકાની પવિત્ર

મૂર્ત્તિનું ધ્યાન એ જ મ્હારૂં લક્ષ્યબિન્દુ બની રહ્યું હતું.

હું એકલો બેસી રહી લતિકા સાથેના ભાવિ મેળાપની વિવેચનામાં કલાકોના કલાક ગાળવા લાગ્યો. તેની જીંદગીનું કરૂણા ઉપજાવે તેવું શોચનિય પરિણામ યાદ કરી ભયથી હું ધ્રુજી ઉઠતો. તે વખતે મ્હેં નક્કી કર્યું કે, તેના મોતનું કારણ હું જ છું. મ્હારે પાપે જ તેનું મૃત્યુ થયું છે. હું તેની દૃષ્ટિએ પડયો ન હોત તો સુલતાનની પ્રિયતમા બની રાજરાજેશ્વરી માફક કેરોની તે મલેકા થઇ બેઠી હોત! અફસોસ! આ અનુશોચનાની તીવ્ર વેદનાથી અધીરો બની હું દિવસે દિવસે વિશેષ સુકાવા લાગ્યો.

એ સમયે એકાંતવાસમાં રહેવાની પ્રબળ ઇચ્છા મ્હારા મનમાં ઉત્પન્ન થઇ એટલે બસરા છોડી કોઇ એકાંત શાન્ત સ્થળે પ્રિયતમાની પ્રતિમાનું ધ્યાન ધરી જીંદગી ગુજારવાનો મ્હેં નિશ્ચય કર્યો.

એક દિવસ સંધ્યા સમયે ઉદાસ ચિત્તે ફરતાં ફરતાં હું ટાઇગ્રીસના સામે કિનારે એક જનશૂન્ય ક્ષુદ્ર પહાડની તળેટીમાં આવી પહોંચ્યો. એ સ્થાન રમણીય તથા જનમાનવશૂન્ય લાગ્યું. જગતની જંજાળ છોડી આવા શાન્તિનાં સ્થળે લતિકાનું ધ્યાન સારી પેઠે થઈ શકશે એમ મ્હેં માન્યું એટલે બીજે દિવસે જ તે જમીનના માલેક સાથે મળી મ્હેં વેચાતી લઇ લીધી અને ત્યાં પહાડની અંદર એક ગુફા બનાવવા તજવીજ કરવા માંડી. બે માસની અંદર એ સ્થાને એક એકાંતિક તહેખાનું

૧૪

તૈયાર થઈ ગયું. સઘળી માલ મિલકત વેચી દઈ એક દિવસ રાતના હું બસરાથી દરવેશ વેશે આખી જીંદગી માટે બહાર નીકળી પડયો! હું ક્યાં ગયો તે કોઇએ જાણ્યું નહિ.

એ એકાંતિક ગુફાની અંદર સારી રીતે રહી શકાય એવા કેટલાક ઓરડાઓ પણ કોતરી કહાડવામાં આવ્યા હતા. મ્હારી સેવા ચાકરી માટે તેમ જ ખાવાપીવાની તૈયારીના ઉપયોગ માટે ચાર દાસીઓને મ્હેં રાખી લીધી હતી. મિલકત વેચી દેવાથી મ્હારી પાસે ઘણું ધન પ્રાપ્ત થયું હતું એટલે તેનો અર્ધો ભાગ દાન-ખયરાતમાં આપવા સારૂ હું એક ધર્મશાળામાં આપી આવ્યો, અને મ્હારા જીવનના નિર્વાહ માટે કેટલુંક ધન મ્હેં મ્હારી પાસે પણ રાખ્યું.

ત્યાર પછી લતિફાની કબરમાંથી હું જે માટી બાંધી લાવ્યો હતો તે લઇને તળેટીના એકાંત સ્થળમાં મ્હારા દિલની શાન્તિ માટે અને કરેલાં પાપનાં પ્રાયશ્ચિત માટે એક નવી કબર બનાવી. દિવસનો વખત હું કુરાન તથા બીજા સારા સારા ગ્રન્થાદિનો પાઠ કરી વખત વિતાવવા લાગ્યો અને ગંભીર રાત્રિના વખતે તહેખાનામાંથી બહાર નીકળી પ્રણયદેવીની સમાધિ પાસે જઇ અશ્રુવિસર્જન કરી ખુદાની પાસે તેના આત્માની શાન્તિ માગવા લાગ્યો. એ કબરને સુગંધી ગુલાબજળથી સ્નાન કરાવી તેની બાજુએ લોબાન અને અગરનો ધૂપ કરી સુગંધી દીપ સળગાવતો. લતિફાના આત્માની મંગળકામના માટે

કુરાને શરીફની કેટલીક આયતોનો નિત્ય પાઠ કરતો, ત્યાર પછી જેણે મ્હારૂં તથા મ્હારી પ્રિયતમાનું સત્યાનાશ વાળ્યું એવા દુષ્ટ શયતાન સમશેરજંગને હું અભિશાપ આપતો હતો. ખુદાવંદ! કહો, એમાં મ્હારો શું અપરાધ છે?"

સુલતાન નૌશેરજંગ મ્હારા જીવનની અતિ કરૂણ કહાણી સાંભળી બહુ દિલગીર થયો. તેણે મ્હને સ્નેહથી આલિંગન કરતાં કહ્યું:—"અનવર! આજથી હું તમારો દોસ્ત છું. કહો તો મ્હારા પોતાના ખરચે આ શહેરના મધ્ય ભાગમાં તમારી પ્રિયતમા લતિફાની પવિત્ર સ્મૃતિના ચિહ્ન રૂપ એક મકરબો બંધાવી આપું."

મ્હેં હાથ જોડી કહ્યું:—"જહાંપના! આપના બન્ધુને અભિશાપ આપી મ્હેં આપનો અપરાધ કર્યો છે. હુજૂર, આપે જ્યારે એ અપરાધની માફી બક્ષી મ્હારા જેવા નરાધમને બંધુભાવથી આલિંગન કર્યું છે એ જ મ્હને યથેષ્ઠ પુરસ્કાર મળી ગયેલ છે. મહેરબાન, નિર્જન એકાંતમય કબરની પાસે રહી લતિફાના ગુણગાન ગાઇ તેની સ્મૃતિ કાયમ રાખી જીંદગી ત્યાં જ પૂરી કરવી એ જ મ્હારે માટે શ્રેયઃસ્કર છે. માટે મ્હારી આ કરૂણ કહાણી સાંભળી આપનાં દિલમાં કરૂણાનો પ્રતિધ્વનિ જાગૃત થતો હોય તો આજે મ્હને વિદાયગિરી આપો."

કેટલીક વાર સુધી વિચાર કર્યા બાદ સુલતાન બોલ્યો:— "અનવર! આજે તો હું તમને અહિંથી જવા દઇશ નહિ. ગઇ કાલે મ્હેં તમારૂં આતિથ્ય સ્વીકાર્યું હતું. જો કે

હું શત્રુરૂપે તમારો અતિથિ થયો હતો; પરંતુ તમારા હૃદયની ઉચ્ચ મહત્વતાએ મ્હને મિત્રથી પણ વધુ સન્માન આપ્યું હતું. આજે મ્હેં તમને દોસ્ત કહી આલિંગન આપ્યું છે. માટે આ દોસ્તના ગરીબખાનાનું આતિથ્ય તમારે સ્વીકારવું જ પડશે. આજે તો મિત્ર તરીકે તમારી પરોણાગત કરવા માગું છું અને આવતી કાલે બસરાધિપતિ તરીકેની તમારી પરોણાગત કરવામાં આવશે માટે એક દિવસ તો તમારે રોકાવું જ પડશે!”

સુલતાનની આ માગણીનો હું અસ્વિકાર કરી શક્યો નહિ. ઘુંટણીએ પડી, તેના વસ્ત્રને ચુમ્બન કરી મ્હેં કૃતજ્ઞતા દર્શાવી. એ દિવસ ચાલ્યો ગયો. બીજે દિવસે રાત પડી. એ રાત્રિ મ્હને હમેશને માટે સુખ, આનંદ અને શાન્તિ આપનારી નીવડશે એવી મ્હારા દિલમાં ખાત્રી નહોતી. અસંભવિત વાત સંભવિત બનશે એવો સ્વપ્નમાં પણ મ્હને ખિયાલ નહોતો. અર્થાત્ ખુદાની દરબારના અદ્ભુત ચમત્કારની વાત હવે હું કહી સંભળાવું છું.

પ્રકરણ ૧૯ મું.

દિન ગયો. રજની આવી. આ રજની દીપમાળાઓથી વિભુષિતા, ઉત્સવમયી આનંદ આપનારી હતી. બહુ દિવસ પછી મ્હારા ચિરઅંધકારમય જીવનમાં આનંદની સમુજ્વળ જ્યોતિઓ ઝળકી ઉઠવા લાગી.

સુલતાને પોતાના વિલાસભવનને એ દિવસે કોઈ જુદી જ રીતે સુન્દર શણગાર્યું હતું. હમેશ કરતાં આજે બત્તીઓ બમણી પ્રગટાવવામાં આવી હતી. આખો મહેલ દીપમાળાઓથી પ્રકાશી રહ્યો હતો.

મહેલના દરેક સ્થંભ ઉપર સુપ્રસિદ્ધ બસરાઈ ગુલાબની માળાઓ લટકતી હતી. ઇસ્તમ્બુલી સુવાસિક અત્તરની વાસ સર્વત્ર પ્રસરી રહી હતી. એ સુગંધી દીપકોની સુગંધી સાથે મળી જઈ ચિત્તોન્માદકર બની ગઈ હતી.

ભવનના સંગેમરમરના ફર્શપર સુંદર ગુંથણીના કોમળ બસરાઈ ગાલીચાઓ બિછાવી દેવામાં આવ્યા હતા. ગાલીચા ઉપર ગુલાબની પાંદડીથી ગમનપથ બનાવવામાં આવ્યો હતો. તે જોઈ મનમાં લાગી આવતું કે સુકોમળ ગુલાબકલિકાઓને મમતાહીન મનુષ્યો કૂરની માફક પગતળે રગદોળી નાખશે!

કેટલીક ગુલાબકળીઓ વૃત્તાકારે ગાલીચાના મધ્યસ્થળ ઉપર પાથરી દીધી હતી. તે એવી તો ચતુરાઈથી પાથરવામાં આવી હતી કે, તેની અંદર અરબ્બી ભાષામાં ન્હાની કવિતા લખી હતી તેમ સ્પષ્ટ વાંચી શકાતી હતી.

પુલની કલિકાઓ એવી તો ખુબીદાર ગોઠવી હતી કે, અક્ષરસૃષ્ટિ જણાઇ આવતી. તેમાં લખ્યું હતું કે, "હે સન્માનિત અતિથિ! તમારા પુનિત પાદસ્પર્શથી પવિત્ર થવા માટે અમે અહિં પડયાં છીએ. જ્યાં સુધી તમારામાં પ્રાણ રહે, પ્રાણમાં અનુરાગ રહે ત્યાં સુધી અતિ નમ્ર ચરણતળથી અમને દબાવજો."

ચારે બાજુએ મખમલથી મઢેલાં સુખાસનો હતાં. મધ્યમાં આવેલ એક સુવર્ણનિર્મિત સિંહાસનપર સુલતાન બેઠો હતો. તેની જમણી બાજુએ મુખ્ય વજીર બેઠો હતો. કેટલાક ખોજાઓ ખુલ્લી તલવારે થોડે દૂર ઉભા હતા.

સુલતાનનો મુખ્ય સચીવ મ્હને સાથે લઇ દરબારમાં દાખલ થયો એટલે સુલતાને સિંહાસન ઉપરથી ઉઠી સ્નેહભાવથી ભેટી મ્હને પોતાની પાસે બેસાર્યો. ત્યાર પછી દરબારીઓ સાથે મ્હારી ઓળખાણ કરાવ્યા બાદ તેણે મુખ્ય અંગરક્ષક સલીમને ઈસારત કરી.

તરતજ તે બહાર ગયો અને બાજુના ઓરડામાં સંગિતકારિણી પરમ સુન્દરીઓ જે રાહ જોઇને બેઠી હતી, તેઓને દરબારમાં લઇને આવ્યો.

વાજીંત્રોના સુમધુર ગુંજારવથી આખું દિવાનખાનું ગાજી ઉઠયું અને યુવાન રમણી નાચતી નાચતી ગુલાબ પટ પર આવી ગાવા લાગી:

દુખ દર્દ રંજો ગમ સભી આશકો સહેના યાદ હો,
હરદમ ન લબપર આહ હો ગર હો તો દિલ આબાદ હો;

જીસસે ન છૂતના હો સકે કયું રૂખ સુએ ફરિયાદ હો,
હુસ્નપર માઇલ હો જબ જબ દિલ લગાના યાદ હો.
દિલ હય મુશ્કિલ બચાના બસ દામસેરે,
ગેસુ કાતીલ હંએ છાએ એહ શામસેરે—
આશક મંય ઉસકો કહેતી હું જો તનકી ખાલ દે
માઆશુક ચાહે દિલ તો ઉસે નિકાલ દે
વામીકને જાન નજરકી ઉજરાકે વાસતે
મજનુભી મર મીટા યુંહી લયલાકે વાસતે
તુમસે તો મેરે વાસતે કુછ ભી ન હો સકા
સોએ ગોરાંમેં લાખો હજારાં બસ કામસે રે—

આવું સુરીલું સુકંઠથી નીકળતું સુમધુર ગાયન મ્હેં ક્યારેય સાંભળ્યું નહોતું. તન્મય ચિત્તે હું એ સંગિતના માધુર્યનું પાન કરતો હતો એટલામાં રંગમાં ભંગ પડ્યો. નાચનારીઓની અંદર એકાએક કોલાહલ ઉત્પન્ન થયો.

એક સુન્દર બાંદી અચાનક મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડી હતી તેથી ભારે ઘોટાળો ઉપસ્થિત થયો હતો. ગાયન બંધ થઇ ગયું. ચારે બાજુએ ગભરાટ ફેલાવા લાગ્યો. આખા દરબારની નજર એ તરફ આકર્ષાઇ.

"કેમ શું છે?" એટલું કહી સુલતાન આસન ઉપરથી ઉઠી મૂર્ચ્છિતા રમણી પાસે ગયો અને હું પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો. ત્યાં જઇ મૂર્ચ્છિતા બાંદીને જોતાં જ વિસ્મિત બની હું બૂમ પાડી

ઉઠયો:-" યા ખુદા! લતિફા! લતિફા!! શું આ સત્ય કે સ્વપ્ન?"

એટલું કહેતાં જ મ્હારૂં મસ્તક કંપી ઉઠયું. હું ચેતનાહીન અવસ્થામાં ભૂમિપર પડી ગયો. મ્હારે મ્હોડેથી લતિફાનું નામ સાંભળી સુલતાન પણ ચમકી ઉઠયો. તેણે બાંદીઓને હુકમ કરતાં કહ્યું:-"આને બાજુના ઓરડામાં લઇ જાઓ અને તેને શુદ્ધિમાં લાવવાનો પ્રયત્ન કરો, અને જાગૃતિમાં આવે એટલે મ્હને ખબર આપજો."

જનાનાધિપતિનો હુકમ સાંભળી લતિફાને બીજા ઓરડામાં લઇ જવામાં આવી અને કેટલાક નોકરો મ્હને શુદ્ધિમાં લાવવા મ્હારા મ્હોડા પર ગુલાબજળ છાંટવા લાગ્યા. થોડી વારમાં હું ઘોંઘાટ સાંભળી આળસ મરડી બેઠો થયો.

મ્હને શુદ્ધિમાં આવેલો જોઇ સુલતાને કહ્યું:—"અનવર! શું બીના છે? તમને ચિત્તભ્રમ તો નથી થયો? જે લતિફાને જીવતી દાટી દીધામાં આવી છે, તે અહિં કેવી રીતે આવે? તમે એ બાંદીના ચ્હેરા સાથે લતિફાનો ચ્હેરો મળતો આવવાથી ભ્રમમાં પડયા હો એમ મ્હને લાગે છે."

મ્હેં હાથ જોડી કહ્યું:-" હુજૂર, બંદાની બેઅદબી માફ કરશો. બીજા કોઇને માટે હું ભ્રાન્તિમાં પડી જાઉં પણ મ્હારા જીવનની આનંદદાયિની પ્રણયપ્રતિમા લતિફાને ભૂલી શકું નહિ."

એટલામાં એક બાંદી લતિફા શુદ્ધિમાં આવ્યાના

સમાચાર આપી ગઈ. તરત જ સુલતાન બાજુના ઓરડામાં ચાલ્યો ગયો. દરબાર વિખરાઈ ગઈ. માત્ર હું એકલો તે આલીશાન દિવાનખાનામાં જ્ઞાન અને અજ્ઞાન, વિસ્મય અને આનંદ, આશા અને નિરાશાની ગંભીર ગુંચવણીમાં પડી કાષ્ટવત્ ચુપચાપ ઉભો રહ્યો.

કેટલીક ક્ષણ પછી સુલતાન પુનઃ દિવાનખાનામાં આવ્યો અને હસ્તે મ્હોડે બોલ્યોઃ—"અનવર! તમારૂં અનુમાન ખરૂં છે. તમે ભ્રાન્તિમાં નથી. લતિફા હયાત છે! લતિફા બાંદીના નામથી બીજું નામ ધારણ કરી મ્હારા જનાનખાનામાં આવી રહી છે. તે વાતને હજી બે માસ પણ થયા નથી."

તે વખતે મ્હારી આંખો સમક્ષ એક અનંત સૌન્દર્ય-યુક્ત નૂતન વિશ્વ દેખાવા લાગ્યું. તો પણ મ્હારા મનને વિશ્વાસ આવ્યો નહિ કે, ખરેખર તે લતિફા છે કે બીજી કોઈ સ્ત્રી છે!

મ્હારા મનનો પ્રકૃત ભાવ સમજી જઈ સુલતાન બોલ્યોઃ—"અનવર! તમે એટલું જ સમજશો નહિ કે લતિફાની વાત ઉપરથી જ હું વિશ્વાસ રાખી આવ્યો છું. એ જ લતિફા છે એવું પ્રત્યક્ષ પ્રમાણ સાથે લેતો આવ્યો છું! જુઓ, આ વીંટી કોની છે?"

વીંટી દેખતાં જ હું જોઈ શક્યો કે, તે વીંટી મ્હારી હતી. ઘટનામય રાત્રિની પ્રથમ મુલાકાત વખતે મ્હેં તેની આંગળીએ બે વીંટીઓ પહેરાવી હતી. તેમાંની એક પૂર્વોક્ત મચ્છીમારના હાથમાં આવી હતી અને બીજી

આજે મળી હતી.

મુલતાને કહ્યું:—"અનવર! હવે તમને વિશ્વાસ આવે છે કે નહિ? હજી શંકા પડતી વાત એક છે અને તે એ કે, કબરમાંથી લતિફા જીવતી કેમ નીકળી? તે વિષે લતિફાએ જે વાત કહી તે ઘણી અદ્‌ભુત છે અને ખુદા જેનું રક્ષણ કરે તેને મનુષ્ય શું કરી શકે તેનો અચ્છો ચિતાર આપે છે."

તમારી પ્રાણાધિકા લતિફા ખુલાસો કરતાં બોલી કે, "સમશેરજંગના નોકરો મ્હને માર મારી પહાડની તળેટીમાં દાટી દેતા હતા તે વખતે મ્હારામાં બિલકુલ સંજ્ઞા નહોતી. તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરી ચાલ્યા ગયા. ત્યાર બાદ કેટલી વારે મ્હને ચૈતન્ય આવ્યું તે હું જાણતી નથી. એકાએક મધ્ય રાત્રિમાં ગાજવીજ સાથે પુષ્કળ વરસાદ પડયો એટલે તેની પ્રબળ ધારાઓને લીધે કબરની માટી સારી રીતે નરમ થઇ ગઇ. ચૈતન્ય આવ્યા પછી હું સમજી કે પાપીઓ મ્હને માટીની અંદર જીવતી દાટી ગયા છે. વરસાદની ઠંડકથી મ્હારામાં કાંઇક ચૈતન્ય આવ્યું હતું એટલે કબરની નરમ થઇ ગયેલી માટી મ્હેં ખસેડી નાખી. પ્રબળ વૃષ્ટિધારાથી ખુદાએ મ્હને નવજીવન બક્ષી પુનઃ દુનિયાના પટપર મોકલી. કબરમાંથી ઉઠી હું તરત જ બાજુનાં વૃક્ષતળે આશ્રય લેતી બેઠી. બીજે દિવસે સૂર્યોદય થતાં શરીરની અતિ દુર્બળ અને કષ્ટકર અવસ્થા હોવા છતાં પહાડો અને ખડકો વટાવી હું એક ક્ષુદ્ર ગામની નજીકમાં જઇ પહોંચી. સખ્ત તાપ અને

રસ્તાના શ્રમથી હું એક ગૃહસ્થના દ્વાર આગળ મૂર્ચ્છિત થઇને પડી ગઇ. મ્હેં મૂર્ચ્છા વળ્યા પછી જોયું તો જેના ઘરમાં આશ્રય લીધો હતો તે ગૃહસ્થ મ્હારી માવજત કરતો બેઠો હતો. જે વ્યક્તિએ મ્હને આશ્રય આપ્યો હતો તે ઘણો દયાળુ હતો; પરંતુ ગરીબીને લીધે લાચાર હતો. તેથી તેણે બસરામાં લાવી દશ હજાર મુદ્રાએ મ્હને સુલતાનને ત્યાં વેચી દીધી."

આ પ્રમાણે લતિફાના મુખની હકીકત કહ્યા બાદ સુલતાને સહાસ્યવદને કહ્યું:–"કેમ દોસ્ત! હવે તમને વિશ્વાસ આવે છે કે નહિ?"

મ્હેં સુલતાનને હા કહી અને વિરહી આશક-માશુકનો આવી અકલ્પીત રીતે મેળાપ કરી દેવામાં ખુદાને હજારો ધન્યવાદ આપ્યા.

સુલતાને તે જ રાત્રિએ અમને "દિલારામ" નામનો મ્હેલ ઉઘાડી આપ્યો અને અમો ઉભય આશક-માશુકને દિલના ઉભરા કહાડવાને અવસર આપ્યો.

બીજા દિવસનું મંગળમય પ્રભાત મ્હારે માટે અતિ સુપ્રભાત હતું! એ દિવસે અરૂણરાજના સ્વર્ણ કિરણોથી પૃથ્વીએ સોનેરી રંગ ધારણ કર્યો હતો. પ્રભાતનાં પક્ષીઓ કલરવ કરી પંચમ સૂરથી ગાઇ મનને આહ્લાદ આપી રહ્યાં હતાં. સ્નિગ્ધ પ્રભાતમાં સુગંધિત પુષ્પવાસથી આનંદમય બની નીલવર્ણ વૃક્ષની ડાળીઓમાં છુપાઇ બેસી હજારો પંખીઓ મિલનગીત ગાઇ જગતને સ્વર્ગીય બનાવી દેતાં હતાં. એ ગીત મર્મસ્પર્શી, મધુવર્ષી અને પ્રેમાળ હતાં.

પ્રભાત થતાં જ સુલતાને બે ઉત્તમ રાજવંશી પોષાક અમો ઉભય માટે દાસીઓ મારફત મોકલાવી આપ્યા. તેમાં એક પત્ર પણ હતો અને લખ્યું હતું કે, "ભાઈ અનવર, હું ધારૂં છું કે ગઈ રાત્રિએ તમારી લતિફાને તમો નિ:સંદેહ ઓળખી શક્યા હશો. આ પોષાક મ્હારી સુલતાનાએ તમારા મેળાપનાં સ્મૃતિચિહ્ન તરીકે ઉપહાર કર્યાં છે. માટે તે પ્રેમપૂર્વક ગ્રહણ કરશો. બપોરના હું દિલારામમાં આવીશ ત્યારે એ પોષાકથી તમને સુસજ્જિત થયેલા જોવા ઇચ્છું છું."

પત્ર વાંચી મ્હારી આંખોમાંથી કૃતજ્ઞતાનાં આંસુ સરી પડવા લાગ્યાં. મ્હેં વિચાર્યું કે, કુદરતનો કેવો ન્યાય છે! એક જ ઝાડનાં બે ફળ. સમશેરજંગ અને નૌશેરજંગ! એક દેવ એક શયતાન!

આ વખતે લતિફા મ્હારી સામે ઉભી હતી, તેને આવેગથી આલિંગન આપી કહ્યું:-"પ્રિયે! સુલતાનાએ તમારે માટે પોષાક મોકલાવ્યો છે, તે પહેરી તૈયાર થઈ રહો. હું પણ મ્હારો પોષાક પહેરી તૈયાર થઈ રહું છું."

તરત જ અમો બન્નેએ વેશ બદલી નાખ્યો. નવિન પોષાક, નવિન અલંકાર, નવિન આભૂષણથી મ્હારી લતિફા આ વખતે રાજરાજેશ્વરી દેખાતી હતી.

એટલામાં સુલતાન ત્યાં આવી પહોંચ્યો અને હસતે મુખે બોલ્યો:-"કેમ છો, દોસ્ત? આખરે ખરા પ્રેમનો જય થયો કે નહિ? તમારાં દિલ એક હતાં તો ખુદાએ તમને મેળવ્યાં કે નહિ?"

એ વાતનો ઉત્તર આપવાનું સાહસ નહિ કરતાં ઘુંટણીએ પડી મ્હેં સુલતાનનાં વસ્ત્રને ચુમ્બન કર્યું. મારૂં વર્તન જોઇ લતિફાએ પણ તે પ્રમાણે કર્યું.

સુલતાને કહ્યું:—“અનવર! આજથી તમને હું મ્હારા મુખ્ય અંગરક્ષક તરીકે નીમું છું. જે ઘર તમે વેચી દીધું છે, તે ઘર મ્હેં પુનઃ તે માણસને બોલાવી તેની પાસેથી ખરીદી લીધું છે અને તે ઘર સાથે સુન્દરીશ્રેષ્ઠા પ્રણયમૂર્ત્તિ લતિફા તમોને બક્ષીસ આપું છું. તમારે માટે હું જે વિરોધભાવ રાખતો હતો, તે હવે ચૂર્ણ થઇ ગયો છે. આશા રાખું છું કે તમે મ્હારી બન્ને બક્ષીસની ઉપેક્ષા કરશો નહિ અને હું જાણું છું કે આજથી મ્હારો સહોદર બન્ધુ સમશેરજંગ પણ તમારા અભિશાપથી મુક્ત થશે.”

સુલતાન નૌશેરજંગની આવી ઉદારતાથી મ્હારી આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. મ્હેં પુનઃ સલજ્જ ભાવથી કૃતજ્ઞતા દર્શાવી નમ્ર થયેલા હૃદયે તેના વસ્ત્રને ચુમ્બન કર્યું. લતિફાએ પણ એ પ્રમાણે ચુમ્બન કર્યાં પછી અમોને આશિર્વાદ આપી સુલતાન પોતાના મહેલમાં ચાલ્યો ગયો.

બીજે દિવસે સુલતાને કૃપાવંત થઇ ખરીદેલા અમારા પુરાતન ઘરમાં અમે આવ્યાં. બસરાધિપતિની સુવ્યવસ્થાથી એ શૂન્ય ઘર એક દિવસમાં રાજમહેલ જેવું બની ગયું હતું. દાસ-દાસીઓ સરસામાન વગેરે કોઇ ચીજની ન્યૂનતા નહોતી.

આટલા દુઃખ પછી ફરી સુખના દિવસ આવ્યા.

જીવનની ઘટના સ્વપ્નના જેવી લાગી. આ પ્રમાણે કેટલાક દિવસો સુખચેનમાં વહી ગયા.

એક દિવસ ચાંદનીમાં ઝરૂખાની અંદર તકીએ પડેલી લતિફા અર્ધ મિચેલાં નેત્રે વિશ્રાંતિ લેતી બેઠી હતી. સુવાસિત પવન લતિફાના છુટી ગયેલા ગુંચળાવાળા વાળ સાથે ખેલતો હતો. સમુજ્વલ સુસ્નિગ્ધ ચન્દ્રકિરણ તેના પ્રેમ સમુજ્વલ મુખની ઉપર પડતો હતો. સોળ કળા પરિપૂર્ણ પૂર્ણિમાના ચન્દ્રના પેઠે એના મુખનું સૌન્દર્ય સોગણું ઉજ્જવલ દેખાતું હતું. એવી સર્વશ્રેષ્ઠ સુન્દરી સ્વર્ગલોકથી પાછી આવી એ મ્હારાં અહોભાગ્ય. મ્હેં આવેષમાં આવી જઇ તેને ઢંઢોળી જાગૃત કરી અને અધરોષ્ઠપર ચુમ્બન લઈ તેની બાજુમાં બેસી કહ્યું:–“ પ્રિયે, કોણ જાણતું હતું કે આવી રીતે આપણો મેળાપ થશે! અને સુખના દિવસો આવશે.”

લતિફા સહજ મૃદુ હાસ્ય કરતાં બોલી:–“ પ્રિયતમ! તમે જાણો છો કે સ્વપ્ન થોડાં જ સફળ થાય છે! મ્હને મૃત્યુના મુખમાંથી બીજી વાર બચવા બાદ પુનઃ સ્વપ્ન આવ્યું હતું કે તમારી સાથે મેળાપ થયો. હવે સમજાય છે કે મ્હારૂં એ સ્વપ્ન ખરૂં પડયું છે.

ચન્દ્રકિરણથી તેજોમય બની ગયેલા તેના આરક્તમય ગાલ ઉપર ચુમ્બન કરી હું બોલ્યો:–“ લતિફા! ખુદાની કૃપાથી શું નથી થતું ? ખુદાની પ્રાર્થના કર કે આપણું સફળ સ્વપ્ન ચિરદિન આ પ્રમાણે જ રહે અને ઉભયને કોઇ દિવસ વિયોગના દિવસ ન દેખાડે.”

સમાપ્ત.

વાર્તા-વિલાસ ગ્રન્થમાળા.

ઉદ્દેશ અને નિયમો.

ગુજરાતી ભાષામાં જેમ જેમ કેળવણીનો વધારો થતો જાય છે, તેમ તેમ ઉત્તમ અને સર્વોત્કૃષ્ટ લેખકોનાં પુસ્તકો સારી સંખ્યામાં પ્રસિદ્ધ થતાં જાય છે; પરંતુ જનસમાજ સર્વત્ર એક સરખી સ્થિતિવાળો નહિ હોવાથી દરેક માણસ પુસ્તક ખરીદ કરી શકતો નથી એટલા માટે અમોએ વિલાયતમાં પ્રસિધ્ધ થતી 'સીકસ પેન્સ સીરીઝ' અને 'શીલીંગ સીરીઝ' ની માફક દરેક પુસ્તક રૂા. ૧) ની અંદર વાચક વર્ગને મળે અને વર્ષમાં ત્રણ પુસ્તક સહેલાઈથી દરેક જણ લઈ શકે તેવી યોજના કરી છે. અમારાથી બની શકે તેટલી સસ્તી અને એકજ કિંમતનાં સર્વોત્કૃષ્ટ અને ઉપયુક્ત વાર્તાનાં પુસ્તકો આપવાં એ અમારો ખાસ ઉદ્દેશ છે. માટે આ વાર્તા-વિલાસ ગ્રન્થમાળાને ઉત્તેજન આપી ગુજરાતી સાહિત્યમાં ઉત્તમોત્તમ પુસ્તકોનો વધારો કરવામાં દરેક ગુજરાતી ભાષા બોલનાર બન્ધુ મદદકર્તા થઈ પડશે એવી અમો આશા રાખીએ છીએ.

વાર્તા-વિલાસ ગ્રન્થમાળાના નિયમો.

૧. આઠ આના ભરી વાર્તા-વિલાસના ગ્રાહક થનારને દરેક પુસ્તક રૂ. ૧) ની અંદર મળશે. છુટક નકલ લેનારને પુસ્તકની મૂળ કિંમત રૂ. દોઢ આપવી પડશે. વી. પી. પોષ્ટેજ જુદું.

૨ ગ્રાહક કોઇ પણ વખતે થઇ શકાય છે. ગ્રાહક થયા પછીનાં દરેક પ્રસિધ્ધ થતાં પુસ્તકો ગ્રાહક લેવાને બંધાયેલ છે.

૩. પુસ્તક પ્રસિધ્ધ થયે દરેક ગ્રાહકને પોષ્ટ દ્વારા ખબર આપવામાં આવ્યા બાદ આઠ દિવસે પુસ્તક વી. પી. થી મોકલવામાં આવશે. વી. પી. પોસ્ટેજ ખર્ચના લગભગ પાંચથી છ આના બચાવવા ઇચ્છનાર મુંબાઇના ગ્રાહકોએ અમારે ત્યાંથી પુસ્તકો લઇ જવાં નહિ તો તેમને પણ વી. પી. પોસ્ટેજનો ખર્ચ આપવો પડશે.

૪. દરેક પુસ્તકનો વી. પી. પોષ્ટનો ખર્ચ ગ્રાહકે આપવો પડશે.

૫. કોઇ પણ સંજોગોમાં ગ્રાહક તરીકે બંધ થતાં પ્રવેશ ફીના આઠ આના પાછા આપવામાં આવશે નહિ.

૬. પરદેશના ગ્રાહકોએ પાંચ રૂપિયા અગાઉથી મોકલવા, જેમાંથી પ્રવેશ ફી વગેરે જમા કરી, દરેક પુસ્તક રજીષ્ટર્ડથી મોકલી આપવામાં આવશે. ત્રણ પુસ્તક રવાના કર્યા પછી બીજી રકમ હિસાબ પ્રમાણે નવાં પુસ્તકો માટે મંગાવવામાં આવશે.

લખો:—જે. કે. દ્વિવેદી.

નં. ૧ ઇસ્માઇલ બીલ્ડીંગ ચરની રોડ, કેમ્પ કું. ની સામે,

મુંબાઇ નં. ૪.

વાત્તા—વિલાસ ગ્રંથમાળા

પુ. ૨ જું

એક સુન્દરીનાં સાહસ કર્મો

વિશ્વવિખ્યાત નવલકથાકાર રેનૉલ્ડઝનાં એક પુસ્તકના
આધારે ઉપરોક્ત પુસ્તક લખાયેલ છે.
થોડા વખતમાં બહાર પડશે.

કિંમત રૂ. દોઢ.

વાર્ત્તા–વિલાસના ગ્રાહકોને રૂ. ૧) માં મળશે.

Cover printed at Lakshmi Art, Byculla, Bombay, 8